ણમો તિત્થસ્સ

ણમોત્થુ ણં સમણસ્સ ભગવઓ મહાવીરસ્સ

આશરે ૧૫-૧૭ વર્તમાન ગચ્છોના સાધુ-સાધ્વીજી ભગવંતોની આશ્ચર્યજનક આરાધનાઓ અને પ્રસંગોનું વર્ણન કરતું પુસ્તક

# વિશ્વની આધ્યાત્મિક અજાયબી : આપણા સાધુ - સાધ્વીજી ભગવંતો

ભાગ - ૨

સંકલન

પં. ચન્દ્રશેખરવિજયજીના શિષ્ય

મુનિ ગુણહંસવિજય

# વિશ્વની આધ્યાત્મિક અજાયબી : આપણા સાધુ-સાધ્વીજી ભગવંતો

## ભાગ-૨

: સંકલનકાર :

પં. ચન્દ્રશેખરવિજયજીના શિષ્ય

મુનિ ગુણહંસવિજય

૩૫૯

કમલ પ્રકાશન ટ્રસ્ટ

**પ્રકાશક :**
**કમલ પ્રકાશન ટ્રસ્ટ**
જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન
૨૭૭૭, નિશા પોળ, ઝવેરીવાડ,
રીલિફ રોડ, અમદાવાદ-૧
ફોન : ૨૫૩૫૫૮૨૩, ૨૫૩૫૬૦૩૩

**સંકલનકાર :**
સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,
સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્વિજય
પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય
**પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજીના શિષ્ય**
**મુનિ ગુણહંસવિજય**

**આવૃત્તિ :**
પ્રથમ સંસ્કરણ : નકલ : ૩૦૦૦
વિ.સં. ૨૦૬૪ તા. ૨૦-૧૧-૨૦૦૭

મૂલ્ય રૂા. ૭૫/-

**ટાઈપસેટિંગ :**
**અરિહંત ગ્રાફિક્સ**
ખાડિયા ચાર રસ્તા, ખાડિયા, અમદાવાદ.

**મુદ્રક :**
**નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ**
રીલિફ રોડ,અમદાવાદ.

**ઉમળકાભર્યા હૈયે અમે સ્વીકારીએ છીએ આપનું સ્નેહભર્યું સૌજન્ય.**

પૂજ્યપાદ પંન્યાસ ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબના નૂતન પ્રકાશિત થનારા પઠન-પાઠન અંગેના શાસ્ત્રલક્ષી પુસ્તકોમાં આપના શ્રીસંઘે જ્ઞાનખાતાની રકમ આપી લાભ લીધો તે બદલ ખૂબ ખૂબ ધન્યવાદ.

● સૌજન્ય ●

પ.પૂ.પં. કીર્તિદર્શનવિ.મ.સા. તથા
પૂ. મોક્ષદર્શન વિ.મ.સા.ની પ્રેરણાથી

**શ્રી સાબરમતી (રામનગર) જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ**

સાબરમતી, રામનગર,
અમદાવાદ-૫.

**ઉચ્ચ સંસ્કાર સાથે ઉચ્ચ શિક્ષણના**

**સોપાન સર કરવાના લક્ષને વરેલા**

# તપોવનમાં ભણતા બાળકો

**અતિથિઓને નમોનમઃ કરે છે.**

...રોજ નવકારશી કરે છે.

...રોજ અષ્ટપ્રકારી જિનપૂજા કરે છે.

... રોજ રાત્રિભોજનનો ત્યાગ કરે છે.

...રોજ ગુરુવંદન કરે છે.

...રોજ નવી નવી વાર્તાઓ સાંભળે છે.

...રોજ કુમારપાળ રાજાની આરતિ ઉતારે છે.

...રોજ નવી નવી વંદનાઓ ગાય છે.

...રોજ નવા સ્તવનના રાગ શીખે છે.

...કોમ્પ્યુટર શીખે છે ...કરાટે શીખે છે...

...સ્કેટીંગ શીખે છે ...યોગાસન શીખે છે...

...સંગીતકળા શીખે છે... નૃત્યકળા શીખે છે...

...લલીતકળા શીખે છે ...ચિત્રકળા શીખે છે...

...વક્તૃત્વકળા શીખે છે ...અભિનયકળા શીખે છે...

...અંગ્રેજીમાં **Speech** આપતાં પણ શીખે છે...

**માતાપિતાના સેવક બને છે.**

**પ્રભુના ભક્ત બને છે.**

**ગરીબોના બેલી બને છે.**

**પ્રાણીઓના મિત્ર બને છે.**

**શક્તિમાન બનવા સાથે ગુણવાન બને છે.**

**ઉમળકાભર્યા હૈયે અમે સ્વીકારીએ છીએ**
**આપનું સ્નેહભર્યું સૌજન્ય.**

પૂજ્યપાદ પંન્યાસ ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબના નૂતન પ્રકાશિત થનારા પઠન-પાઠન અંગેના શાસ્ત્રલક્ષી પુસ્તકોમાં આપના શ્રીસંઘે જ્ઞાનખાતાની રકમ આપી લાભ લીધો તે બદલ ખૂબ ખૂબ ધંન્યવાદ.

---

● સૌજન્ય ●

**શ્રી વાસુપૂજ્ય સ્વામી જૈન શ્વેતામ્બર મૂર્તિ પૂજક સંઘ**

ત્રિયા ટોકીઝ પાસે, કૃષ્ણનગર,
અમદાવાદ - ૩૮૨૩૪૬.
ફોન : ૨૨૮૧૫૯૮૪

જોડાઓ.... જોડાઓ.... જોડાઓ....

સત્સંગની અને સંસ્કરણની સાથોસાથ
સમ્યગજ્ઞાન આપતી અજોડ સંસ્થા એટલે...
શેઠશ્રી કાંતિલાલ લલ્લુભાઈ ઝવેરી સંસ્કૃતિ પ્રચારક ટ્રસ્ટ સંચાલિત

**પૂ. આચાર્યદેવ શ્રીમદ્‌વિજય**

**પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**

પ્રેરણામૂર્તિ : **પ.પૂ. પંન્યાસશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબ**
**તથા પૂ. સાધ્વીશ્રી મહાનંદાશ્રીજીના સ્વર્ગીય માતુશ્રી**
**સુભદ્રાબેન કાંતિલાલ પ્રતાપશી હ. પ્રફુલ્લભાઈ**
પ્રેરણાદાતા : **પ.પૂ. પંન્યાસશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબ**
સંયોજક : **પૂ. મુનિશ્રી જિતરક્ષિતવિજયજી મ.સાહેબ**

**સંસ્કૃત પાઠશાળાની કેટલીક વિશિષ્ટતાઓ :**

● ૩ કે ૫ વર્ષનો કોર્ષ ● રહેવાનું અને જમવાનું નિઃશુલ્ક ● પ્રકરણ-ભાષ્ય-કર્મગ્રંથ-સંસ્કૃત-પ્રાકૃતાદિનો અભ્યાસ ● અંગ્રેજી-સંગીત-નામું-કોમ્પ્યુટર-પૂજનાદિનો કોર્સ ● વિવિધ પ્રકારની સ્કોલરશીપ અને ઈનામો ● મુમુક્ષુ આત્માઓને સંયમની વિશિષ્ટ તાલીમ ● અભ્યાસ પૂર્ણ થયા બાદ સારી પાઠશાળામાં ગોઠવવા પ્રયત્ન

તા.ક.: આ સંસ્થામાં દાન આપવાની ભાવનાવાળા
પુણ્યશાળીઓએ નીચેના સરનામે સંપર્ક કરવો.

સંપર્કસ્થળ : **પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**
**તપોવન સંસ્કારપીઠ**, મુ. અમીયાપુર, પો. સુઘડ,
જિ. ગાંધીનગર-૩૮૨૪૨૪. ફોન : (૦૭૯) ૨૩૨૮૯૭૩૮, ૨૩૨૭૬૯૦૧-૯૦૨

**લલિતભાઈનો મોબાઈલ નં. : ૯૪૨૬૦ ૬૦૦૯૩**
**રાજુભાઈનો મોબાઈલ નં. : ૯૪૨૬૫ ૦૫૮૮૨**

**નોંધ** : પૂજય સાધુ-સાધ્વીજી ભગવંતોને, પંડિતવર્યોને પરિચિતોમાંથી વિદ્યાર્થીઓને મોકલવાની પ્રેરણા કરવા વિનંતી છે. તપોવન પધારો તો અવશ્ય સંસ્કૃત પાઠશાળાની મુલાકાત લેવાનું ચૂકશો નહિ.

## પ્રસ્તાવના

સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા એ ચતુર્વિધ સંઘ શ્રમણસંઘ કહેવાય છે. શ્રમણોની (અને શ્રમણીઓની) પ્રધાનતાવાળો સંઘ એ શ્રમણસંઘ. ચૌદરાજ લોકના સર્વજીવોની હિતકામનાવાળા જૈનશ્રમણો અને શ્રમણીઓ લાખો શ્રાવક-શ્રાવિકાઓ માટે પરમ પૂજનીય તત્ત્વ હતું અને છે. શ્રાવકો અને શ્રાવિકાઓ માટે તો પંચમહાવ્રતપાલક શ્રમણ-શ્રમણીઓ 'ભગવાનતુલ્ય છે' એમ કહીએ તો એમાં કશું ખોટું નથી.

ભગવાન ઋષભદેવના સમયથી માંડીને શ્રાવક-શ્રાવિકાઓ આજ સુધી શ્રીસંઘમાં શ્રમણોની અને શ્રમણીઓની પ્રભુતા સ્વીકારતા જ આવ્યા છે અને આજે પણ એ શ્રાવક-શ્રાવિકાઓ શ્રમણ-શ્રમણીઓ માટે ગજબકોટિનો આદરભાવ - બહુમાનભાવ ધરાવે છે એ નિઃશંક હકીકત છે.

પણ આ અવસર્પિણીકાળ ! પડતો કાળ !

એમાં વળી પાંચમો આરો !

એ ય વળી હુંડા અવસર્પિણીનો પાંચમો આરો !

એની અસર સમાજના દરેકે દરેક ક્ષેત્રમાં ઓછા-વત્તા અંશે પડી છે - પડે છે... એનો નિષેધ તો કોણ કરી શકે ?

પરદુઃખભંજન મહારાજા વિક્રમની પરંપરામાં આજે કરોડો પ્રજાજનોના દુઃખોને દૂર કરવાની જવાબદારી ઊઠાવનારા સેંકડો રાજનેતાઓ કેટલી હદે પ્રજાજનો ઉપર દુઃખોના ડુંગરાઓ ઠાલવી રહ્યા છે, એ કોણ નથી જાણતું ?

સમગ્ર પ્રજાને નિરોગી બનાવવાનું બીડુ ઝડપનારા લાખો ડૉક્ટરો માત્ર સ્વાર્થ ખાતર, ધનપતિ બનવા ખાતર કરોડો રોગીઓના વિશ્વાસનો ઘાત કરી રહ્યા છે, નકામી દવાઓ આપી રોગી તરીકે જ કાયમ રહેવા દઈ પોતાનો સ્વાર્થ સાધી રહ્યા છે. રે ! નિરોગીઓને રોગી બનાવવાના ભયાનક કાવતરા કરી રહ્યા છે, પરોપકારના અમૂલ્ય સાધન સમાન પોતાના કાર્યને કરોડો રૂપિયા કમાઈ લેવાનો ધંધો બનાવી રહ્યા છે એ કોણ નથી જાણતું ?

લાખો વેપારીઓ ઈમાનદારી-સચ્ચાઈનો ટોટો પીંસી નાંખી વિશ્વાસઘાત, ભેળસેળ, લાંચરુશ્વત દ્વારા માત્ર ને માત્ર પોતાની તિજોરીઓ ભરચક કરવાના કામમાં પરોવાઈ જઈને નીતિધર્મને ક્યાંય વેંચી રહ્યા છે.... એ કોણ નથી જાણતું ?

સાચા-નિર્દોષ માણસોને ન્યાય અપાવવા લડનારા વકીલો અને સાચો ન્યાય


આ છે અણગાર અમારા

આપનારા જજો કેટલા ? તો પૈસાની લાલચે ખોટાને સાચું સાબિત કરનારા, ભયાનક દોષવાળાઓને સાવ નિર્દોષ જાહેર કરનારા વકીલો અને જજો કેટલા ?

પુષ્કળ ભોગ આપીને કરોડો વિદ્યાર્થીઓને સારા-સાચા સંસ્કાર અને સારું-સાચું શિક્ષણ આપનારા શિક્ષકો કેટલા ? તો શિક્ષણના નામે વિદ્યાર્થીઓ પાસેથી કે સરકાર પાસેથી ચિક્કાર પૈસા પડાવનારા, સ્કુલોમાં ભણાવવાને બદલે સ્પેશ્યલ ટ્યુશનો ગોઠવાવી એમાં જ અભ્યાસ કરાવવા દ્વારા બમણી - ત્રણ ગણી આવક ઊભી કરનારા, ધમકીઓ આપી વાર-તહેવારે હડતાળ પાડનારા શિક્ષકો કેટલા ?

પ્રાચીનકાળમાં બધા જ સારા-સાચા હતા, એવું નથી કહેવું, પણ પ્રાચીનકાળમાં ૯૫% સારા-સાચા અને ૫% ખરાબ-ખોટા હતા. જ્યારે વર્તમાનમાં ૫% સારા-સાચા અને ૯૫% ખરાબ-ખોટા.... આટલો મોટો તફાવત નથી લાગતો શું ?

સમાજના કોઈપણ ક્ષેત્રમાં ઊંડાણપૂર્વક દૃષ્ટિપાત કરશું, તો આ ખેદજનક છતાં તદ્દન સાચી હકીકત નજર સામે આવ્યા વિના નહિ રહે.

શ્રમણ-શ્રમણીઓ પણ સમાજથી સાવ-સાવ અલગ તો નથી જ ને ?

અનેક જાતના આક્રમણો શ્રમણ-શ્રમણી સંઘ ઉપર આવ્યા જ છે ને ? આના કારણે બીજા બધા ક્ષેત્રોની માફક શ્રમણ-શ્રમણીઓની વિશિષ્ટતામાં, આચારસંપન્નતામાં, વિચારશુદ્ધિમાં થોડો-ઘણો ઘટાડો થાય, ફેરફાર થાય એ શક્ય નથી શું ?

એમાં ય વર્તમાનમાં તો સાચા સંયમધર્મની આરાધના માટેની અનુકૂળતાઓ ઘણી ઘણી ઘટી ગઈ છે. ૨૫૦૦ વર્ષ પૂર્વે શ્રી ધર્મદાસગણિ જ કહી ગયા છે કે कालस्स य परिहाणी संजमजुग्गाइं नत्थि खेत्ताइं ભાઈ ! પડતો કાળ છે, હવે સંયમયોગ્ય ક્ષેત્રો રહ્યા નથી... હવે જો ભગવાન મહાવીર સ્વામીની હાજરીમાં એમના શિષ્યરત્ને આ શબ્દો ઉચ્ચાર્યા હોય તો આજે ૨૫૦૦ વર્ષ બાદ ભયાનક વિજ્ઞાનવાદની ભૂતાવળની હાજરીમાં તો શું દશા હોય ?

વર્તમાનકાળમાં ગૃહસ્થજીવનમાં કેટલા બધા ખરાબ નિમિત્તો ભટકાય છે, એ તો બધા જાણે જ છે. હવે એ કુનિમિત્તોના કારણે કેટલાય ગૃહસ્થો જાત-જાતના પાપોનો, કુસંસ્કારોનો ભોગ બનતા હોય... એમાંથી કોઈને કોઈ દીક્ષા લઈ અહીં આવે, વૈરાગ્ય સાચો હોય પણ પેલા કુસંસ્કારો પણ તગડા હોય... એમાં વળી અહીં સાધુજીવનમાં પણ એવા કોઈક કુનિમિત્તો મળી જાય. કુસંસ્કારો જાગ્રત થાય. વૈરાગ્યભાવ નબળો પડે, અને શ્રમણોના કે શ્રમણીઓના જીવનમાં નાના-મોટા દોષ ઘૂસી જાય. કોઈક અયોગ્ય પ્રસંગ બની જાય.


આ છે અણગાર અમારા

આવા પ્રસંગો શ્રાવક-શ્રાવિકાઓ જુએ, સાંભળે... ક્યાંક વળી છાપાઓમાં અને મેગેઝીનોમાં એ વિષય-કષાય સંબંધી પ્રસંગો સારી રીતે ચગાવી-ચગાવીને છાપવામાં આવેલા હોય તે વાંચે અને ઊંડે ઊંડે શ્રમણ-શ્રમણીઓ પ્રત્યે અણગમો-અરુચિ એમના મનમાં ઉપસતા થાય, "બધા સાધુ-સાધ્વીઓ આવા જ હશે. આ બધા પાસે જવા જેવું જ નથી." એવા વિચારો ધીમે ધીમે દૃઢતા પકડતા જાય અને પછી સાધુ-સાધ્વીઓ પાસે જવું-વંદન કરવા - વ્યાખ્યાન સાંભળવા..... આ બધા જ કાર્યો બંધ થતા જાય.

એમાં ય વળી કેટલાક શાસનશત્રુઓ તો શ્રમણ-શ્રમણીઓનું જૈનશાસનમાં પ્રભુત્વ ખતમ થાય અને એ દ્વારા જૈનસંઘ છિન્નભિન્ન બને એવું ઈચ્છતા જ હોય છે. તેઓ તો આવા કોઈક આડા-અવળા પ્રસંગોની કાગડોળે રાહ જોતા હોય છે. આવા કોઈક પ્રસંગો બને એટલે તરત એનો ચારેબાજુ પ્રચાર કરે. એ પ્રસંગો શ્રમણ-શ્રમણીઓના ઝઘડા વગેરેના હોય કે બીજા પણ હોય. પણ એનો એવો પ્રચાર કરે કે બિચારી ભોળી પ્રજા, જૈનશ્રાવક શ્રાવિકાઓ સાધુ-સાધ્વીઓ પ્રત્યેના અગાધ સદ્ભાવને - અહોભાવને ગુમાવી બેસે. તેઓ પછી સાધુ-સાધ્વીઓ પાસે જવાને બદલે બીજા માર્ગે દોરાય. એ લાખો શ્રાવક-શ્રાવિકાઓ શ્રમણ-શ્રમણીઓને બદલે હવે વિદ્વાન-જાણકાર તરીકે પ્રસિદ્ધ ગૃહસ્થો પાસેથી જ બધુ માર્ગદર્શન મેળવવા લાગે, એ ગૃહસ્થો પણ એમના કાનમાં શ્રમણ-શ્રમણીસંઘ પ્રત્યે વધુ ને વધુ ઝેર રેડતા જાય અને ચતુર્વિધ સંઘ બે વિભાગમાં વહેંચાઈ જાય, તૂટી જાય. એકબાજુ માત્ર શ્રમણ-શ્રમણીઓ અને બીજી બાજુ માત્ર શ્રાવક-શ્રાવિકાઓ !

જે રીતે અંગ્રેજોએ ભારતને બરબાદ કર્યું, એ રીતે કેટલાકો જાણે કે અજાણે જૈનસંઘને છિન્નભિન્ન કરવાના કામ કરી રહ્યા છે.

ભારતીયપ્રજા પોતાના રાજાઓને ભગવાન તરીકે જોતી, એને વફાદાર રહેતી. અંગ્રેજોએ એ રાજાઓમાંથી કેટલાક રાજાઓને જાણી જોઈને અમુક દોષોમાં ફસાવ્યા. પછી એ દોષો-પાપો પ્રજામાં જાહેર કર્યા. પ્રજા રાજાને ધિક્કારવા લાગી. રાજા પ્રત્યેનો સદ્ભાવ ગુમાવી બેસી. પરિણામે રાજાઓને ઉખેડી નાંખી પોતાની સત્તા જમાવવી એ અંગ્રેજો માટે સાવ જ સરળ થઈ પડ્યું.

આજે જે કેટલાકો શ્રમણ-શ્રમણીઓનું પ્રભુત્વ નથી ઈચ્છતા, લાખો જૈન શ્રીમંત ગૃહસ્થોમાં પોતાનું આધિપત્ય જમાવવા ઈચ્છે છે, તેઓ જાણે-અજાણે આવા જ કામો કરી બેસે છે. કાળપ્રભાવાદિને લીધે કેટલાક આડા-અવળા પ્રસંગો બને એટલે આ શાસનશત્રુઓ એને ચારેબાજુ ફેલાવે. ગૃહસ્થવર્ગમાં શ્રમણસંઘ પ્રત્યે તિરસ્કાર ઉત્પન્ન

કરાવે. છેવટે એ ગૃહસ્થોમાં પોતાનું આધિપત્ય જમાવવામાં સફળ બને.

કદાચ કોઈને એવો વિચાર આવી શકે કે "શ્રમણો પ્રત્યે શ્રાવક-શ્રાવિકાઓ વિમુખ બને એમાં શ્રમણ-શ્રમણીઓને શું વાંધો છે ? એમને ક્યાં શ્રાવક-શ્રાવિકાસંઘની જરૂર છે ? શું તેઓ એમનું વર્ચસ્વ-પ્રભુત્વ ઈચ્છે છે ? શ્રમણ-શ્રમણીઓ એની લાલસાવાળા છે ?"

એનો જવાબ એ છે કે સાચા શ્રમણો કે શ્રમણીઓ કોઈપણ પ્રકારની મલિન અપેક્ષાવાળા હોતા નથી જ. છતાં એ સાચા શ્રમણો એવી ઝંખના ચોક્કસ રાખે કે "જિનશાસનમાં સુશ્રમણોનું પ્રભુત્વ, સુશ્રમણોની પ્રધાનતા અકબંધ રહેવી જ જોઈએ." કેમકે તે શ્રમણો જિનશાસનના સાચા અનુરાગી છે. તેઓ જાણે છે કે જો જિનશાસનમાં શ્રમણોનું પ્રભુત્વ ખતમ થશે, તો જિનશાસન જ છિન્નભિન્ન થઈ જશે. કબુલ છે કે શ્રમણોમાં દોષો પણ ઊભા થયા છે. કેટલાક શ્રમણોમાં ઘણા મોટા દોષો પણ ઊભા થયા હશે. પણ એટલા માત્રથી જો આખી ય શ્રમણસંસ્થાને ખરાબ ગણાવી જો શ્રમણોની પ્રભુતા ખતમ કરાશે તો જે હાલત ભારત દેશની થઈ, એ હાલત જૈનસંઘની થશે.

ભારતના રાજાઓમાં દૂષણો ઘુસેલા. કેટલાક રાજાઓમાં ઘણાં મોટા દોષો પણ હતા. પણ અંગ્રેજોએ એ દોષોને ચારેબાજુ ફેલાવી દીધા, રાજાઓની પ્રભુતા ખતમ થઈ, અંગ્રેજો અધિપતિ બન્યા. પરિણામે ભારતની જે બરબાદી થઈ એ બધા જ જાણે જ છે.

એવું અહીં પણ બની શકે એમ છે. જો કેટલાક શ્રમણોના કોઈક દોષોને ઉઘાડા પાડી દઈ આખી ય શ્રમણસંસ્થાને વગોવવામાં આવે અને એ રીતે એની પ્રભુતા ખતમ કરવામાં આવે.... તો એમાં નુકસાન સુશ્રમણોને નહિ, પણ જિનશાસનને - સંઘને ચોક્કસ થાય. એટલે જ સુશ્રમણો પોતાની પ્રભુતાની લાલચવાળા તો બિલકુલ નથી જ, છતાં તેઓ શ્રમણોની પ્રભુતા - પ્રધાનતા જળવાઈ રહે એ તો ઈચ્છે છે જ. કેમકે એમાં જ સંઘનું હિત છુપાયેલું છે.

સાર એટલો જ કે કુકાળ-કુનિમિત્તાદિના કારણે જૈન શ્રમણોમાં પણ ક્યાંક ક્યારેક અણઘટતી બાબતો બની હોય, બનતી હોય... પણ એટલા માત્રથી શ્રીસંઘમાં આખીય શ્રમણસંસ્થા વગોવાય, શ્રીસંઘમાં શ્રમણોની પ્રધાનતા પર પ્રહાર થાય, ગૃહસ્થોની પ્રધાનતા વધતી જાય એ શ્રીસંઘના હિતમાં નથી જ.

આ માટે સૌથી જરૂરી બાબત એ છે કે શ્રાવક-શ્રાવિકા વગેરેના મનમાં સાધુ-

સાધ્વીઓ પ્રત્યેનો સદ્ભાવ-બહુમાનભાવ અકબંધ રહે, વધે.... જો એમ થાય તો જ તેઓ સદાયને માટે શ્રમણ-શ્રમણીઓના માર્ગદર્શન મુજબ જ પ્રવૃત્તિ કરે અને તો જ સંઘનું હિત સચવાય.

વળી ક્યારેક તો એવું પણ બને છે કે કેટલાક મુગ્ધ સાધુ-સાધ્વીઓ પણ કોઈક કોઈક પ્રસંગો સાંભળીને એમ માનતા થઈ ગયા છે કે "હવે આપણો શ્રમણસંઘ લગભગ ખલાસ થઈ ચૂક્યો છે..." આમ ખુદ કેટલાક શ્રમણ-શ્રમણીઓ પણ પોતાના જ ઘર ઉપરની શ્રદ્ધા ગુમાવી બેસે છે.

હંમેશા ખરાબ વાતો વધુ બહાર આવતી હોય, વધુ ફેલાતી હોય એટલે એ બધી વાતોની અસર જલ્દી થાય એ સ્વાભાવિક છે.

આ તમામને વાસ્તવિક્તા દર્શાવવી એ અત્યંત મહત્ત્વનું કાર્ય છે.

એમને એ જણાવવું જરૂરી છે કે "જ્યાં સમાજના લગભગ પ્રત્યેક ઘટકમાં ૫% શુદ્ધિ બચી છે, ત્યાં આ શ્રમણસંઘમાં ૭૫% થી ૮૦% શુદ્ધિ અકબંધ છે, એ વાત તમે ન ભૂલો."

એમને એ જણાવવું જરૂરી છે કે "આજે પણ આવી ભયંકર અવસ્થામાં પણ સેંકડો શ્રમણ-શ્રમણીઓ આશ્ચર્યજનક-બહુમાનજનક-અગાધ સદ્ભાવજનક બેનમૂન આરાધના કરી રહ્યા છે. આવા ઉત્તમ શ્રમણ-શ્રમણીઓથી ભરેલા સંઘ પ્રત્યે ઉપેક્ષા-તિરસ્કાર-નિંદાભાવ બિલકુલ ઉચિત બની શકતો નથી."

આ જણાવવા માટે, શ્રમણ-શ્રમણીસંઘ પ્રત્યે ચતુર્વિધસંઘને ઉત્કૃષ્ટ, વાત્સલ્યવાળો, આદરવાળો, સદ્ભાવ-સન્માનવાળો બનાવવા માટે આ પુસ્તિકામાં કુલ જુદા જુદા શ્રમણ-શ્રમણીઓના પ્રસંગો આલેખવામાં આવ્યા છે. આશરે ૩૦૦ જેટલા પ્રસંગો જુદા જુદા બે ભાગમાં વહેંચવામાં આવ્યા છે.

જૈનસંઘના પ્રત્યેક સભ્યોએ આ અવશ્ય વાંચવું જોઈએ અને એ વાંચીને મનમાં ભરાયેલી ખોટી ખોટી વાતોને દૂર ફગાવવી જોઈએ. કોઈક દોષવાળાઓની નિંદા કરવાને બદલે આવા ઉત્તમોત્તમ સંયમીઓની હાર્દિક પ્રશંસા એ જ સ્વપરકલ્યાણનો નિર્દોષ માર્ગ છે.

**આમાં નીચેની વિશેષતાઓ ધ્યાનમાં રાખવી**

(૧) લગભગ તમામે તમામ પ્રસંગો વર્તમાન કે નજીકના જ ભૂતકાળના સાધુ-સાધ્વીજી ભગવંતોના છે. બહુ જુના પ્રસંગો લગભગ લીધા નથી. તથા ગૃહસ્થોના પ્રસંગો પણ માંડ ૪-૫ લીધા છે.

(૨) આ દરેક બાબત તદ્દન સત્ય છે. એમાં અમે જરાય વધારી વધારીને લખ્યું નથી. અણુનો મેરુ બનાવ્યો નથી. હા, કેટલાક પ્રસંગો દ્વેષ-નિંદાદિના નિમિત્ત ન બને એ હેતુથી થોડાક બદલીને લખ્યા છે.

(૩) વિરતિદૂત પરીક્ષામાં એક પ્રશ્ન પૂછેલો કે "સાધુ-સાધ્વીજીઓ પોતાના જીવનમાં અનુભવેલા સુંદર પ્રસંગો અમને લખી મોકલે." આશરે અઢીસો-ત્રણસો સંયમીઓએ પરીક્ષા આપી. પોતાના જીવનમાં જાતે જોયેલા - અનુભવેલા કે સાંભળેલા પ્રસંગો અમને જણાવ્યા. એમાંથી પણ જે વધુ આકર્ષક, વધુ વિશિષ્ટ જણાયા, એ પ્રસંગો જુદા તારવી આ પુસ્તક તૈયાર કર્યું છે. અમે તો માત્ર સંયમીઓએ લખેલા પ્રસંગોને અમારી ભાષામાં ઢાળ્યા છે, ઘણી જગ્યાએ તો એ બધા પ્રસંગો તે તે સંયમીની ભાષામાં જ સીધે સીધા લખી દીધા છે.

(૪) આ પ્રસંગોમાં કેટલાક પ્રસંગો એ રીતે પણ લખ્યા છે કે "જાણે તે તે સંયમી પોતે જ પોતાના અનુભવ લખતો હોય..."

**દા.ત.** "અમારા ગુરુણીની સહનશક્તિ અજબગજબની હતી." આવી રીતે આખો પ્રસંગ લખેલો હોય, તો એમાં **અમારા** = એ પ્રસંગ લખનારા સાધ્વીજી પોતે જ.

**ગુરુણી** = એ સાધ્વીજીના ગુરુણી. એમાં **અમારા** = આ પુસ્તકના લેખક ન સમજવા.

"મારો દીક્ષાપર્યાય એ વખતે માત્ર બે વર્ષનો હતો, ત્યારે..." આવું લખાણ હોય, ત્યાં **મારો** = આ પુસ્તકના લેખકનો નહિ, પણ એ પ્રસંગ જે સાધુએ સાધ્વીજીએ લખેલો હોય - એમનો....

ટુંકમાં એ પ્રસંગો એમના જ શબ્દોમાં ઢાળેલા છે....

એટલે વાંચતી વખતે જ્યારે આવા પ્રસંગો આવે ત્યારે ખ્યાલ રાખવો.

(૫) કોઈ એમ ન સમજે કે "આ તો માત્ર ૩૦૦ જ પ્રસંગ ! તો બીજા બધાનું શું ?"

કેમકે અમે તો વિશિષ્ટ અને આંખે ઊડીને વળગે એવી આરાધનાઓનો ઉલ્લેખ કરેલો છે. જે ઘણા બધામાં સામાન્ય આરાધનાઓ હોય, તેવી તો હજારો છે. એ બધાનો ઉલ્લેખ અત્રે કર્યો નથી. **દા.ત.** ૧૦૦-૧૫૦ સાધુ-સાધ્વીજીઓ ૧૦૦ વર્ધમાનતપની ઓળીઓ કરી ચૂક્યા છે. પણ એ બધાનો અમે જુદો જુદો ઉલ્લેખ નથી કર્યો.

આમ નાની નાની ઢગલાબંધ બાબતો અમે નોંધી જ નથી.

વળી આના વધુ ભાગ પણ છપાશે.

(૬) આમાં લગભગ અમે કોઈના પણ નામ લખ્યા નથી. આડકતરા નિર્દેશ કરેલા હોય એ સંભવિત છે.

(૭) આ કોઈ એક ગ્રુપ કે એક ગચ્છના બધા પ્રસંગો નથી. પણ જુદા જુદા લગભગ ૧૫-૧૭ ગચ્છોના પ્રસંગો આ પુસ્તિકામાં છે.

(૮) શ્રી સંઘને વિનંતિ કે આવા કોઈપણ વિશિષ્ટ પ્રસંગો તમારા ખ્યાલમાં હોય તો એ અમને મોકલાવે. **"આશિષ જે. મહેતા, ૭, સુનીષ એપાર્ટમેન્ટ, રત્નસાગર સ્કુલ સામે, ગોપીપુરા, કાજીનું મેદાન, સુરત. (ગુજરાત)."** આ સરનામે એ લખાણ મોકલવું. **કવર** ઉપર **સુકૃતાનુમોદનના પ્રસંગો** એમ શબ્દ લખવો.

જે કોઈપણ શાસ્ત્રાનુસારી વિશિષ્ટ પ્રસંગો હશે, તેનો હવે પછીના વિભાગોમાં સમાવેશ કરવામાં આવશે. કોઈપણ સમુદાયના સાધુ-સાધ્વીજીઓ આવા વિશિષ્ટ પ્રસંગો મોકલી શકે છે. એ પ્રસંગો-આરાધનાઓ માત્ર સાધુ-સાધ્વી સંબંધી જ હોવા જોઈએ.

(૯) "કેવા પ્રસંગો વધુ અસરકારક અને વિશિષ્ટ ગણાય." એ આ પુસ્તક વાંચવાથી ખ્યાલમાં આવી શકશે.

(૧૦) સંયમીઓએ અમને નાના-મોટા ઘણા પ્રસંગો લખેલા, એમાંથી અમે ચૂંટી ચૂંટીને આ પ્રસંગો લીધા છે. કોઈક કોઈક સંયમીએ લખેલા પ્રસંગો આમાં ન પણ આવ્યા હોય... તેઓ પાસે અમે હાર્દિક ક્ષમા માંગીએ છીએ.

(૧૧) કેટલીક અનુમોદના એવી હોય કે જેમાં બીજાના દોષોનો ઉલ્લેખ આવવાનો. **દા.ત.** કોઈ સાધ્વીજીની અદ્ભુત ક્ષમાની અનુમોદના કરવાની હોય ત્યારે એમના પર ક્રોધ કરનારાના એ ક્રોધ દોષનો ઉલ્લેખ આવવાનો જ. જો ક્રોધાદિ થયા જ ન હોત તો આમની ક્ષમા સિદ્ધ જ ન થાત. એટલે આવી અનુમોદનામાં આડકતરી રીતે કોઈકના દોષોનો ઉલ્લેખ થવાનો, પણ ત્યાં એમની નિંદા કરવાની નથી, એ કર્મવશ હોવાથી એવું વર્તન કરી બેઠા એમ સમજવાનું છે. આપણે તો ક્ષમાશીલ સાધ્વીજીની ક્ષમાની અનુમોદના જ મુખ્ય બનાવવાની છે.

(૧૨) मिथ्यादृशामप्युपकारसारं.........मार्गानुसारीत्यनुमोदयामः શ્રી શાંતસુધારસની આ ગાથામાં કહ્યું છે કે "મિથ્યાત્વીઓના પણ જે જે મોક્ષમાર્ગાનુસારી ગુણો-અનુષ્ઠાનો છે, તેની હું અનુમોદના કરું છું." અર્થાત્ માર્ગાનુસારી કોઈપણ કૃત્ય અનુમોદનીય

બને. ભલે પછી એ મિથ્યાત્વીઓનું પણ કેમ ન હોય ? હવે આ તો બધા સંયમીઓ છે, એમના જે જે કૃત્યો માર્ગાનુસારી હોય એ અનુમોદનીય બનવાના જ. એમાં ગચ્છભેદ જોવાનો ન હોય.

(૧૩) આ જે કોઈપણ પ્રસંગો મળેલા છે. એ મોટાભાગે વિરતિદૂતની પરીક્ષાના ઉત્તરપત્રોમાંથી પ્રાપ્ત થયા છે. સાધુ-સાધ્વીજી ભગવંતોએ કમલ પ્રકાશન ઉપર ઉત્તરપત્રો મોકલ્યા. એ તપાસવામાં જે જે સુંદર પ્રસંગો પ્રાપ્ત થયા, તેનું સંકલન આ પુસ્તકમાં કરવામાં આવ્યું છે. સાધુ ભગવંતો કે સાધ્વીજી ભગવંતો પાસેથી સીધા જ આ પ્રસંગો સાંભળ્યા નથી કે પત્રથી પણ જાણ્યા નથી. ઉત્તરપત્રોમાં લખાયેલા પ્રસંગને આધારે આ બધું લખાણ છે. એટલે ભૂલથી કોઈક પ્રસંગોમાં થોડોક ફેર થઈ ગયો હોય તો એ અંગે ક્ષમા ચાહીએ છીએ.

અમે બધાને વિનંતિ કરીએ છીએ કે આ પુસ્તક વાંચ્યા બાદ તમે પણ તમારી આસપાસના સાધુ-સાધ્વીજીઓમાં જે કોઈપણ મોક્ષમાર્ગાનુસારી અનુષ્ઠાનો-ગુણો જોયા હોય, તે વ્યવસ્થિત લખીને અમને મોકલાવશો. જેથી એ સુકૃતો ઘણા લોકો સુધી પહોંચાડી શકાય.

## લેખ મોકલવાનું સરનામું


| **આશિષ જે. મહેતા** | **હિતેષ કાંતિભાઈ ગાલા** |
| --- | --- |
| ૭, સુનીષ એપાર્ટમેન્ટ, | ૧૮, વિરેશ્વર વિહાર, |
| રત્નસાગર સ્કુલની સામે, ગોપીપુરા, | દ્વારકાધીશમંદિરની બાજુમાં, તેજપાલ રોડ, |
| કાજીનું મેદાન, સુરત. | વિલેપાર્લે, મુંબઈ-૪૦૦૦૫૭. |
| મો.: ૯૩૭૪૫૧૨૨૫૯ | મો.: ૯૮૨૦૯૨૮૪૫૭ |


(૧૩) આ પુસ્તક વંચાઈ જાય, એટલે એમને એમ મુકી ન રાખશો, પણ બીજાને વાંચવા આપશો. કોઈપણ એક જણને આ આખું પુસ્તક વંચાવી દેવું એ જ આ પુસ્તકની સાચી કિંમત ચૂકવેલી ગણાશે.

અંતે

જિનાજ્ઞાવિરુદ્ધ કંઈપણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.

**શ્રાવણ વદ-૧ સં. ૨૦૬૩** **ગુણહંસવિજય**

મહાવીર સોસાયટી, નવસારી

આ છે અણગાર અમારા

આ છે અણગાર અમારા

# શ્રી સંઘને નમ્ર વિનંતિ

આ પુસ્તક જ્ઞાનખાતાની રકમમાંથી છપાયેલું હોવાથી માત્ર સાધુ-સાધ્વીજીઓને ભેટ રૂપે આપવામાં આવશે.

જો જિજ્ઞાસુ શ્રાવક-શ્રાવિકાઓ આ પુસ્તકનું વાંચન કરવા ઈચ્છતા હોય તો તેઓ બતાવેલા સ્થાનો ઉપરથી પુસ્તક ખરીદી શકે છે. એ રકમ જ્ઞાનખાતામાં જમા કરવામાં આવશે.

ઉદાર શ્રાવકો બીજા ઘણા ગૃહસ્થોને પુસ્તક ભેટ રૂપે પણ આપી શકે.

સાધુ-સાધ્વીજીઓને યોગ્ય લાગે તો તે તે સ્થાને આની પ્રેરણા પણ કરી શકે. તેઓ જ્યાં ચાતુર્માસ હોય કે શેષકાળમાં રોકાયા હોય ત્યાં આ અંગે પ્રેરણા કરી સ્થાનિકસંઘ તૈયાર થાય તો દર્શાવેલા સરનામા ઉપરથી પુસ્તકો ખરીદ કરાવી સંઘના શ્રાવકો વગેરેને ભેટ રૂપે કે મૂલ્યથી પણ અપાવડાવી શકે.

આ અંગે વિશેષ જાણકારી મેળવવી હોય તો સંપર્ક કરો :

**આશિષભાઈ મો. : ૯૩૭૪૫૧૨૨૫૯ (સુરત)**

**હિતેષભાઈ મો. : ૯૮૨૦૯૨૮૪૫૭ (મુંબઈ)**

લિ.

કમલ પ્રકાશન ટ્રસ્ટ

પૂ. પં. પ્રવરશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબની પ્રેરણાને ઝીલીને હવે...

# દેશ વિદેશમાં પર્વાધિરાજ પર્યુષણની આરાધના કરાવવા માટે યુવાનોની સાથે તપોવનીઓ સુસજ્જ

જૈન સંઘના અગ્રણી માનનીય ટ્રસ્ટીવર્યો !

આપના ગામ કે નગરમાં જો પર્વાધિરાજ પર્યુષણપર્વની આરાધના કરાવવા માટે પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો પધારી શક્યા ન હોય તો તે માટે

## અમારા યુવાનો તથા તપોવની બાળકોને દર વર્ષે જરૂરથી બોલાવજો.

**આ યુવાનો તથા તપોવનીઓ આપના જૈન સંઘમાં**

(૧) અષ્ટાહ્નિકા તથા કલ્પસૂત્રની પ્રતનું સુંદર વાંચન કરશે.

(૨) રાત્રે પરમાત્મભક્તિમાં બધાને રસતરબોળ કરી દેશે.

(૩) બન્ને ટાઈમના પ્રતિક્રમણ વિધિ-શુદ્ધિપૂર્વક કરાવશે.

(૪) શ્રીસંઘના ઉલ્લાસ પ્રમાણે રસપ્રદ વિવિધ પ્રવૃત્તિઓ કરાવશે.

જો આપના સંઘમાં સાધુ-સાધ્વીજી ભગવંતો પધારી શક્યા ન હોય તો જ નીચેના સરનામેથી ફોર્મ મંગાવીને ભરીને અમને મોકલી આપો.

**નમ્ર સૂચન**

આરાધના કરાવવા આવનારને ગાડીભાડું વગેરે શ્રી સંઘે બહુમાનરૂપે આપવાનું રહેશે.

**ફોર્મ ભરીને મોકલવાનું સરનામું**

પર્યુષણ વિભાગ : સંચાલક શ્રી
શ્રીયુત લલિતભાઈ ધામી / રાજુભાઈ
C/o. તપોવન સંસ્કારપીઠ
મુ. અમીયાપુર, પોસ્ટ : સુઘડ
ગાંધીનગર - ૩૮૨૪૨૪.
ફોન : ૦૭૯-૨૩૨૭૬૯૦૧-૨-૩

# વિશ્વની આધ્યાત્મિક અજાયબી : આપણા સાધુ-સાધ્વીજી ભગવંતો

## १३६. जे तयक्खाया ते सारक्खाया

(સાધ્વીજીના શબ્દોમાં →)

પાલિતાણામાં બિરાજમાન વિશાળ સાધ્વી સમુદાયમાં મેં એક અચંબો પમાડનારી ચીજ જોઈ.

ત્યાં રોજ સમયસર ગોચરી તો આવી જાય પણ બધા વાપરનારા સમયસર હાજર ન હોય. કોઈક પાઠમાં ગયેલા હોય, કોઈ યાત્રા કરવા ગયા હોય, કોઈ સ્થંડિલાદિ ગયા હોય... ગોચરીનો કોઈ નક્કી સમય નહિ.

બધાની નોંધેલી ગોચરી તો આવી જ જાય, પણ પછી જેમ જેમ વાપરનારા સાધ્વીજીઓ આવે, તેમ તેમ તેઓ પોતાની મેળે જ જાતે ગોચરી લઈને વાપરવા બેસી જાય.

વડીલો એ સાધ્વીજીઓને પાત્રામાં ગોચરી ન વેંચે, કેમકે બધાનો સમય અનિશ્ચિત ! કોઈક વહેલા, કોઈક કલાક પછી...!

પ્રશ્ન એ થાય કે જો બધા જાતે જ ગોચરી લઈ લે, તો પહેલા આવેલા સાધ્વીજીઓ સારી-સારી, ભાવતી, અનુકૂળ વસ્તુ લઈ લે અને છેલ્લે અણભાવતી, પ્રતિકૂળ વસ્તુ પડી રહે એવું ન બને ?

પાછળથી આવનારા સાધ્વીજીઓને આવી અણભાવતી વસ્તુઓ જોઈ સંક્લેશ થાય એવું ન બને ?

આમ તો માનવસુલભ સ્વભાવથી આ શક્ય છે, પણ આ વિશાળ સમુદાયમાં કોણ જાણે લગભગ પ્રત્યેક વ્યક્તિમાં કોઈક અનેરી જ ભાવના રમતી દેખાય છે.

બધા જ સાધ્વીજીઓ જાતે જ પોતાની ગોચરી લે, પણ જે પ્રતિકૂળ વસ્તુઓ હોય-સામાન્ય વસ્તુઓ હોય એ પહેલા લઈ લે, સારી વસ્તુઓ રાખી મૂકે.

રોટલી-પુરણપોળી-માલપુઆ હોય તો રોટલી વધારે લે, પુરણપોળી-માલપુઆ ઓછા-ઘણા ઓછા લે, કે સાવ જ ત્યાગી દે.

કોરુ દૂધ-કેસરીયા દૂધ- દૂધપાક - બાસુંદી હોય તો કોરું દૂધ વગેરે વધારે લે, બાસુંદી વગેરે ઓછું લે કે સાવ જ ન લે.

પ્રત્યેક સાધ્વીજીના મનમાં સાધર્મિક વાત્સલ્યની છોળો ઉછળે.

**"મારી ગુરુબેનો આ સારી વસ્તુ વાપરશે, એમની પ્રસન્નતા વધશે. મને ભક્તિનો લાભ મળશે."**

તુચ્છ-સામાન્ય વસ્તુ લેવા માટે ખેંચતાણ થાય...

આવી એક અદ્ભુત શ્રમણીવૃંદ પાંચમાં આરામાં જોઈને પહેલા તો આશ્ચર્ય જ થયું. પણ પછી વિચાર આવ્યો કે

"આ તો જિનશાસન છે, એમાં તો રત્નોના ઢગલે ઢગલા હોય એમાં વળી આશ્ચર્ય કેવું ?"

(યાદ રાખવું કે જેઓ તુચ્છ વસ્તુ ખાય છે, તેઓ જ ખરેખર સારભૂત વસ્તુ ખાય છે. કેમકે એમને ખૂબ ખૂબ ખૂબ કર્મક્ષય પ્રાપ્ત થાય છે.)

## ૧૩૭. સહન કરવું સહેલું નથી હોં !

"ગુરુજી ! આ ગ્લાસ (ટોક્સી-ટોક્સો) તૂટી ગયો."

શિષ્યાએ ભૂલથી તૂટી ગયેલો ગ્લાસ ગુરુજીને બતાવ્યો.

ગુરુજીનો સ્વભાવ જરાક કડક ! કંઈપણ ઉંધુ-ચત્તુ થાય તો તરત આવેશ આવી જાય. ગુરુજીને ગ્લાસ તૂટવાથી ગુસ્સો આવ્યો.

"ભાન રાખવું તું ને !"

કહીને જોરથી એ ગ્લાસ શિષ્યા તરફ ફેંક્યો.

ગ્લાસ લાગ્યો સીધો કાન ઉપર અને લોહી નીકળવા લાગ્યું. છતાં શિષ્યા પ્રસન્ન જ રહી. કોઈ પ્રત્યુત્તર ન આપ્યો.

આજ શિષ્યાને ગૃહસ્થપણામાં ડબલ મીઠી ચા પીવાની ટેવ હતી. ચામાં બમણી ખાંડ નાંખીને પીએ. એ ટેવના કારણે દીક્ષા બાદ પણ રોજ ચા વહોરી લાવે અને એમાં ડબલ ખાંડ નંખાવી લાવે.

આનાથી ગુરુણીને ગુસ્સો ચડ્યો, એકવાર એ શિષ્યાએ ચા લાવી માંડલીમાં મૂકી ત્યાં જ ગુરુણી આવ્યા અને શિષ્યાની સામે જ એમાં મીઠું-બલવણ નાંખીને કહ્યું કે

"હવે પી જા"

આ એક અપમાન પણ હતું અને અનુચિત વર્તન પણ હતું, છતાં આ સાધ્વીજી એ ચા પી ગયા,

અને

એજ દિવસથી એમણે ચામાં વધારાની ખાંડ નંખાવવાની બંધ કરી, જેવી ચા આવે એવી જ પીવાનું શરુ કર્યું.

આ જગ્યાએ આપણે હોઈએ તો ?

## ૧૩૮. તે મુનિવર જગ વંદીએ !

રાજસ્થાનમાં આજે પણ એક મહાત્મા બિરાજમાન છે કે

(ક) જેમની ઉંમર ૮૫ વર્ષની થઈ ગઈ હોવા છતાં એ નિત્ય એકાસણા કરે છે.

(ખ) રાજસ્થાનની ભયાનક ગરમીમાં પણ બપોરે બે વાગે જ રોજ ગોચરી લેવા જાય.

(ગ) ઘરોમાં જે વધી-ઘટી રસોઈ હોય તે લે.

(ઘ) એ બધું જ એક જ તરપણીમાં ભેગું વહોરે. રોટલી, દાળ, શાક, ભાત, મીઠાઈ... બધું એ રીતે જ વહોરે.

(ચ) એ બધું વહોરીને આંબિલ ખાતે જાય અને એજ તરપણીમાં કરિયાતું નંખાવી દે, બધી ગોચરી કડવી બનાવી દે અને એ પછી ત્રણ વાગે એ વાપરી એકાસણું કરે.

ઉંમર વર્ષ ૮૫ની હોવા છતાં આવો ઉત્તમ આચાર તેઓશ્રી પાળી રહ્યા છે.

## ૧૩૯. હવે આ મોટી ઉંમરે વાહન વાપરી વધુ જીવવાનો મોહ નથી

એ હતું નાનકડું ગામ "ઈસરવા".

જૈનોના માંડ સાત-આઠ ઘરો.

આધુનિક સગવડ વિનાનાં એ ગામમાં આચાર્યદેવ પધાર્યા. જોરદાર સામૈયું થયું. અઢાર કોમ ઉમટી પડી.

રાત્રે

આચાર્યશ્રીને છાતીમાં દુઃખાવો ઉપડ્યો. બધા ગભરાયા.

"શું હાર્ટએટેક તો નથી ને ?"

નાનકડા ગામમાં ડોક્ટર ક્યાંથી હોય ?

છતાં રાતોરાત ભક્ત શ્રાવકો નજીકના ગામમાંથી ડોક્ટર બોલાવી લાવ્યા. સામાન્ય ડોક્ટરને ખાસ ખ્યાલ ન આવ્યો કે "શું કરવું ?"

સવાર થતા તો હૃદયના નિષ્ણાંત ડોક્ટર પણ શહેરમાંથી આવી ગયા. તરત તપાસ કરી કહ્યું કે "સાહેબને તાત્કાલિક પાલનપુર કે અમદાવાદ ખસેડો. ૧૦૦ ટકા જોખમ છે. જલ્દી નિર્ણય લો."

બધા વિમાસણમાં પડ્યા.

"આચાર્યશ્રીને વાહનમાં બેસવા માટે શી રીતે મનાવવા?"

બધા જાણતા હતા કે "આચાર્યદેવ એ છૂટ લેવા તૈયાર નહિ થાય.

છેવટે ડોક્ટરે જ આચાર્યદેવને કહ્યું કે "આપની જીંદગી જોખમમાં હોવાથી અમે નજીકના શહેરમાં આપને ખસેડીએ છીએ."

આવી વિષમ પરિસ્થિતિમાં પણ આચાર્યદેવે ઉત્તર આપ્યો કે **"ડોક્ટર ! મેં ૭૬ વર્ષ તો ખૂબ જ આનંદથી પસાર કર્યા છે. હવે ચારિત્રની વિરાધના કરી, વાહનમાં બેસીને વધારે જીવવાનો મોહ નથી."**

સહુ ઉઘડતી આંખે એ દૃશ્ય જોઈ રહ્યા.

## ૧૪૦. સંયમની સફળતા-સ્વાધ્યાયમાં

આજ આચાર્યદેવે વિ.સં.૨૦૫૪ના માગસર સુદ-૪ના દિવસે નિયમ લીધો કે "એક મહિના સુધી મારે રોજ ઓછામાં ઓછો ૧૦૦૦ ગાથાનો સ્વાધ્યાય કરવાનો. જો ન થાય તો મારે ઘી બંધ !"

બધા મહાત્માઓએ કહ્યું કે "સાહેબ ! આપને શાસનના અને સંઘના ઢગલાબંધ કામો હોય, એમાં આપને ૧૦૦૦ ગાથાનો પાઠ કરવાનો સમય શી રીતે મળે ?–આપ તો શ્રમણસંસ્થાના અગ્રણી છો. માટે આ નિયમ ન લો..."

તે વખતે આપણા બધાની આંખ ઉઘાડી દે એવો પ્રત્યુત્તર એ સૂરિવરે આપ્યો કે **"જે દિવસે હું ૧૦૦૦ ગાથાનો સ્વાધ્યાય ન કરું, એ દિવસ મારા માટે વાંઝિયો કહેવાય. શાસનના કામોની વ્યસ્તતા એવી તો નથી જ કે ૧૦૦૦ ગાથાનો સ્વાધ્યાય પણ ન થઈ શકે."**

## ૧૪૧. સાધુચર્યા કેવી ? વૈરાગ્ય પમાડે એવી !



(સાધ્વીજીના શબ્દોમાં)

તે વખતે હું બારમા ધોરણમાં ભણતી હતી.

ઘરના બધા લોકોની ધર્મ ભાવના ઘણી સારી. પણ સ્કુલ-કોલેજાદિના કારણે મારામાં નાસ્તિકતા પૂરબહારમાં વિકસેલી હતી. હોટેલમાં જવું, હરવું-ફરવું, નવરાત્રિમાં દાંડિયા રમવા જવું... બધું જ મારા જીવનમાં ચાલુ હતું.

પણ માણસનો ક્યારેક તો **ટર્નીંગ પોઈંટ** આવતો જ હોય છે.

અમારે ત્યાં સાધ્વીજીઓનું ચાતુર્માસ થયું.

અલબત્ત હું કંઈ સાધ્વીજીઓ પાસે જતી ન હતી,

પણ

એકવાર મમ્મીના કહેવાથી સાધ્વીજીઓને ગોચરી માટે ઘરે લઈ આવવા હું ઉપાશ્રયે ગઈ.

"સાહેબજી ! વહોરવા પધારો" ની વિનંતિ કરી,

"દસેક મિનિટ લાગશે, વાંધો નથી ને ?" સાધ્વીજીએ મધુરતાથી જવાબ આપ્યો.

મેં હા કહી અને ત્યાં ઉભી ઉભી ઉપાશ્રયનું વાતાવરણ જોવા લાગી.

કોણ જાણે કેમ ?પણ મને ત્યાં અલૌકિકતાનો અનુભવ થયો. સાધ્વીવૃંદ ઘણું જ મોટું હતું, પણ એ બધાની ચર્યા જોઈ અને જોતી જ રહી ગઈ.

કોઈક સ્વાધ્યાયમાં તલ્લીન હતા, કોઈક પાણી લાવતા હતા, કોઈક ગોચરી માટે તૈયારી કરતા હતા, કોઈક ગ્લાનની સેવામાં જોડાયેલા હતા. બધાના મુખ પર અનેરો ઉત્સાહ છલકાતો દેખાયો. પરસ્પર કરાતી વાતચીતમાં લાગણીના સૂર સંભળાયા... મને એ ઉપાશ્રય સ્વર્ગ જેવો જ ભાસવા લાગ્યો. સંસાર પ્રત્યે જાણે કે ધિક્કાર વછૂટી ગયો.

મેં ઘરે વાત કરી કે "મારે દીક્ષા જ લેવી છે"

અને પછી તો પ્રવચનો સાંભળવા દ્વારા વૈરાગ્યને મજબુત બનાવ્યો.

મારા ઘરવાળા ધાર્મિક ખરા, પણ મને દીક્ષા આપવા તૈયાર ન થયા. પપ્પા-દાદાની સખત મનાઈ હતી.

બધાની સાથે પાંચ વર્ષ ઝઝુમીને અંતે મેં દીક્ષા મેળવી.

આજે ૫૫ સાધ્વીઓના વૃંદમાં પ્રસન્નતાપૂર્વક ચારિત્રપાલન કરું છું.

**મેં જેને સ્વર્ગ માન્યું, ખરેખર એ સ્વર્ગ જ હતું. એ મારી ભ્રમણા ન હતી. એ દીક્ષાના ૧૮ વર્ષ થયા બાદ હું સાચા હૃદયથી કહું છું.**

(માત્ર આપણી નિર્મળ જીવનચર્યા જ કોઈકનાં જીવનમાં જબરદસ્ત પરિવર્તન લાવી છેક દીક્ષા સુધી લઈ જનાર બની રહે છે, એ ન ભૂલશો.

જો સારી જીવનચર્યા સારું પરિણામ લાવે, તો ખરાબ જીવનચર્યા...?)

## ૧૪૨. मरणेऽपि सज्जा वयं

"જુઓ, સાધ્વીજી ભગવંત ! સાચી વાત છુપાવવાનો કોઈ અર્થ નથી. એટલે તમને કદાચ આઘાત લાગશે, તો પણ કહું છું કે તમને કેન્સરની શરુઆત થઈ ચૂકી છે. હવે ઝાઝું જીવન નથી, એમ માનીને જ ચાલજો..."

નવસારીનાં અનુભવી વૈદ્યે પોતાને બતાવવા આવેલા સાધ્વીજીને સ્પષ્ટ શબ્દોમાં હકીકત જણાવી દીધી.

એ સાધ્વીજી હતા તપસ્વિની !

૯૯મી ઓળી ચાલતી હતી, પારણું કર્યા વિના ૧૦૦મી ઓળી ઉપાડવાની ભાવના હતી, પણ તબિયત અસ્વસ્થ હોવાથી ગડમથલમાં હતા.

અંતે વિચાર કર્યો કે "કો'ક વૈદ્યને બતાવું. જો વ્યવસ્થિત દવા મળી જાય તો પારણું ન કરું, દવા સાથે ૧૦૦મી ઓળી ચાલુ કરી દઉં."

અને એક શ્રાવિકાને સાથે લઈને વૈદ્યને બતાવવા ગયા. ત્યાં સુધીં તો કેન્સરનો અણસાર પણ ન હતો.

વૈદ્યની વાત સાંભળીને ચમક્યા પણ ગભરાયા નહિ.

'મરણ નિશ્ચિત છે' એ વાત સ્વીકારી લીધી.

૧૦૦મી ઓળી કરવાનો દૃઢ નિર્ણય કરી લીધો.

સાથેના શ્રાવિકાને સમજાવી દીધું કે "તારે કોઈને પણ આ વાત કરવાની નહિ. સામાન્ય તકલીફ છે, 'દવાથી સારુ થશે.' એટલું જ કહેવાનું."

અને સંયમી આચાર્યદેવના મુખથી ૧૦૦મી ઓળીના પ્રથમ આંબિલનું પચ્ચક્ખાણ લીધું. કોઈને કેન્સરની ગંધ પણ ન આવી.

૧૦૦મી ઓળી શરુ કરી વિહાર પ્રારંભ્યો, જોતજોતામાં અમદાવાદ થઈને

શંખેશ્વર આવી પહોંચ્યા. એમણે અંતિમ આરાધના શરુ કરી દીધી.

(ક) રોજ ૪-૫ કલાક શંખેશ્વરદાદાનો જપ કરવા લાગ્યા.

(ખ) આંબિલમાં ૨-૩ દ્રવ્ય વાપરી ત્યાં જ બેસી રહેતા. થોડીવારમાં ઉલટી થઈ જતી.

આ રોજનો ક્રમ થઈ ગયેલો.

આ રીતે ૭૦ આંબિલ થયા.

છેવટે માતાપિતાની તીવ્ર ઈચ્છાને કારણે ૧૦૦મી ઓળીનું પારણું પોતાની જન્મભૂમિ **ચાણસ્મામાં** કર્યું. ગચ્છાધિપતિની નિશ્રા અને પરિવાર તરફથી થયેલ ૨૭ છોડના ઉજંજણાથી પ્રસંગ શોભી ઉઠ્યો.

એ દરમ્યાન તબિયત એકદમ બગડી. ડોળીમાં પાટણ લઈ ગયા.

ડોક્ટરે કહી દીધું કે "કેન્સર છેલ્લા સ્ટેજ ઉપર છે."

પણ એ સાધ્વીજી તો તૈયાર હતા. એમનું જીવન સ્વાધ્યાય અને સીમંધર સ્વામીની ભાવયાત્રાથી વણાયેલું હતું. ગમે તેવા સંયોગમાં પણ રાત્રે ભાવયાત્રા કર્યા વિના સંથારો ન કરે.

૧૦૦મી ઓળીના પારણા બાદ ૧૩મા દિવસે સાંજે ૫.૪૫ કલાકે એમણે ત્યાં હાજર શ્રીસંઘને જાતે સીમંધરસ્વામીની ભાવયાત્રા કરાવી અને નવકારમંત્રનું સ્મરણ કરતા કરતા ચિરવિદાય લઈ લીધી.

પેલા નવસારીના શ્રાવિકાએ એ પછી આ વાત પ્રગટ કરી કે "સાધ્વીજીને તો નવસારીમાં જ કેન્સરની ખબર પડી ગયેલી. પણ મને સખત શબ્દોમાં ના પાડી હોવાથી મેં કોઈને વાત કરી ન હતી..."

મૃત્યુ માટે આવી તૈયારી રાખવી આપણા માટે ઘણી કપરી છે, ખરું ને ?

## ૧૪૩. મંત્રાધિરાજનો પ્રભાવ આજે પણ છે !

(સાધ્વીજીના શબ્દોમાં)

તે વખતે અમે ત્રણ સાધ્વીજીઓ ગુરુણીની આજ્ઞા લઈને **કચ્છભદ્રેશ્વર** બાજુ ગયા. વિહાર કરતા કરતા અમે **કોટડા** પહોંચ્યા. ત્યાંથી અમે બીજે દિવસે **ગઢસીસા** જવાના હતા.

કોટડાવાળાઓએ અમને ખાસ સુચના કરી કે "અહીં જંગલી પશુઓનો ભય રહે

છે. એટલે વિહાર મોડો કરજો. વહેલા જતા નહિ."

સુચના મુજબ અમે છેક સાત વાગે વિહાર શરુ કર્યો,

હજુ ત્રણ-ચાર કિ.મી. ચાલ્યા હશું ત્યાં તો સામે જ ૨૦ થી ૨૫ ફૂટ દૂર એક દીપડાને અમે જોયો. એ અમારી તરફ જ જોઈ રહ્યો હતો.

અમે ભયભીત બની ગયા. સાથેનો સાઈકલવાળો માણસ પણ ધ્રૂજવા લાગ્યો.

અમને થયું કે "અમારા સૌનું જીવન હવે જોખમમાં છે."

અમને ત્રણેયને એ વખતે આંબિલનો તપ ચાલુ હતો. અમે નમસ્કાર મહામંત્રનો પાઠ શરુ કરી દીધો.

ત્યાં તો એક નવી આફત આવી.

એ ચિત્તાની બાજુમાં જ બીજો ચિત્તો પણ આવીને ઉભો રહી ગયો.

હવે શું ?

અમે વધુ તીવ્ર ભાવથી નમસ્કાર મહામંત્ર ગણવા લાગ્યા. પાછળ ભાગવાના હોંશ જ રહ્યા ન હતા.

બે-ત્રણ મિનિટ થઈ, કોણ જાણે કેમ ? પણ એ બંને ચિત્તા બે-ત્રણ મિનિટ બાદ જંગલની વાટે દોડી ગયા.

ત્યારે અમારો શ્વાસ નીચે બેઠો. નમસ્કાર મહામંત્ર પરની શ્રદ્ધા અગાધ બની, જીવમાં જીવ આવ્યો અને અમે જલ્દી જલ્દી ગઢસીસા પહોંચી ગયા.

સાંજે જ અમને ગઢસીસામાં સમાચાર મળ્યા કે "કોટડા પાસે ચિત્તાએ એક હરિજનને આજે મારી નાંખ્યો..."

(નમસ્કારમહામંત્રની અદ્વિતીય તાકાત આજે પણ અનુભવવા મળે છે. જોઈએ માત્ર અગાધ શ્રદ્ધા !)

## ૧૪૪. આજ તો કઢી મીઠી થી

શિષ્યમુનિ પોતાના આચાર્યદેવ માટે ગોચરી જતા, ઘણીવાર કઢી લાવતા અને આચાર્યદેવ એ વાપરતા.

એક દિવસ ગોચરીમાં દૂધપાક મળી ગયો, શિષ્ય ગુરુ માટે દૂધપાક લઈ આવ્યો. દૂધપાક વાપર્યા પછી આચાર્ય દેવ બોલ્યા "चेले ! आज तो ये कढी बहुत मीठी थी । रोज तो खट्टी-अल्पमीठ्ठी कढी आती थी..."

શિષ્ય આભો જ બની ગયો.

દૂધપાક અને કઢી બે જુદી વસ્તુ છે, એટલી પણ આ વયોવૃદ્ધ આચાર્યદેવને ખબર ન હતી. એ દૂધપાકને દૂધપાક તરીકે ઓળખી ન શક્યા.

કેવી અનાસક્તિ !

## ૧૪૫. જિનશાસનનો અજોડ તપ-કાયોત્સર્ગ

એ સાધ્વીજીની ઉંમર ૭૨ વર્ષ છે, દીક્ષાપર્યાય ૫૨ વર્ષનો છે.

(ક) છેલ્લા ૪૦ વર્ષથી અખંડપણે તે રોજ નવપદજીના ગુણોનો ૧૩૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરે છે.

(ખ) આ કાઉસ્સગ્ગ ઊભા ઊભા જ કરે છે.

(ગ) આખો કાઉસ્સગ્ગ સળંગ જ કરે, ટુકડે ટુકડે નહિ. બરાબર એક કલાક રોજ થાય.

(ઘ) એકવાર વિહાર કરીને **ધાનેરા ગામ**ની સોસાયટીમાં પહોંચ્યા, ત્યાં રોકાયા. બપોરે કાઉસ્સગ્ગ શરૂ કર્યો, અડધો કલાક થયો - અડધો કાઉસ્સગ્ગ થયો, ત્યારે બે-ત્રણ કીડીઓ શરીર પર ચડીને કાનમાં પેસી ગઈ, કરડવા લાગી. સખત વેદના વચ્ચે પણ સમતાપૂર્વક એક કલાકનો કાઉસ્સગ્ગ પૂર્ણ કર્યો.

(ચ) ઘણીવાર એવું બને કે કાઉસ્સગ્ગ વખતે લાલ કીડીઓ શરીર પર ચડીને પુષ્કળ ચટકા મારે. છતાં એમણે કદી કાઉસ્સગ્ગ ભાંગ્યો નથી. એક કલાક થાય પછી જ કાઉસ્સગ્ગ પારે.

(છ) એકવાર ચાલુ કાઉસ્સગ્ગમાં જ ઠંડી લાગી ને તાવ ચડી ગયો. ધ્રુજારી થવા માંડી. છતાં સાધ્વીજી બેઠા પણ નહિ કે કાઉસ્સગ્ગ પાર્યો પણ નહિ. તાવ વધતો જ ગયો, છતાં એ મક્કમ રહ્યા.

જ્યારે આખો કાઉસ્સગ્ગ થયો, પાર્યો, તાવ તપાસ્યો ત્યારે ૪ ડીગ્રી તાવ હતો.

શિષ્યાઓ આશ્ચર્ય પામી કે "ચાર ડીગ્રી તાવ ચડી ગયો, છતાં ગુરુણી અડગ ઉભા રહ્યા. એ કેવી સહનશીલતા !"

(જ) ૨૫-૩૦ કિમી.નો વિહાર હોય કે મોટા પ્રસંગો હોય કે લાંબી મોટી માંદગી હોય... પણ આ સાધ્વીજીની ટેક અખંડ છે. ઉભા ઉભા એક કલાક સુધી કાઉસ્સગ્ગ !

(ઝ) આજે ૭૫ વર્ષની ઉંમરે પણ બંને પ્રતિક્રમણ વગેરે ક્રિયાઓ ઊભા ઊભા

જ કરે છે.

(ટ) સવારે ચાર વાગે ઉઠવું, રાત્રે દસ વાગ્યા પહેલા ન સુવું અને બપોરે બિલકુલ આરામ ન કરવો આ અપ્રમત્તતા એમના જીવનમાં એકદમ નિયમિત બની ચૂકી છે.

(ઠ) આજે ૭૨ વર્ષની ઉંમરે પણ આ આશ્રિતોને કમ્મપયડી, ઉપમિતિ વગેરે ગ્રંથોનો અભ્યાસ કરાવે છે.

## ૧૪૯. નિંદકો આપણા ઉપકારી છે !

"એ સાધુને તમે જ્ઞાનભંડારની ચાવી આપી દેવાના છો ? હાય ! ભારે કરી એ સાધુ ઉપર ભરોસો ન રખાય. પુસ્તકો ચોરી જાય તો ? તમે આ ભૂલ ન કરો."

કોઈક ચુગલીખોરે એકતીર્થના ટ્રસ્ટીઓને ચાતુર્માસ માટે આવનારા સાધુ વિરુદ્ધ કાનભંભેરણી કરી.

"પણ અમે તો ચાવી આપવાની હા પાડી દીધી છે. એ સાધુ માત્રને માત્ર એ જ કામ માટે અત્રે આવે છે. બાકી આ તીર્થમાં આવવાનું એમને કોઈ પ્રયોજન નથી. હવે એમને ના કેમ પડાય ?"

ટ્રસ્ટીઓએ પોતાની મુંઝવણ પ્રગટ કરી.

"એ તમે જાણો. બાકી આવો અમૂલ્યજ્ઞાનભંડાર સાધુને સોંપવા જેવો નથી. જેવી તમારી મરજી. તમે માલિક છો..."

ચુગલીખોરે છેલ્લો ફટકો લગાવી દીધો.

બધા ટ્રસ્ટીઓ આવી જાત જાતની ચડામણીથી એવા ચડી ગયા કે નિર્ણય કર્યો કે "કોઈપણ ભોગે આપણે સાધુને જ્ઞાનભંડારની ચાવી કે એના પુસ્તકો ન આપવા..."

એ મુનિરાજ હતા જબરદસ્ત વિદ્વાન ! શ્રુતપ્રેમી ! સંશોધનપ્રિય ! જૈનશાસ્ત્રોના વારસાને સાચવવાની અનોખી ટેકના ધારક !

એ તીર્થના જ્ઞાનભંડારની પુષ્કળ પ્રશંસા સાંભળીને એમણે ત્યાંના ટ્રસ્ટીઓને વાત કરેલી કે "તમારી રજા હોય તો મારે અત્રે ચોમાસું કરવું છે અહીંના ભંડારમાં અણમોલ પ્રતો પડી છે, મારે એનો અભ્યાસ-સંશોધન કરવું છે..."

ટ્રસ્ટીઓએ હા પાડી, ચોમાસું નક્કી થયું, સાધું આવી ગયા પણ ઉપર જણાવ્યા પ્રમાણે ટ્રસ્ટીઓની મતિ ફરી ગઈ. સાધુની ઘણી વિનંતિ છતાં ટ્રસ્ટીઓ એક ના બે ન થયા. ઉલટું એ તીર્થ-ગામમાં સાધુ વિરુદ્ધ અફવાઓ ફેલાવી.

આ બધું બનવા છતાં એ સાધુએ કદી એ ટ્રસ્ટીઓ ઉપર ક્રોધ ન કર્યો, કોઈની પણ સામે, પોતાના શિષ્યોની સામે પણ એ ટ્રસ્ટીઓ વિરુદ્ધ કદી પણ હરફ સુદ્ધાં ન ઉચ્ચાર્યો. શ્રુતાભ્યાસમાં મસ્તીથી આખું ચોમાસું પૂર્ણ કર્યું.

આ એ મહાત્મા છે કે

જે આજે ૮૦ વર્ષની ઉંમરે પણ ચાલતા ચાલતા જ વિહાર કરે છે.

જે આ ઉંમરે પણ દરમહિને અઠ્ઠમ કરે છે.

જે આજે પણ શત્રુંજય તીર્થાધિરાજની યાત્રા પગે ચાલીને કરે છે, ભક્તિમાં ભાન ભૂલેલા એમને લોકો ગાંડામાં ખપાવી દે એવા એ તલ્લીન બને છે.

જે વિશ્વની ૧૭ થી ૧૮ ભાષાના જાણકાર છે.

## ૧૪૭. જ્ઞાની નિરભિમાની જ હોય.

માત્ર ૧૧ વર્ષની સાવ નાનકડી ઉંમરે દીક્ષિત થયેલા એ શ્રમણી ભગવંત આજે ૧૩ વર્ષના દીક્ષાપર્યાયવાળા, ૨૪ વર્ષની ઉંમરના છે. આ ૧૩ વર્ષમાં એમણે જે જ્ઞાનયજ્ઞ માંડ્યો છે, એ અત્યંત અનુમોદનીય છે.

(ક) ન્યાય-વ્યાકરણ વગેરે ગ્રંથોમાં પારંગત છે.

(ખ) **પક્ષતા** વગેરે ન્યાયના અતિકઠિન ત્રણ ગ્રંથોનો અભ્યાસ માત્ર દોઢમાસમાં પૂર્ણ કર્યો.

(ગ) જ્યારે ઘણા સાધ્વીઓ ભેગા થાય ત્યારે એ સવારથી સાંજ સુધીમાં ૧૦-૧૦ પાઠો પણ આપે ન થાકે, ન કંટાળે, ન ચીડ કરે.

(ઘ) આટલું બધું ભણાવે, ઘણાના વિદ્યાગુરુણી છે, વિદ્વાન છે, છતાં નમ્રતા પણ અદ્વિતીય છે. પાઠમાં કોઈક સાધ્વીજીને કોઈક પદાર્થ ન સમજાય તો એ પાઠ સમજાવવા માટે ૫-૭-૧૦ વાર મહેનત કરે. જુદા જુદા દૃષ્ટાંન્તો દ્વારા પદાર્થ સમજાવે, અને સાધ્વીજીને પદાર્થ બરાબર સમજાય ત્યારે જ એમને સંતોષ થાય.

(ચ) કોઈપણ સાધ્વીજી કોઈપણ કારણે આર્તધ્યાન કે અસમાધિથી પીડાતા હોય તો એમની સમાધિ માટે આ સાધ્વીજી બધા પ્રયત્નો કરી છૂટે. ક્ષયોપશમ જોરદાર હોવાથી એ પ્રયત્નમાં સફળતા પણ પામે.

(છ) એકવાર ૭-૮ સાધ્વીજીને પ્રમાણનયતત્વાલોકાલંકારનો પાઠ કરાવતા હતા, એમાં એક સાધ્વીજી ક્ષયોપશમ અલ્પ હોવાથી થોડું ભણ્યા બાદ થાક્યા, એમણે પાઠ

છોડી દેવાનો વિચાર કર્યો.

ત્યારે આ અધ્યાપક સાધ્વીજીએ કહ્યું કે "જો તમે આ પાઠ નહિ ભણો તો હું ઘી છોડી દઈશ."

પેલા સાધ્વીજી આ સાંભળીને ભણવા માટે ઉત્સાહી બન્યા અને ગ્રંથ પૂર્ણ કર્યો.

બીજાના હિત માટે પોતે ભોગ આપવા તૈયાર !

## ૧૪૮. વૈયાવચ્ચમાં ગચ્છભેદ ન જોવાય

(સાધ્વીજીના શબ્દોમાં)

૧૨-૧૩ વર્ષ પહેલાની આ વાત.

અમે ચાર સાધ્વીજીએ શિખરજીથી વિહાર કર્યો, ૫૦ દિવસ બાદ રાયપુર (છત્તીસગઢ) પહોંચ્યા.

ત્યાં જ અમારામાંથી એક સાધ્વીજીને પેટમાં સખત દુઃખાવો શરુ થયો, અલગ અલગ હોસ્પિટલોમાં તપાસ કરાવી, ચાર ડોક્ટરોએ એક જ નિર્ણય આપ્યો કે "ઓપરેશન કરાવવું પડશે."

અમે શિખરજી હતા, ત્યારે જ અમારામાંના ૩૩ વર્ષની ઉંમરના સાધ્વીજી અકાળે કાળધર્મ પામી ચૂક્યા હતા. એ પ્રસંગથી આમ પણ અમે ત્રસ્ત હતા.

એમાં વળી આ નવા સાધ્વીજીના ઓપરેશનની વાત !

સ્થાન અમારા માટે સાવ અજાણ્યું !

કોઈ આશ્વાસન આપનાર નહિ. અમે મુંઝવણમાં હતા.

ત્યાં તો

અમારા પર એક પત્ર આવ્યો.

એ વાંચી અમે પરમ સંતોષ પામ્યા.

એ પત્ર હતો દુર્ગમાં રહેલા, ૩૦-૩૪ સાધ્વીજીના ગુરુણી મહત્તરા સાધ્વીજીનો !

જેને અમે જોયા પણ ન હતા, જેની સાથે અમારે કોઈ પરિચય પણ ન હતો, જે અમારા સમુદાયના પણ ન હતા... તેવા તે સાધ્વીજીએ અમને પત્રમાં લખેલું કે

"તમે નિશ્ચિત બની જજો. કશી ચિંતા કરતા નહિ. વૈયાવચ્ચનો બધો લાભ અમને આપજો. તમારા એક સાધ્વીજીના ઓપરેશનના સમાચાર મળવાથી આ પત્ર લખું છું..."

એક પત્ર શ્રી રાયપુર સંઘના આગેવાનો ઉપર હતો.

એમાં લખેલું કે "સાધ્વીજીઓને બિલકુલ મુશ્કેલી ન પડવા દેવી. એમને બધી વ્યવસ્થા આપવી..."

પાંચ દિવસમાં ઓપરેશન થઈ ગયું. એ પછી ત્રણ મહિના ત્યાં રોકાવાનું થયું. તે મહત્તરા સાધ્વીજી પણ આવી ગયા હતા. ૩ મહિના એમણે અમારી, ઓપરેશનવાળા સાધ્વીજીની પુષ્કળ કાળજી કરી.

ચોમાસું આવી ગયું હતું. એમણે પોતાના ચાતુર્માસ પ્રવેશ સાથે જ અમારો પણ પ્રવેશ કરાવડાવ્યો. જાણે અમારા જ ગુરુણીમાતા ન હોય એટલું બધું વાત્સલ્ય એમણે અમારા પર વરસાવ્યું.

(આપણે પણ બળતાને ઠારનારા બનીએ, ભયભીતને નિર્ભયતા બક્ષનારા બનીએ, અનાથને શરણ આપનારા બનીએ...જીવન પ્રસન્ન પ્રસન્ન બની જશે, આપણું અને સૌનું !)

## ૧૪૯. ઉપદેશ આપવાની અનોખી રીત

"ગુરુજી આ પં.ચન્દ્રશેખર મ., પૂ.રત્નસુંદર મ., પૂ.હેમરત્ન મ. વ્યાખ્યાનમાં કેટલું બધું મોટેથી બોલે છે. ૨-૫-૧૦ હજાર માણસોને સંભળાય એટલો મોટો અવાજ કાઢે છે.

'હં ગુરુજી ! આટલું પહાડી અવાજે પ્રવચન તે બધા શી રીતે કરી શક્તા હશે... મારો તો આવો અવાજ જ ન નીકળે..."

નૂતન મુનિરાજે આચાર્યદેવને ભોળાભાવે પ્રશ્ન કર્યો.

આચાર્યદેવ અતિશય ચતુર હતા, એમણે એવો ઉત્તર આપ્યો કે જેમાં શિષ્યને ઉપદેશ-માર્ગદર્શન પણ ભેગું અપાંઈ જાય.

તેઓ બોલ્યા કે

"તેમાં શી મોટી વાત છે ! એ ત્રણ પ્રભાવકોએ જ્યારે દીક્ષા લીધેલી ને ? ત્યારથી જ તેઓ સવારથી માંડીને સાંજ સુધી મોટેથી બોલી બોલીને ગાથાઓ ગોખતા હતા. બોલી બોલીને ભણતા હતા. રાત્રે પણ બે કલાક મુખપાઠ કરતા હતા. એ પ્રેક્ટીસના કારણે જ તેઓ મોટેથી લાંબા સમય સુધી વ્યાખ્યાન આપી શકે છે.

તું આ રીતે મોટેથી સ્વાધ્યાય કરીશ તો તારો અવાજ પણ પહાડી થઈ જશે, માટે

અત્યારે તો રટી રટીને સ્વાધ્યાય કરવામાં મચી પડ."

આ સાંભળી નૂતનમુનિ ગાથાઓ ગોખવા માટે એકદમ ઉત્સાહિત થઈ ગયા.

## ૧૫૦. સૂક્ષ્મસંયમ માટેની સૂક્ષ્મદષ્ટિ !

જીવનના છેલ્લા દિવસો વીતાવી રહેલા એ આચાર્યદેવે ગોચરી વાપરી એટલે શિષ્યે ડબીમાંથી ગોળી કાઢીને આચાર્યશ્રીને એ ગોળી વાપરવા આપી.

આચાર્યદેવ તરત ગોળીની આગળ-પાછળ જોવા લાગ્યા.

"આમાં તો અક્ષર છે, આ અક્ષરો કાઢ્યા વિના ગોળી કેમ લેવાય ? જ્ઞાનાવરણીય કર્મ બંધાય."

આચાર્યદેવે શિષ્યને સૂચના આપી.

શિષ્યે તરત ગોળી હાથમાં લીધી અને પાત્રીમાં પડેલું પાણી આંગળી પર લઈને એ અક્ષરો કાઢવા ગયો ત્યાં જ આચાર્યે ફરી એને અટકાવ્યો.

"એ પાણી તો એંઠુ છે. એંઠા પાણીથી અક્ષર લુંછાતા હશે, જ્ઞાનાવરણીય બંધાય. પાણી ચોક્ખુ જોઈએ."

રોગોથી ઘેરાયેલા, વૃદ્ધત્વને સ્પર્શી ચૂકેલા, મૃત્યુના મુખમાં પહોંચવાને તૈયાર એવા આચાર્યદેવની આ સૂક્ષ્મ સમજણ ઉપર એ મુનિ ઓવારી ગયો.

## ૧૫૧. સ્વાધ્યાય એ સુમધુર સંગીત છે !

એક મુનિરાજ ગાથા ગોખી રહ્યા હતા, અવાજ મોટો હતો.

ત્યાં અચાનક એમની નજર પડી કે પૂ.પાદ આચાર્યદેવ જાપ માટેની તૈયારી કરી રહ્યા હતા. સૂરિમંત્રનો પટ વગેરે ગોઠવી રહ્યા હતા.

"આચાર્યદેવને જાપમાં વિક્ષેપ પડશે"

એમ વિચારી મુનિરાજે અવાજ ધીમો કરી દીધો.

સ્વાધ્યાયનો ઘોષ અચાનક ધીમો પડી જતા આચાર્યશ્રીએ પૂછ્યું કે

"કેમ ગાથા ગોખવાની બંધ કરી ?"

"સાહેબજી ! આપને જાપમાં ખલેલ ન પડે એ માટે અવાજ ધીમો કર્યો છે..." શિષ્યે વિનયથી જવાબ વાળ્યો.

"અરે, ગાંડા ! સ્વાધ્યાયના ઘોષથી મને ખલેલ પહોંચતી હશે ? સાધુ-સાધ્વીની

વસતિમાં તો ચોવીસેય કલાક સ્વાધ્યાયના ઘોષનો રણકાર ચાલવો જોઈએ. એનાથી મારો જપ એકાગ્રતાથી થાય છે. હા ! તમે વાતચીત કરો તો મારી એકાગ્રતા ચોક્કસ તૂટે."

## ૧૫૨. अज्जाणुचरो साहू लहइ अकित्तिं खु अचिरेण

(સાધુ ભગવંતના શબ્દોમાં)

સાંજ પડી નથી ને...

અમારા ઉપાશ્રયના બારણા બહેનો-સાધ્વીજીઓ માટે બંધ થયા નથી.

મારા આચાર્યદેવ આ બાબતમાં ઘણા કડક છે. કોઈપણ બહેન કે કોઈપણ સાધ્વીજી હોય, મારા આચાર્યદેવ ઉપાશ્રયમાં સાંજ પછી પ્રવેશ ન કરવા દે.

મને યાદ છે કે એકવાર એક મહાત્મા એમના કોઈ સંસારી સ્વજન બહેન સાથે સૂર્યાસ્ત બાદ વાતચીત કરતા હતા. પૂજ્યશ્રીની નજરમાં આ વાત આવી ગઈ, એમણે તરત બૂમ પાડી કે

"ચલો, હવે રાત પડી ગઈ છે...'

બૂમ પડતા જ મહાત્મા જલ્દી પોતાના આસન પર બેસી ગયા અને બહેનને તરત જ વિદાય આપી દીધી.

કોઈ સાધુ સાધ્વીજી સાથે ઉભા ઉભા વાતો કરતા હોય તો આચાર્યશ્રી તરત કહે કે "આ રીતે ઉભા રહેવું નહિ."

મારી જ વાત કરું.

મારુ દીક્ષાનું પ્રથમ વર્ષ હતું.

મારા સંસારી બેન મને વંદન કરવા આવેલા. સૂર્યાસ્ત થઈ ગયેલો, છતાં હું સગી બેન સાથે વાતો કરતો હતો. પૂજ્યશ્રી તો અંદરની રૂમમાં હતા, છતાં છેક ત્યાંથી બૂમ પડી કે

"સાંજ પડી ગઈ છે, કોણ બેન સાથે વાતો કરે છે..."

હું તરત અંદર ભાગ્યો.

(સંબોધસિત્તરીમાં કહ્યું છે કે જે સાધુ સાધ્વીનો અનુચર બને, પરિચયાદિવાળો બને તે ઝડપથી અપકીર્તિને પામે છે.)

## ૧૫૩. બાપ એવા બેડા, વડ એવા ટેટાં



અધ્યાત્મયોગી મહાપુરુષની નિખાલસતા, પરોપકારિતાના ગુણગાન તો ઘણા સાંભળેલા, પણ એમના શિષ્યોમાં પણ એ વારસો ઉતર્યો હશે એવો અમને અનુભવ ન હતો.

પણ એક ચાતુર્માસમાં એ અનુભવ થયો.

અમને આનંદ હતો કે "આ વખતે અધ્યાત્મયોગી મહાત્માના શિષ્યો સાથે અમારું ચાતુર્માસ થવાનું છે"

પણ એની સાથે ખેદ પણ એટલો જ હતો કે એ સ્થાનમાં મારવાડી સમાજ અને ગુજરાતી સમાજ એમ બે વિભાગ પડી ગયેલા. અમે જુદા જુદા વિભાગમાં ચોમાસું હતા, એટલે પૂજ્યોની વાણીનો લાભ લેવો અમારા ભાગ્યમાં ન હતો.

આમ છતાં સમાધાનશીલ એ પૂજ્યોએ અમને બધી રીતે સહકાર આપ્યો.

વાત એમ બની કે

ચોમાસાની શરુઆતમાં જ અમારા ઉપાશ્રયમાં ભયંકર ઘટના શરુ થઈ. કોઈકે અમારા ઉપર મેલી વિદ્યાનો પ્રયોગ કર્યો, ત્યારથી અમારા પર ભયંકર આપત્તિ આવી.

અમારા ઓઘો-સ્થાપનાચાર્ય સિવાય જે કંઈપણ ઉપાશ્રયમાં હતું એ બધું જ્યારે અમારું ધ્યાન ન હોય ત્યારે બારોબાર બંધ દરવાજામાંથી પણ નીચે પડવા લાગ્યા. ડોલો, પરાતો, નોટો, કામળી, કપડા બધું જ આ રીતે ઉપાશ્રયની બહાર એની મેળે ફેંકાઈ જતું. એ વસ્તુઓ ક્યારે ફેંકાઈ કેમ ફેંકાઈ... એની ખબર ન પડે, પણ જ્યારે એ ઉપકરણ ન દેખાય ત્યારે જ ખબર પડે.

અમે બધા સાધ્વીજીઓ ખૂબ ગભરાઈ ગયા.

આ વાતની ખબર પડતા જ મુનિભગવંતે અમને આશ્વાસન સાથે નમસ્કાર મહામંત્રનો જપ બતાવ્યો, અધ્યાત્મયોગી મહાપુરુષનો વાસક્ષેપ પણ મંગાવી આપ્યો. અમારા પર કરાયેલ પ્રયોગનું નામ **ભાનુવિદ્યા** હતું, એની અમને પછી ખબર પડી. એ વિદ્યા એવી શક્તિશાળી કે માનવને પણ પલટી ખવડાવી દે...

પણ એ જપ-વાસક્ષેપના પ્રભાવે અમે બધા સાધ્વીજીઓ ઉગરી ગયા. પ્રયોગ કોણે કરેલો, એની અમને ખબર નથી, અને ખબર પાડવી પણ નથી. ભગવાન સૌનું કલ્યાણ કરે.

પણ આ બધામાં અધ્યાત્મયોગીના શિષ્યોએ જે સાથ-સહકાર-આશ્વાસન આપ્યા, એ અદ્વિતીય હતા.

અમને ત્યારે પાકી ખાતરી થઈ કે **બાપ એવા બેટા, વડ એવા ટેટા !**

## ૧૫૪. શ્રાવકોને કહેતા નહિ, નહિતર ઝઘડો થશે

"એ શિષ્ય ! આ તને પીઠ ઉપર શું થયું છે ? લાલ લાલ લોહી જામ થઈ ગયેલું લાગે છે. શું થયું ?... અરેરે ! કોઈકે માર માર્યો લાગે છે, તને ? સાચું બોલ. ગુરુથી છુપાવીશ નહિ."

કલોલ પાસેના કડી ગામના ઉપાશ્રયમાં એક ગુરુ બપોરે શિષ્યના પીઠના ભાગ ઉપર નજર પડતા જ ઉપસી આવેલા સોળ ઘા જોઈને ધ્રૂજી ઉઠ્યા.

શિષ્યની ભાવના તો કશું જ ન કહેવાની હતી, પરંતુ ગુરુના આગ્રહથી બધી વાત કરી.

"ગુરુજી ! બપોરે ઠલ્લે ગયેલો, ત્યાં ગામના તળાવ પાસે મુસલમાનો બેઠેલા. એમણે મને જોયો.

"यह लालिया का गुरु है, मारो इसको" એમ કહીને ચાર-પાંચ મુસ્લિમો મારી સામે ધસી આવ્યા, મને ઘેરી લીધો. એમના હાથમાં ચાબુક = સોટી હતી. તેઓ એ સોટીથી મને ધડાધડ મારવા લાગ્યા. પરિષહ સમજી મેં સહન કર્યું. મારા કપડા ફાટી ગયા અને ચામડી પર પણ એ સોટીઓ પડવા લાગી, લોહી નીકળવા લાગ્યું.

આવી હાલતમાં મને છોડીને એ ભાગી ગયા.

મને ખબર પડી કે "શ્રાવક લાલચંદજી વગેરે સાથેનો ઝઘડાનો ગુસ્સો એમણે મારા પર ઉતાર્યો." જો આ વાતની શ્રાવકોને ખબર પડે તો તેઓ સામે પ્રતીકાર કરે જ, ઝઘડો વધે જ... એટલે જ મેં આ વાત આપને ન કરી. પણ હવે આપ આ વાત કોઈને ન કરશો..."

પાછળથી તપાસ કરતા ખબર પડી કે કડીના શ્રાવકોએ તળાવમાં માછલીઓ પકડનારા મુસ્લિમોને ધંધો બંધ કરવા ઘણા સમજાવેલા, છતાં જ્યારે પરિણામ શૂન્ય આવ્યું ત્યારે શ્રાવકોએ સરકાર દ્વારા સ્ટે ઓર્ડર લાવી ધંધો બંધ કરાવ્યો. એના કારણે મુસ્લિમો ગુસ્સે ભરાયેલા, એ બધો જ ગુસ્સો એમણે મુનિ પર ઉતાર્યો.

પણ મુનિની મસ્તી કેવી ! આટ-આટલો માર છતાં ફરિયાદ ન કરી. કોઈ દવા

ન કરી.... (આ પ્રસંગ ઘણો જૂનો છે.)

## ૧૫૫. भिक्षाटनादि सर्वं परार्थकरणं मुनेर्झेयम् ।

"પધારો, પધારો ગુરુદેવ ! આપ પધાર્યા ! ધન્ય ઘડી. મન્ય ભાગ્ય અમારા.... સોનાનો સુરજ ઉગ્યો, અમારે આંગણે ! ગુરુદેવ ! ભોજનની બધી વાનગી સૂઝતી છે. આ મીઠાઈ ઘરે બનાવેલી છે. આપે વહોરવું જ પડશે."

અતિભાવુક એ શ્રાવિકાએ મુનિરાજને આગ્રહપૂર્વક વિનંતિ કરી.

એ ગામ હતું વિરમગામ !

એ મહાત્મા છેલ્લા ૩૩ વર્ષથી અઠ્ઠમના પારણે અઠ્ઠમ કરી રહ્યા હતા. એમણે વહોરવું ન હતું એટલે ના પાડતા હતા, સામેથી આગ્રહ ચાલુ જ હતો.

એ આખું દૃશ્ય એ ઘરનાં નળીયાનું સમારકામ કરવા ઉપર ચડેલા એક ગરીબ ભાઈએ જોયું.

એ આશ્ચર્ય પામ્યો.

"મને કોઈ એક લુખો રોટલોય આપવા તૈયાર નહિ, અને આ સાધુને બધા આગ્રહ કરી કરીને મીઠાઈઓ વહોરાવે છે.

વાહરે વાહ ! તો હું પણ સાધુ થઈ જાઉં તો !"

એમ વિચારી એ ભાઈ ઝટપટ નીચે ઉતરી મુનિ સાથે ચાલવા લાગ્યો.

ઉપાશ્રયે પહોંચી પોતાની સાધુ બનવાની ઈચ્છા જણાવી.

સાધુએ એને સાચી સમજણ આપી, દીક્ષા આપી.

વિહાર શરુ થયો.

એક નાના ગામમાં પહોંચ્યા. ગોચરી આવી, લુખો રોટલો...!

એ નૂતન મુનિ ચોંક્યા. "મેં કંઈ આવા લુખા રોટલા ખાવા દીક્ષા નથી લીધી..." એમણે સંભળાવી દીધું.

ગુરુ સમજતા હતા કે "આ અણઘડ હીરાને ઘાટ આપવાનો બાકી છે."

એટલે એને સમજાવ્યો કે "જો ! એક-બે દિવસમાં મોટું સ્થાન આવશે, એટલે મીઠાઈ મળશે..." અને નૂતનદીક્ષિત શાંત થયો.

થોડાક જ દિવસમાં એ વૃંદ કડી ગામે પહોંચ્યું. તે જમાનામાં કડીના શ્રાવકો

સમૃદ્ધ ! વસ્તી પણ ખાસ્સી !

સારામાં સારી ગોચરી વાપરી નૂતન મુનિ પ્રસન્ન થયા.

પણ ગુરુ જાણતા હતા કે "આ મોક્ષમાર્ગ નથી."

ગુરુએ એના આત્માને જગાડવા માટે યોગ્ય સમયે ઉત્તરાધ્યયનસૂત્ર ઉપર વાચના આપવાની શરુ કરી. વિનયાધ્યયનથી શરુઆત થઈ, વાચના આગળ વધતી ચાલી.

આગમોના મંત્રમય શબ્દો !

ગુરુમુખેથી એના મળતા બેનમૂન રહસ્યો !

નૂતન મુનિનો આત્મા ખળભળી ઉઠ્યો.

એમાં વળી પાપશ્રમણીય અધ્યયન શરુ થયું.

दुद्धदहीविगईओ- શ્લોક પણ આવી ગયો.

"જે દૂધ-દહીં વગેરે વિગઈઓ વારંવાર વાપરે તે પાપશ્રમણ કહેવાય."

નૂતનમુનિ ધ્રૂજી ઉઠ્યા.

ક્યાં આ શાસ્ત્રો ! ક્યાં એમાં વર્ણવેલી સાધુતા ! ક્યાં મારી આહારલંપટતા !

મલિનભાવોના વાદળો વિખરાવા લાગ્યા. આંખેથી અનરાધાર અશ્રુ વરસવા લાગ્યા. ઘોર પશ્ચાત્તાપ થયો.

તે જ દિવસથી એમણે કાયમ માટે છ વિગઈઓનો ત્યાગ કરી દીધો.

સાધુની ગોચરીચર્યાએ એક સાવ ગરીબ-કામદારને મહાન સાધુ બનાવી દીધો.

## ૧૫૯. वयभंगं काउमणो बंधइ तं चेव अट्ठगुणं

" પણ, થયું છે શું ? એ તો કહો, તમે મને પૌષધ પારવાનો આગ્રહ કેમ કરો છો. મેં આખા દિવસનો પૌષધ લીધો છે. સવાર પડે ત્યારે જ પૌષધ પરાય ને ? તમે આ રીતે રાતે ૮ વાગે પૌષધ પારવાનો આગ્રહ કરો છો, એનું કંઈ કારણ ?"

વડોદરા જિલ્લાના ડભોઈ ગામના પૌષધવ્રતી સુશ્રાવિકા પોતાને પૌષધ છોડાવવા આવેલાને કહી રહ્યા હતા.

"ખાસ કારણ વિના અમે શા માટે અકાળે પૌષધ પરાવીએ ? તમને બધું જ શાંતિથી કહેશું. પણ તમે અત્યારે પૌષધ પારી લો."

સ્વજનોએ ગોળ-ગોળ વાતો કરી.

સુશ્રાવિકા પોતાના વ્રતમાં ટેકીલા હતા.

"જુઓ, હું આ રીતે વ્રતભંગ કોઈપણ ભોગે નહિ કરું..."

અંતે જ્યારે સ્વજનોને લાગ્યું કે બહેન પૌષધ પારવા તૈયાર નહિ થાય, ત્યારે એમણે હિંમત કરીને સાચી વાત જણાવી દીધી.

"તારા દીકરાનો આજે જ સાંજે પાંચ વાગે અકસ્માત થયો છે, એ મૃત્યુ પામ્યો છે. શબ ગામમાં આવી ગયું છે. તું આવી જા, એકવાર જોઈ લે. પછી અગ્નિદાહ માટે લઈ જઈએ..."

માથા પર વિજળી પડે એવા અત્યંત પીડાદાયક સમાચાર સાંભળી એ બહેન પળવાર તો અવાક બની ગયા.

"બે જ વર્ષ પહેલા દીકરાના લગ્ન થયા હતા. ઘરે કોડ ભરેલી પુત્રવધુ હતી. એ વિધવા..."

કોઈપણ માતા જે આઘાત ન જીરવી શકે એ આઘાતને એક જ પળમાં એ શ્રાવિકા પચાવી ગયા.

એમણે કહી દીધું કે "વ્રતભંગ તો હું નહિ કરું. જે બનવાનું હતું એ બની ગયું. એમાં કોણ ફેરફાર કરી શકવાનું છે ?"

"પણ તમે પછી પ્રાયશ્ચિત લઈ લેજો. બે પૌષધ વધારે વાળી આપજો. દીકરાનું મોં...

સ્વજનો બોલ્યા, પણ શ્રાવિકાએ શાંતિથી છતાં દૃઢતાથી પોતાનો નિર્ણય જણાવી દીધો.

સ્વજનો પાછા ફર્યા.

અંતે

સવારે પ્રતિક્રમણ-પ્રતિલેખન-દેવવંદનાદિ ક્રિયા બાદ જ એ શ્રાવિકા ઘરે ગયા અને બે વર્ષ પૂર્વે જ પરણીને આજે મૃત્યુ પામેલા જુવાન દીકરાની મરણોત્તરક્રિયાંઓ પૂર્ણ કરી...

(જો એક શ્રાવિકા પૌષધવ્રતની રક્ષા માટે આવા દૃઢ ટેકવાળા હોય. તો એના કરતા ૧૦૦૦ ગણી વધુ સમજણવાળા આપણે મહાવ્રતોની રક્ષા માટે કેવા દૃઢ બનવું જોઈએ !)

## ૧૫૭. સાધર્મિક ભક્તિનો લહાવો



(સાધ્વીજીના શબ્દોમાં)

પ્રથમ જેઠ વદ બીજ વિ.સં. ૨૦૬૩નો જ આ પ્રસંગ છે.

હું સવારે આયંબિલશાળામાં પાણી વહોરવા માટે ગઈ. મારી સાથે બીજા પણ એક સાધ્વીજી બે ઘડા પાણી વહોરવા માટે પધારેલા.

એમનો એક ઘડો ભરાયો અને ઉકાળેલું પાણી પૂરું થઈ ગયું. નવું પાણી ન થાય ત્યાં સુધી શું ? અને વળી એ એક ઘડો પાણી લેવા એમણે વધારે એક ધક્કો ખાવો પડે.

મેં એમને કહ્યું કે "મારો એક ઘડો ભરેલો છે, બીજા હજી ભરવાના બાકી જ છે. તમે મારું આ પાણી લઈ જાઓ. હું પછી પાણી લઈ જઈશ. તમારે ફરી આવવું ન પડે."

એ સાધ્વીજી મુંઝવણમાં તો હતા જ, મારા આ કથનથી એમને આનંદ થયો. એમણે હા પાડતા જ મેં મારા ઘડામાં રહેલું ગરમાગરમ પાણી એમના ખાલી ઘડામાં ઠાલવવાનું શરુ કર્યું.

એ ઘડો અડધો ભરાયો, ત્યાં તો મારા હાથમાંનો ઘડો છટકી ગયો, ઘડો છટકતા એમાં રહેલું પાણી ઉછળ્યું. એ ગરમાગરમ પાણી સીધું મારી આંખમાં ગયું.

પળભર તો મને એમ જ લાગ્યું કે "મારી આંખોમાં આવું ધગધગતું પાણી ગયું છે, એટલે આંખો ચાલી જશે. હવે હું અંધ બની જઈશ."

પણ મારા આશ્ચર્ય વચ્ચે ૧૫ મિનિટમાં જ એ બધું પાણી આંખમાંથી બરાબર નીકળી ગયું અને મને પહેલાની માફક જ બધું દેખાવા લાગ્યું. કશું નુકશાન ન થયું.

મને તો એમ જ લાગે છે કે એ સાધ્વીજી પ્રત્યે મેં જે સાધર્મિકવાત્સલ્યનો ભાવ ભાવ્યો, એના પુણ્યપ્રતાપે જ હું બચી ગઈ. એમને શાતા આપવામાં મને પણ શાતા મળી.

(હકીકત ગમે તે હોય પણ એ તો નિશ્ચિત હકીકત છે કે **સાધુ-સાધ્વીજીને જોઈને જેની આંખોમાં સ્નેહ પ્રગટે છે, બહુમાન પ્રગટે છે... તેઓનો મોક્ષ વધુ દૂર હોતો નથી.**)

## ૧૫૮. પ્રભુ ! મરણ વખતે દુઃખ મંજુર, પણ ભેગી સમાધિ આપજે

(સાધ્વીજીના શબ્દોમાં →)

"સાહેબજી ! એક ખાસ કામ માટે વિનંતિ કરવા આવ્યા છીએ. અત્રે આપશ્રીના જ સમુદાયના ત્રણ સાધ્વીજીઓ બિરાજમાન છે. એમાંથી એક સાધ્વીજીની બંને કિડનીઓ ફેલ થઈ ગઈ છે. ઓપરેશન માટે આજે જ હોસ્પીટલ લઈ ગયા છીએ. આપશ્રી એમાં સહાયક બનશો તો સાધ્વીજીઓને રાહત રહેશે."

શ્રીડીસાસંઘના શ્રાવકોએ અમને ત્રણ સાધ્વીઓને વિનંતિ કરી.

અમે રાજસ્થાનથી પાટણ તરફ ચોમાસા માટે જ જઈ રહ્યા હતા.

રસ્તામાં ડીસા જવાનું નક્કી કરેલું. કેમકે ત્યાં અમે એક ચાતુર્માસ કરેલું અને વળી અમારા જ સમુદાયના ત્રણ સાધ્વીજીઓ ત્યાં બિરાજમાન હતા. એટલે દર્શન-વંદનાદિ કરવા હતા.

પણ એમની આવી વિકટ પરિસ્થિતિનો અમને ખ્યાલ ન હતો.

અમે આજે જ ૧૬ કિમી.નો ઉગ્ર વિહાર કરીને આવેલા અને સીધી જ શ્રાવકોએ આ વાત કરી.

ખરી વાત કરું તો એ જે સાધ્વીજીની બંને કિડની ફેલ થઈ હતી, એમનાથી હું ગભરાતી હતી. મને એવો ખ્યાલ હતો કે એમનો સ્વભાવ ખૂબ ઉગ્ર છે, વાતે વાતે ક્રોધે ભરાય, જેમ તેમ બોલે...

એટલે જ ભૂતકાળમાં જ્યારે પણ સાથે રહેવાનું થયેલું ત્યારે હું એમની પાસે ન જતી.

મેં બધાને કહેલું કે "હું બીજા બધાની સેવા કરીશ, પણ આમની સેવા નહિ કરું. મને એમનાથી ડર લાગે છે."

સમુદાયના સાધ્વીજીઓ આ બધું જાણતા હતા. એટલે જ તેઓ મને ઘણીવાર મજાકમાં કહેતા કે "તારે જ એની સેવા કરવાની છે..." મને ત્યારે એ ન ગમતું.

આજે એ ઘડી આવી પહોંચી હતી.

કોણ જાણે, પણ મારા ભાવ પલટાયા. મેં સ્થાનિક સાધ્વીઓને કહી દીધું કે "આ સેવાનો લાભ મને આપજો..."

સવારે નવકારશી વાપરી એક-દોઢ કિ.મી. દૂર રહેલી હોસ્પીટલમાં એ

સાધ્વીજીઓ સાથે ગઈ. મારા ગુરુણી વગેરે ઉપાશ્રયમાં રોકાયા. ગોચરી હોસ્પીટલે લાવવી ન પડે, એ માટે હું રોજ ત્રણ ટાઈમ ઉપાશ્રયે આવીને જ ગોચરી વાપરી જતી.

એ ગ્લાન સાધ્વીજીના શરીરનું બધું લોહી બદલવાની પ્રક્રિયા એક દિવસ થવાની હતી.

ડોક્ટરે અમને કહ્યું કે "તમે નાના સાધ્વીઓ છો, આ બધું જોઈ શકશો ?"

મેં હા કહી અને લગભગ બે-ત્રણ કલાક ચાલેલી એ ભીષણ પ્રક્રિયા જોઈ.

જેટલા દિવસ અમે ત્યાં રોકાયા, તેટલા દિવસ મેં મારી શક્તિ પ્રમાણે પુષ્કળ સેવા કરી. ભયાનક વ્યાધિમાં પણ એ જાતે જાતે પ્રતિક્રમણ કરી લેતા.

ક્યારેક બપોરે બે વાગે કહે કે "મને પ્રતિક્રમણ કરાવો, પચ્ચકખાણ કરાવો."

ન કરાવીએ તો જાતે કરી લે.

એક દિવસ તો ચૌદશનું આખું પ્રતિક્રમણ જાતે કર્યું. અમે રીતસર અતિચાર પક્ખિસૂત્ર સાંભળેલા.

અફસોસ !

અમારા વિહાર બાદ એક જ અઠવાડિયામાં એમના કાળધર્મના સમાચાર મળ્યા.

અંત સમયે એમની સેવા કરવા મળ્યાના આનંદ સાથે ભગવાનને મેં પ્રાર્થના કરી કે **"પ્રભો ! મરણ વખતે આવી વ્યથા આપવી હોય તો આપજે. મને વાંધો નહિ, પણ એક જ શરત ! સાથે આ શ્રમણી જેવી જાગૃતિ પણ આપજે !"**

## ૧૫૯. તપસ્વી

એક સાધ્વીજી

(ક) દીક્ષા લીધાને ૨૨ વર્ષ થયા છે, દર વર્ષે પર્યુષણમાં અઠ્ઠાઈ કરે છે.

(ખ) પોતાની દીક્ષાતિથિએ દર વર્ષે અઠ્ઠમ.

(ગ) ગુરુણીની દીક્ષાતિથિએ દરવર્ષે અઠ્ઠમ.

(ઘ) બે વર્ષીતપ ઉપવાસથી, તરત ત્રીજો વર્ષીતપ છઠ્ઠથી, તરત ચોથો વર્ષીતપ અઠ્ઠમથી. કુલ ચાર વર્ષી તપ.

(ચ) ૯-૧૧-૧૫-૧૬-૧૭-૨૧-૨૪-૩૦-૫૧ ઉપવાસની આરાધના કરી છે.

(છ) જેમાં ૧૦૨૪ ઉપવાસ આવે, એવો છ વર્ષ ચાલે એટલો વિરાટ સહસ્રકૂટ તપ પણ એમણે કરેલો છે.

(જ) ગૌતમલબ્ધિતપ, નિગોદનિવારણતપ, શત્રુંજય તપ કરેલો છે. એ બધામાં ઉપવાસના દિવસે પુરિમઢનું જ પચ્ચક્ખાણ પારે છે.

(ઝ) શત્રુંજયની ૬ વખત ૯૯ યાત્રા.

(ટ) અઠ્ઠમ કરીને ૧૧, અઠ્ઠમ કરીને ૧૭ અને અઠ્ઠમ કરીને ૨૧ યાત્રા પણ શત્રુંજયની કરી છે.

## ૧૬૦. શરીરને ભાડું

(સાધ્વીજીના શબ્દોમાં →)

મારા ગુરુણી ૧૪ વર્ષની ઉંમરથી તપના માર્ગે આગળ વધ્યા છે.

(ક) કુલ ૨૭ વર્ષીતપ કર્યા.

(ખ) વર્ધમાનતપની ૧૦૮ ઓળી પૂર્ણ કરી, ફરી પાયો નાંખી બીજી ૧૯ કરી છે.

(ગ) આશ્ચર્ય એ છે કે એ માત્ર ૫-૭ મિનિટમાં જ આંબિલ કરીને ઊભા થઈ જાય છે. એ અમને ઘણીવાર કહે કે **"શરીરને ભાડું આપવાનું છે. આ ભવમાં કમાણી કરી લો."**

## ૧૬૧. ત્યાગ + અનાસક્તિ

એક સાધ્વીજીને

(ક) આજીવન માટે ૫ વિગઈનો ત્યાગ છે.

(ખ) આજીવન માટે લિલોતરી + ફળનો ત્યાગ છે.

(ગ) ચોમાસામાં વરસાદ પડતો હોય ત્યારે તો પોતાની ગોચરી ન જ લાવે, પણ વરસાદ બંધ થયા પછી પણ જ્યાં સુધી જમીન ભીની હોય ત્યાં સુધી પણ પોતાની ગોચરી ન લાવે.

હા ! બીજાની ગોચરી લેવા અવશ્ય જાય. પણ પોતે ઉપવાસ કરે.

(ઘ) કાયમ પુરિમઢ એકાસણા કરે. એમાં પણ રોટલી અને દાળ ભેગા કરીને રાખી મૂકે અને પછી ૧ કલાક બાદ વાપરે. માત્ર પાંચ જ મિનિટમાં એકાસણું પતી જાય.

(ચ) સિદ્ધિતપાદિ મોટી તપશ્ચર્યાઓ પણ કરી છે. એના પારણે પણ એકાસણું કર્યું છે.

## ૧૬૨. જમાનાનો ઝેરી પવન બધાને નથી સ્પર્શ્યો હોં !



(સાધ્વીજીના શબ્દોમાં →)

એક બહેનનો મારે ગૃહસ્થપણાથી પરિચય હતો. એ પછી અમે બંનેએ જુદા જુદા ગ્રુપોમાં દીક્ષા લીધેલી.

આજે એમનો દીક્ષાપર્યાય ૨૨-૨૪ વર્ષનો છે, મારો એમના કરતાં દીક્ષાપર્યાય વધુ !

આત્મીયતા ઘણી સારી.

પણ દીક્ષા બાદ છેલ્લા વીસેક વર્ષથી અમે કદી રૂબરૂ મળ્યા ન હતા.

ત્રણેક વર્ષ પૂર્વે એક ગંભીર પ્રસંગ બન્યો.

૩૬ વર્ષની ઉંમરની મારી શિષ્યા કેન્સરના કારણે સિદ્ધાચલમાં કાળધર્મ પામી.

'એ મારી શિષ્યા હતી' એ માટે નહિ, પણ ખરેખર એની આરાધના અદ્‌ભુત-અદ્વિતીય હતી. એના કાળધર્મથી મને પણ આઘાત લાગેલો. પણ ધીમે ધીમે એ કાળધર્મને પચાવી લીધો.

હવે બન્યું એવું કે

પેલા ગૃહસ્થપણાના પરિચિત સાધ્વીજીનો અચાનક એક સ્થાને મેળાપ થયો. વીસેક વર્ષ બાદ મળ્યાનો આનંદ તો હતો જ, પણ પછી વાતવાતમાં મેં એમને કટાક્ષમાં ઠપકો આપ્યો કે

"આપણે જ્ઞાન-ધ્યાન, તપ, ત્યાગ, ભક્તિ, વૈરાગ્યાદિ સઘળા ભાવો સાથે કેળવેલા. આજે ૩૬ વર્ષની નાનીવયે મારી ઉત્કૃષ્ટ આરાધક શિષ્યા આ જગતમાંથી અલવિદા થઈ.... એના સમાચાર બધે મોકલાયા. તમને પણ મોકલેલા. છતાં તમે મને નાની સરખી ચબરખી દ્વારા આશ્વાસન પણ ન આપ્યું. ધન્ય છે આપના વૈરાગ્યને!"

મારા શબ્દોમાં રહેલા કટાક્ષને એ પરખી ગયા, પણ કશો જવાબ ન આપ્યો. એમણે વાત બીજી બાજુ વાળી.

પણ મેં એજ વાત પકડી રાખી કે "તમારે કારણ કહેવું જ પડશે. એ સાંભળ્યા વિના નહિ રહું. તમે કેમ જવાબ ન આપ્યો."

ત્યારે એ ૨૨ વર્ષના દીક્ષાપર્યાયવાળા સાધ્વીજીએ ઉત્તર આપ્યો કે

"ક્ષમા કરશો, પણ સાચી વાત એ છે કે દીક્ષા બાદ ૨૨ વર્ષનાં પર્યાય દરમ્યાન **મેં કદીપણ કોઈને પણ નાનકડી ચિઠ્ઠી પણ લખી નથી. સગા માતા-પિતાને પણ નહિ કે અતિપરિચિત બહેનપણીઓ, સાધ્વીઓને પણ નહિ. એ ચબરખી લખવાનું પાપ મારે કરવું ન હતું. માટે મેં પત્ર લખ્યો ન હતો. ભૂતકાળના મહાત્માઓ પત્ર લખતા ન હતા ને ?...**"

હું એ શબ્દો સાંભળી રહી. એમાં રહેલો જિનાજ્ઞા પ્રત્યેનો ભારોભાર સદ્ભાવ મારા અંતરાત્માને સ્પર્શી ગયો. **ફોન-ફેક્સ-મોબાઈલાદિના કાળમાં આવી એક ચબરખી લખવા જેટલી પણ પાપવૃત્તિથી ધ્રૂજતા મહાત્મા એ કદાચ ઘોર તપસ્વીઓ કરતા પણ ચડીયાતા ગણાય.**

સ્વજનધૂનન પણ કેવું ! ૨૨ વર્ષમાં એકપણ પત્ર નહિ ! સંસારી ઘરે પણ નહિ !

ભલે એ પરસમુદાયના હતા, મારાથી પર્યાયમાં નાના હતા. પણ એમની આ ગુણવત્તા જોઈ હું એમને ચરણોમાં નમી પડી.

## ૧૬૩. જૈનાચાર્ય આનું નામ !

"સાધ્વીજી ભગવંત ! એક કામ કરશો ? આ ઘડા વગેરેની નીચે પાણી રહી ગયું હોય તો લુંછી નાંખશો ?"

એક આચાર્યદેવે સાંજના સમયે વિહાર કરતી વખતે ત્યાં આવેલા સાધ્વીજીને નાનકડું કામ ભળાવ્યું.

એ હતા અધ્યાત્મયોગી !

સાથે સંયમયોગી પણ ખરા જ !

કોઈમ્બતુરથી એ સાંજે આચાર્યદેવ વિહાર કરી રહ્યા હતા. યોગીપુરુષના પુણ્યપ્રભાવે હજારો માણસોની મેદની ઉભરાઈ હતી.

આચાર્યદેવને આવા સમયે ફુરસદ ક્યાંથી હોય ? અને એમાંય ઘડા-પરાતની નીચે પાણી રહી ગયું કે નહિ ? એ બધી જવાબદારી સામાન્યથી બાકીના સાધુઓની હોય ને ? આચાર્યશ્રીને એની ચિંતા થાય શી રીતે ?

પણ હકીકત એ છે કે "પાળે પળાવે પંચાચાર" એ ઉક્તિ પ્રમાણે ગચ્છના નાનામાં નાના આચારોની પણ કાળજી કરવાની ફરજ આચાર્યદેવની છે.

એવું બનતું હોય છે કે સાંજે વિહાર હોય ત્યારે બધા સંયમીઓ પોત-પોતાના ઘડામાં પાણી લઈ લે, પણ એમાં થોડું ઘણું પાણી જમીન પર ઢોળાય, છેલ્લે પરાતમાં

વધેલું પાણી પણ જમીન પર ઢોળાય... આ પાણી છેલ્લે ઉતાવળમાં કોણ લુંછે ? જો ન લુંછવામાં આવે અને એ પાણી પાણીકાળ પૂર્વે ન સુકાય તો સચિત્ત બને. મોટી વિરાધના થાય. વળી આ રીતે પડી રહેલા પાણીમાં કીડી વગેરે જીવો મરી જાય.

આ બધી સૂક્ષ્મ સમજણ એ આચાર્યદેવ પાસે હતી જ. એની કિંમત પણ એ સમજતા હતા. એટલે જ હજારોની મેદની વચ્ચે પણ એમનું ધ્યાન એ ઢોળાયેલા પાણી તરફ ગયું, અને એની ઉપેક્ષા ન કરતા ત્યાં આવેલા સાધ્વીજીને સૌમ્યભાષામાં સુચન કર્યું કે "આ પાણી તમે લુછી નાંખશો ?"

એ સાધ્વીજીઓએ અધ્યાત્મયોગી તરીકે, ભક્તિયોગી તરીકે તો એ આચાર્યશ્રીને ઘણીવાર નિહાળેલા. પણ સંયમયોગી તરીકે આજે એક અનેરી રીતથી નિહાળ્યા.

ખરેખર તો સંયમયોગ એજ સાચો અધ્યાત્મયોગ, ભક્તિયોગ નથી શું ?

## ૧૬૪. સુખમાં રડે તે સાધુ

(સાધ્વીજીના શબ્દોમાં →)

"અરે, ગુરુબેન ! આ વાપરતા વાપરતા રડો છો કેમ ? શું ગોચરી માફક નથી આવી ? મારી કંઈ ગોચરી લાવવામાં ભૂલ થઈ ? શું થયું ? આંખમાં આંસુ કેમ ?"

મેં ગોચરી માંડલીમાં રડી રહેલા મારા ગુરુબેનને પૃચ્છા કરી.

એમને ઓળી ચાલતી હતી. ગોચરી હું લાવેલી, એટલે મને ચિંતા થઈ કે ગોચરી લાવવામાં મારી કોઈ ભૂલ થઈ કે શું ?

એ ગુરુબેને જવાબ આપવાને બદલે સામે પ્રશ્ન કર્યો

"આજે કરિયાતું કેમ ન લાવ્યા ?"

"અરે ! હું તો ભૂલી જ ગઈ...." મેં જવાબ આપ્યો.

**"કરિયાતા વિના તો આંબિલની ગોચરી સ્વાદિષ્ટ લાગે, મનભાવન બને, રાગ થાય, મને કેટલો બધો કર્મબંધ થાય..."**

બોલતા બોલતા ફરી એ ગુરુબેન રડી પડ્યા.

ત્યારે મને ભાન થયું કે **એ આંસુઓ અણભાવતી ગોચરીના નહિ, પણ મનભાવતી ગોચરીના હતા.**

(રડ્યા તો આપણે પણ ઘણું ! પણ દુઃખો બદલ રડ્યા ! જો સુખે રડવા માંડીએ તો નક્કી માનવું કે આપણો મોક્ષ હાથવેંતમાં જ છે.)

## ૧૬૫. સમભાવ: સામાયિકં



(સાધ્વીજીના શબ્દોમાં →)

"સાહેબજી ! લાભ આપો...."

જોરથી બોલતા એક બેન રસ્તા વચ્ચે જ ગાડી ઊભી રાખી જલ્દી જલ્દી નીચે ઉતરી અમારી પાસે આવ્યા.

એ હતા હર્ષદ મહેતાના માતૃશ્રી !

"સાહેબજી ! આપને કંઈપણ ગોચરી-પાણીનો ખપ હોય તો મને લાભ આપો. રસ્તામાં વિહાર કરતા આપશ્રીને જોયા... એટલે ઉભી રહી." એ બોલ્યા.

મારા હર્ષનો પાર ન રહ્યો.

એનું કારણ એ કે મારા ગુરુણી અને બીજા મોટા સાધ્વીજીને બીજા જ દિવસથી અઠ્ઠમ કરવાનો હતો. સાંજના સમયે વિશેષ કંઈજ ગોચરી ન મળી. ચાલુ વિહારના ગામડાઓમાં તો શું મળે ?

અને સાંજે અમે વિહાર કર્યો.

મને મનમાં સંતાપ થતો હતો કે "આવતીકાલથી આ બંને સાધ્વીજીઓને અઠ્ઠમ છે, સાંજે કંઈ મળ્યું નથી..."

મેં મારા ગુરુણી તરફ નજર કરી. મને આશ્ચર્ય થયું. એમની મુખમુદ્રામાં કોઈ જ ફેર નહિ. ગોચરી ન મળવા બદલનો સંતાપ શોધ્યો ન જડે.

અમે સ્કુલ પાસે પહોંચવાની તૈયારીમાં જ હતા અને હર્ષદ મહેતાના માતૃશ્રી અચાનક આવી ચડ્યા.

મને થયું "ચાલો, ગુરુણીનું અત્તરવારણું સારુ થશે."

મેં હર્ષમાં આવી ગુરુણી તરફ દૃષ્ટિ કરી, ત્યારે મને આંચકો લાગ્યો.

મુખાકૃતિમાં કોઈ જ ફેર નહિ. ગોચરી વિના વિહાર કરતી વખતે જે શાંત મુદ્રા હતી, હમણાં સામેથી સારી ગોચરી મળી રહેલી દેખાવા છતાં એ શાંતમુદ્રામાં કોઈ ફરક ન પડ્યો. કોઈ હર્ષ ન દેખાયો.

ત્યારે મને ભાન થયું કે "હું ખોટી હતી. ગોચરી ન મળે એટલે ખેદ અને મળે એટલે હર્ષ...આ સાધુતામાં શોભાસ્પદ નથી."

(વગર અઠ્ઠમે પણ જો ગોચરીમાં ઈચ્છા મુજબ વસ્તુ ન મળે, ઓછી મળે તો એ

વખતે આપણી વિચારધારા કેવી ? આર્તધ્યાન થાય ? સંક્લેશ થાય ?

ચાલો, આ ગુરુણી જેવા જ સમભાવને આપણે પણ આરાધીએ.)

## ૧૯૬. લઘુતાગ્રંથિ પણ મોટો દોષ છે.

(સાધ્વીજીના શબ્દોમાં →)

"સાહેબજી ! અમે તો સંયમ હારી ગયા. કોઈ વિશેષ તપ કરી શકતા નથી. ભણી શકતા નથી. શાસનના કોઈ કાર્યો પણ કરી શકતા નથી.... શું થશે અમારું...."

અમે અધ્યાત્મયોગી આચાર્યદેવ પાસે અમારી હૈયાવરાળ કાઢી.

ખરેખર તપાદિ કરી શકતા ન હોવાથી મન ભાંગી ગયું હતું.

એ વખતે આચાર્યદેવે સુંદર જવાબ દીધો.

"તમે મને કહો કે મેઘકુમારે હાથીના ભવમાં શું કરેલું ?

કોઈ તપ કરેલો ?

સ્વાધ્યાય કરેલો ?

વૈયાવચ્ચ કરેલી ?

માત્ર એક સસલાને બચાવવા માટે અઢિ દિવસ સુધી એક પગ ઉભો રાખવાના પુરુષાર્થ વિના એણે શું કરેલું ? છતાં એ બન્યો મેઘકુમાર ! શ્રેણિકપુત્ર ! વીરશિષ્ય ! અલ્પસંસારી !

આપણે કેટલું કરીએ છીએ, એ કરતાં પણ કેવું અને કેવા ભાવથી કરીએ છીએ એ મહત્ત્વનું છે.

શક્તિ ઓછી હોય એટલે આચાર ઓછો પળાય, તપ ઓછો થાય પણ એમાં મેઘકુમાર જેવા ભાવો ભળી જાય તો આપણે આ સાધુપણાથી મેઘકુમાર કેમ ન બનીએ?

નિરાશાવાદ આત્મઘાતી પગલું છે. એ ન ભૂલશો..."

અમે સાધ્વીજીઓ આ અદ્ભુત હિતોપદેશ સાંભળી જ રહ્યા.

("હું કંઈક છું." એનું સતત ચિંતન કરવા રૂપ અભિમાન જેમ સંયમ‌નક છે. એમ "હું કંઈ જ નથી...." એ લઘુતાગ્રંથિ પણ સંયમઘાતક નીવડી શકે છે.

દોષોનો પશ્ચાત્તાપ અને લઘુતાગ્રંથિ વચ્ચેનો ભેદ નહિ સમજાય તો આત્મહિત જોખમમાં મુકાવાની શક્યતા પાકી છે હોં !)

## ૧૬૭. જંગલ કે જનતા ! સાધુ માટે બધું સમાન

(સાધ્વીજીના શબ્દોમાં →)

અમારો અનુભવ એવો છે કે સ્વાધ્યાય કરવા માટે એકાંત જોઈએ. આજુબાજુમાં અવાજ થતો હોય, વાતચીત થતી હોય તો અમારું મન તરત એ બાજુ ખેંચાઈ જાય. સ્વાધ્યાયની એકાગ્રતા નંદવાય.

અલબત્ત આરંભિકદશામાં આ વાત સાચી છે. સાધુ જંગલમાં રહે એટલે કે એકાંતમાં રહે તો સાધના કરી શકે, જનતા વચ્ચે રહીને નહિ !

પણ અમારા ગુરુણીની એક જબરી વિશેષતા અમારા જોવામાં આવી.

નાના એકજ હોલમાં અમે બધા ૨૦-૨૫ સાધ્વીઓ બેઠા હોઈએ ત્યારે સહજ રીતે અવાજ તો થયા જ કરવાનો...

પણ અમારા ગુરુણી એ બધાની વચ્ચે બેસીને પણ કમ્મપયડી-આગમ ગ્રંથોનો મુખપાઠ કરે. અસ્ખલિત ધારાએ એ ગુરુણી ગાથાઓ બોલતા જ જાય. ગમે એટલો અવાજ એમની સ્વાધ્યાયધારાને અટકાવી ન શકે. એમનું મન આજુબાજુ ક્યાંય ન જાય.

જો જાય તો તો સ્વાધ્યાય અટકી જ પડે ને ?

છેલ્લા વર્ષોમાં ગુરુણીનું માથું ડાયાબિટીસના કારણે આખું સડી ગયેલું. વેદનાનો પાર નહિ. પણ તોય "મને પીડા થાય છે." એ શબ્દો કદી બોલ્યા નથી.

મારા દાદીગુરુ અને માસીગુરુ કાળધર્મ પામ્યા ત્યારે એમની ઉપધિમાં બે જોડી કપડા +૧ કામળી + ૧ બોલપેન + ૧ વીંટીયો... આ સિવાય નાની ચીંદરડી પણ એમના પરિગ્રહમાં ન હતી. તો પોટલા કે કબાટોનો તો પ્રશ્ન જ ક્યાં રહે ?

## ૧૬૮. જો શિષ્ય ગોશાળો બને, તો આપણે મહાવીર બનવું જ રહ્યું

"મારે તમારી સાથે કેટલીક વાતો એકાંતમાં કરવી છે. અંદર રૂમમાં જઈએ તો કેમ ?"

અમદાવાદ શાહીબાગમાં જમનાભાઈ ભગુભાઈના બંગલે રહેલા એક આચાર્યદેવ

પાસે આવીને એક સાધુએ વાત કરી.

એ સાધુ આચાર્યદેવનો જ શિષ્ય હતો. પણ ખટપટી, ક્રોધી, અપાત્ર ! વર્ષો પૂર્વે એ આચાર્યદેવથી છૂટો થઈ ગયો હતો. સ્વચ્છંદ બની બધે ફરતો હતો. આચાર્યદેવને એ ઈષ્ટ ન હતું પણ આ હળાહળ કળિયુગની છાયામાં આવું તો ઘણું બધું ન ગમતું હોવા છતાં સહેવું જ પડે છે ને ?

એ દિવસોમાં આચાર્યદેવ મુમુક્ષુબેનને દીક્ષા આપવા માટે ત્યાં પધાર્યા હતા.

આ વાત આશરે ૫૮ વર્ષ પહેલાની છે.

આચાર્યદેવે શિષ્યની વાત સ્વીકારી. બંને જણા રૂમમાં ગયા.

ભૂતપૂર્વ શિષ્યે અંદરથી બારણું બંધ કર્યું. વાતચીત શરુ થઈ. અચાનક શિષ્ય ક્રોધમાં આવી ગયો. પૂર્વેથી જાણે કે એ નક્કી જ કરી આવ્યો હોય એમ એણે છુપાવી રાખેલું ચપ્પુ બહાર કાઢી ઝડપથી આચાર્યદેવના વાંસામાં (પડખામાં) ચપ્પુથી બે-ત્રણ ઘા કરી દીધા.

લોહી વહેવા લાગ્યું.

આચાર્યદેવે આવી ઘોરવેદના વચ્ચે પણ ચીસ ન પાડી.

પેલો શિષ્ય તો ધડાધડ બારણું ખોલી ભાગવા લાગ્યો.

બહાર રહેલાઓને ખબર ન પડી કે "શું થયું ?"

"ક્ષમાવિજય !"

આચાર્યદેવે પોતાના શિષ્યને બૂમ પાડી અંદર બોલાવ્યો.

"જો ! આ પેલો શિષ્ય ઉતાવળમાં ને ઉતાવળમાં અહીં પોતાનો ઓઘો ભૂલી ગયો છે. જલ્દી જા ! એને ઓઘો પાછો આપી આવ. જો જે ! વિલંબ ન કરતો. એ ઉતાવળમાં છે..."

ક્ષમાવિજય ઓઘો આપવા ઝટપટ નીકળ્યા, પણ ત્યાં તો શિષ્યોની નજર આચાર્યશ્રીના શરીરમાંથી નીકળી રહેલા લોહી ઉપર પડી.

"આ શું ?"

શિષ્યો ચીસ પાડી ઉઠ્યા.

"હાય ! ચપ્પુના ઘા !" કોણે માર્યા ?"

શિષ્યો બધું સમજી ગયા.

"આવા ઘાતકીને તમે જવા કેમ દીધો ? ચીસ પાડી હોત, તો અમે બધા એને પકડી લેત. અને આવાને ઓઘો પાછો આપવા મોકલ્યો. એ શું લાયક છે. ઓઘા માટે?"

શિષ્યોનો આક્રોશ વધી ગયો.

પણ આ તો જિનશાસનના મહાન જૈનાચાર્ય !

ભગવાન મહાવીરદેવનાં અદકેરા સેવક !

"એ બિચારો અજ્ઞાની છે, ક્રોધી છે. ઓઘો પાછો આપવા જવાની આપણી કરુણા-ઉદારતા કદાચ એને આંચકો આપે, એને પશ્ચાત્તાપ થાય તો એનો ઉદ્ધાર થાય. બાકી આવા પાપો કરનારા એની શી દશા થાય ? આપણે આપેલી શિક્ષા એને સુધારવાની નથી.

એ ગોશાળો બને, તો મારે મહાવીર ન બનવું ?"

(ચપ્પુના ઘા મારનારા શિષ્ય પ્રત્યે પણ લેશ પણ રોષરહિત આ આચાર્યદેવની વાતો સાંભળ્યા પછી શું એમ નથી લાગતું કે

આપણા શિષ્ય-શિષ્યાઓની નાની-મોટી ભૂલો બદલ એમના પ્રત્યે તિરસ્કાર કરવાને બદલે હોંશિયારીથી, વાત્સલ્યથી, ચતુરાઈથી એમને આપણા બનાવી એના દોષો દૂર કરીએ... ?)

## ૧૬૯. વૈયાવચ્ચ સહેલી નથી

(સાધ્વીજીના શબ્દોમાં →)

અમારા એક સાધ્વીજીને ગળામાં કેન્સર થયેલું. પાંચ વર્ષ એની ઘોર વેદનાઓ સહન કરી, એમાં પણ છેલ્લા ૫-૬ મહિના તો હદ થઈ ગઈ.

એમની સેવા એક સેવાભાવી સાધ્વીજીએ કરી.

ક્યારેક આખી રાતની રાત જાગે, વારંવાર ઉઠવું પડે. દિવસે થોડોક ટાઈમ સંથારી જાય.

એ કેન્સરવાળા સાધ્વીજીના મોઢામાંથી માંસ અને લોહીના લોચા નીકળે...

આ બધું કોણ કાઢે ? કોણ સાફ કરે ?

પણ એ વૈયાવચ્ચી સાધ્વીજી પોતાના હાથથી જ એ લોહીથી લથપથ માંસના લોચાને મોઢામાંથી ખેંચી કાઢતા...

આવું ૪-૫ માસ ચાલ્યું.

અમે જે જોઈ ન શકીએ, વિચારી પણ ન શકીએ એ એ સાધ્વીજીએ શી રીતે આચર્યું ? અમને કશું સમજાતું નથી.

(ગોચરી-પાણી, પ્રતિલેખનાદિ રૂપ વૈયાવચ્ચ તો સહેલી છે. લઘુનીતિ-વડીનીતિ પરઠવવાદિ રૂપ વૈયાવચ્ચ પણ હજી સહેલી છે. પણ આ ? લોહીવાળા માંસના ટુકડાઓ મોઢામાંથી ખેંચી કાઢવા, હાથથી ખેંચવા...? ઓ ભગવાન !)

## ૧૭૦. आयरिअं उवचिइज्जा अणंतनाणोवगओ वि संतो

૪૭ વર્ષનો દીક્ષા પર્યાય !

૩૨ શિષ્યા-પ્રશિષ્યાઓના અધિપતિ !

છતાં એ ગુરુણી પોતાના ગુરુણી પાસે સાવ-સાવ બાળક !

અજ્ઞાની અણપઢ !

ગુરુણીનું કંઈપણ કામ આવી પડે તો આ ૩૨નાં ગુરુણી જાતે દોડી જાય, સેવા કરવા લાગે.

"મારે ૩૨ શિષ્યાઓ છે, એ મારા ગુરુણીની વૈયાવચ્ચ કરી લેશે." એવો વિચાર સુદ્ધા પણ એમના મનમાં નથી.

આટલો વિશાળ પરિવાર હોવા છતાં પોતાના ગુરુણીથી એકાદ દિવસ પણ છૂટા પડવા તૈયાર નહિ. અને ખરેખર ૪૭ વર્ષ જેટલા વિશાળ સમય દરમ્યાન પ્રાયઃ એ કદી પોતાના ગુરુણીથી છૂટા પડ્યા નથી.

ક્યારેક કામસર દિવસ દરમ્યાન બે-ત્રણ કલાક બહાર જવાનું થાય, તો ય એમનું મન તો ઉપાશ્રયમાં ગુરુણી પાસે જ ચોંટેલું હોય. જતા પહેલાં પણ ગુરુણી માટે બધી વ્યવસ્થા કરીને જાય, અને ઉપાશ્રયે આવ્યા પછી પણ પહેલી કાળજી પોતાના ગુરુણીની કરે.

અમારા સમુદાયમાં આ ગુરુણી-શિષ્યા (૩૨ના ગુરુણી)ની જોડી મહાવીર-ગૌતમની જોડી તરીકે પ્રસિદ્ધ થઈ ચૂકી છે.

(શ્રી દશવૈકાલિકમાં કહ્યું છે કે "શિષ્ય અનંતજ્ઞાન સંપન્ન બને, તો પણ ગુરુની સેવા ન મૂકે."

એકાદ શિષ્ય-શિષ્યા થઈ કે તરત ગુરુણીને છોડી દેનારા, ગુરુણી પાસે રહેવા

છતાં, એમની સેવાદિમાં શક્તિ હોવા છતાં ઉપેક્ષા કરનારા સંયમીઓ ક્યાં ! અને આ ૩૨ના ગુરુણી, છતાં સ્વગુરુણીવૈયાવચ્ચી શ્રમણી ક્યાં !)

## ૧૭૧. છૂટછાટ આરાધનામાં નહિ

પાંચતિથિ અવશ્ય આંબિલ કરવાનો એ મહાત્માને નિયમ !

એ ઉપરાંત એમને મોટી-મોટી ઓળી તો ચાલુ જ હોય.

એકવાર

૭૦-૭૧ એ બે ઓળી એક સાથે કરી.

એની ઉપર અઠ્ઠમ કર્યો.

૧ દિવસ પારણું કર્યું અને તરત બીજા દિવસે ચૌદશ આવી.

એજ દિવસે ૧૫ કિ.મી.નો વિહાર હતો. આ મહાત્મા દોષિત ગોચરી વાપરતા ન હતા.

ઉનાળાનો દિવસ, બપોરે ૧૨ વાગે પટેલોના ઘરોમાં જઈને ગોચરી વહોરી લાવ્યા. લુખા રોટલા અને પાણીથી ચૌદશનું આબિલ કર્યું.

(આપણી મુશ્કેલી એ છે કે

જે અનુકુળતાઓ ભોગવીએ છીએ, એમાં છૂટછાટ મૂકવા તૈયાર નથી. અનુકૂળતામાં જરાક પણ ખામી આવે, એ મન કબુલ કરતું નથી.

જ્યારે આ મહાત્મા આરાધનામાં છૂટછાટ મૂકવા તૈયાર નથી. બે મોટી ઓળી, ઉપર અઠ્ઠમ, એક જ પારણું, લાંબો વિહાર, ઘોર તાપ... છતાં આંબિલ કરવાનું જ, નિર્દોષ ગોચરી જ વાપરવાની... દાળ-ઢોકળાદિનો વિચાર પણ નહિ કરવાનો...)

## ૧૭૨. વિરાગની મસ્તી

(સાધ્વીજીના શબ્દોમાં →)

"સાહેબજી ! આ વાપરો. આ તમારા માટે ઘણી સારી વસ્તુ છે..."

મેં ૮૦ વર્ષના એ વૃદ્ધ સાધ્વીજીને કહ્યું.

અમારા વડીલ સાધ્વી સૌભાગ્યશ્રીજીના એ શિષ્યા હતા. અમે એમની સેવામાં રોકાયેલા હતા. એમને આંખે બિલકુલ ન દેખાય, અમે જે આપીએ એ વાપરી લે. એમની ઉંમર અનુસારે અમે સારી વસ્તુઓ આપવા પ્રયત્ન કરતા.

પણ મારા આ શબ્દો સાંભળી એ પ્રજ્ઞાચક્ષુ સાધ્વીજી ચોંક્યા.

તરત બોલ્યા કે "સારું, ઘણું સારું... આ બધું આપણાથી ન બોલાય. 'ઠીક છે' એટલું હજી બોલાય. આપણે કંઈ આસક્તિનું પોષણ કરાતું હશે...?"

આ ઉંમરે પણ એમની આ જાગૃતિ જોઈ મન આનંદિત બન્યું.

એ જોઈ શકતા ન હોવાથી ગોચરી સમયે હું એમની બાજુમાં જ બેસતી, જેથી વસ્તુ લેવા-મુકવામાં કંઈ ઢોળાય નહિ અને વિરાધના થાય નહિ.

પણ એમની બાજુમાં બેસીને મેં એક અદ્ભુત વસ્તુ નિહાળી.

મેં ધ્યાનથી જોયું તો મને ખબર પડી કે

૮૦ વર્ષના એ પ્રજ્ઞાચક્ષુ સાધ્વીજી સંયોજનાં કરતા ન હતા. એકલી રોટલી મોઢામાં મૂકે. એ ગળામાંથી નીચે ઉતરી જાય પછી જ દાળ કે શાક લે. પણ બેય ભેગા કદી ન લે.

મેં રોજ આ બાબતનું નિરીક્ષણ કર્યું.

પછી તો મને બરાબર ખ્યાલ આવી ગયો કે સંયોજનાદોષ સેવાઈ ન જાય, આસક્તિ જાગી ન જાય એ માટે એ અત્યંત કાળજી રાખતા હતા.

છેલ્લી ઉંમરે તો સારી વસ્તુઓ ખાવાની ઈચ્છા વધારે થાય, પણ અહીં તો... વૈરાગ્યની મસ્તીમાં મહાલતા એ શ્રમણીને જોઈ મને મારી જાત પર ધિક્કાર થયો. "મારામાં આવી વિરાગમસ્તી કેમ નહિ ?"

આ ઉંમરે આંખે ન દેખાવા છતાં એ બીજા પાસે બોલાવી બોલાવીને સ્તવન-સજ્ઝાય ગોખે છે અને કંઠસ્થ કરીને આપે છે.

રોજ આ શ્રમણી ૫૦ બાંધી નવકારવાળી ગણે છે.

(વિ.સં.૨૦૫૭ની સાલની આ વાત છે...)

## ૧૭૩. અભિગ્રહો : મુમુક્ષુઓની રક્ષકસેના

(સાધ્વીજીના શબ્દોમાં →)

"બોલો, શું આરાધના ચાલે છે ?"

એક તીર્થપ્રેરિકા શ્રમણીએ અમને પ્રશ્ન કર્યો.

વરસાદના કારણે અમારે એક દિવસ એમની સાથે રોકાવાનું થયું. એટલે બધા સાથે વાતચીત કરવા બેઠા, ત્યારે એમણે અમને આ પ્રશ્ન કર્યો.

મેં જવાબ દીધો કે "આપનાં જેવી તો આરાધના નથી ચાલતી. કેમકે મેં તો સાંભળ્યું છે કે તમે ૧૨ થી ૪ વાગ્યા સુધી બપોરે મૌન રાખો છો અને રોજ ૫૦ બાંધી નવકારવાળી ગણો છો, અને રોજ એકાસણા કરો છો... આવું બધું તો અમે નથી કરતા.

આપ ધ્યાની અને તપસ્વી છો, આપ આપની વિશેષ આરાધના જણાવો, જેથી અમને પણ ઉત્સાહ જાગે."

મારી વિનંતિ સાંભળી એમણે વાત શરુ કરી.

એ બોલ્યા → મને નમસ્કાર મહામંત્ર પર અજબગજબની શ્રદ્ધા છે. પેટમાં કેન્સરની ગાંઠ થયેલી, પણ એકપણ દવા મેં લીધી નથી. કેમકે મારે દવાની બાંધા છે. માત્ર નમસ્કાર મહામંત્રના શ્રદ્ધાપૂર્વકના જપથી એ ગાંઠ ખતમ થઈ ગઈ.

- મારે જુદા જુદા આશરે ૫૦ નિયમો છે.
- મુહપત્તીનો ઉપયોગ ન રહે તો પાંચ ખમાસમણા...
- ક્રિયામાં એક સૂત્રમાં ઉપયોગ ન રહે તો સૂત્રદીઠ દસ ખમાસમણા...
- લુણા સિવાય કોઈપણ વસ્ત્રનો સાબુ દ્વારા કાપ કાઢું તો એક વસ્ત્રદીઠ એક આંબિલ...
- એક ફોન દીઠ કદાચ છઠ્ઠની આલોચના આવતી હશે. હું એ તો નથી કરી શકતી, પણ એક ફોનદીઠ એક આંબિલ કરું છું...

અમે એ બધી વાતો સાંભળી જ રહ્યા.

અઢિ કલાક પસાર થઈ ગયા.

આ બધું સાંભળી અમારા એક સાધ્વીજીએ નિયમ પણ લીધો કે "જો ફોન કરાવું તો એક ફોન દીઠ ૨૫૦ ગાથાનો સ્વાધ્યાય કરીશ."

અમે એ દિવસે ઘણા પ્રસન્ન થયા.

મેં એમની પ્રશંસા કરી કે "તમે તો એક તીર્થના પ્રેરણાદાતા પણ છો. તમે અદ્ભુત કામ કર્યું."

એમણે મારી આ પ્રશંસાનો શું ઉત્તર આપ્યો એ ખબર છે ?

એ કહે "મેં આ તીર્થની પ્રેરણા કરી, તીર્થ બની ગયું. પણ મને પછી પશ્ચાત્તાપ થયો. મારા જીવનમાં આવું કાર્ય કેમ કરાય ? કેટલી બધી હિંસા આમાં થઈ, થાય

છે અને થશે...

મેં પછી તો એની આલોચના પણ લીધી અને પ્રાયશ્ચિત્ત વાળી પણ આપ્યું. પણ એ ડંખ દૂર થતો નથી. આ પાપમાંથી મારો છુટકારો કેમ થશે ? ભગવાન જાણે..."

તીર્થપ્રેરક તરીકેની મારી પ્રશંસાનો આ જવાબ એ સાધ્વીજીની આંતરપરિણતિની જાગૃતિનો સૂચક હતો...

## ૧૭૪. બાળદીક્ષાનો વિરોધ કરતા પહેલા...જરાક આ વાંચી લો

સાગર સમુદાયમાં માત્ર છ વર્ષની સાવ જ નાનકડી ઉંમરે દીક્ષિત થયેલા આ શ્રમણી ૭૮ વર્ષની ઉંમરે કાળધર્મ પામ્યા. કુલ ૭૨ વર્ષનો દીક્ષાપર્યાય પાળ્યો.

આ સાધ્વીજીના જીવનની કેટલીક ઝલકો :

(ક) છેલ્લાં બે વર્ષ બેસણા કર્યા, શરુઆતના બે વર્ષ પણ બેસણાદિ કર્યા. બાકીના લગભગ ૬૮ વર્ષ એમણે અખંડપણે એકાસણાં કર્યા. આશરે **૨૧૦૦૦ જેટલા એકાસણાં કર્યા.**

(ખ) છેલ્લા બે વર્ષ બેસણાં કર્યા, એમાં પણ વાપરવાનું તો એક જ વાર ! બીજીવારમાં માત્ર દવા અને અનુપાન સિવાય કંઈ જ લેવાનું નહિ.

(ગ) ક્યારેય માણસ સાથે રાખ્યો નથી કે ફાનસનો ઉપયોગ કરાવ્યો નથી.

(ઘ) કદીપણ પાણી ઠારે નહિ. ગરમાગરમ પાણી આવે તો પણ ઠારે તો નહિ જ. એવું જ પાણી ઘડા/લોટમાં રહેવા દે અને વાપરે.

પડિલેહણના સમયે કોઈક સાધ્વીજી ભક્તિથી એમના લોટાદિમાં ઠંડુ પાણી ગાળીને નાંખી દે... તો એ પાણી ન જ વાપરે.

(ચ) ક્યાંય કોઈપણ સાધ્વીજી બિમાર હોવાંના સમાચાર મળે તો પોતાની ૨૦-૨૫ શિષ્યાઓ હોવા છતાં કોઈને ન કહે, અને પોતે જાતે જ વૈયાવચ્ચ કરવા પહોંચી જાય.

(છ) કલિકુંડવાળા રાજેન્દ્રસૂરિજીના કેટલાક સાધ્વીજીઓ એકવાર પાટણમાં ચોમાસુ હતા, એક સાધ્વીજીને સખત તાવ ચડ્યો. સાધ્વીજીઓ તે ક્ષેત્રમાં નવા હતા.

કોઈની ઓળખાણ નહિ, કયા ડોક્ટરને બોલાવવા, કયા શ્રાવકને કહેવું... એ બધો જ વિચાર ચાલુ જ હતો ત્યાં તો સાગર સમુદાયના આ સાધ્વીજીના શિષ્યા એક ડોક્ટર સાથે આવી પહોંચ્યા. એ સાધ્વીજીને કોઈપણ રીતે અહીંની માંદગીના સમાચાર મળી ગયેલા. તે પણ પાટણમાં જ ચોમાસુ હતા. એમણે તરત પોતાની એક શિષ્યાને

ડોક્ટર સાથે આ સ્થાને મોકલી.

બીજી બાજુ એક શ્રાવકને સુચનાઓ આપી કે ત્યાં રહેલા સાધ્વીજીઓને મુશ્કેલી ન પડે, એ જોવું. સાધ્વીજી માંદા પડ્યા છે, દવા-અનુપાનાદિની જે વ્યવસ્થા જોઈએ, એ સંભાળી લેવી..."

પૂ.રાજેન્દ્રસૂરિજીના સાધ્વીજીઓ આટલી બધી કાળજી જોઈ ઘણા જ આશ્ચર્યમાં પડ્યા. પરસમુદાયના સાધ્વીજીની આટલી બધી ચિંતા કોણ કરે ?

આ સાગરરત્ન સાધ્વીજીના કાળધર્મ બાદ બોલી બોલાઈ. રૂા.૯ લાખની બોલી !

સ્કૂલમાં તો આ સાધ્વીજી ભણ્યા જ ન હતા. છ વર્ષના દીક્ષિત એમણે અહીં જ બધો અભ્યાસ કરેલો. પાણિની વ્યાકરણ, ઓઘનિર્યુક્તિ વગેરે ગ્રંથો... બધું !

છેલ્લે છેલ્લે એ એટલું જ બોલ્યા

"મારો આટલો જ પરિગ્રહ ! ૩।। હાથની જગ્યા, બે જોડ કપડા... બાકી બધું જ વોસિરે વોસિરે વોસિરે..."

અને એ સંસ્કાર ઘૂંટતા ઘૂંટતા એ પરલોક સિધાવ્યા.

## ૧૭૫. ઓઘો છે અણમોલો, એનું ખૂબ જતન કરજો.

"મહારાજ સાહેબ ! ઓ મહારાજ સાહેબ !... તમે અહીં કેમ છો ? ચાલો, તમને તમારા સ્થાને મૂકી આવું..."

મુંબઈ વી.ટી. સ્ટેશન પર એક સ્થાને આડા પડેલા સાધુને જોઈને એક જૈનભાઈ તરત એમની પાસે ગયો, સાધુને ઢંઢોળ્યા.

પણ સાધુ બેભાન !

ઉંમર હશે આશરે ૬૭ વર્ષની !

ત્રણ-ત્રણ દીકરીઓને સંયમમાર્ગે વળાવી દીધા બાદ છેલ્લે એમણે પણ દીક્ષા લીધી. આટલી ઉંમરે પણ વિહારમાં બધી ઉપધિ જાતે ઉપાડે.

મુંબઈમાં વી.ટી. સ્ટેશને વડીનીતિ માટે (ઠલ્લે માટે) જઈ રહ્યા હતા. અચાનક રસ્તામાં કોણ જાણે શું થયું કે એ પડી ગયા, બેભાન થયા, લોહી નીકળવા લાગ્યું.

આ તો મુંબઈ !

સ્વાર્થીઓની નગરી !

છતાં કોઈક અજૈનભાઈ દવાખાને લઈ ગયા, ટાંકા લેવડાવી વી.ટી. સ્ટેશન પર

મૂકીને ચાલ્યા ગયા. એ અજૈનભાઈ પણ કેટલી જવાબદારી સંભાળે ?

સાધુ તો બેભાન જ હતા. પડ્યા, ટાંકા લેવાયા, સ્ટેશન પર મૂકાયા... બધી વાતોથી અજાણ !

ભાગ્યયોગે પેલા જૈનભાઈએ એ સાધુને સ્ટેશન પર એકબાજુ પડેલા જોયા. એણે એમને ઢંઢોળીને ભાનમાં લાવ્યા.

ભાનમાં આવતાની સાથે જ એ પોતાનો ઓઘો શોધવા લાગ્યા. એમનો ઓઘો તો રસ્તામાં જ ક્યાંક પડી ગયો હતો.

પણ આશ્ચર્ય એ વાતનું હતું કે

શરીર પર લેવાયેલા ટાંકાઓ તરફ એમનું ધ્યાન ન ગયું,

એની પીડા તરફ એમનું ધ્યાન ન ગયું,

"હું ક્યાં છું ? આ ક્યાં આવી ચડ્યો ? મને શું થયું છે ?" વગેરે કોઈ પ્રશ્નો એમના મોઢામાંથી ન નીકળ્યા.

ભાનમાં આવતા જ એમનો એકમાત્ર પ્રશ્ન એ જ રહ્યો કે "મારો ઓઘો ક્યાં ?"

ઓઘો ન મળતા એ વ્યાકુળ બની ગયા. જૈનભાઈને હકીકતનો અણસાર આવવા લાગ્યો. સાધુ મહાત્મા પાસેથી એમના સ્થાનની જાણકારી મેળવી તરત ત્યાં ગયા, બધી વાત કરી. તરત બીજો ઓઘો લાવી સ્ટેશન ઉપર એ સાધુને આપ્યો, ત્યારે એમને શાંતિ થઈ.... ધીરે ધીરે એ ઉપાશ્રયે આવ્યા.

(સંઘના શ્રાવકો સહવર્તી સાધુઓને તો કોઈપણ બાબતનો અણસાર ન હતો. પેલા જૈનભાઈના વચનો બાદ બધી ખબર પડી...)

આ જ મુનિને એન્જીઓપ્લાસ્ટ નામનું હૃદયનું ગંભીર ઓપરેશન થઈ ગયા બાદ ચાર જ દિવસમાં વિહાર કરવાનો થયો, ચાતુર્માસના ક્ષેત્રે પહોંચવાનું હતું. ડોક્ટરે વ્હીલચેરનો ઉપયોગ કરવા કહ્યું. પણ એ વૃદ્ધિ મુનિએ ચાલીને જ વિહાર કર્યો અને ચાતુર્માસ સ્થાને પહોંચ્યા,

(धम्मं रक्खइ वेसो... ઉપદેશમાલામાં કહ્યું છે કે સાધુવેષ ધર્મની રક્ષા કરે છે. પોતાના સાધુવેષને જોઈને સાધુને ભાન આવે કે "હું તો સાધુ છું. મારાથી પાપ કેમ થાય..." સાધુવેષ.. રજોહરણની તાકાત પણ કંઈ જેવી તેવી નથી...)

## ૧૭૬. શ્રાવક આવો તપસ્વી ? હોઈ શકે ?

ફૂલોની નગરી !

ટેમ્પલ સીટી !

બેંગ્લોરની ધન્યધરા ઉપર રહેનારા ૩૨ વર્ષની ઉંમરના બાલબ્રહ્મચારી યુવાનની આ વાત છે.

વર્ધમાનતપની ઓળીનો પાયો નાંખ્યો, ત્યારથી અખંડપણે એ ઓળી ચાલુ છે. **આજે કુલ ૮૦ ઓળી થઈ ચૂકી છે.** અર્થાત છેલ્લા ૮-૯ વર્ષથી અખંડપણે આંબિલની ઓળીઓ ચાલું છે. ગણતરી કરીએ તો ૯ x ૩૬૦ =૩૨૦૦ થી વધારે સળંગ આંબિલ કરી ચૂક્યા છે.

આ તપમાં પણ વિશેષતા એ છે કે પાણી સાથે કુલ ૫ દ્રવ્યથી જ આંબિલ કરે. એમાંય દ્રવ્ય ઘટે ખરા, પણ પાણી સહિત પાંચથી વધે નહિ. (પાણી + ૪ દ્રવ્યો)

આ આંબિલો ઘરે જ કરે છે.

બપોરે ૨ થી ૩ વાગે આંબિલ કરે છે.

એમને પોતાનો ધંધો પણ ચાલુ છે, એ બધી જવાબદારી વચ્ચે પણ એમની તપની પ્રસન્નતા ફાટફાટ થતી દેખાય.

જ્યારે પૂજા-પૂજનનો કાર્યક્રમ હોય ત્યારે મન મૂકીને પરમાત્મા સામે તન્મય બનીને અડધો-પોણો કલાક સુધી નૃત્ય કરી પ્રભુભક્તિ કરે છે.

(જિનશાસનનો શ્રાવક આવો હોય, તો જિનશાસનના શ્રમણ-શ્રમણીઓ કેવા હોય ?)

## ૧૭૭. આત્મવિશ્વાસ સફળતાનું મહત્ત્વનું કારણ છે

"જુઓ સાહેબજી ! છ'રી પાલિત સંઘની આમ તો બધી તૈયારી થઈ ગઈ છે, કશી કમીના નથી. બધાનો ઉત્સાહ પણ અદમ્ય છે... પણ અત્યારે ગુજરાત ભડકે બળે છે. છઠ્ઠી ડીસેમ્બરે બાબરી મસ્જીદ તૂટી અને સમગ્ર ભારતમાં કોમી તોફાનો ઠેર ઠેર ચાલુ થઈ ગયા છે.

અમે બધા ગભરાયા છીએ. શી રીતે આ સંઘ છેક પાલિતાણા પહોંચાડવો ? જોખમનો પાર નથી. યાત્રિકો પણ આવશે કે કેમ ? એ પ્રશ્ન છે.

આપણે એક કામ કરીએ. આ વર્ષે સંઘ રદ કરીએ, આવતા વર્ષે રાખીએ તો કેમ ?"

રાજસ્થાન સાદડી ગામે ચાતુર્માસ બિરાજમાન આચાર્યદેવશ્રીને સાદડીના પીઢ શ્રાવકો છ'રી પાલિતસંઘ બંધ રાખવા માટે સમજાવી રહ્યા હતા.

આચાર્યદેવ ગંભીર અને આત્મવિશ્વાસી હતા, દીર્ઘદૃષ્ટા હતા.

એમણે શ્રાવકોને જણાવ્યું કે "જો તમને મારા ઉપર વિશ્વાસ હોય તો આનો નિર્ણય મારા પર છોડી દો."

શ્રદ્ધાવંત શ્રાવકોએ એ વાત સ્વીકારી.

આચાર્યદેવે છ'રીપાલિતસંઘ કાઢવાનો નિર્ણય આપ્યો.

તડામાર તૈયારીઓ થઈ.

૧૦૦૦ યાત્રિકો જોડાયા.

આચાર્યદેવને ડાયાબિટીસ હતો. બી.પી. હતું... પણ અડગશ્રદ્ધા અને આત્મવિશ્વાસ સાથે એમણે **૫૪**મી વર્ધમાનતપની ઓળી શરુ કરી, માત્ર ચણા નામના એક ધાનની એ ઓળી અલુણી કરી. અંતે નિર્વિઘ્ને એ સંઘ સિદ્ધાચલ તળેટીએ પહોંચ્યો ત્યારે સૌના મસ્તક + મન આચાર્યદેવને શતશઃ વંદના અર્પી રહ્યા હતા.

આ જ આચાર્યદેવને એક ચોમાસામાં પજુસણ બાદ એટેક આવ્યો, બાયપાસ સર્જરી કરાવી, એ પછી એકાદ મહિનામાં જ અઠ્ઠમ કરવાનો અવસર આવ્યો. સમુદાયના સાધુ-સાધ્વીઓએ ના પાડી, "આપને બદલે બીજા બધા અઠ્ઠમ કરશે... એમ જણાવ્યું. પણ મક્કમ મનવાળા આચાર્યદેવે જપ-મૌનપૂર્વક સુખેથી એ અઠ્ઠમ પૂર્ણ કર્યો.

## ૧૭૮. જ્ઞાનમગ્નસ્ય યચ્છર્મ તદ્વક્તું નૈવ પાર્યતે

ભારતના હજારો જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘોના અગ્રણી, પ્રતિભાસંપન્ન, કરોડપતિ શેઠશ્રી કસ્તુરભાઈ એકવાર કોઈક કામસર એ મુનિરાજશ્રીને મળવા ગયા.

એ મુનિ હતા આગમાદિના સંશોધનમાં આખી જીંદગી વિતાવી જૈન સંઘને અણમોલ ગ્રંથરત્નોની ભેટ આપનાર !

આખા દિવસમાં એક પળની પણ ફુરસદ નહિ.

માથું નીચું રાખીને વાંચન-લેખનમાં જ ખુંપેલા હોય.

કસ્તુરભાઈ જેવા મોટા માણસ આવ્યા, સામે ઉભા રહ્યા, પણ એ મુનિરાજને કશી જ ખબર નહિ.

એમનું કામ ચાલું જ રહ્યું.

કસ્તુરભાઈ પણ સમજદાર શ્રેષ્ઠ શ્રાવક હતા. મુનિરાજશ્રીની આ જ્ઞાનમગ્નતા એમને ખૂબ જ ગમી ગઈ. એ ઉભા જ રહ્યા, રાહ જોતા રહ્યા.

આશરે એક કલાક વીતી ગયો ન કસ્તુરભાઈ હટ્યા, ન મુનિશ્રીનો ધ્યાનભંગ થયો.

અંતે એક કલાકે મુનિની દૃષ્ટિ ઉંચી થઈ, કસ્તુરભાઈને જોયા... ત્યારે એમને ખ્યાલ આવ્યો કે "કોઈક મને મળવા આવ્યું છે..."

એ મુનિરાજની છેલ્લી ઘડીઓ ગણાતી હતી, ત્યારે લક્ષ્મણભાઈ ભોજકે કહ્યું કે "સાહેબ ! ઝાઝો સમય નથી. તો અમૃતભાઈ પંડિતને બોલાવીને ગ્રંથો માટે જે ભલામણ કરવી હોય એ કરી ઘો..."

જીંદગીની છેલ્લી ઘડીઓમાં પણ શાસનના કાર્ય પ્રત્યે એ જાગ્રત હતા એનો આનાથી ચિતાર મળે છે.

(જ્ઞાનસારમાં કહ્યું છે કે "જ્ઞાનમગ્ન જીવના સુખનું વર્ણન કરવું શક્ય નથી." સામાન્ય શ્રાવક પણ જો આપણને મળવા આવે તો આપણું મન, જ્ઞાન, ધ્યાન, જપમાંથી ચલિત થઈને એના તરફ વળી જાય છે,

જ્યારે આ મુનિરાજને ભારતસંઘાગ્રણીના આગમનની પણ કલાક સુધીય કશી જ ખબર પડતી નથી. આપણી બહિર્મુખતાને નિહાળવા માટે દર્પણ સમાન આ પ્રસંગ ઘણું ઘણું કહી જાય છે.)

## ૧૭૯. પુરુષાર્થ કરો, સિદ્ધિ હાથવેંતમાં છે

(સાધ્વીજીના શબ્દોમાં →)

શિષ્યા-પ્રશિષ્યાઓના પ્રવર્તિની અમારા દાદીગુરુણીને આખી જીંદગી માટે ફરસાણ, મીષ્ટાન્ન, ફળાદિનો સંપૂર્ણ ત્યાગ ખરો,

પણ

આદત પડી ગયેલી 'ચા'ની ! ચા વિના ન ચાલે.

ચા ન પીએ તો માથું જાણે ફાટ ફાટ થાય.

એમને આ વાત ઘણી ખટકતી.

"એક સાધ્વી તરીકે હું વ્યસની હોઉં, એ કેમ ચાલે ?"

એ વિચાર એમની પજવણી કરતો.

અંતે ચા છોડવાનો સખત પુરુષાર્થ કરવાનો સંકલ્પ કર્યો.

સવારની ચા સવારે ન વાપરે, રાખી મૂકે. અને સાવ ઠંડી પડેલી ચા બપોરે વાપરે. (બધા સમજે જ છે કે ચાની મસ્તી ત્યારે આવે, જ્યારે એ ગરમ હોય...)

આના કારણે સવારે એમનું માથું એવું દુઃખે કે માથું પછાડવાનું મન થાય.

છતાં એ ઢીલા ન પડ્યા. માથા ઉપર જોરથી કપડાની પટ્ટી બાંધી દેતા. આ જ રીતે બાંધેલી પટ્ટી સાથે એમણે ઘણા દિવસો વિતાવ્યા. ધીરે ધીરે ચા પીવાની સાવ જ છોડી દીધી.

આજે એ બિલકુલ ચા પીતા નથી અને માથાનો દુઃખાવો પણ નથી. એ વ્યસન ખતમ થઈ ગયું.

આજે ૭૮ વર્ષની ઉંમર છે, સવારે દૂધ, ખાખરો... સિવાય ત્રીજી વસ્તુ નહિ જ વાપરે.

બપોરે રોટલી-શાકાદિ લે, સારી વસ્તુ આવે તો તરત મોઢું ફેરવી લે.

(આપણી ખામી છે સંકલ્પમાં અને પુરુષાર્થમાં ! એ ખામી દૂર થાય તો વર્ષોનું વ્યસન, વર્ષોની આદત દિવસોમાં ખતમ થઈ શકે...)

## ૧૮૦. देहदुक्खं महाफलम्

(સાધ્વીજીના શબ્દોમાં →)

અમારા સમુદાયના એક સાધ્વીરત્ના દીક્ષા લેતાની સાથે જ ગુર્વાજ્ઞાથી ઘોર તપ કરી રહ્યા છે.

(ક) એમને ૧૦૦ ઓળી પૂર્ણ થઈ.

(ખ) ૧૦૦મી ઓળીમાં છેલ્લે ૮ ઉપવાસ કર્યા, પછી ગિરિરાજની યાત્રા બાદ પારણું કર્યું.

(ગ) ૧૦૦મી ઓળીમાં જ ટી.બી. થયેલો, ડોક્ટરની ઘણી ના હતી, પણ એમણે એમની વાત ગણકારી નહિ. ઓળી પૂર્ણ કરી.

(ઘ) મૌન સહિત ૩૦ ઉપવાસ - ૪૫ ઉપવાસ-૨૨૯ છઠ્ઠ-ભદ્રતપ, શ્રેણીતપ, શત્રુંજય તપ-આઠ કર્મની પ્રકૃતિનો તપ, શત્રુંજય તપમાં ૯૯ યાત્રા , અઠ્ઠમ કરીને ૨૧ યાત્રા, નવકાર તપ, સળંગ ૫૦૦ આંબિલ... આટલી ઘોર તપશ્ચર્યા કરી છે.

(ચ) ગમે એટલી ઠંડી પડે તો પણ સંથારો ઉત્તર પટ્ટો સિવાય ત્રીજી કોઈપણ વસ્તુ ન પાથરે.

(છ) ગમે એટલી ઠંડીમાં એક કામળીથી વધારે ન ઓઢે.

(જ) ઠંડી સહન કરવા માટે આ સાધ્વીજી રૂમ-હોલમાં સંથારો કરવાને બદલે ગેલેરી વગેરે સ્થાનોમાં સંથારો કરે.

(ઝ) ઉષ્ણપરિષહ સહન કરવા ભરગરમીમાં કામળી ઓઢીને બહાર નીકળે.

(ટ) પ્રાયઃ કાયમ બે ઘડી ચોવિહાર કરે.

## ૧૮૧. મને ક્યાં ગોબા પડ્યા છે ?

કારણવશાત્ શ્રીસંઘમાં મહોત્સવની અંદર સખત બોલાચાલી થઈ.

એક શ્રાવકને એક મુનિનો જ દોષ વધારે દેખાયો, એટલે ભાન ભૂલી શ્રાવક એ મુનિ પર જ તૂટી પડ્યો... જેમ તેમ બોલવા લાગ્યો. લગભગ કલાક સુધી ગાળોની અગનવર્ષા વરસાવી છેવટે કંઈપણ જવાબ ન મળતા કંટાળીને એ ચાલ્યો ગયો.

આ બાજુ નાના મહાત્માએ પેલા મુનિરાજને કહ્યું કે "એ આટલી વચનગોળીઓ છોડી ગયો, બોંબમારો કરી ગયો, તો તમારે પ્રતીકાર તો કરવો જોઈએ ને ?"

મુનિ હસતા હસતા કહે "એણે એનાં મોઢેથી ભલેને બોંબ ફેંકયા, ગોળીઓ છોડી. મને ક્યાં ગોબા પડ્યા છે ? મને ક્યાં શરીરમાં ઘા પડ્યો છે ?..."

બીજા દિવસે એ મહાત્મા ગોચરી માટે એ જ શ્રાવકના ઘરે પધાર્યા, નમ્રતાથી એટલું જ કહ્યું કે "મારા નિમિત્તે તમને દુઃખ થયું છે, મિચ્છામિ દુક્કડં. જો હું ક્ષમાપના ન કરું તો વિરાધક બનું. અમે રોજ પગામસિજ્જામાં બોલીએ છીએ કે "सावगाणं आसायणाए" એટલે એ ક્ષમાપના મારે કરવી જ રહી."

શ્રાવકને પોતાની ભૂલનું ભાન થયું.

(શ્રાવક-શ્રાવિકાઓ ગુણસ્થાનની દૃષ્ટિએ આપણાથી નીચે છે, એ વાત સાચી. પણ તેઓ પણ આરાધક છે, શાસનના અંગભૂત છે. એમની આશાતના-તિરસ્કાર એ શાસનના એક અંગનો તિરસ્કાર છે, એ ન ભૂલવું.)

## ૧૮૨. સંયમમાં ઢીલાશ ? કદી નહિ



"ગુરુજી ! આ વૈદ્ય આવ્યા છે. આપને ફેક્ચર થયું છે, તો એ પાટો બાંધી આપે..."

શિષ્યાઓએ પોતાનાં અનંતોપકારી ગુરુણીને વિનંતિ કરી.

પાલિતાણા બાબુલનાથના દેરાસરે દર્શન કરવા જતા એ ગુરુણી પડી ગયા હતા અને પગમાં ફેક્ચર થયું હતું. વેદના એટલી બધી અસહ્ય કે જોઈ ન શકાય.

છેવટે શિષ્યાઓએ વૈદ્યને બોલાવ્યા.

"પણ મારે વૈદ્ય પાસે પાટો બંધાવવો નથી." વેદનાસભર ગુરુણીએ ઉત્તર આપ્યો.

"કેમ ? વેદના મટશે શી રીતે ?" શિષ્યાઓ બોલી.

"મારે પુરુષનો સંઘટ્ટો થાય એ ન ચાલે. કોઈ સ્ત્રી પાટો બાંધનાર હોય તો બોલાવો."

મક્કમતાપૂર્વક ગુરુણીએ જવાબ વાળ્યો.

દુઃખાવો વધતો ચાલ્યો, છેવટે ડોળીમાં વિહાર કરતા કરતા અમદાવાદ આવ્યા. ડોક્ટરે ઓપરેશનની અનિવાર્યતા જણાવી. ઓપરેશન થિયેટરમાં સાધ્વીજીને લઈ ગયા. પણ એ ગુરુણીનું મન ન માન્યું. એમણે ઓપરેશનનો વિરોધ કર્યો... છેવટે ઓપરેશન થિયેટરમાંથી એમને પાછા લાવ્યા.

પગનું દર્દ ધીમે ધીમે વધતું ગયું. ગુરુણીને પાટ પર તો રાખ્યા, પણ પાટ ઉપર રાતદિન બેસી રહેવું પડતું. લાંબા થઈને સુઈ ન શકે. છતાં સમાધિભાવ અકબંધ હતો.

આવી વેદનામાં પણ રોજ સવારે ૩ વાગે જાગી જાય, સ્વાધ્યાય-જપાદિ કરી પ્રતિક્રમણ કરે.

આ રીતે એકજ જગ્યાએ કુલ ૮ વર્ષ વિતાવ્યા.

એમના જીવનની વિશેષતાઓ :

- એ કાયમ સોઢપોરિસીનું પચ્ચકખાણ કરે.
- વિલાયતી દવામાં માત્ર બામની શીશી સિવાય કંઈ ન રાખે.
- વિહારમાં ઉપાડી શકાય એટલી જ ઉપધિ રાખતા.
- એમનું એકપણ પોટલું નથી કે જે કોઈના ઘરે પડ્યું હોય.

• મોટાભાગે બારેમાસ ગામડાઓમાં પસાર કરે.

• એમણે બીજી પોરિસીનું પાણી કદી વાપર્યું નથી. કેમકે કાયમ બપોરે ૩ વાગે તો ચોવિહાર કરી લે.

• ફ્રેક્ચર થયું ન હતું ત્યારે તો નવા સાધ્વીજીઓને ગોચરી વહોરવાની શીખવાડવા માટે એમની સાથે જાય.

"કેવા ઘરેથી વહોરવી, કેટલી વહોરવી, કેવી રીતે ૪૨ દોષો ટાળવા... વગેરે બધી જ સમજણ આપે.

• ઘડો કે પાત્રા ફૂટે તો તરત કહે કે "સાચવીને ગોચરી-પાણી કરો. આ બધા આપણા ઉપકરણો ષટ્કાયની હિંસામાંથી બનેલા છે. એ જેમ તેમ ફૂટી જાય એ ન ચાલે."

• ઉપાશ્રયમાં રાત્રે પ્રકાશ રાખવા ન દે.

શ્રાવિકાઓ ફરિયાદ કરે "આમાં સાધ્વીજીઓને મુશ્કેલી પડે. આવા અંધારામાં આપને લઘુનીતિ કરાવવી હોય તો પણ કેવી રીતે કરાવે ?..."

ત્યારે આ ગુરુણી જવાબ આપી દેતા "બહેન ! આવું ન કહેવું. અમને ચક્ષુનું જે તેજ મળ્યું છે, તે અંધારામાં એકદમ ઉપયોગપૂર્વક હલનચલન કરવા માટે જ... અંધારું હશે તો ઉપયોગ વધારે રહેશે અને જીવદયા વધુ પળાશે..."

(અપવાદમાર્ગ શાસ્ત્રોમાં છે, એની ના નહિ. પણ એ ત્યારે, જયારે ઉત્સર્ગમાર્ગની આરાધના કરવી શક્ય ન હોય... અપવાદ પણ યતનાપૂર્વક જ સેવવાનો છે... સંયમાચારોની આવી કટ્ટરતા જ સંયમપરિણામોની જનેતા છે, રક્ષણહાર છે...)

## ૧૮૩. શાસનનિંદા ન થાય એનું ધ્યાન રાખજો

"કેસ કેંસલ સમજવો. સાધ્વીજી નહિ બચે."

અમદાવાદનાં ડોક્ટરે છેલ્લી વાત કરી દીધી.

વિદ્વાન, અધ્યાપક, આશાસ્પદ એ શ્રમણી !

ઉંમર નાની !

માત્ર ૩૫ વર્ષ !

ભાવનગરમાં હતાં ત્યારે જ કેન્સર થયું. પેટમાં પાણી ટકે જ નહિ... એમની

ઈચ્છા બિલકુલ નહિ, પણ વડીલોની ઈચ્છા-આગ્રહથી એમને અમદાવાદ લાવવામાં આવ્યા. રીપોર્ટો કઢાવ્યા. અંતિમ શબ્દો સાંભળી એ સાધ્વીવૃંદ ચોંકી ઉઠ્યું.

સાથેના પાંચ સહવર્તી સાધ્વીજીઓને વર્ષીતપના પારણા નજીકમાં જ હતા.

ગુરુણીને લાગ્યું કે "મારો જમણો હાથ ગયો."

બધાને આઘાત અસહ્ય લાગ્યો. આંખમાંથી આંસુ પડ્યા વિના કંઈ રહે ?

તે વખતે જેને સમાધિ આપવાની જરૂર હતી એવા એ કેન્સરવાળા સાધ્વીજી સામેથી ગુરુણી અને ગુરુબેનોને આશ્વાસન આપતા.

"તમે રડો નહિ, મને આરાધના કરાવો. તમે સમાધિમાં રહેશો તો મારી સમાધિ ટકશે..."

દિવસો વીતતા ગયા,

મોત નજીક આવતું ગયું.

એ છેલ્લો દિન, છેલ્લી પળો !

ગુરુબેનો બધા જ હાજર હતા. કેન્સરવાળા સાધ્વીજીની આસપાસ ખિન્ન વદને ઊભા હતા.

"તમારી કંઈ અંતિમ ઈચ્છા છે ?... બોલો."

ગુરુબેનોએ ભરપૂર સ્નેહથી એ વાક્ય ઉચ્ચાર્યું.

"હા છે, તમે પૂરી કરશો ?..." સાધ્વીજી બોલ્યા.

"અવશ્ય... બોલો." ગુરુબેનો એકી અવાજે બોલ્યા.

"તો સાંભળો... તમે સૌ પરસ્પર ખૂબ સ્નેહભાવથી રહેજો. કદી ઝઘડશો નહિ. એકબીજાની ભૂલો ગળી લેજો. ગુસ્સો કદી ન કરતા. જો તમે ઝઘડશો, ગુસ્સો કરશો, તો આપણા ગુરુણીને કેટલો આઘાત લાગશે ? શાસનની નિંદા કેટલી થશે ?

બોલો... મને આ વાતનું વચન આપશો ?"

૧૦-૧૫ સેકંડના બાકી જીવનવાળા વિદ્વાન સાધ્વી બોલી રહ્યા.

"હા, અમે વચન આપીએ છીએ કે..."

સાધ્વીઓ બોલ્યા અને એ શ્રમણીએ પ્રાણ છોડી દીધા.

(ન કોઈ સ્વચિંતા ! ન કોઈ વેદનાની ફરિયાદ ! છેલ્લી સેકંડોમાં પણ શાસન અને ઉપકારિણી ગુરુણીની ચિંતા ! કેવી સુંદર પ્રેરણા !

પ્રભો ! આવું જ મોત અમે પણ ઝંખીએ છીએ.

આપશો કે ?)

## ૧૮૪. બલિદાન

"હું એવા સ્થાને દીક્ષા લઉં, જ્યાં વૈયાવચ્ચીની ખૂબ જ જરૂર હોય. એ સ્થાને દીક્ષા લઈ પુષ્કળ વૈયાવચ્ચ કરી મારા આત્માનું કલ્યાણ કરું"

એવી શુભ ભાવનાથી ૨૫ વર્ષની એક કન્યાએ માતાપિતાની મમતામયી હુંફ છોડીને એવા ગ્રુપમાં દીક્ષા લીધી, જ્યાં સાત સાત સાધ્વીજીઓની સેવા કરવી અનિવાર્ય હતી.

અને

(ક) દીક્ષા બાદ આખી જીંદગી માટે મેવો, મીઠાઈ, કડા વિગઈ, ફરસાણ, ફળ વગેરેનો ત્યાગ કર્યો. માત્ર રોટલી, દાળ, પાપડ લગભગ આ ત્રણ જ દ્રવ્યો વાપરે. આજે ૮૧ વર્ષની ઉંમરે પણ આ જ જીવન જીવી રહ્યા છે.

(ખ) દીક્ષા બાદ એ ૭-૭ વડીલોની સેવા માટે ૧૪-૧૪ વર્ષ સુધી એક જ ગામમાં રહ્યા. ખડે પગે સેવા કરી. પણ કોઈને પણ અપ્રીતિ ન થવા દીધી. ગામવાળા આજે પણ એમનો પડતો બોલ ઝીલે.

(ગ) દીક્ષા વખતે ભાવ હતો માત્ર વૈયાવચ્ચી બનવાનો અને ૧૪ વર્ષ સુધી એ વૈયાવચ્ચ કરી. એના કારણે પુણ્ય એટલું તો વધી ગયું કે આજે તો એ ૭૫ થી ૮૦ શિષ્યા-પ્રશિષ્યાઓના ગુરુણી છે.

(ઘ) રોજ એક-દોઢ કલાક વાચના આપે છે.

(ચ) આજે પણ પ્રતિક્રમણાદિ ક્રિયાઓ ઊભા ઊભા કરે છે.

(સ્વાધ્યાયીઓ, વ્યાખ્યાનકારો, સંગીતકારો, તપસ્વીઓ તો લોકમાં ઘણા પૂજાય, પૂછાય. એટલે જ સ્વાધ્યાય, વ્યાખ્યાનાદિ કરવાની હોંશ તો હજી જલ્દી જાગી પણ જાય.

પણ

જ્યાં માત્ર ઘસાવાનું છે, મેળવવાનું કશું જ નથી. એવી વૈયાવચ્ચમાં જીવન કુરબાન કરી દેવાની ઉદાત્ત ભાવના વિરલ વ્યક્તિઓને જ થાય.

એનું ફળ શું મળ્યું ?એ તો પ્રત્યક્ષ જ છે.)

## ૧૮૫. હજુ દસ મિનિટની વાર છે

"કેટલા વાગ્યા છે ?"

આચાર્યદેવે બાજુમાં ઉભા રહેલા શિષ્યને પ્રશ્ન કર્યો.

"ગુરુદેવ ! ૩ ને ૧૦ મિનિટ થઈ છે..."

શિષ્યે નમ્રતાથી ઉત્તર આપ્યો.

"એમ ? તો તો હજી ૧૦ મિનિટની વાર છે..." એમ કહી એ આચાર્યદેવ ભક્તામર સ્તોત્રનું છેલ્લું ગુજરાતી કાવ્ય બનાવવામાં લીન બની ગયા.

આચાર્યદેવને ગળામાં કેન્સરની ગાંઠ થયેલી, ડોક્ટરે નિદાન કરતા જ એ વધુ સારવાર માટે અમદાવાદ આવ્યા, પણ ડોળીનો વપરાશ કરવાની એમની તૈયારી નહિ. ચાલતા ચાલતા જ અમદાવાદ આવ્યા. આયુર્વેદિક ઉપચારો કરાવ્યા, પણ કેન્સર વધતુ ચાલ્યું.

**ગાંઠ એટલી બધી મોટી થઈ ગઈ કે જેમ નાળીયેરીના ઝાડ ઉપર નાળીયેર લટકે એમ એમના ગળા ઉપર ગાંઠ લટકતી હતી.**

ચતુર્વિધ સંઘ દર્શન માટે આવે, પણ એમની પ્રસન્નતા જબરી !

છેલ્લે છેલ્લે એમણે શ્રી ભક્તામર સ્તોત્ર ઉપર ગુજરાતીમાં નવા કાવ્ય રચવાની શરુઆત કરી. ૪૩ કાવ્યો રચાઈ ગયા, ૩ ને ૧૦ મિનિટ થયાનો ખ્યાલ આવ્યો.

"૧૦ મિનિટ બાકી છે" એમ કહી છેલ્લું ૪૪મું કાવ્ય રચ્યું અને સાપ જેમ કાંચળી છોડી દે તેમ એમણે દેહત્યાગ કર્યો.

(આજે પણ આવા સમાધિમરણ શક્ય છે હોં !)

## ૧૮૬. જરા કહેવું તો હતું

ઓપરેશન નિષ્ફળ ગયું અને આચાર્યશ્રીની આંખો જતી રહી.

એ પ્રજ્ઞાચક્ષુ બન્યા.

સદા માટે પરાધીન !

એ પછી એ જ્યાં જાય ત્યાં એક સાધુ સતત સાથે રહે. એમાંય "હવે દાદરા ચડવાનાં છે... દાદરા ઉતરવાના છે... જો એમ ન કહે તો ક્યાંક અથડાઈ જાય, પડી જાય...

પણ એકવાર સાથેના મુનિ કોઈક બીજા વિચારમાં ચડી ગયેલા એટલે બરાબર સૂચન કરવાનું ભૂલી ગયા અને... આચાર્યશ્રી ધડાક દઈને જમીન પર પડ્યા.

સાધુ ગભરાઈ ગયો.

"જોરદાર ઠપકો મળશે." એ વિચારથી થથરી ગયો.

પણ આચાર્યદેવ એટલે કોણ ?

એ ઉભા થયા.

"ભલા ભાઈ ! કહેવું તો હતું..." એમ શાંતિથી બોલ્યા અને પાછા ચાલવા લાગ્યા. કોઈ ઠપકો નહિ, ચર્ચા નહિ.

ઉપાશ્રયે પહોંચ્યા બાદ પણ આચાર્યદેવે કોઈને કશીં જ વાત ન કરી. એ જાણતા હતા કે "વાત કરીશ, તો બધા એ સાધુને ઠપકો આપશે. બિચારો દુઃખી થશે... ભૂલ તો થાય."

(બીજાની નાની-મોટી ભૂલો યાદ કરાવી કરાવીને એને ખખડાવવો, પરેશાન કરવો, નીચો પાડવો એ કામ જૈન શ્રમણ કદી ન કરે...)

## ૧૮૭. એ કરુણદૃશ્ય નિહાળી અનરાધાર તુજ આંખો વહી...

"ગુરુદેવ ! પેલા સાધુને થયું છે શું ? કંઈ ખબર નથી પડતી. આપ એમને બોલાવીને પૂછો તો ખરાં ! ખુલાસો તો કરો..."

સાધુઓએ આચાર્યદેવ પાસે આવી હૈયાવરાળ ઠાલવી.

"પણ શું થયું છે ? શું વાંધો પડ્યો ?"

આચાર્યશ્રીને કશી સમજણ ન પડી.

"અરે, સાત-સાત દિવસથી કશું ખાધું નથી. રે ! તપશ્ચર્યા કરતા હોત તો તો બરાબર ! પણ પચ્ચક્ખાણ તો રોજ એકાસણાનું લે છે. બધાની ગોચરી લાવે છે. માંડલીમાં આવે છે, પોતાની ગોચરી પાત્રામાં કાઢે છે, વાપરવા બેસે છે... પણ પછી. ઉદાસ બની જાય છે... ઉભા થઈને 'મારે વાપરવું નથી' કહીને જતા રહે છે.

અમે ઘણું પૂછ્યું પણ સૂનમૂન બની ગયા છે..."

સાધુઓએ ઘટસ્ફોટ કર્યો.

"શું થયું હશે?"

આચાર્ય વિચારમાં પડ્યા.

૨૪ વર્ષનો યુવાન સાધુ ! દીક્ષાપર્યાય ૧૨ વર્ષ ! સંસ્કાર સારા ! સંયમ સારું ! કદી કોઈ ફરિયાદ નહિ, અને આજે આ શું થયું ?

એ વખતે પાડીવ ગામમાં ચાતુર્માસ પસાર થઈ રહ્યું હતું.

આચાર્યદેવે એ મુનિવરને બોલાવ્યા. "કેમ, ભઈલા ! કેમ કશું ખાતો નથી. સાત દિ'થી ભૂખ્યો છે. શું થયું ? કોઈકે ઠપકો આપ્યો...?"

મુનિવર કંઈ જ ન બોલ્યા પણ ચોધાર આંસુએ રડવા લાગ્યા. તરત ઉભા થઈ બીજી રૂમમાં જતા રહ્યાં.

આચાર્ય વિમાસણમાં પડ્યા.

આચાર્યે એ મુનિના બા મહારાજને બોલાવ્યા.

"તમારા પુત્રમુનિ ખૂબ જ રડે છે, સાત દિનથી ભૂખ્યા છે. પૂછીએ તો કશું કહેતા નથી. તમે એની સાથે વાત કરો, બધું પૂછો... તમે બા છો. તમને વાત કરશે..."

બા મહારાજે ખાનગીમાં એ મુનિને બધી વાત ભારપૂર્વક પૂછી, ત્યારે આંખના આંસુ સાથે એ મુનિરાજ બોલ્યા

"બા મહારાજ !. હું ગોચરી વહોરવા નીકળું છું કે તરત ચાર ગરીબ છોકરાઓ પણ મારી પાછળ-પાછળ આવી જાય છે. હું જે ઘરે ગોચરી જાઉં, ત્યાં તેઓ પણ ભીખ માંગે.

બા મહારાજ ! ૮-૧૦ વર્ષના એ છોકરાઓ ! પેટ સાવ ઊંડા ઉતરેલા ! કપડાં સાવ ફાટેલા ! મોઢા ઉપર ભારે દીનતા !... મારું હૈયું દ્રવી ઉઠ્યું.

પણ... કોઈ ગૃહસ્થો એ છોકરાઓને કશું ન આપે. મારા પાત્રા ભરાઈ જાય. પણ એ છોકરાઓનાં ખોબા પણ ન ભરાય.

શરમના કારણે હું કોઈ શ્રાવકોને કહી પણ શકતો નથી કે "આમને ખવડાવો..."

બસ બા મહારાજ ! ઉપાશ્રયે આવું છું, વાપરવા બેસું છું. પણ કોળીઓ મોઢામાં મૂકવા જાઉં, ત્યાં મને સતત એ ભીખ માંગતા, દીન-હીન ચાર છોકરાઓ દેખાયા કરે... મારા ગળેથી કોળીઓ ઉતરે એમ જ નથી..."

મુનિરાજે વાત પૂર્ણ કરી.

બા મહારાજ સ્તબ્ધ થઈ ગયા.

આ કેવી કરુણા ! કેવી લાગણીશીલતા !

બધી વાત આચાર્યશ્રીને કરી.

આચાર્યશ્રીએ તરત સંઘના આગેવાનોને બોલાવી કહ્યું કે "એ ચાર ગરીબ છોકરાઓને આપણા સંઘના રસોડે જમાડી દેવાની વ્યવસ્થા ગોઠવવી..."

એ મહાત્માને રસોડે લઈ ગયા, જમવા બેસાડેલા ચાર છોકરાઓને દેખાડ્યા... એમની પ્રસન્નતા નિહાળી મહાત્માને શાંતિ થઈ.

એ પછી એ શાંતિથી ગોચરી વાપરી શક્યા.

(તીર્થંકરોની અમાનસમાન કરુણાની વાતો તો ઘણી સાંભળી છે. પણ એની એક નાનકડી ઝલક ભીષણ પંચમકાળમાં પણ વિદ્યમાન છે. એની ખબર આજે પડી.

આપણું હૈયું રણપ્રદેશ જેવું સુકું ભઠ્ઠ હોય, આંખો કોરા-સફેદવાદળા જેવી હોય... એ પણ એક પાપ છે... એ ન ભૂલશો.)

## ૧૮૮. સુવાક્યો ઈતિહાસ સર્જે છે

(ગૃહસ્થના શબ્દોમાં →)

હું અજૈન છું, પણ એક જૈનાચાર્યના સંપર્કમાં આવ્યો, પરિવર્તન થયું.

એકવાર બેસતા વર્ષના દિવસે પૂ.ગુરુદેવની પ્રેરણાથી મેં સુવાક્યો લખેલા સ્ટીકરો લીધા. એક સ્ટીકર મારા ઘરના દરવાજા ઉપર લગાડ્યું.

એમાં લખેલું કે

- હે જીવ ! સમતા-શાંતિ રાખ.

હે જીવ ! તારું કોણ ?

હે જીવ ! ગર્વ ન કર.

હે જીવ ! જીવવા માટે પૈસા કે પૈસા માટે જીવન...?

મને એ શબ્દોની ધારી અસર થઈ. હું સરકારી અધિકારી હોવાથી લોકો મારી પાસે અનેક કાર્યો કરાવવા આવે. હું અત્યાર સુધી તો પૈસાના લોભે આડા-અવળા કાર્યો પણ કરી આપતો. પણ હવે મેં નક્કી કર્યું કે "ખોટા કામો કરવા નહિ."

એકવાર એક ભાઈ મારી પાસે અનીતિવાળું કામ કરાવવા આવ્યા. એમાં એમને અને મને ઘણો લાભ થતો હતો. પણ મેં ના પાડી દીધી.

એ ભાઈને મારા પર ખુન્નસ ચડ્યું. કેમકે એને થનારા પુષ્કળ લાભમાં હું પ્રતિબંધક બનતો હતો.

એક દિ'

એ પોતાના સાથીદારો સાથે હથિયારો લઈને મને મારવા આવતો હતો. હું ઘરમાં જ હતો, એ ટોળાને જોઈ હું ગભરાઈ ગયો. મારી નજર દરવાજા પર રહેલા સ્ટીકર ઉપર ગઈ. મેં ગુરુજીનું સ્મરણ કર્યું.

ટોળું આવી પહોંચ્યું.

કોણ જાણે ? પણ એ ટોળાની નજર પણ એ સ્ટીકર પર પડી. "હે જીવ ! શાંતિ રાખ..."

એની એવી ધારદાર અસર થઈ કે ટોળાના મુખ્ય માણસનું મન પલટાઈ ગયું. એણે હથિયારો મૂકી દીધા. મારા પગમાં પડી માફી માંગી.

ખરેખર એ સુવાક્યોએ અને એની પ્રેરણા કરનાર ગુરુદેવે મારો પ્રાણ બચાવી લીધો. (શાસ્ત્રોમાં-આગમોમાં આવા હજારો સુવાક્ય છે. એ આપણા ભાવપ્રાણોની રક્ષા કરી આપણને અનંતા મરણોથી બચાવશે.

પણ શાસ્ત્રોનો અભ્યાસ કરશું તો ને ?)

## ૧૮૯. શ્રાવકો શ્રદ્ધા લઈને આવે છે

"એ ય ચેલા ! મારો વાસક્ષેપનો બટવો ક્યાં છે ? જલ્દી આપ. આ શ્રાવકો આશીર્વાદ લેવા આવ્યા છે. હું એમને વાસક્ષેપ નાંખી આપું."

આચાર્યદેવે શિષ્ય પાસે વાસક્ષેપ માંગ્યો.

"સાહેબ ! માંગલિક સંભળાવી દો ને ? વાસક્ષેપનું શું કામ છે ?"

શિષ્યે વાસક્ષેપની વાત ટાળવા પ્રયત્ન કર્યો.

હકીકત એ હતી કે આચાર્યદેવને હાથનો દુઃખાવો ઘણો વધી ગયેલો. જો વારંવાર વાસક્ષેપ નાંખવા હાથ ઉંચો કરે તો દુઃખાવો હજી વધે... ડોક્ટરે ચોક્ખી ના પાડી કે "એમને વાસક્ષેપ નાંખવા દેવો નહિ."

શિષ્યો જાણતા કે "આચાર્યશ્રીનો સ્વભાવ પરગજુ છે. કોઈક વાસક્ષેપની માંગણી કરે, તો એ ના ન જ પાડે, નાંખી જ આપે."

તો હવે એમને અટકાવવા શી રીતે ?

શિષ્યોએ વાસક્ષેપનો બટવો સંતાડી દીધો.

પણ આચાર્યશ્રીએ માંગણી કરી, શિષ્યો ટાળવા માંગતા હતા, પરંતુ આચાર્યદેવે કહ્યું કે

"આ શ્રાવકો બીજે બધે જવાને બદલે આપણી પાસે આવે, આપણા આશીર્વાદ લેવા ઝંખે... એ એમની કેટલી શ્રદ્ધા છે. એને આપણે વધારવી કે ઘટાડવી...? વાસક્ષેપ નાંખવામાં નુકસાન શું છે ?"

છેવટે શિષ્યોએ બટવો આપવો જ પડ્યો.

(શ્રાવકોના સદ્ભાવની-ભાવની રક્ષા વૃદ્ધિ કરવાની આપણી ફરજ છે. એ ન કરી શકીએ તો છેવટે એ ભાવો ઘટે-તૂટે એવું તો ન જ કરાય ને ?)

## ૧૯૦. એક ક્રિશ્ચનમાં આવો ભાવ હોય તો શ્રમણોમાં કેવો ?

"ખટ-ખટ-ખટ" ડોક્ટર બ્રેકેટના બારણા કોઈ ઉતાવળથી ખખડાવી રહ્યું હતું.

સમય હતો રાત્રે ૧૦ વાગ્યાનો.

ડો.બ્રેકેટ !

ત્રીસ વર્ષનો યુવાન !

ઉત્સાહી અને ભાવનાશીલ !

ક્રોમવેલ નાની એક અત્યંત રૂપવતી કન્યા સાથે એનો પરિચય થયો, પ્રેમ વધ્યો અને અંતે લગ્ન થયા.

લગ્નની પહેલી જ રાત્રે પતિ-પત્ની પ્રેમભરી વાતો કરી રહ્યા હતા, ત્યાં તો બારણા જોર જોરથી ખખડવા લાગ્યા.

આ રંગમાં ભંગ ક્રોમવેલને ગમ્યો તો નહિ, પણ એ ચૂપ રહી.

ડો.બ્રેકેટે બારણું ખોલ્યું - જોયું તો બહાર એક હબસી બેન ઉભી હતી. ડોક્ટરને જોતાવેંત એ ચરણોમાં ઢળી પડી, હીબકા ભરી રડવા લાગી.

"ડો.સાહેબ ! મારા દીકરાને બચાવો, એ સખત માંદગીમાં પટકાયો છે, કદાચ આપના થકી બચી જાય..."

બેન આગળ બોલી ન શકી.

"તું ચિંતા ન કર. હું હમણાં જ તારી સાથે આવું છું. બાકી તો ભગવાન પર શ્રદ્ધા રાખ..."

ડોક્ટર અંદર ગયા, તૈયાર થઈ બેગ લઈ ક્રોમવેલ પાસે આવ્યા. "ક્રોમવેલ !

Sorry ! એક છોકરાની જીંદગી જોખમમાં છે. એને બચાવવા મારે જવું પડશે. તું રાહ જો, હું હમણા આવું છું."

ડોક્ટર બોલ્યા અને કોડભરી ક્રોમવેલ છંછેડાઈ ગઈ.

"મારે તમારા વિના અહીં એકલા શું કરવાનું ? તમને મારા કરતા પણ એ છોકરા પર વધુ પ્રેમ થઈ ગયો..." ગુસ્સાથી એ બોલી.

ડોક્ટરે શાંતિથી જવાબ આપ્યો "મને તારા પર પ્રેમ છે જ. પણ એક છોકરાની જાન બચતી હોય તો એ પણ મારી ફરજ છે. તારા પ્રેમ ખાતર બધા જીવોને હું અન્યાય ન કરી શકું..."

"તો તમે જશો, એમ ને ?" ક્રોમવેલ દઢતાથી બોલી.

"હા"

એટલી જ દઢતાથી ડોક્ટરે જવાબ વાળ્યો અને ધડાધડ પગથિયા ઉતરવા માંડ્યા. એની પાછળ ક્રોમવેલ પણ ઘર છોડી જતી રહી. લગ્નની પહેલી જ રાતે ભંગાણ થયું.

ડોક્ટરની આખી રાતની મહેનતથી છોકરો બચી ગયો, ડોક્ટર પાછા ઘરે આવ્યા. જોયું તો ક્રોમવેલ ગાયબ ! એ સમજી ગયા. એમણે તરત ક્રોમવેલને ફોન કર્યો.

"ક્રોમવેલ ! પેલો છોકરો બચી ગયો."

"ભલે, પણ તમારા માટે હું મરી ગઈ છું. હવે હું પાછી ફરવાની નથી. આપણો સંબંધ અહીં જ પૂરો થાય છે..." ક્રોમવેલે તિરસ્કારથી જવાબ આપ્યો.

ડોક્ટર સમજી ગયા.

"ક્રોમવેલ ! મને તારા પર પ્રેમ હતો અને છે. પણ એ માટે વિશ્વના જીવો પ્રત્યેનો મારો પ્રેમ દફનાવી દેવો એ મને મંજુર નથી.

તેં આજે મને એકલો મુક્યો છે, તો હવે હું આખી જીંદગી એકલો જ રહીશ... મારું જીવન આ લોકોના કલ્યાણ માટે વાપરીશ... અલવિદા !"

એ દિવસથી ડો. બ્રેકેટ ૨૪ કલાક માટે સમાજસેવક બની ગયા. ગરીબોના-રોગીઓના બેલી બની ગયા.

એમનું જ્યારે અવસાન થયું ત્યારે સેંકડો-હજારો લોકોએ એમને અશ્રુની શ્રદ્ધાંજલી આપી. એમના નામનું એક મોટું સ્તુપ બનાવવામાં આવ્યું. પણ એના ઉપર શું લખવું? એ અંગે બધા વિચાર કરતા હતા,

ત્યાં તો જે ગરીબ હબસી છોકરાને એમણે લગ્નના દિવસે મરતા બચાવ્યો હતો,

એ યુવાનને કંઈક સ્ફુરણા થઈ. એ દોડ્યો. ડો. બ્રેકેટના ઘરની નીચે એક બોર્ડ હતું.

"ડો.બ્રેકેટની હોસ્પીટલ ઉપર છે."

એ હબસી યુવકે તરત એ બોર્ડ ઉતાર્યું અને દોડતો દોડતો સ્તૂપ પાસે આવ્યો. એ સ્તૂપ ઉપર બોર્ડ લગાડી દીધું.

"ડો. બ્રેકેટની હોસ્પિટલ ઉપર છે."

લોકો ક્ષણવાર જોઈ રહ્યા, પછી તો ખૂબ જ આનંદ પામ્યા.

"હા ! ડોક્ટર બ્રેકેટ મરીને સ્વર્ગમાં ગયા છે, એ સ્વર્ગમાં પણ દીન દુઃખી, રોગીઓને સાજા કરતા જ હશે. એમનું કોમળ હૈયું ઝાલ્યું રહેવાનું છે ? સાચી જ વાત છે કે "ડો. બ્રેકેટની હોસ્પીટલ ઉપર (સ્વર્ગમાં) છે..."

(પત્ની પ્રત્યેનો પ્રેમ જીવો પ્રત્યેના પ્રેમમાં બાધક બને તો એ જેમ ડો. બ્રેકેટને ખોટો લાગ્યો, તેમ કોઈપણ પદાર્થ કે વ્યક્તિ પ્રત્યેનો રાગ એવો તો ન જ હોવો જોઈએ કે એ શાસનના હિતમાં, શાસન પ્રત્યેની આપણી ફરજમાં બાધક બને. દૃષ્ટિ વિશાળ, હૈયું કોમળ હોવું પ્રત્યેક શ્રમણ-શ્રમણી માટે જરૂરી છે.

આ તો ખ્રિશ્ચન ડોક્ટર ! એ માનવતામાં જ સર્વસ્વ ભલે માને, પણ આપણે તો લોકોત્તર શાસનના સભ્ય છીએ ને ? આપણી દૃષ્ટિ, આપણી શાસન પ્રત્યેની ફરજ નિભાવવાની અડગતા કેવી હોવી જોઈએ ?)

## ૧૯૧. તપસંયમ સર્વશ્રેષ્ઠ છે

મુંબઈનો એક શ્રાવક દર વર્ષે એકવાર સિદ્ધાચલની ભક્તિ કરવા માટે પાલિતાણા આવે, ત્રણ દિવસ તળેટી સામે ભક્તિ કરે.

પણ એ ભક્તિ એટલે ?

જોનારાની આંખો અંજાઈ જાય.

એ ભાઈ સોનાના બિસ્કીટોનો મોટો સાથિયો કરે.

એના ઉપર સોના-ચાંદીના વરખો લગાડે.

૧૦૦-૧૦૦ રૂપિયાની નોટોનો તો કોઈ હિસાબ નહિ. મોટા મોટા ફળો અને મોટા નૈવેદ્ય મૂકે.

એ ત્રણ દિવસની એની ભક્તિ નિહાળવા માટે ચતુર્વિધસંઘ એકત્ર થાય, બધા એની ભક્તિ જૂએ.

(આપણને આ સાંભળીને-વાંચીને આશ્ચર્ય ભલે થાય, પણ જાણો છો ? આપણે તો આના કરતા પણ એક મોટું આશ્ચર્ય કરી રહ્યા છીએ.

ઉપદેશમાલાકાર કહે છે કે

કોઈ શ્રાવક આખી ધરતી ઉપર સર્વત્ર જિનમંદીરોનું નિર્માણ કરે. એ મંદિરો પણ સામાન્ય નહિ, પણ ૧૦૦૦-૧૦૦૦ થાંભલાના બનેલા અતિવિરાટ ! અને એય પાછા સુવર્ણના તળીયાવાળા ! આખું દેરાસર સુવર્ણનું !

આટલી જિનભક્તિ કરે તો પણ એના કરતા સાધુ-સાધ્વીના તપ અને સંયમ મહાન છે.

હા ! એ તપસંયમ સાચા હોવા જોઈએ...)

(આપણે આવા બનશું ? ક્યારે ?)

## ૧૯૨. હંમેશા હકારાત્મક વલણ રાખો

(સાધ્વીજીના શબ્દોમાં →)

હું મુમુક્ષુપણામાં હતી ત્યારે પૂ.પાદ નીતિસૂરિજી સમુદાયના એક સાધ્વીજીનો મને પરિચય થયેલો. એમની ગુણવત્તા દીક્ષા બાદ આજે પણ મને વારંવાર યાદ આવે છે.

એકવાર એ સાધ્વીજી ઉપાશ્રયમાં બેસીને સુરતના કોઈક શ્રાવક સાથે ધર્મની વાત કરતા હતા. અચાનક એમના ગુરુણીએ એમને અંદર બોલાવ્યા.

"વાત બંધ કર..." આદેશ કર્યો.

"શા માટે ? મારી ભૂલ શું છે ?" વગેરે કશું જ પૂછ્યા વિના "હાજી" કહી પોતાનાં સ્વાધ્યાયમાં બેસી ગયા. ઉદ્વેગનો એક છાંટો પણ મોઢા પર ન દેખાયો.

"મારી મમ્મી જીદ્દી છે, વિચિત્ર છે મને દીક્ષાની રજા જ નથી આપતી. મને તો એના પર એટલો બધો ગુસ્સો ચડે છે કે..."

એકવાર મેં એમની આગળ આક્રોશથી કહ્યું.

તો મને શાંતિથી કહે

"એમ ન વિચારવું. દોષ તારી મમ્મીનો નથી. પણ તારા કર્મોનો છે. પૂર્વભવમાં અંતરાય કરેલો હોય તો આ ભવમાં આવું થાય. કોઈના ઉપર ગુસ્સો કરવાથી શું લાભ ?"

હું સાંભળીને સ્તબ્ધ બની ગઈ.

આ છે અણગાર અમારા આ છે અણગાર અમારા

કેવી પ્રશમદૃષ્ટિ !

હું ઘણા વર્ષો એમની પાસે મુમુક્ષુપણામાં ભણેલી. પણ ક્યારેય મને એમ નથી કહ્યું. "તું મારી શિષ્યા થા. મારી ચેલી બન..."

જ્યારે પણ વાત નીકળે ત્યારે એમ જ કહે કે

"તારી પ્રસન્નતા-સમાધિ જેમ ટકે એમ કરજે..."

હમણા છેલ્લા બે-ચાર વર્ષથી એમની શિષ્યા એમની સાથે હોય છે. બાકી અત્યાર સુધી તો ગુરુણીના આદેશ પ્રમાણે જ શિષ્યાથી જુદા ચોમાસા જ કર્યા.

ક્યારેય ગુરુણીને એમ નથી કહ્યું કે "મારી શિષ્યા મારી સાથે રાખો..."

રે ! મને પણ વર્ષો સુધી એ ખબર જ પડી ન હતી કે 'ફલાણા સાધ્વીજી એમના શિષ્યા છે.'

પાલિતાણામાં આંબિલની મોટી ૮૫મી ઓળી ચાલતી હતી ત્યારે અમે ભેગા થઈ ગયા. પગમાં સખત દુઃખાવો થવાથી ચાલવામાં ઘણી મુશ્કેલી પડે તો પણ રોજ ગિરિરાજની એકયાત્રા કરે. દાંડાના ટેકેટેકે એકલા ચડે, કોઈનો સહારો ન લે. ૩ કલાક થાય. થોડુંક ચડે અને ઉભા રહી જાય.

અમે યાત્રાની ના પાડી તો કહે કે "પૂ. જંબુવિજય મ. આટલી ઉંમરે પણ યાત્રા કરે જ છે ને ? તો આપણે શું વાંધો ?"

સાડા દસ વાગે નીચે આવે કે તરત પાઠ આપવા બેસી જાય... આંબિલ કરે... પડિલેહણ કરે... પાછા બે વાગે વાચના આપવા બેસી જાય. આજે પાલિતાણામાં બપોરે બે વાગે ભર તડકામાં પણ ઘણા સાધ્વીજીઓ એમની વાચના સાંભળવા આવે.

એમની વાચનાશક્તિ અદ્ભુત છે ! દેવચંદ્રજીના સ્તવનો ઉપર એ જે વિવેચન કરે છે, એ સાંભળીને બધા ડોલી ઉઠે.

સમુદાય મોટો હોવા છતાં, પોતે અધ્યાપિકા હોવા છતાં લુણા પણ કાઢે, ગોચરી પણ જાય, પોતાનો કાપ જાતે કાઢે... ઉપધિનું પ્રતિલેખન જાતે જ કરે.

આચાર બાબતમાં એકદમ ચુસ્ત છે. ફોનના તો એ સખત વિરોધી છે. મોટાભાગે ટપાલથી જ બધું કામ પતાવે.

એમનાં ગુરુણીની તબિયત છેલ્લા બે વર્ષ ઘણી જ ખરાબ હતી. આ સાધ્વીજી અંગ્રેજીમાં હોંશિયાર હોવાથી ડોક્ટરની બાબતમાં એ જ બધું સંભાળે. ડોક્ટર પાસે ૧-૨ કિ.મી. ચાલીને જવું-આંબિલો કરવા-રાત્રે ઉજાગરા-પાઠ આપવા-બીજા પણ

કાર્યો... પણ પ્રસન્નતા ફાટફાટ થાય.

ન કોઈ ફરિયાદ !

ન કોઈ નકારાત્મક અભિગમ !

બધું જ હસતા હસતા સ્વીકારતા જવાનું !

કાળનાં અસ્ખલિત પ્રવાહમાં વહેતા જવાનું !

નિયતિના ગણિતને સલામ ભરતા જવાનું !

કેટલું મજાનું-મસ્તી ભરેલું જીવન !

કાશ ! હું પણ આવી જ બની જાઉં તો ?

## ૧૯૩. स्वभावलाभात् किमपि प्राप्तव्यं नावशिष्यते

"અરે, મહાત્મન્ ! આ તમારી લખેલી નોટ કોણે ફાડી નાંખી ?"

સહવર્તીએ પ્રશ્ન કર્યો અને મુનિરાજે શાંતિથી ઉત્તર આપ્યો કે

"એક મહાત્માએ ફાડી નાંખી."

"પણ કેમ ? કોણેં ફાડી ?" વળતો પ્રશ્ન થયો.

"એ તો પેલા મહાત્મા ! જેમને મગજની બિમારી છે ને ! એમને બિચારાને શું ભાન હોય ? હાથમાં નોટ આવી તો ફાડી નાંખી."

પાછો એ જ ઠંડે કલેજે જવાબ મળ્યો.

"પણ એમાં તો તમે જ્યોતિષ સંબંધી પદાર્થો લખેલા ને ? એ પદાર્થો પણ પાછા અત્યંત દુર્લભ હતા ને ? તેમજ તો મને વાત કરેલી. એ પદાર્થો ભણાવનારા હવે કોઈ રહ્યા નથી. જે હતા તે કાળ કરી ગયા છે. હવે તો એ પદાર્થો ક્યાંયથી પણ જાણવા નહિ મળે ને ?"

એકી શ્વાસે સહવર્તી મુનિ બોલ્યા.

ફરી એટલો જ શાંતિથી જવાબ

"બધી વાત સાચી ! પણ હવે ગુસ્સો કરી આર્તધ્યાન કરીને શું કામ ? જ્યોતિષનાં પદાર્થો ભલે ગુમાવ્યા, પણ મારી રત્નત્રયી થોડી જ ગુમાવી છે ?"

પેલા સહવર્તી અવાક બની સાંભળી જ રહ્યા.

(જ્ઞાનસારમાં કહ્યું છે કે "આત્મસ્વરૂપ સિવાય બીજું કંઈજ મેળવવાનું બાકી જ

નથી." આવી પરિણતિવાળો મુનિ નિઃસ્પૃહ અને માટે જ પરમસુખી બની રહે.)

## ૧૯૪. ગુરુમુખવાણી જિનવાણીસમ નિર્વિકલ્પ જે ગ્રહેતા...

"ચલ, ઊઠી જા. પ્રતિક્રમણ કરી લે..."

આચાર્યદેવે એક દિવસ ઘણી વહેલી સવારે શિષ્યને ઊંઘમાંથી ઉઠાડ્યો.

આવું કદી બન્યું ન હતું. પણ આ શિષ્યનું મન ગુરુ પ્રત્યે એવું સમર્પિત કે એને બીજો કોઈ વિચાર જ ન આવ્યો કે "ગુરુએ મને શા માટે ઉઠાડ્યો હશે ?"

પ્રતિક્રમણાદિ કરી આચાર્યશ્રીને વંદન કર્યા કે તરત જ આચાર્યશ્રીએ આદેશ કર્યો કે "ઉપધિ બાંધ ! તારે ચાતુર્માસ કરવા ઝીંઝૂવાડા જવાનું છે..."

શિષ્ય હજી તો બે દિવસ પહેલા જ આચાર્યદેવ સાથે વાવ (થરાદ)માં ચોમાસા માટે પ્રવેશ કર્યો હતો, અને અચાનક બે જ દિવસમાં આ આદેશ થયો.

"શા માટે અચાનક ચોમાસું ગોઠવાયું ? મારી સાથે કોણ છે ?..."

વગેરે કોઈ જ પ્રશ્નો પૂછ્યા વિના એ મુનિ તરત તૈયાર થઈ ગયા.

એમનો એક જ મંત્ર છે કે

"મારી બધી ચિંતા ગુરુના માથે છે. મારે શા માટે કોઈપણ વિચાર કરવો જોઈએ? મારુ હિત શેમાં ? એ ગુરુ જાણે જ છે..."

જાણે કે એ સંમૂર્છિમ બની ગયા છે.

એક અન્ય પ્રસંગ...

એકવાર સાધ્વીવૃંદે આચાર્યદેવને વંદન કરવા ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો. જોયું તો આ મુનિરાજ આચાર્યદેવના ખોળામાં માથું મૂકી ધ્રુસકે ધ્રુસકે રડતા હતા.

સાધ્વીજીઓએ પાછળથી પૃચ્છા કરી કે "એ શા માટે રડતા હતા..."

ત્યારે આચાર્યશ્રીએ હસતા હસતા કહ્યું કે

→ "**આ મારો શિષ્ય કોરો ચેક છે.** એને ગઈકાલે કહેલું કે તારે અમુક સ્થાને જવાનું છે ત્યારે એને એક પળ માટે મનમાં એવો વિચાર આવી ગયેલો કે "ગુરુદેવ સાથે રહેવાનું થાત તો સારુ થાત. વાચનાઓ સાંભળવા મળત."

એક સેકંડ માટે મારી આજ્ઞા સામે એને આવો વિચાર આવ્યો એના ડંખથી એ રડતો હતો. એને એ પાપ માટે મોટું પ્રાયશ્ચિત્ત જોઈતું હતું." ←

શ્રમણીઓ શું બોલે ?

(ગૌતમસ્વામીના વારસદાર બની તો શકાય પણ એ માટે ભોગ ખૂબ જ આપવો પડે હોં ! ગુરુના દરેકે દરેક નિર્ણયો માટે બુદ્ધિનો દુરુપયોગ કરવાનો ચાલુ હોય તો આપણું શિષ્યપદ લગીરે શોભતું નથી, એ આપણને ક્યારે સમજાશે...)

## ૧૯૫. બેટા ! આપણે વીરના વારસદાર છીએ !

(સાધ્વીજીના શબ્દોમાં →)

વાત ઘણી જ જૂની છે.

લગભગ ૨૮ વર્ષ એ પ્રસંગને થઈ ગયા.

અમે મુંબઈમાં રહેતા હતા.

એ વખતે મારી ઉંમર ૧૪ વર્ષની !

બાપુજી હાર્ડવેરનો ધંધો કરતા, પણ આર્થિક સ્થિતિ સારી ન હતી.

અમારો ૮ જણનો પરિવાર !

કમાનાર માત્ર મારા બાપુજી !

મૂડી ખાસ કંઈ જ નહિ. અધૂરામાં પૂરું મારા બાપુજીને ત્રીજા સ્ટેજનો ટી.બી. હતો, એની દવાનો ખર્ચો પણ વધારે. આવી માંદગીમાં પણ બાપુજી કુટુંબના ભરણપોષણ માટે સખત મહેનત કરતા.

બાપુજીનો બીજા એક વેપારી સાથે ભાગીદારીમાં ધંધો ચાલતો હતો. ધંધામાં મૂડી બધી એ ભાઈની અને પરિશ્રમ-મહેનત બધી મારા બાપુજીની... એ રીતે એ ભાગીદારી ચાલતી હતી.

પણ અમારું કમભાગ્ય !

એક દિવસ

એ ભાગીદારે દગો દીધો.

અચાનક એણે ભાગીદારી તોડી નાંખી, મારા બાપુજીને એક રૂપિયો પણ ન આપ્યો. બાપુજીની અને સાથે અમારા બધાની ચિંતાનો કોઈ પાર ન રહ્યો.

શું કરવું ?

આટલા જણનું પેટ કેમ ભરવું ? બાપુજીની દવાઓ કેમ પૂરી કરવી ?"

એ દિવસો, મહિનાઓ કેવા માનસિક તનાવમાં વીતાવેલા, એ યાદ આવે તો

આજે પણ...

છતાં બાપુજીએ ગમે તે કરીને પરિવારને સાચવી લીધો. એમણે શું કર્યું ? એ મને ખબર નથી,

પણ

બરાબર બે મહીના બાદ.

એ દગાખોર ભાગીદારનો એકનો એક દીકરો ટૂંકી માંદગીમાં મરી ગયો.

અમને બધાને સમાચાર મળ્યા. અમે એકી અવાજે મનમાં બોલી ઉઠ્યા. "સારું થયું. એને એના પાપનું ફળ મળી ગયું..."

પણ અમારા સૌના આશ્ચર્ય વચ્ચે અમે જોયું કે મારા બાપુજી સમાચાર મળતા જ તરત જ કપડા પહેરી બહાર જવા નીકળ્યા.

અમે પૂછ્યું "બાપુજી ! ક્યાં જાઓ છો ?"

બાપુજીએ કહ્યું કે

"ભાગીદાર અત્યારે ઘણો ચિંતામાં હશે, એને આશ્વાસન આપવા તો જવું જ જોઈએ ને ? મારો જૂનો મિત્ર છે. એની પડખે આવા વખતે ઉભો રહીશ તો એને ખૂબ શાંતિ થશે.."

અમે બધા હેબતાઈ ગયા.

"એ દગાખોરની સાથે સંબંધ રાખવાનું શું કામ છે આપણે ? એને એના પાપોનું ફળ આ જ ભવમાં મળી ગયું..."

અમે આક્રોશથી બોલેલા.

એ વખતે મારા બાપુજી જે શબ્દો બોલેલા એ આજે ૨૮ વર્ષ પછી પણ મને બરાબર યાદ છે. એમણે મારે માથે વહાલથી હાથ ફેરવી કહેલું કે

**"બેટા ! આપણે વીરના વારસદાર છીએ. વીરપ્રભુએ ક્ષમાના મંત્રને આત્મસાત કર્યો હતો ને ! તો આપણે આપણા પરમપિતા વીરના નામને દિગંતમાં ફેલાવવું છે ? કે એ નામને કલંક લગાડવું છે ? બેટા ! યાદ રાખજો. હંમેશા ક્ષમાના પુષ્પો જ તમારા જીવનમાં વાવજો, જેથી તમારું જીવન મઘમઘાયમાન રહે."**

આજે મારી ઉંમર ૪૨ છે, દીક્ષાપર્યાય ૨૧ વર્ષનો છે. પણ આ પ્રસંગ મારા જીવનનું સંભારણું બની ગયો છે.

(આપણું ખરાબ કરનારા કોઈક સંયમીની સાથે મનમાં વેરની ગાંઠ બંધાયેલી પડી તો નથી ને ?

આપણે માનેલા શત્રુઓના અહિતમાં આપણે રાજી તો થતા નથી ને ?

ચકાસી લેજો.

આ તો મુંબઈનગરીનો સામાન્ય શ્રાવક ! આપણે ચૌદરાજલોકના શ્રમણ શ્રમણીઓ ! આપણી ક્ષમા તો આના કરતા પણ ચડીયાતી જ હોવી જોઈએ ને ?)

## ૧૯૬. ઉંઘતા-ઉંઘતા લોચ

"સાહેબજી ! મારે પણ લોચ કરાવવો છે, મને કરી આપશો ?"

કાલીકાલી ભાષામાં ૩ વર્ષના એક નાનકડા છોકરાએ આચાર્યદેવને વિનંતિ કરી.

કાંદિવલીમાં ઉપધાન ચાલુ હતા.

ગચ્છાધિપતિશ્રીએ સાધુઓના લોચની વિધિ મળવા આવેલા એક બાળકને મીઠાશથી કહી સંભળાવી. બાળક સાથે મીઠી મીઠી વાતો કરતા હતા.. એ આચાર્યશ્રીની વાતો સાંભળીને બાળકે લોચ કરવાની ભાવના દર્શાવી.

આચાર્યદેવે લોચ કરનાર સાધુઓને બોલાવ્યા.

"આ બાળકે લોચ કરવો છે, એના બાપુજી હા પાડે છે. બે-ચાર ચપટી ખેંચો, એટલે એની મેળે ના પાડી દેશે..." આચાર્યશ્રી એ જવાબ આપ્યો.

એમના મનમાં એમ જ હતું કે ૩ વર્ષનો બાળક વાળ ખેંચાય એ થોડું જ સહન કરી શકવાનો ? આ તો ઠીક છે, બોલે છે ! તો ભલે બે-ચાર ચપટી ખેંચવા દો..."

લોચ શરુ થયો...

પણ આશ્ચર્ય !

બાળક તો એક અક્ષર પણ ન બોલે. વાળ ખેંચવા જ દે... અડધો લોચ થયો અને બાળકને ઘસઘસાટ ઉંઘ આવી ગઈ.

આચાર્યસહિત બધા આશ્ચર્યમાં પડ્યા. ચાલુ ઉંઘમાં લોચ ચાલુ જ રાખ્યો અને આખો લોચ પૂર્ણ થયો ત્યારે પણ બાળક ઉંઘતો હતો. ←

(ત્રણ વર્ષનો બાળક ઉંઘતા ઉંઘતા લોચ કરાવી દે... એ કોઈ પૂર્વભવની વિશિષ્ટ આરાધના વિના શક્ય છે ખરું કે ?)

## ૧૮૭. સહુને પ્રભાવના આપીએ પ્રસન્નતાની !



૨૦-૨૫ કિ.મી.નો લાંબો વિહાર કરીને અમે બધા નખત્રાણા પહોંચ્યા. લગભગ ઘણા ખરા મહાત્માઓએ લાંબા વિહારના કારણે સવારે નવકારશી કરી લીધી.

પણ એક મહાત્મા કાયમી એકાસણા કરનારા હતા.

એમણે ન વાપર્યું.

બપોરના ૧૧ વાગ્યા. ગોચરીનો સમય થયો. સવારે મોડેથી ગોચરી વાપરી હોવાથી મહાત્માઓએ વિશેષ ગોચરી નોંધાવી ન હતી. એટલે હું અને એ મહાત્મા બે જણ ગોચરી વહોરવા નીકળ્યા.

૪૦ ઘરોમાં ફર્યા, એક-દોઢ કલાક ગોચરી ફરી ઉપાશ્રયે આવ્યા. ગોચરી આવી એટલે નવકારશીવાળા મહાત્માઓ પણ બધા જ વાપરવા આવી ગયા.

પેલા એકાસણાવાળા મહાત્મા !

એમણે બધાને ગોચરી વહેંચી, એમાં બીજો અડધો કલાક થયો.

ગોચરી ઘટી, હજી મારે વાપરવાનું બાકી હતું.

એકાસણાવાળા મહાત્મા ફરી ગોચરી વહોરવા નીકળ્યા.' વિશેષ કંઈ ગોચરી ન મળી, મિષ્ટાન્ન-ફરસાણ મળ્યું. એ મહાત્માએ મને મિષ્ટ વપરાવી દીધું અને આશરે દોઢ-બે વાગે એકાસણું કરવા બેઠા, ફરસાણ વાપરી એકાસણું કરી લીધું.

આ માત્ર આજ માટે નહિ, સદા માટેનો એમનો આ ક્રમ છે.

મેં ઘણીવાર એમના મુખના ભાવો નિહાળવા પ્રયત્ન કર્યો, પણ મને કોઈ જ ઉદ્વેગ-ફરિયાદ ન દેખાઈ. સમતાનો મીઠો-મધુરો રસાસ્વાદ માણી રહ્યા હોય એવો જ મને ભાસ થયો.

[(ક) આ નવકારશીવાળાઓએ સવારે વાપર્યું છે, તો પણ બપોરે ગોચરી લેવા જતા નથી. મને મોકલે છે. બીજાનો વિચાર જ નથી કરતા...

(ખ) બપોરે હું ગોચરી લેવા જાઉં છું. ત્યારે સરખી નોંધાવતા નથી અને પછી બધા ગોચરી વાપરવા આવી જાય છે. વાહ !

(ગ) એ બધાએ સવારે વાપર્યું છે, તો મને કહેતા પણ નથી કે "તમે વાપરવા બેસો. તમારે એકાસણું છે. અમે ગોચરી વહેંચીએ..." સ્વાર્થી કેવા !

(ઘ) પાછા વધઘટમાં પણ મને ગોચરી લેવા મોકલે છે... આ બધી ફરિયાદ સાચો સાધુ ન કરે.

## ૧૯૮. અપ્રમત્ત ગચ્છાધિપતિ

૭૫ વર્ષની ઉંમરના એ ગચ્છાધિપતિ

(ક) સળંગ ૩૯મો વર્ષીતપ કરી રહ્યા છે. અર્થાત્ ૭૨૦૦ જેટલા ઉપવાસ કરી ચૂક્યા છે.

(ખ) આ ઉંમરે પણ ભીંત વગેરે કશાયનો ટેકો લેતા નથી.

(ગ) લગભગ બપોરે ઉંઘતા પણ નથી.

(ઘ) રોજ સવારે, બપોરે... નિયમિત સમયે સ્વાધ્યાયાદિ પણ કરે.

(ચ) કોઈપણ પ્રસંગે સમયપૂર્વે કે સમયસર પહોંચે પણ મોડા ન પહોંચે. પોતાના નિમિત્તે કોઈને રાહ જોવી પડે એ એમને પસંદ નહિ.

(છ) ઉપાશ્રયની અંદરના નાના-મોટા કામો જાતે કરી લે, સાધુને ન કહે, ન બોલાવે.

## ૧૯૯. કરિયાવરમાં જૈન દેરાસર

ઈ.સ. ૨૦૦૧ ૨૬મી જાન્યુઆરી !

રાષ્ટ્ર માટે સર્વોત્કૃષ્ટ દિવસ !

પણ એ જ દિવસે ગુજરાત ઉપર મોટી આફત આવી.

કચ્છમાં ધરતીકંપ થયો, સેંકડો જિનાલયોનો ધ્વંસ થયો.

એમાંય કોટડી મહાદેવપુરી ગામમાં બે દેરાસરો જમીનદોસ્ત બન્યા, ગામ પણ ખેદાનમેદાન થઈ ગયું.

નવેસરથી જીર્ણોદ્ધાર, નૂતન જિનાલય નિર્માણ વગેરે કાર્યો શરુ થયા. પણ મુશ્કેલી એ થઈ કે મહાદેવપુરીમાં વિવાદ થયો કે "દેરાસર ગામની અંદર બંધાવવું કે ગામની બહાર ?"

આવા કેટલાક કારણોસર કામ થતું ન હતું.

૫-૬ વર્ષ નીકળી ગયા.

તાજેતરમાં જ શાહ એન્ડ કંપનીની પૌત્રી ખ્યાતિની સગાઈ નક્કી થઈ, એનું સાસરું કોટડી મહાદેવપુરી ગામમાંજ હતું (અલબત્ત એ બધા તો બધા શહેરમાં રહેતા હોય એ સ્વાભાવિક છે.)

ખ્યાતિના દાદાએ ગામવાળાને વાત કરી કે "અમે અમારી પૌત્રીને તમારા ગામમાં વળાવીએ છીએ તો અમારી ઈચ્છા છે કે પૌત્રીને કરિયાવરમાં એક દેરાસર આપીએ. જો ગામ અમને આદેશ આપે તો અમારા સ્વદ્રવ્યે ગામમાં દેરાસરનું નિર્માણ શરુ કરીએ..."

કોણ જાણે કેમ ? પણ આ વખતે બધા વિવાદો શાંત થઈ ચૂક્યા હતા. ગામવાળાઓએ એમને આદેશ આપી દીધો. જિનાલયનું નિર્માણ હવે થશે.

(આપણી પણ જ્યારે મોક્ષ સાથે સગાઈ થઈ - દીક્ષા લીધી, ત્યારે આપણા દાદા પ્રભુવીરે કરિયાવરમાં દસવિધ શ્રમણધર્મ રૂપી એક સુંદર દેરાસર આપેલું છે. એનું સંરક્ષણ અને સંવર્ધન કરવાની જવાબદારી આપણી છે...)

## ૨૦૦. યોગોદ્વહન

સમેતશિખરજી મહાતીર્થમાં એ સાધ્વીજીએ ગચ્છાધિપતિશ્રીની નિશ્રામાં આચારાંગ અને ઉત્તરાધ્યયનના યોગોદ્વહન કર્યા.

આશરે ૯૦ થી ૧૦૦ દિવસ થાય. એમાં ક્રિયાઓ પણ ઘણી હોય.

આ બધા યોગ એમણે

(ક) બધા દિવસ પુરિમડ્ઢનું પચ્ચક્ખાણ કર્યું.

(ખ) બધા આંબિલો જ કર્યા.

(ગ) એ બધા આંબિલો અલુણા ભાતપાણીના કર્યા.

(ઘ) બધા ઠામ ચોવિહાર કર્યા.

(ચ) આજે તો એમને વર્ધમાનતપની ૧૦૦ ઓળી થઈ ચૂકી છે.

(છ) એમને આજીવન તળેલું, મેવો, મીઠાઈ, ફળોનો ત્યાગ છે.

## ૨૦૧. નમે તે સહુને ગમે

"ચાલો, આપણે અત્રે બિરાજમાન આચાર્યદેવને સુખશાતાપૃચ્છા કરી આવીએ, મળી આવીએ.."

ગચ્છાધિપતિએ પોતાના શિષ્યોને જણાવ્યું.

વાત એમ બની કે તેઓ વિહાર કરતા એક તીર્થમાં આવી પહોંચ્યા હતા, ત્યાં એક આચાર્યશ્રી બિરાજમાન હતા. એ આચાર્યશ્રી દીક્ષાપર્યાયમાં નાના હતા અને

ગચ્છાધિપતિ સાથે પરિચયવાળા હતા.

ગચ્છાધિપતિને એમ કે "એ મળવા આવશે" પણ સાંજ પડી છતાં એ આચાર્યશ્રી મળવા ન આવ્યા એટલે ગચ્છાધિપતિએ પોતાના શિષ્યોને ત્યાં જવા માટે તૈયાર થવા કહ્યું.

"આપણે જવાની શી જરુર ? એ નાના છે. મળવા તો એમણે આવવાનું હોય. એમને ફુરસદ ન હોય તો આપણે શું ગરજ છે ?"

યુવાન શિષ્યોએ ત્યાં જવા અંગે અણગમો દર્શાવ્યો.

"આપણે એવું ન વિચારવું. આપણું કર્તવ્ય આપણે નિભાવવું. આપણે સામેથી મળવા જઈએ એમાં કંઈ બગડી નથી જવાનું."

અને ગચ્છાધિપતિ સાંજે મળવા ગયા.

ગચ્છાધિપતિને સામેથી મળવા આવતા જોયા, ત્યારે જ આચાર્યશ્રીને ખ્યાલ આવ્યો કે "મેં અવિનય કર્યો, મળવા જવાની ફરજ મારી હતી, પણ હું ચૂક્યો."

પછી તો એમણે પણ ઉચિત સત્કાર, વિનય જાળવ્યો.

(સામેવાળો નમે તો જ આપણે નમવું એ તો વેપારી બુદ્ધિ છે. આપણે કંઈ ધંધો નથી કરવાનો. એ નમે કે ન નમે આપણે નમી જવાનું.

"જે નમે એ સૌને ગમે.")

## ૨૦૨. મારા શ્રાવકો તો મારી સાથે જ ઝઘડે ને ?

"આપે આ બરાબર નથી કર્યું. અમારી સાથે નક્કી થયા પ્રમાણે જ સાધ્વીજીને ચાતુર્માસ મોકલવાના હતા, એને બદલે બીજા જ સાધ્વીજીને મોકલી દીધા. આ બધુ ન ચાલે. અમારે તો પેલા જ સાધ્વીજી જોઈતા હતા.."

શ્રાવકો ગુસ્સામાં આવી ગચ્છાધિપતિની સામે મોટા અવાજે હૈયાવરાળ ઠાલવતા હતા.

પણ આચાર્ય મરક મરક હસતા રહ્યા.

આ પ્રસંગ સાધ્વીજીઓએ જોયો. તેઓથી ન રહેવાયું.

"સાહેબજી ! આ બધા જેમ તેમ બોલે, ઝઘડો કરે અને આપ બધું જોયા કરો. એમને કંઈ ઠપકો ન આપો એ કેમ ચાલે ?"

"સાધ્વીજીઓ ! આ શ્રાવકો કોના ?" આચાર્યશ્રીએ હસતા હસતા પૂછ્યું.

"આપના" જવાબ મળ્યો.

"તો મારા શ્રાવકો તો મારી સાથે જ લડવાનાને ? મારી સાથે ન લડે તો કોની સાથે લડે ? જેની સાથે આત્મીયતા હોય એની પાસે હૈયાવરાળ ઠલવાય. એમાં ઠપકો દેવાની જરૂર જ નથી."

આચાર્યશ્રીએ ઉત્તર વાળ્યો.

(કોઈ બંને ચંડકૌશિક, તો આપણે બનીએ પ્રભુવીર !)

## ૨૦૩. મારી ભૂલ થઈ ગઈ, ક્ષમા કરજો

"આ ભગવાન તો શાંતિસ્નાત્રમાં લઈ જવાના હતા. અહીં કેમ લાવ્યા ? આ આચાર્ય જ બધું ઉંધુ-ચત્તુ કરતા લાગે છે. હું તો આ ભગવાન લઈ ચાલ્યો..."

આચાર્યદેવ મુમુક્ષુ બહેનોને રજોહરણ આપી જ રહ્યા હતા ત્યાં જ સ્ટેજ ઉપર ધમધમાટ કરતો ક્રિયાકારક દોડી આવ્યો, ગુસ્સાથી એ ધ્રુજતો હતો...

એ સ્થાન હતું કચ્છનું **મોટા આસંબીયા** ગામ !

ગામમાં એક સાથે બે પ્રસંગો ભેગા હતા. બે યુવતીઓની દીક્ષા અને જિનબિંબપ્રતિષ્ઠા !

પ્રતિષ્ઠા નિમિત્તે એક જગ્યાએ શાંતિસ્નાત્ર પણ હતું. એટલે કુલ બે જગ્યાએ ચૌમુખજી ભગવાન પધરાવવાના હતા. દીક્ષામંડપમાં અને શાંતિસ્નાત્રમાં !

ગામમાં પ્રતિમાજી ઓછા ! એટલે બહારગામથી પ્રતિમાજી લાવેલા. પુજારીને સુચના અપાયેલી કે "બહારગામના પ્રતિમાજી દીક્ષામંડપમાં મૂકવા અને ગામના પ્રતિમાજી શાંતિસ્નાત્રમાં !"

પણ પુજારીની ભૂલ થઈ. એણે ગામના ચૌમુખજી દીક્ષામંડપમાં અને બહારગામના ચૌમુખજી શાંતિસ્નાત્રમાં પધરાવી દીધા.

આ બાજુ વર્ષીદાનનો વરઘોડો પૂરો થયો, બધા દીક્ષામંડપમાં આવી ગયા. દીક્ષાની ક્રિયા શરુ થઈ, ઓઘો આપવાનો અવસર આવ્યો પણ પેલી બાજુ શાંતિસ્નાત્ર ભણાવવા આવેલો ક્રિયાકારક બીજા ચૌમુખજી શાંતિસ્નાત્રમાં જોઈ ગુસ્સે ભરાયો. એ ચાલુ દીક્ષામાં ધમધમ કરતો દોડી આવ્યો, આચાર્યશ્રી ઓઘો આપે એ પહેલા તો ચૌમુખજી લઈ ચાલવા માંડ્યો.

આખી જનતા ટગર ટગર જોઈ રહી.

"અમંગળ થયું." એવી આશંકાથી મુમુક્ષુ બહેનોની આંખોમાંથી આંસુ ટપકી પડ્યા. પ્રસંગ એટલો બધો ઝડપથી બન્યો કે કોઈને કંઈ સૂઝ ન પડી.

વાત સાવ નાની !

ભૂલ પુજારીની !

છતાં ક્રિયાકારકે જે બેહુદુ વર્તન કર્યું એ જોઈ કોઈને પણ ગુસ્સો આવે. પણ આચાર્યદેવના મુખની રેખા પણ ન બદલાઈ. ક્રિયાકારક પાસે માફી માંગી કે "મારી ભૂલ થઈ ગઈ, મને ક્ષમા કરો."

પછી તો વ્યવસ્થિત ખુલાસો થયો એટલે ક્રિયાકારકને પણ પોતાની ભૂલ સમજાણી...

(આવા પ્રસંગોમાં સમતા ટકાવી રાખવી એ લોઢાના ચણા ચાવવા જેવું કામ છે...)

## ૨૦૪. ક્ષયોપશમ જ્ઞાનાવરણીયનો

"બોલો, બૃહત્સંગ્રહણી કોણ કેટલા દિવસમાં પૂર્ણ કરી શકશે ? ૩૫૦ ઉપર ગાથાઓ છે..."

ગચ્છાધિપતિશ્રીએ સાધ્વીજીઓને પ્રેરણા કરી

અને એક સાધ્વીજીએ એ પ્રેરણા ઝીલી લીધી. રોજની ૫૦-૫૦ ગાથાઓ ગોખી માત્ર ૮ જ દિવસમાં આખી બૃહત્સંગ્રહણી પૂરી કરી.

આ સાધ્વીજીની ઉંમર જ્યારે ૭ વર્ષની હતી ત્યારે એમણે ભક્તામરની મોટી અઘરી પાંચ ગાથાઓ રોજ ગોખવા પૂર્વક ૮ દિવસમાં જ આખું ભક્તામર કડકડાટ કરી લીધું હતું.

## ૨૦૫. ભમરાઓ મારા ઉપકારી છે.

(સાધ્વીજીના શબ્દોમાં →)

"બચાવો, બચાવો. આ ભમરાઓ મને કરડી રહ્યા છે..."

મેં જોર જોરથી ચીસો પાડી.

વિ.સં. ૨૦૫૬માં અમે આચાર્યદેવ સાથે છ'રી પાલિતસંઘમાં સમેતશિખરજી પહોંચેલા.

એ દિવસ હતો જેઠ સુદ-૪.

હું યાત્રા કરીને નીચે ઉતરી રહી હતી. ભાતાખાતાની થોડાક આગળના સ્થાને હું પહોંચી ત્યાં તો અચાનક મારા પર મધપૂડો પડ્યો. ઢગલા બંધ ભમરાઓ-મધમાખીઓ મારા ઉપર તૂટી પડી.

એના ચટકા એટલે ?

ચીસો પડી જાય.

એમાંય આ એક-બે નહિ, ઢગલાબંધ ભમરાઓ !

"ભાતાખાતા પાસે ઉભેલા માણસો મને બચાવવા આવશે" એમ વિચારીને મેં જોર જોરથી બુમો પાડી પણ કોઈ મારી પાસે ન આવ્યું.

મને થયું કે "એમને સંભળાયું નહિ હોય"

એટલે હું દોડતી દોડતી ભાથાખાતા તરફ ગઈ.

પણ આશ્ચર્ય !

કોઈ મારી પાસે ન આવ્યું. બધા મારાથી દૂર ભાગવા લાગ્યા.

ત્યારે જ મને ભાન થયું કે "જીવ તો બધાને વહાલો હોય. મને બચાવવા આવે તો એ બધાને પણ ભમરા કરડી જવાનો ભય તો ખરો જ ને ?"

રે ! મારી સાથે યાત્રા કરનારા સાધ્વીજીઓ પણ નીચે ઉતરતા ત્યાં આવ્યા, એમણે મને જોઈ... પણ તેઓ પણ ગભરાયા. કોઈ પાસે ન આવ્યું. બધા દૂરથી જ ધડાધડ નીચે ઉતરવા લાગ્યા.

ત્યારે જ મને મારી અસહાયતાનો અનુભવ થયો. અત્યાર સુધી હું બચવા માટે એકબીજા પાસે વલખા મારતી હતી. મારે એ દુઃખથી બચવું હતું. પણ હવે મારી વિચારધારા પલટાઈ.

"अन्यस्थाने कृतं पापं तीर्थस्थाने विनश्यति" એવું શાસ્ત્રોમાં કહ્યું છે. ખરેખર મેં જે પાપો અન્યસ્થાને કરેલા હશે, તે આજે આ પવિત્રભૂમિ પર ક્ષય પામી રહ્યા છે. આ ભમરાઓ-મધમાખીઓ મારા ઉપકારી છે. જેઓ મને કર્મક્ષયની તક આપે છે."

ખરેખર મારા વિચારોમાં સાત્ત્વિકતા ઝળકવા લાગી. **સહન કરવાની કોઈક ગજબની શક્તિ મારા તન-મનમાં ઉત્પન્ન થઈ.**

મારુ શરીર કાળું પડવા માંડ્યું હતું, ઝેર ધીરે ધીરે ફેલાતું હતું. આંખે દેખાવાનું

બંધ થતું હતું. પેલા ભમરાઓ મારો પીછો છોડતા ન હતા. જાણે કે આખું મોઢું ભમરાઓથી ભરાવા લાગ્યું.

જમણી આંખના એક ખૂણેથી મને જરાક દેખાતું હતું. એના આધારે હું ઝપાટાભેર નીચે ઉતરવા લાગી. ૧૫-૨૦ મિનિટમાં હું નીચે ધર્મશાળામાં પહોંચી ગઈ. આગળ પહોંચેલા સાધ્વીજીઓએ ત્યાં બધા સમાચાર આપી દીધેલા. તેઓને મારી ખૂબ ચિંતા હતી, પણ શું કરે ? સમાચાર પહોંચાડવા જ એ ઉતાવળે ઉતરેલા.

બધા વિચાર જ કરતા હતા કે "એ સાધ્વીજીને કેમ નીચે લાવવા ? બચાવવા ?"

પણ ત્યાં તો હું પહોંચી ગઈ. બે આચાર્ય ભગવંતોએ મને હિંમત આપી. હવે ભમરાઓ લગભગ ઉડી ગયા હતા.

પણ એમણે મારેલા ડંખ !

એનું ઝેર !

એની વેદના !

અપરંપાર હતી.

આચાર્યવર્યોએ મને વાસક્ષેપ નાંખી આપ્યો અને મને તરત હોસ્પીટલ લઈ જવામાં આવી.

મારા આખા શરીરમાં ભમરાના કાંટાઓ ચોંટેલા હતા. એક સાથે ૧૫-૨૦ સાધ્વીજીઓ ચીપીયાથી એ કાંટાઓ ખેંચીને દૂર કરવા લાગ્યા. પણ ઝેર ફેલાઈ રહ્યું હતું. બચવાની આશા હતી નહિ. લગભગ બધાયની આંખોમાં આંસુ હતા.

પણ ખરું કહું ?

**આવી ભયાનક વેદનામાં પણ હું હસતી હતી. મેં ગોખેલા શાંતિસુધારસ ગ્રંથની અશરણભાવનાનું હું રટણ કરતી હતી. "કોઈ મને બચાવનાર નથી. શરણ છે એકમાત્ર જિનશાસન !"**

**મારા રૂંવાડે રૂંવાડે એ ભાવ પ્રગટી ચૂક્યો હતો.**

**"એકવાર તો મરવાનું જ છે ને ? તો આવી પવિત્રભૂમિમાં મોત કોને ન ગમે ?" મેં વિચાર કરેલો, માટે જ હસતી હતી.**

પણ

ડોક્ટરની સારવાર દ્વારા હું બચી ગઈ. ૨૪ કલાક બેભાન રહી. ૭૨ કલાકે મારી આંખ ઊઘડી. સાધ્વીજીઓ મારી સહનશીલતા જોઈ આશ્ચર્ય પામ્યા. રે ! ખુદ મને

પણ નવાઈ લાગે છે કે "મારામાં આટલી બધી સહનશીલતા ક્યાંથી આવી ?"

એ જાણીને આશ્ચર્ય થશે કે આ પ્રસંગ બાદ ૧૭માં દિવસે મારા કાનમાંથી બે મરેલા ભમરાઓ કાઢવામાં આવ્યા.

'ભમરાનો ઉપદ્રવ કેવો ભયાનક હશે' એ આ ઉપરથી કલ્પી શકાય છે.

તે વખતે ત્યાં કુલ ૧૫૦ સાધુ-સાધ્વીજીઓ હતા. બધાએ મારું નામ "ભમરાવાળા મહારાજ" પાડી દીધું. આજે પણ વિહારમાં જ્યારે જ્યારે એ પરિચિત સાધુ-સાધ્વીઓ મળે છે ત્યારે મને ભમરાવાળા મહારાજ તરીકે જ ઓળખે છે.

સ્વપ્રશંસા કરવી એ અવગુણ છે, પણ આપે વિરતિદૂતમાં પ્રશ્ન પૂછ્યો છે. એટલે આ જવાબ આપ્યો છે. આમાં લેશ પણ અભિમાન કે વખાણ કરવાની વૃત્તિ નથી એ જાણજો.

(પૂ.પાદ રામસૂરિજી ડહેલાવાળા સમુદાયના આ સાધ્વીજીએ ખરેખર એમના ગચ્છાધિપતિશ્રી જેવી જ અજબગજબની સહનશીલતા સિદ્ધ કરી છે...)

## ૨૦૯. શિખરજીના સંઘમાં એ રત્નનો પ્રકાશ નિહાળ્યો

(સાધ્વીજીના શબ્દોમાં →)

એ શ્રમણી ભગવંત પૂ.પાદ રાજેન્દ્રસૂરિજી કલિકુંડવાળા સમુદાયના છે શિખરજી જઈ રહેલા છ'રી પાલિતસંઘમાં એમનો પરિચય થયો. અમે કુલ ૧૫૦ સાધુ-સાધ્વીજીઓ હતા. એમના ગુણો જોઈ મારી આંખો અંજાઈ ગઈ.

(ક) એ કાયમ માટે એકાસણા કરે છે.

(ખ) આખા છ'રી પાલિત સંઘમાં કદી પણ એમણે સંઘની રસોઈ વાપરી નથી. ડોળીવાળા, વ્હીલચેર-સાઈકલવાળા માણસો માટે જે અલગ રસોઈ બનતી, એ રસોઈમાંથી તે વહોરી લેતા અને એ જ વાપરતા. એમણે કદી મીઠાઈ વાપરી નથી. વાપર્યો છે માત્ર ગોળ જ !

(ગ) એ ક્યારેય સંયોજના કરતા નથી. બધી વસ્તુ એક એક છૂટી જ વાપરે.

(ઘ) દીક્ષા દિવસથી આજ સુધી એમણે નિર્દોષ વસ્ત્રો જ વાપરેલા છે. ઉજમણા વગેરેમાં જે નિર્દોષ વસ્ત્રો મળે, એનાથી જ આજ સુધી એમણે નિર્વાહ કર્યો છે.

(ચ) નિર્દોષ વસ્ત્ર-પાત્ર પણ વધારે ન રાખે. એમની પાસે વપરાશના કપડા-કામળી સિવાય કશું જ વધારે ન મળે. પહેરવાના વસ્ત્રો ફાટે ત્યારે નવા લે. નવા ન

મળે, ત્યાં સુધી સીવીને ચલાવે.

## ૨૦૭. સર્વત્ર આવી સમાધાનવૃત્તિ ફેલાઈ જાય તો ?

બે વર્ષ પહેલાની વાત છે. બંને પક્ષની સંવત્સરીપર્વની આરાધના જુદી આવતી હતી. તે વખતે એક વિદ્વાન ગણિવરનું ચાતુર્માસ પાલિતાણામાં હતું. તેમની સંવત્સરીની આરાધના એમણે માનેલા પટ્ટક પ્રમાણે એકતિથિ કરતા જુદા દિવસે આવતી હતી.

એમની નિશ્રામાં ૮૦૦ થી ૧૦૦૦ યાત્રિકો !

લગભગ ઘણા ખરા ૧ તિથિના હતા.

બધાને પ્રશ્ન મુંઝવતો હતો કે “શું થશે ?”

પણ ગણિવર્યે એ પ્રશ્નનો સરળતાથી ઉકેલ લાવી દીધો. પર્વાધિરાજના બે દિવસ અગાઉ જ એમણે વ્યાખ્યાનમાં જાહેર કર્યું કે -

પ્રભુની આજ્ઞા રાગદ્વેષ વિના આરાધના કરવાની છે. કોઈપણ આરાધકને જબરદસ્તી નથી કે ‘આમ જ કરવું પડશે.’ તમને જેમાં શ્રદ્ધા બેસે એ પ્રમાણે કરો. તિથિની આરાધનાનો પ્રશ્ન સમાચારીનો છે, સિદ્ધાન્તનો નથી.

અને ખરેખર ત્યાં બંને પક્ષની આરાધનાઓ થઈ. ૧૪ સુપનના ચડાવા બે દિવસ બોલાયા, સાંવત્સરિક પ્રતિક્રમણ બે દિવસ થયું. એમણે એ માટેની વ્યવસ્થા ગોઠવી આપી. વાતાવરણ એકદમ શાંત-નિર્મળ !

(આ પ્રસંગ લખનારા સાધ્વીજી જણાવે છે કે - મેં મારી આંખ સામે નિહાળેલ પર્વાધિરાજની ઉજવણીનો આ માહોલ ભૂલી શકાતો નથી. જો શાસનના દરેક પુણ્યશાળી-પ્રભાવશાળી મહાત્મા આવા સમ્યક્ સમાધાનવાદી બની જાય તો ખરેખર ! આજે પાંચમાં આરામાં પણ ચોથા આરાનું પવિત્ર વાતાવરણ ઉભુ થઈ જ શકે...)

## ૨૦૮. સવિ જીવ સાથે ભાવથી કર જોડી કરું હું ક્ષમાપના

“સંપતલાલ ! તમને કંઈ ભાન છે કે નહિ ? તમારા જેવા ઉત્તમ શ્રાવકોના પ્રસંગોમાં અભક્ષ્ય પીણા પીવાય ? તમને શરમ નથી આવતી ? શું જોઈને તમે સંઘના પ્રમુખ બન્યા છો...?”

આચાર્યદેવે ભાવાવેશમાં સંઘપ્રમુખ સંપતલાલજી કોચરને ન કહેવાના શબ્દો કહી

દીધા.

બન્યું એવું કે સંપતલાલ કોચરના ઘનિષ્ઠ મિત્ર શ્રી મેઘરાજ ગોલેચ્છાને ત્યાં માંગલિક કાર્યના પ્રસંગે બહારથી મિલમાલિકો, મેનેજર સાહેબો, ડોક્ટરો, વકીલો, ઉચ્ચવર્ણના આગેવાનો પધારેલા હતા. આચાર્યદેવ જે ધર્મશાળામાં ચાતુર્માસ ઉતર્યા હતા, બરાબર એની સામેના મકાનમાં જ આ પ્રસંગ હતો. એમાં બધાને અભક્ષ્ય પીણું આપવામાં આવ્યું. આ વાતની શ્રી આચાર્યદેવને ખબર પડી. સંઘપ્રમુખ આવી રીતે અભક્ષ્યપીણા પીવડાવે એ એમનાથી સહન ન થયું અને પ્રમુખને બોલાવીને ધધડાવી નાંખ્યા.

કાચની બરણી જેવા શ્રાવકોનાં હૈયા તૂટી જતા કેટલી વાર ?

એ પ્રમુખને ખોટું લાગી ગયું, ધર્મશાળામાં, ઉપાશ્રયમાં આવવાનું જ બંધ કરી દીધું.

દિવસો વીતતા ગયા. આચાર્યદેવને પણ પાછળથી કડક-કટુ-અપશબ્દો બોલવા બદલ પશ્ચાત્તાપ થયો.

પણ હવે શું થાય ?

વિચાર્યું કે "પજુસણમાં આવશે. ત્યારે ક્ષમાપના કરી લઈશ."

પણ

પજુસણના ૧-૨-૩-૪-૫ દિવસ થઈ ગયા, સંપતલાલ કોચર સંઘપ્રમુખ ઉપાશ્રયમાં ન દેખાણા.

"સંવત્સરીએ પ્રતિક્રમણ કરવા તો આવશે જ. સંઘપ્રમુખ છે..." એ એકમાત્ર આશા આચાર્યદેવને હતી.

સાંવત્સરિક પ્રતિક્રમણ નિમિત્તે સેંકડો શ્રાવકો આવી ગયા, હોલ ભરાઈ ગયો. પણ આચાર્યે જોયું કે "સંપતલાલ ન દેખાય."

"જુઓ, ભાઈઓ ! મારા કડવા શબ્દોના કારણે સંઘપ્રમુખને ખોટું લાગ્યું હોવાથી એ પ્રતિક્રમણ કરવા આવ્યા નથી. એમની સાથે ક્ષમાપના કર્યા વિના જો હું પ્રતિક્રમણ કરું તો મારું પ્રતિક્રમણ નિષ્ફળ થાય. એટલે હું અત્યારે જ ક્ષમાપના કરવા એમના ઘરે જાઉં છું. મને કદાચ વાર લાગશે, તમે પ્રતિક્રમણ શરુ કરી દેજો. હું પછી ભળી જઈશ."

પણ શ્રી સંઘ માને ?

"આપ ન આવો ત્યાં સુધી અમે રાહ જોશું. પ્રતિક્રમણ આપની સાથે જ શરુ કરશું" સંઘે જવાબ વાળ્યો.

આચાર્યદેવ શિષ્ય સાથે સંપતલાલ કોચરના ઘરે ગયા, હાર્દિક ક્ષમાપના કરી. આચાર્યશ્રીની આવી નમ્રતા-નિખાલસતા જોઈ એમને પણ પોતાની ભૂલનું ભાન થયું. પગે પડીને ક્ષમા માંગી.

શ્રી સંઘે જોયું કે આચાર્યદેવ અને સંઘપ્રમુખ સાથે જ પાછા આવી રહ્યા છે,

ત્યારે સકળ સંઘનાં આનંદનો પાર ન રહ્યો. જિનશાસનનો જયનાદ કરાયો. સંપતલાલ કોચરે શ્રીસંઘ સમક્ષ પોતાની ભૂલ સ્વીકારી સાથે પ્રતિક્રમણ કર્યું.

(શાસ્ત્રો કહે છે કે સાંવત્સરિક પ્રતિક્રમણ કરતા પૂર્વે જો મનમાં કોઈપણ જીવ પ્રત્યે વેરની ગાંઠ રહી જાય, ક્ષમાપના કરવાની રહી જાય તો મિથ્યાત્વની પ્રાપ્તિ થાય. એટલે જ સાંવત્સરિક પ્રતિક્રમણ પૂર્વે બધાએ બધાની સાથે હાર્દિક ક્ષમાપના કરી જ લેવી...)

## ૨૦૯. મોજું એક જ પગમાં કેમ ?

"સાહેબજી ! આ કેવું વિચિત્ર લાગે છે ! આપે એક પગમાં મોજું પહેર્યું છે. બીજો પગ ખુલ્લો રાખ્યો છે. આ કેવું ?"

ભક્ત શ્રાવકે વિહાર કરી રહેલા આચાર્યશ્રીને પ્રશ્ન પૂછ્યો.

"મારે એકજ પગમાં તકલીફ થઈ છે. તો મોજું એક જ પગમાં પહેરું ને ? બીજા પગમાં તકલીફ નથી. તો ત્યાં શું કામ મોજું પહેરું"

આચાર્યશ્રીએ ઉત્તર આપ્યો.

"પણ સાહેબ ! આ તો કેવું લાગે ? એના કરતાં બંને પગમાં પહેરોને ? સારું લાગે." શ્રાવક બોલ્યો.

આચાર્યદેવે સહજતાથી કહ્યું કે "ભાઈ ! હું સાધુ છું. વગર કારણે બીજા પગમાં મોજું શા માટે પહેરું ? અને લોકોને કેવું લાગે છે એ મારે શું જોવાનું ? મારે તો દોષ લાગતો નથી ને ?એટલું જ જોવાનું !"

(જ્ઞાનસારમાં કહ્યું છે કે લોકોત્તરસ્થિતિને ભજનારા મુનિએ લોકસંજ્ઞામાં તણાવું જોઈએ નહિ...)

## ૨૧૦. આદિનાથદાદાને ક્ષમાની ભેટ આપી

"દાદા ! આજે પાલિતાણાથી વિહાર કરીએ છીએ. તારી ઘણા દિવસો સુધી ભક્તિ કરી. એ ભક્તિના સંભારણારૂપે મારે એક બાધા લેવી છે.

મને ક્રોધ ખૂબ આવે છે. વાતે વાતે વારંવાર મન ગુસ્સે થઈ જાય છે. હું આજે એક નાનકડી બાધા લઉં છું કે આખા દિવસ દરમ્યાન ૭ થી ૮ ના સમય દરમ્યાન = એક કલાક તો હું ક્રોધ નહિ જ કરું. ગમે તેવો પ્રસંગ બને, એ એક કલાક ક્ષમા રાખીશ."

સિદ્ધગિરિથી વિહાર કરતી વખતે એક સાધ્વીજીએ પ્રતિજ્ઞા લીધી.

થોડાક વખત બાદ પાછું સિદ્ધાચલ આવવાનું થયું, અને થોડા દિવસ બાદ પાછો વિહાર થયો ત્યારે બીજા એક કલાકની પ્રતિજ્ઞા કરી. ૮ થી ૯ પણ ક્રોધ ન કરવાની બાધા લીધી.

એમ વારંવાર બન્યું. ક્ષમા વધતી ચાલી, ક્રોધ ઘટતો ચાલ્યો.

આજે એમને ૨૪ કલાક માટે ક્રોધ ન કરવાની પ્રતિજ્ઞા છે, અત્યંત ક્ષમાશીલ બની ગયા છે.

## ૨૧૧. કર્મક્ષપણનો અવસર જાણી જે મનમાં બહુ હસતા.

વિ.સં. ૨૦૨૬ની સાલ !

આચાર્યદેવનું ચાતુર્માસ બારડોલીમાં હતું.

એકવાર પુસ્તકનું આખું કબાટ આચાર્યદેવના માથા ઉપર પડ્યું.

માથામાં ખૂબ જ ઊંડો ઘા પડી ગયો. લોહી તો પુષ્કળ નીકળવા લાગ્યું.

પણ આચાર્યદેવે ડોક્ટર બોલાવવાની કે ધનુરનું ઈંજેકશન લેવાની પણ સાફ ના પાડી દીધી.

એમણે લોહી બંધ કરવા માટે ચૂનાનો ઘડો માથા ઉપર ખાલી કરાવી દીધો. લોહી નીકળવાના ભાગ ઉપર વધુ ને વધુ ચૂનો લગાડતા ગયા.

શ્રાવકોએ ડોક્ટર બોલાવવા ઘણું કહ્યું ત્યારે કહે કે

"આ તો કર્મ ખપાવવાનો અવસર આવ્યો છે. મને સહન કરવા દો..."

## ૨૧૨. તપપદને પૂજીએ

(સાધ્વીજીના શબ્દોમાં →)

બે વર્ષ પૂર્વે મારે એક સાધ્વીજી મ.સાહેબની નિશ્રામાં રહેવાનું થયું. તે વખતે એમની તપ સાધનાનો આછો આછો અણસાર પ્રાપ્ત થયો.

(ક) એકવાર ૧૦૦ ઓળી વર્ધમાનતપની પૂર્ણ કરી. (સળંગ કરીએ તો ૧૪ વર્ષ થાય.)

(ખ) બીજીવાર ૧૦૦ ઓળી વર્ધમાનતપની પૂર્ણ કરી. એમાં ૧૦૦ મી ઓળી અઠ્ઠમ દ્વારા કરી.

(ગ) ત્રીજી વાર ૯૮ ઓળી વર્ધમાનતપની પૂર્ણ કરી.

(ઘ) વાપરવા બેસે ત્યારે આ સાધ્વીજી ક્યાંય આજુબાજુ નજર ન નાંખે. માત્ર પોતાના પાત્રામાં જ નજર. કોણ શું વાપરે છે ? વગેરે જોવાની ઈચ્છા જ નહિ.

(ચ) રોજ રાત્રે ૩.૩૦ કલાકે ઊઠીને જપ કરવા બેસી જાય. અને દિવસે પણ આરામ ન કરે.

(છ) એમના સંયમજીવન દરમ્યાન એમણે માત્ર એક જ બોલપેનનો ઉપયોગ કર્યો છે.

(જ) ૧૦૦મી ઓળીનું પારણું ઠંડા દૂધથી કર્યું. કોઈને કશું જ જણાવ્યું નહિ. દોષિતવસ્તુ કરાવી જ નહિ.

## ૨૧૩. આ બધા અજૈન કે જૈન ?

મહેસાણા પાસે આવેલું નાનકડું ગામ લીંચ !

ભવ્યજિનાલય...

પહેલા જાહોજલાલી હતી, પણ હાલ... જૈનનું માત્ર એકજ ઘર... તે પણ માત્ર બે-ત્રણ વ્યક્તિ....

લીંચમાં બાપજી મ.ના સમુદાયના સાધ્વીજીઓએ ચાતુર્માસ કર્યું. ચાતુર્માસપ્રવેશ બાદ... જૈનેતર બાળકોમાં સંસ્કારનું સિંચન કરવાની શરુઆત કરી અને

(ક) ૧૫૦ જૈનેતર બાળકો ભણવા આવતા થઈ ગયા.

(ખ) એક માસમાં તો એ અજૈન બાળકો ગુરુવંદન-ચૈત્યવંદન, સ્તવન, સામાયિક

લેવા-પારવાની વિધિ, આરતીમંગળ દીવો, પર્યુષણનાં સ્તવન, થોય, હાલરડું, સાતલાખ, કલ્લાણ કંદં, બધુ શીખી ગયા. પર્યુષણમાં એ બધું જ જાહેરમાં બોલ્યા.

(ગ) બાળકો ઉપાશ્રયમાં આવતાની સાથે જ બેસી જાય. ૨૫ જેટલા બાળકો સામાયિક કરે...

(છ) રોજ ૭૦ જેટલા અજૈન ભાઈ-બહેનો દેરાસર દર્શન કરવા આવતા થઈ ગયા.

(ચ) ૨૫-૩૦ અજૈન ભાઈ-બહેનો નવકારશી-ચોવિહાર કરે.

(છ) રોજ રાત્રે બહેનોનું વ્યાખ્યાન ! ૨૦૦ જેટલા અજૈન બેનો આવે. નવ વાગે વ્યાખ્યાનનો સમય હોય અને બધા ૧૦ મિનિટ પહેલા હાજર થઈ જાય.

તેઓ માને કે "ગુરુના આવ્યા પછી આપણે પહોંચીએ તો પાપ લાગે, આશાતના કહેવાય."

તેઓ આવીને રોજ બોલે કે "ગુરુજી અમારો અંતરનાદ... અમને આપો સાચું જ્ઞાન..."

(જ) પર્યુષણ મહાપર્વમાં તો અજૈનોએ ઘણો જ ઉત્સાહ દાખવ્યો.

- રોજ ૧૦૦ અજૈન ભાઈ-બહેનો પૂજા કરે.
- રોજ અજૈન ૧૫૦ ભાઈ-બહેનો પ્રતિક્રમણ કરે.
- મહાવીર જન્મવાંચનના દિવસે બપોરે ૫૦૦ અજૈન ભાઈ-બહેનો હાજર હતા. રાત્રે રાત્રિજગો કરવામાં ૬૦૦ જણ હાજર હતા.
- અજૈનોમાં ૨૬ અઠ્ઠમ અને ૧૦ અઠ્ઠાઈ થઈ.
- રોજેરોજ ૭૦ અજૈનોએ એકાસણા કર્યા.
- રાત્રે પ્રતિક્રમણ બાદ બધા આરતીમાં જાય, આરતી પછી પાછું વ્યાખ્યાન ગોઠવાય. ૨૫૦ સંખ્યા થાય. બધા રાત્રે સાડાદસ વાગે ઘરે જાય.

(૪) અજૈનો બોલે કે "તમને અમારા ઉદ્ધાર માટે ભગવાને મોકલ્યા છે. અમારા લીંચ ગામના લોકોને તમે સુધારી દીધા."

(ટ) મહેસાણામાં બિરાજમાન આચાર્યદેવને વંદન કરવા માટે બધા ચાલતા ચાલતા ગયા. કુલ ૧૫૦ અજૈન ભાઈ બહેનો ! "રસ્તામાં વાતો ન કરાય" એમ કહ્યું તો આખા રસ્તે ગુરુના ગીતો ગાતા ગાતા ચાલ્યા. ત્યાં અજૈન બાળકોએ પ્રોગ્રામ કર્યો,

સંઘમાં શુદ્ધ ઉચ્ચાર સાથે સૂત્રો બોલ્યા. જૈનો આશ્ચર્ય પામ્યા.

(ઠ) અજૈન બેનોને પહેલેથી જ પાણી ગળીને વાપરવું - લોટનો કાળ... વગેરે આચારો શીખવી દીધા. એક દિવસ એમ.સી. ઉપર વ્યાખ્યાન આપ્યું. એ દિવસે ૫૦૦ બેનો હાજર ! બધા પાળતા થઈ ગયા. એ બધાને પાપનો ભય ઘણો ! ઉપવાસ કર્યો હોય તો બીજા દિવસે પૂછ્યા વિના પારણું ન કરે.

(ડ) જ્યારે તેઓ એક સાથે મધુરકંઠે હાલરડું બોલ્યા, ત્યારે તો એમ જ લાગ્યું કે "આ અજૈનો શી રીતે કહેવાય ? કેવું સુંદર, ભાવવાહી સ્તવન બોલે છે."

(ઢ) પર્યુષણના આઠ દિવસ તો ઘરના કામકાજ સિવાયનો બધો સમય ઉપાશ્રયમાં જ વિતાવે.

(ત) જીવદયા માટે સૂચન કર્યું તો અજૈનોએ ઘણી રકમ નોંધાવી. ૫૦૦-૫૦૦ રૂા. આપે તો પણ પોતાના નામની કોઈ પરવા નહિ. પર્યુષણની આરાધના નિમિત્તે એ જૈનતરોએ રૂા.૨૦૦૦૦ જીવદયા માટે નોંધાવ્યા.

(એક સાધ્વીજી પણ જૈનેતરોમાં આવી અજોડ, અમોઘ, અતોડ શાસનપ્રભાવના કરી શકે એ કેટલું બધું આશ્ચર્ય છે...)

## ૨૧૪. જ્યારે દુઃખના ડુંગરાઓ તૂટી પડે છે....

(સાધ્વીજીના શબ્દોમાં →)

અમારા દાદી ગુરુણી ૯૩ વર્ષની ઉંમરે કાળધર્મ પામેલા.

૭૫ વર્ષની ઉંમરે તેઓ વિહાર કરી (ડોળી-વ્હીલચેર નહિ) મહારાષ્ટ્રમાં આવ્યા. નાસિકમાં ચોમાસું કર્યું.

(ક) પર્યુષણમાં જ આંતરડું ચોંટી ગયું અને સડી ગયું. તેનું ઓપરેશન કરાવ્યું.

(ખ) થોડા વખત પછી એકાએક લકવો થયો. બચવાની આશા ન હતી પણ આયુષ્ય બળવાન હતું એટલે સારું થઈ ગયું.

(ગ) ૮૨-૮૩ વર્ષની ઉંમરે એકવાર પાટ ઉપરથી પડી ગયા, એમાં થયેલી ઈજાને સાજી કરવા જતા હાડકું વાંકુ થઈ ગયું. હલાય નહિ કે ચલાય નહિ. એકજ પડખે ૨૪ કલાક સુઈ રહેવાનું. ૯ વર્ષ આ રીતે પસાર કર્યા, પણ કોઈ હાય-વોય નહિ, ફરિયાદ નહિ, ઉંહકારો નહિ. સુતા સુતા પુસ્તકો વાંચ્યા કરે. કોઈ પર ગુસ્સો ન કરે.

(ઘ) કોઈ પણ દિવસ એમ ફરિયાદ નથી કરી કે "મને ગરમી લાગે છે, મને

મચ્છર કરડે છે.”

જેવી પરિસ્થિતિ હોય, તેવી પરિસ્થિતિ નભાવી લે.

(ચ) આવા રોગો વચ્ચે પણ ક્યારેય આધાકર્મી બનાવડાવીને વાપર્યું નથી.

## ૨૧૫. વેદના વચ્ચે પણ વંદના ચાલુ જ.

એ સાધ્વીજી ભગવંતે

(ક) આખા જીવન દરમ્યાન ૮ કરોડ નમસ્કાર મહામંત્રનો જપ કર્યો છે.

(ખ) છેલ્લી ઉંમરમાં ડાબા શરીરે લકવો થયેલો, છતાં રોજ ૧૦૦ થી ૧૫૦ નવકારવાળી રોજ અપ્રમત્તપણે ગણે.

(ગ) એ લકવામાં વળી ચાર માસની માંદગી આવી, ઈંજેક્શન પાકી ગયેલું, બોલનું ઓપરેશન કરાવ્યા બાદ એ સાથળના ભાગ ઉપર ૨૦-૨૫ ટાંકા લીધેલા... એ દરમ્યાન કુલ ૧ કીલો જેટલું લોહી-પરુ નીકળ્યું. છતાં એમના જપમાં કોઈ ફેરફાર નહિ. સહવર્તી પાસે પુસ્તકો વંચાવી એમાં લીન બને.

(ઘ) છેલ્લા આઠ દિવસ બાકી હતા ત્યારે એમની વાણી બંધ પડી ગઈ. એમના શરીર પર જુદા જુદા આકારના સાથિયા દેખાયા લાગ્યા. લોકો એ જોવા આવતા.

## ૨૧૬. ભગવાનના નામથી ચડિયાતું કોઈ નામ નથી

અમદાવાદનું પંકજ સોસાયટીનું દેરાસર.

ત્યાં મૂળનાયક શ્રી સંભવનાથ ભગવાન આદિ પરમાત્માની પ્રાણ-પ્રતિષ્ઠા આચાર્યદેવના હાથે થવાની હતી.

પ્રતિષ્ઠાની ઉછામણીઓ શરુ થઈ.

આચાર્યદેવના મનમાં પૈસા કે બોલી રેકોર્ડરૂપ થાય એનું વિશેષ મહત્ત્વ ન હતું, પરંતુ શુદ્ધિની મહત્તા હતી.

આથી જ ઉછામણી શરુ કરતા પહેલા જ એમણે ઉપદેશ આપ્યો કે

“આપણે ત્યાં ધનવાનો પૈસાના જોરે બોલી બોલીને પ્રતિષ્ઠા કરાવી જાય. પરંતુ એના આચાર-વિચાર કેવા છે ? એ તરફ લક્ષ્ય અપાતું નથી. પ્રતિષ્ઠાને સફળ બનાવવી હોય અને સંઘની ઉન્નતિ કરવી હોય તો ઉત્તમ આરાધક એવા બારવ્રતધારી શ્રાવકના હાથે પ્રતિષ્ઠા કરાવવી જોઈએ.

આપણે બોલી તો બોલવાની જ. બોલી બોલનારાઓ પ્રતિષ્ઠા કરે એ પણ માન્ય. પણ જો બધાની મંજુરી હોય તો બોલી બોલનારાની સાથે હું કહું એ આરાધક શ્રાવક પણ ભેગા પ્રતિષ્ઠા કરે... આ વાત બધાને માન્ય હોય તો બોલો..."

સંઘે એકમતે ગુરુદેવશ્રીની વાત સ્વીકારી લીધી.

નક્કી કર્યું કે "પૂજ્યશ્રી જેનું નામ સૂચવે તે બારવ્રતધારી શ્રાવકને આગળ કરીને ઉછામણી બોલનારાઓ પ્રતિષ્ઠાનો લાભ લેશે."

એજ પ્રમાણે થયું.

હવે પ્રશ્ન આવ્યો દેરાસરમાં પ્રતિષ્ઠાકારક આચાર્ય અને પ્રતિષ્ઠાનો લાભ લેનાર શ્રીમંત શ્રાવકોના પ્રાતષ્ઠાકારક અને લાભ લેનાર તરીકે નામ લખવાનો !

નિઃસ્પૃહ આચાર્યદેવે ખૂબ જ મક્કમતાથી કહ્યું કે "ભગવાનના નામથી ચઢિયાતું બીજું કયું નામ હોઈ શકે ? એટલે જો લાભ લેનાર હા પાડે તો દેરાસરમાં મારું કે એનું કોઈ પણ નામ ન લખાવીએ..."

પ્રતિષ્ઠાનો લાભ લેનાર વ્યક્તિ પણ આચાર્યદેવના પગલે ચાલનારા જ હતા. એમણે પણ નામની બાબતમાં નિઃસ્પૃહતા જ બતાવી.

આજે પણ એ દેરાસરમાં ભગવાનના નામ સિવાય બીજા કોઈપણ નામનું ચિતરામણ ક્યાંય ખૂણામાં પણ જડશે નહિ.

આજ આચાર્યદેવે અમદાવાદમાં અમૂલ સોસાયટીમાં પ્રતિષ્ઠા કરાવી છે. ત્યાં પણ પ્રતિષ્ઠાકારક કે લાભ લેનાર કોઈનું પણ નામ નથી.

(નામ માટે અતિ લોલુપ જીવોને ભવાંતરમાં એવા તિર્યંચ-નિગોદના અવતારો લેવા પડે કે જ્યાં નામ જ ન મળે...)

## ૨૧૭. તમને વાગ્યું તો નથી ને ?

(સાધ્વીજીના શબ્દોમાં →)

ઉંમર તો એ સાધ્વીજીની મોટી, પણ તપમાં આગળ પડતા !

કાયમ એકાસણા કરે.

બપોરે બાર વાગ્યા સુધી ખેંચી ન શકે તો પોરિસી સમયે એકાસણું કરવા બેસી જાય. સવારે નવકારશી જનારાઓ વધારે દૂધ વહોરી લાવે એ રાખી મુકે એટલે એ વૃદ્ધ સાધ્વીજી પોરિસી સમયે વહેલા વાપરવા બેસી શકે.

એક દિવસ

આજ રીતે તરપણી ભરીને વધેલું દૂધ કબાટમાં મૂકી રાખેલું.

પોરિસીનો સમય થયો એટલે વૃદ્ધ સાધ્વીજી એકાસણું કરવા બેસવા માટે તરપણી લેવા કબાટ પાસે ગયા. એમણે તરપણી હાથમાં લીધી.

હવે હું એ વખતે કબાટની નીચે જ સ્વાધ્યાય કરવા બેઠેલી, મને એમની પ્રવૃત્તિ તરફ ઉપયોગ ન હતો. અચાનક જ હું કોઈક કામ માટે ઉભી થઈ, એ ઉભી થઈ એમાં હું એમના હાથ સાથે અથડાઈ, એમના હાથમાંની તરપણી દૂર જઈ પડી. તૂટી ગઈ.

એ વખતે મારા ગુરુણી સામે જ બેઠેલા, એમણે આ બધું જોયું. હું તો ગભરાઈ ગઈ,

"આટલું બધૂ દૂધ ઢોળાઈ જવા બદલ ગુરુણી સખત ઠપકો આપશે." એ વિચારથી અવાચક બની ગઈ.

પણ

હું આશ્ચર્ય પામી.

તરત મારા ગુરુણી ઉઠ્યા, લુંછણિયું લઈ દૂધ સાફ કરવા લાગ્યા. પછી તો હું પણ સહાય માટે જોડાઈ.

એ કામ કરતા કરતા જ મને પૂછે **"તમને વાગ્યું તો નથી ને ?"**

અમૃત જેવા એ શબ્દો સાંભળી મારું મન ભરાઈ આવ્યું.

ન ઠપકાનું નામ !

ન દૂધ ઢોળાઈ જવાની ઘટનાનો ઉલ્લેખ !

એના બદલે મને વાગ્યું હોવાની ચિંતા !

મારો ભય દૂર થઈ ગયો.

(ભૂલ તો બધાની થાય, ભૂલ થઈ એટલે એ પડેલો કહેવાય. પડેલાને પાટું મારવું ન જોઈએ. અર્થાત્ એને એની ભૂલનો ખ્યાલ આવી જાય પછી ખખડાવવાને બદલે આશ્વાસન આપી ભૂલ ભૂલી જઈ પ્રસન્ન બનાવવો જોઈએ.)

## ૨૧૮. આશ્રિતોની માતા બને એ સાચા ગુરુ

(સાધ્વીજીના શબ્દોમાં →)

"ગુરુજી ! અમારો અંતરનાદ..."

ના નારા બોલાઈ રહ્યા હતા.

ઉપાશ્રયની નીચે સેંકડો માણસો ભેગા થયા હતા. શરણાઈ અને બેન્ડના અવાજથી વાતાવરણમાં મધુરતા ફેલાઈ હતી. ગઈકાલે જ એક બેનની દીક્ષા થયેલી, આજે એના સંસારી ઘરે આચાર્યદેવ નૂતનદીક્ષિત સાથે પગલા કરવા જવાના હતા, એ માટે જ આ આનંદોત્સવનો માહોલ ખડો થયો હતો.

હું, મારા ગુરુણી અને સાધ્વીજીઓ ત્યારે જ આચાર્યદેવને વંદન કરવા ઉપાશ્રયમાં પહોંચી ગયા. આચાર્યશ્રી તૈયાર થઈ ચૂક્યા હતા, નીકળવાની તૈયારીમાં હતા, ત્યાં અમે પહોંચ્યા એટલે વંદન લેવા માટે બેઠા.

મારી દીક્ષા પણ એક વર્ષ પૂર્વે જ થયેલી.

વંદન કરીને મારા ગુરુણીએ આચાર્યદેવને મારી તરફ આંગળી ચીંધી ધીમા અવાજે કહ્યું કે

**"સાહેબજી ! આ સાધ્વીજીના સંસારી બાપુજી ગઈકાલે મૃત્યુ પામ્યા છે..."**

શબ્દો સાંભળતા જ હું ચોંકી.

કેમકે આ સમાચાર મને મળ્યા જ ન હતા. મને ખ્યાલ આવી ગયો કે મને આઘાત ન લાગે એ માટે અત્યાર સુધી મારાથી એ વાત છુપાવવામાં આવેલી.

દીક્ષા લીધી પણ સંસારી બાપુજી પ્રત્યે સ્નેહ તો હતો જ, આ અચાનક બનેલા પ્રસંગે મારા મુખ ઉપર ઉદાસીનતા લાવી દીધી. આચાર્યદેવને મારા આઘાતનો અંદાજ આવી ગયો. બીજી બાજુ ત્યાંનો શ્રીસંઘ, નૂતનદીક્ષિતના સ્વજનો ઉતાવળમાં હતા, મોડું થઈ ગયું હતું... છતાં આચાર્યદેવ શાંતિથી બેઠા. મને સાંત્વના આપવી એ એમની ફરજ સમજી એમણે કહ્યું કે

"આપણે ઉપાશ્રય બદલીએ, ગૃહસ્થો ઘર બદલે, એમ તમારા સંસારી બાપુજીએ શરીર બદલ્યું છે... એમાં ખેદ ન કરવો."

મને પાંચેક મિનિટ શાંતિથી આશ્વાસન આપ્યા બાદ જ રાહ જોઈ રહેલા ગૃહસ્થોની સાથે આચાર્યદેવ પગલા કરવા નીચે ઉતરવા લાગ્યા.

એમની આ ઉદારતા, આશ્રિતો પ્રત્યેની અપાર લાગણી મારા હૃદયને સ્પર્શી ગઈ.

(પ્રત્યેક વડીલો આશ્રિતો પ્રત્યે આવા અગાધ વાત્સલ્યવાળા બને તો શ્રમણસંસ્થામાં સ્વર્ગના જ દર્શન થાય... કોઈ ન પીડાય...)

## ૨૧૯. જિનાજ્ઞાપાલનની શક્તિ અપરંપાર છે



"આ તું શું કરે છે ? આ પૂઠું કેમ હલાવ્યા કરે છે ? વાયુકાયની વિરાધના થાય..."

મારા મોટા ગુરુબેને મને ઠપકો આપ્યો.

આજથી ૧૦ વર્ષ પહેલાની વાત.

એ સ્થળ હતું અમદાવાદ કીકાભટ્ટની પોળ !

સાંકડી ગલીમાં નાનકડા ઉપાશ્રયમાં અમે ઉતરેલા હતા. સુરતથી વિહાર કરી અમદાવાદ આવી અત્રે રોકાયેલા. એ પોળમાં જ અમારું ચોમાસું નક્કી થયું અને ચાતુર્માસ પ્રવેશ પણ કરી દીધો.

પણ

થોડાક જ દિવસો બાદ મોટા ગુરુબેનને ખભા ઉપર નાની નાની ફોલ્લીઓ થઈ, શરુઆતમાં તો ખબર ન પડી. પણ પછી ઝપાટાબંધ એ ફોલ્લીઓ મોટા ફોલ્લા થઈ વધવા લાગી, ત્યારે અમને ખબર પડી કે એ ફોલ્લીઓ એટલે હરપીસ !

હરપીસ એટલે જાણે ધગધગતો અંગારો ! જે બળતરા થાય, વેદના થાય એની કલ્પના પણ ન કરી શકીએ. કોઈ ખભા ઉપર ધગધગતો અંગારો મૂકે અને જે પીડા થાય એવી પીડા આ હરપીસની ગરમીથી થાય.

પણ એ મોટા ગુરુબેન સહન કરતા રહ્યા.

સાત દિવસ બાદ

એક રાત્રે

એ વેદનાએ હદ વટાવી. ગુરુબેનની સહનશીલતાની કસોટી થવા લાગી. પ્રતિક્રમણ બાદ એ ચોધાર આંસુએ રડવા લાગ્યા. અમે બધા જોઈ રહ્યા.

શું કરીએ?

એક તો સાંકડી ગલીમાં બંધિયાર ઉપાશ્રય એટલે પવન બિલકુલ ન આવે, એમાં વળી ચોમાસું હોવા છતાં વરસાદ વિશેષ ન પડેલો હોવાથી સખત બફારો ! આ બહારની ગરમી અને હરપીસની અંદરની ગરમી....

છેવટે એ મોટા ગુરુબેનને શાતા આપવા માટે મેં પૂઠું હાથમાં લઈ એના દ્વારા એમને પંખો નાંખવો શરુ કર્યો.

મારી આ પ્રક્રિયા જોતા જ વેદનાના રુદન સાથે જ એમણે મને પ્રશ્ન કરેલો કે "તું આ શું કરે છે..."

મેં જવાબ દીધો કે "આપને ગરમીમાં શાતા મળે એ માટે પંખો નાંખું છું..."

અને

ચોધાર આંસુએ રડાવનારી વેદના વચ્ચે પણ એ બોલી ઉઠ્યા કે

"મારા પાપના ઉદયે મને જે કર્મ ઉદયમાં આવ્યું છે, તે કર્મમાં વધારો કરવા તું મને પંખો નાંખે છે? આ રીતે હવા ખાવાથી તો મને ઘોર પાપ બંધાશે, હું દુર્ગતિમાં જઈશ. મારે એવી દુર્ગતિ જોઈતી નથી. ભગવાનની આજ્ઞા પાળી જેટલા કર્મો બળે તેટલા મારે બાળવા છે..."

હું સાંભળી જ રહી.

આવી કટોકટિમાં પણ જિનાજ્ઞા પ્રત્યે કેવો બહુમાનભાવ !

આજ્ઞાપાલન માટે કેવી સજાગતા !

અને મેં સાક્ષાત જોયું. એ જિનાજ્ઞાપાલનનું ફળ !

એ અંતિમ રાત

બીજા દિવસે સવારે હરપીસની વેદના શમી ગઈ હતી. જૂના ફોલ્લા મટવા લાગ્યા, નવા ફોલ્લા થતા બંધ થઈ ગયા.

જિનાજ્ઞાપાલનનો પ્રત્યક્ષ ચમત્કાર મેં નજરોનજર નિહાળ્યો.

(અગાધ શ્રદ્ધા જો હોય જિનાજ્ઞાઓ પ્રત્યે !

એનું પાલન કરવાની અડગ ટેક જો હોય રૂંવાડે રૂંવાડે !

તો કોઈપણ કાળમાં એ જિનાજ્ઞાઓ ચમત્કારોની હારમાળા સર્જી દેવા સક્ષમ છે.

પણ શ્રદ્ધા અને સત્ત્વની ખામી હોય તો જિનાજ્ઞાઓ પણ શું કરે ?)

## ૨૨૦. अधृष्यश्चाभिगम्यश्च यादोरत्नैरिवार्णवः

(સાધ્વીજીના શબ્દોમાં →)

એ આચાર્યદેવનો સ્વભાવ ઘણો કડક !

એમાંય સાધ્વીજીઓ પ્રત્યે તો વિશેષ કડકાઈ દાખવે. એમને વધુ સમય ઉપાશ્રયમાં ઉભા ય ન રહેવા દે. વગર કારણે ઉપાશ્રયે કોઈ સાધ્વીજી જાય, તો ઠપકો

આપતા વાર નહિ. હસવાનું તો નામ નહિ. સિંહ જેવી મુખાકૃતિ જોઈને જ અમે બધા સાધ્વીજીઓ એમનાથી ડરીએ.

અલબત્ત અમે જાણતા હતા કે આ કડકાઈ શાસ્ત્રીય હતી, બ્રહ્મચર્યની સુરક્ષા માટે હતી...

પણ એ ડરના કારણે અમે આચાર્યદેવ પાસે જવામાં ભયની લાગણી અનુભવતા.

એકવાર એ વર્ધમાન તપોનિધિ આચાર્યદેવનું ચાતુર્માસ વિદ્યાશાળામાં હતું.

ઉંમર ઘણી થઈ ગયેલી અને એમાં વળી તબિયત બગડી. રાત-દિવસનો ભેદ પારખવા જેટલો પણ વિવેક આચાર્યદેવ એ માંદગીમાં ગુમાવી બેઠા. ખાસ કંઈ બોલી શકતા ન હતા. શ્રી સંઘે નમસ્કાર મહામંત્રની ધૂન શરુ કરી દીધેલી.

અમે બધા આવી માંદગીમાં એમને શાતા પૂછવા, વંદન કરવા ઉપાશ્રયે ગયા. પણ નજીક જવાની તો હિંમત જ નહિ. અમે ૨૫ થી ૩૦ સાધ્વીજીઓએ રૂમની બહાર રહીને જ આચાર્યદેવને વંદન કર્યા. આચાર્યદેવ રૂમમાં હતા, પણ રૂમમાં તો પગ મૂકતા પણ ધ્રૂજતા.

રખે ને આચાર્યશ્રી ઠપકો આપે તો ?

આચાર્યદેવની અમારા ઉપર નજર પડી, એમણે હાથના ઈશારાથી અમને બધાને રૂમની અંદર બોલાવ્યા.

અમે બધા ગભરાયા

"કંઈ ભૂલ થઈ કે શું ?..."

અમે અંદર તો ગયા, પણ દૂર જ ઉભા રહ્યા.

આચાર્યદેવે ઈશારાથી અમને નજીક બોલાવ્યા. અમે હિંમત કરી એ વયોવૃદ્ધ ગ્લાન આચાર્યદેવની નજીક ગયા.

અને

તેઓશ્રીએ બે હાથ જોડી **"મત્થએણ વંદામિ"** કહ્યું અને પછી **"મિચ્છામિ દુક્કડં"** કહ્યું.

અમે જોયું કે તેઓશ્રીમાં વધુ બોલવાની શક્તિ જ ન હતી. આ બે વાક્યો પણ એ ઘણા ધીમા અવાજે મહામુશ્કેલીએ બોલેલા.

પણ એ વખતના એમના મુખ ઉપરના ભાવોએ હજારો વાક્યો કહી દીધા.

માતૃત્વનાં સ્પષ્ટ દર્શન થયા એ બે વાક્યોમાં ! એ જાણે કે અમને કહી રહ્યા હતા કે **"મેં તમને ઘણીવાર ઠપકો આપ્યો છે, કડકાઈ કરી છે... પણ એ માત્ર તમારા હિત માટે જ ! છતાં તમને દુઃખ થયું જ હશે... મને ક્ષમા આપશો..."**

અમે ચોધાર આંસુએ રડી પડ્યા. તેઓ કડક જેટલા હતા એના કરતા ઘણા વધારે નમ્ર હતા એનો અમને સ્પષ્ટ અનુભવ થયો.

"એમની આટલી કડકાઈ છતાં પણ અમે શા માટે એમના પ્રત્યે અગાધ બહુમાનભાવ ધરાવતા હતા" એનું અપ્રગટ કારણ આજે અમને જાણવા મળ્યું.

એમની ગુણવત્તા, અમારા પ્રત્યેની નિર્દોષ, અપ્રગટ લાગણી એ જ અમાદા સદ્ભાવનું એકમાત્ર કારણ હતું.

(કવિ કાલિદાસ કહે છે કે સમુદ્રમાં હિંસક પ્રાણીઓ હોવાથી લોકો સમુદ્ર પાસે જતા ગભરાય પણ છે અને સમુદ્રમાં અમૂલ્ય રત્નો હોવાથી એ મેળવવા લોકો સમુદ્ર પાસે જવા તલપાપડ પણ છે.

રાજા (સદ્ગુરુ) પણ આવો જ હોય. એના ગુણોના કારણે આશ્રિતો એના તરફ સદાય આકર્ષાયેલા રહે.. એની કડકાઈ-પરાઘાતના કારણે આશ્રિતો સદાય એનાથી ગભરાયેલા રહે...)

## ૨૨૧. એકાસણા છૂટ્યા, હૃદય તૂટ્યું

"જુઓ, આચાર્યદેવ ! આપને એક આંખમાં તો મોતીયાનું ઓપરેશન કરાવ્યું જ છે. હવે બીજી આંખમાં પણ કરાવવું પડશે. પણ એ માટે આપે પોષ્ટિક વાપરવું પડશે. ત્રણ ટાઈમ ખોરાક લેવો પડશે. તો જ આ ઓપરેશન શક્ય બનશે. નહિ તો...

એટલે આપ એકાસણાનો આગ્રહ છોડી દો."

ડોક્ટરે અડધો કલાક સુધી આચાર્યદેવને એકાસણા છોડવા ઘણા સમજાવ્યા, પણ એ ન માન્યા તે ન જ માન્યા.

એ આચાર્યદેવની ઉંમર હતી ૯૦ વર્ષ !

આટલી ઉંમરે પણ એકાસણાના સખત આગ્રહી ! તબિયત બગડી, ઓપરેશન થયા પણ એકાસણા છોડવા તૈયાર નહિ. ઉંમરના કારણે આંખો નબળી પડવા લાગેલી, એક આંખમાં મોતીયાનું ઓપરેશન થઈ ગયેલું. હવે બીજી આંખમાં કરવું જરૂરી હતું. પણ એ માટે શરીરને અને આંખને પોષણની જરૂર હતી જ. ડોક્ટર એ માટે જ

આચાર્યશ્રીને વારંવાર સમજાવતા, પણ પત્થર પર પાણી !

આચાર્યદેવને એક વ્યસન હતું, એના વિના એમને ચેન ન પડે.

**એ વ્યસન હતું સ્વાધ્યાયનું !**

૯૦ વર્ષની ઉંમરે પણ એ સતત શાસ્ત્રોનું વાંચન કર્યા જ કરે, એમાં તલ્લીન બની જાય. ગોચરી ન મળે, મોડી મળે તો ચાલે પણ શાસ્ત્રવાંચન વિના એક કલાક પણ એ રહી શકતા ન હતા.

છેવટે ડોક્ટરે એ દુઃખતી નસ દબાવી.

"જુઓ, સાહેબજી ! આપ એકાસણા નહિ છોડો, ત્રણ ટાઈમ નહિ વાપરો તો આંખનું ઓપરેશન શક્ય નથી. અને તો પછી ગમે ત્યારે આંખથી દેખાતું બંધ થઈ જશે. શાસ્ત્રો કે પુસ્તકો કંઈપણ તમે વાંચી નહિ શકો... હવે જેવી તમારી મરજી...!"

આ વાત સાંભળી વૃદ્ધ આચાર્ય ઢીલા પડી ગયા.

મનોમન નક્કી કરી લીધું કે "એકાસણા છોડી ત્રણ ટાઈમ વાપરું..."

પણ મનની વાત એમણે ડોક્ટરને કે શિષ્યોને ન કરી.

બીજા દિવસે એમણે છૂટું પચ્ચક્ખાણ કર્યું, પણ સવારે ન વાપર્યું. બપોરે ગોચરી વાપરી.

શિષ્યો તો એમજ સમજે છે કે "આચાર્યદેવને એકાસણું છે."

સાંજે આચાર્યદેવે શિષ્યને કહ્યું "થોડુંક દૂધ લઈ આવ, મારે વાપરવું છે..." શિષ્ય પહેલા તો આશ્ચર્યમાં પડ્યો. પણ એ તરત બધું સમજી ગયો. એના તો આનંદનો પાર ન રહ્યો.

"આખરે આચાર્યશ્રીએ એકાસણા છોડ્યા ખરા..."

એ તો ઝડપથી દૂધ વહોરવા નીકળી ગયો.

પણ આ બાજુ આચાર્યશ્રી મનમાં ને મનમાં બળવા લાગ્યા. દૂધ મંગાવતા તો મંગાવી દીધું.

પણ

૫૦-૬૦ વર્ષના એકાસણાનાં સંસ્કાર !

ત્યાગના સંસ્કાર !

એ એટલા તો ચોટદાર હતા કે એણે આચાર્યદેવને બળાપો શરુ કરાવી દીધો.

"મારા એકાસણા છૂટી જશે... મારે ત્રણ ટાઈમ વાપરવું પડશે."

"સાહેબ ! દૂધ !..." શિષ્યે પાત્રીમાં દૂધ ધર્યું.

"બીજું કોઈ વાપરનાર છે ?" આચાર્યદેવે પ્રશ્ન કર્યો.

"ના જી ! કોઈ વાપરનાર નથી..." શિષ્યે હોંશિયારીથી જવાબ વાળ્યો.

દૂધ પરઠવાય તો નહિ જ, એટલે આચાર્યશ્રીએ દૂધ વાપર્યું. પણ ઘૂંટડે ઘૂંટડે એમનો બળાપો, એમના નિઃસાસા વધતા ગયા. એક નાની પાત્રી દૂધ વાપરતા પૂરી ૧૫ થી ૨૦ મિનિટ લાગી.

એ રાત્રે આચાર્યદેવ રડી પડ્યા. "મારા એકાસણા ગયા, હું હારી ગયો, હું પામર બની ગયો..."

અને બીજા જ દિવસથી તેઓએ ફરી એકાસણા શરુ કરી દીધા. નવકારશી છોડી દીધી.

(આ પ્રસંગ લખનાર સાધ્વીજી લખે છે કે - અમે પણ એકાસણા તો કરીએ છીએ, પણ અમને તો કોઈ નિમિત્ત મળે તો અમે બેસણું પણ કરી લઈએ. જરાક તાવ જેવું લાગે તો છુટું પણ કરી લઈએ. અમારા ગચ્છાધિપતીશ્રી જેવી આચારચુસ્તતા અમે પણ ઝંખીએ છીએ...

આજના ભરયુવાન તમામ સાધુ-સાધ્વીજીઓ પણ આવા ટેકીલા બની એકાસણા કરતા થઈ જાય તો કેટલું સરસ ! સવાર-સાંજની દોષિત ગોચરીથી બચાય, સ્વાધ્યાય સખત થાય...)

## ૨૨૨. ઉજળું શું રાખવાનું ? વસ્ત્રો કે આત્મા ?

(સાધ્વીજીના શબ્દોમાં →)

"આપણને બધાને કેવા ઉત્તમ આચાર્યદેવ ગુરુ તરીકે પ્રાપ્ત થયા છે !

એ આપણા ઉજળા વસ્ત્રો સહન કરી શકતા નથી.

આપણને વસ્ત્રો મેલા હોય તો ન ગમે, એમને વસ્ત્રો ઉજળા હોય તો ન ગમે. કેટલીયવાર એમણે આપણને પ્રેરણા કરી છે કે વસ્ત્રો નહિ, આત્મા ઉજળો રાખો. વસ્ત્રો ઉજળા રાખશો તો આત્મા મેલો થશે, અને વસ્ત્રો મેલા રાખશો, તો આત્મા ઉજળો થશે... આપણે એમના વચનોને અનુસરીએ તો ઘણું સારું..."

અમારા ગુરુણી ઘણીવાર આ રીતે અમને બધા સાધ્વીજીઓને પ્રેરણા કરતા.

પણ

એ કામ સહેલું ન હતું. મારે દીક્ષા લીધાને ૪ વર્ષ થયા હતા. અમે બધા લગભગ ૧૫ દિવસે કે ૩૦ દિવસે જ કાપ કાઢતા. પણ અમારા ગુરુણીની અપેક્ષા વધારે હતી.

એક દિ'

"તમે એક એવું કરો કે ચાર મહિને કાપ કાઢવો, પહેલા નહિ..."

ગુરુણીએ મને વ્યક્તિગત પ્રેરણા કરી અને મેં આ વાત ઝીલી લીધી.

આજે તો એ વાતને ૨-૩ વર્ષ થઈ ગયા, પણ મેં કદી ચારમાસ પહેલા કાપ કાઢ્યો નથી. ગુરુણીની ઈચ્છાને પાળવા માટે હું આખી જીંદગી સક્ષમ બનું એજ એકમાત્ર પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના !

(બ્રહ્મચર્યસુરક્ષા માટે શ્રમણ-શ્રમણીઓ અતિઉજળા વસ્ત્રો ન પહેરે એ જરૂરી છે...)

## ૨૨૩. સાદગી એક આચાર્યદેવની !

સેંકડો સાધ્વીજીઓના અધિપતિ એ આચાર્યદેવ.

(ક) પત્રો લખવા માટે પેડ વગેરે રાખતા ન હતા. મોટાભાગે એ પોસ્ટકાર્ડથી જ કામ પતાવતા.

(ખ) હાથોહાથ કોઈકનો પત્ર આવ્યો હોય અને એનો જવાબ તરંત મોકલવાનો હોય, તો એ પત્રની પાછળની ખાલી જગ્યામાં જ જવાબ લખીને આપી દેતા, પણ નવો કાગળ ન બગાડતા.

(ગ) કોઈક ઝેરોક્ષ કાગળ હોય તો એમાં ઉપર-નીચે ચાર-પાંચ ઈંચ જેટલી જગ્યા તો કોરી જ હોય. આચાર્યશ્રી એનો પણ ઉપયોગ કરવાનું ચૂકતા નહિ. પત્ર લખવા માટે એનો ઉપયોગ કરી લેતા.

(ઘ) "કોઈપણ શ્રાવક આવે તો તેને આપ પાંચ પૈસા ખરચવાની પણ ભલામણ કોઈ દિવસ કરતા નથી એવું શા માટે ?"

આવું જ્યારે શિષ્યો પૂછતા ત્યારે આચાર્યદેવ ઉત્તર આપતા કે

"અમને અમારા ઉપકારી પૂજ્યપાદ આચાર્ય ભગવંતશ્રી.... મ.સાહેબે સંયમના જોરદાર સંસ્કારો આપ્યા છે. તેમણે અમને કહ્યું છે કે ગૃહસ્થોનો પૈસો તો અઢાર પાપસ્થાનકમાંથી મેળવેલો હોય, એ પૈસામાંની એક પાઈનો પણ નિરર્થક ઉપયોગ આપણે કરાવીએ તો તે પૈસો કમાવવા માટે ગૃહસ્થે કરેલા તમામ પાપોની અનુમોદના

કર્યાનું પાપ આપણને લાગે. તેઓ શ્રીની આ વાત સાંભળ્યા બાદ મેં ગૃહસ્થોને પૈસા ખરચવાની પ્રેરણા કરવાનું બંધ કરી દીધું.

"પણ સારા કામ માટે તો પ્રેરણા કરાય ને ?" વળતો પ્રશ્ન થયો.

"એ તો આપણે વ્યાખ્યાનમાં દાનધર્મની પ્રેરણા કરીએ જ છીએ ને ? પ્રસંગોપાત તે તે સ્થાને ધન ખરચવાનું પણ જણાવીએ જ છીએ. પણ વ્યક્તિગત કોઈને કહેવા માટે મારું મન માનતું નથી. કોઈને આંખની શરમમાં પાડી પૈસો ખરચાવવો... એ મને ન ગમે...

(આપણે તો આ બધું શીખવાનું બાકી છે ને ?)

(ચ) લગભગ ૮૦ વર્ષની ઉંમર સુધી એમણે પાટનો ઉપયોગ કર્યો ન હતો.

(છ) પોતે આચાર્ય હોવા છતાં પત્રમાં ક્યારેય "આચાર્ય....." એમ ન લખે, માત્ર પોતાનું નામ લખે.

## ૨૨૪. આજે પણ અભિગ્રહો પૂરા થાય છે ખરા

ચેન્નઈના (મદ્રાસના) એક શ્રાવિકાબેન અઠ્ઠમનું પચ્ચકખાણ કરીને પાલિતાણા ગયા.

ત્યાં દાદાના દર્શન કરતી વખતે મનમાં ભાવના થઈ કે "હું માસક્ષપણ કરું."

સ્વજનોને પૃચ્છા કરી, બધાએ હા પાડી. પણ એક શરત કરી કે "તમે માસક્ષપણ ભલે અહીં કરો, પણ પારણું તો ચેન્નઈમાં જ કરવાનું."

બહેને એ વાત સ્વીકારી.

માસક્ષપણ પૂર્ણ થતા જ તેઓ ચેન્નઈ આવ્યા. એ બહેને પારણા પહેલા સાતપ્રકારના અભિગ્રહો મનમાં ધારણ કર્યા.

નિર્ણય કર્યો કે "આ મારા ૭ અભિગ્રહો પૂર્ણ થશે તો જ હું પારણું કરીશ. બાકી પારણું નહિ કરું."

એ ૭ અભિગ્રહો આ પ્રમાણે હતા.

(ક) પારણા કરાવવાવાળા ૨૭ લોકો એકસાથે મળીને પારણું કરાવે.

(ખ) સૌથી પહેલા લુખી રોટલીથી પારણું કરાવે.

(ગ) વિનંતિ વિના જ કોઈક આચાર્ય ભગવંત ઘરે પધારે.

(ઘ) કોઈ સાધ્વીજી ઘરે ગોચરી વહોરવા આવે.

(ચ) એક સફેદ કબુતર આવીને જાતે જ મારા હાથથી દાણો ખાય.

(છ) કોઈ આંબિલના તપસ્વી મારે ત્યાં પારણું કરે.

(જ) નવી ગાડીમાં બેસીને, પૂજાના વસ્ત્ર પહેરીને કોઈ મને પારણું કરાવવા આવે.

આ બધું એમણે કોઈને જણાવ્યું નહિ.

પારણાના દિવસે એમને ત્યાં સેંકડો માણસો આવ્યા. બધાને એટલી ખબર તો પડી કે "બહેને કોઈક અભિગ્રહો લીધા છે." પણ એ કયા છે, એ ખબર નહિ.

અમુક અભિગ્રહો પૂરા થતા ન હતા એટલે પારણું અટકી પડેલું.

બધા લોકો નિરાશ થઈ ગયા. ધીરે ધીરે ભીડ ઓછી થતી ગઈ.

બપોરના બાર વાગ્યા.

બધા પરેશાન હતા.

ત્યાં એક તપસ્વીબેન આંબિલ કરવા બેઠા, એમને થયું કે "લાવ, આ લુખી રોટલીની વિનંતિ તો કરું ?" જોગાનુજોગ પરિવારના ૨૬ વ્યક્તિઓ હાજર અને એ બેને લુખી રોટલીની વિનંતિ કરી. બીજા બધા અભિગ્રહો તો પહેલા જ પૂરા થઈ ગયેલા. આ અભિગ્રહ પણ પૂર્ણ થયો અને બેને માસક્ષપણનું પારણું લુખી રોટલીથી કર્યું.

(સાધુઓએ અને સાધ્વીજીઓએ ગોચરી વગેરે સંબંધમાં દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી બધા અભિગ્રહો લેવાના હોય છે. સહન કરવાની તૈયારી હોય, દૃઢ શ્રદ્ધા હોય તો વિકટમાં વિકટ અભિગ્રહો પણ ફળે છે.

**એમ કહેવાય છે કે દૃઢ ટેકવાળાનો અભિગ્રહ છ માસમાં પૂરો થયા વિના રહેતો નથી...)**

## ૨૨૫. તું ભાગી જા, નહિ તો શ્રાવકો તને મારશે...

રસ્તા ઉપર વિહાર કરતા એ આચાર્યદેવને ખટારાની ટક્કર લાગી.

આચાર્યદેવ એકબાજુ ફેંકાયા, લોહી નીકળવા લાગ્યું. ખટારાવાળો ભલો માણસ હતો. એ તરત નીચે ઉતરી આચાર્યશ્રી પાસે આવ્યો. "સાહેબજી ! ઘણું વાગ્યું ?...."

આવી પરિસ્થિતિમાં આચાર્યશ્રીએ કહ્યું કે

"જો, મને ઝાઝું વાગ્યું નથી. હું લગભગ બચી જ જઈશ. પણ તું અત્યારે ને અત્યારે ભાગી જા. જો મારા શ્રાવકો વગેરે આવશે, તો તને મારશે. પોલીસ કેસ પણ

કદાચ કરે. નકામો તું હેરાન થઈશ. તેં કંઈ મને જાણી જોઈને માર્યું નથી... જા, ભાગી જા..."

પોતાને મોતના મુખમાં મોકલનારાને પણ બચાવી લેવાની આ કેવી વિરાટ ભાવના !

અને એ પણ લોહી ટપકતા દેહની અવસ્થામાં...!

## ૨૨૬. જો શ્રાવિકા પણ આવી આરાધના કરે તો...

ઈન્દૌરના એક બેન ૩૦ વર્ષની ઉંમરે વિધવા થયા.

ત્યારથી જ વૈરાગ્ય પામી એમણે વર્ષીતપ શરુ કર્યા. આજે એમની ઉંમર ૮૨ આસપાસ છે. એમનો એક છોકરો ડોક્ટર છે. આ બહેનને કુલ બાવન જેટલા વર્ષીતપ થઈ ગયા છે. અર્થાત્ ૩૬૦ x ૨૬ = ૯૩૬૦. આશરે ૧૦,૦૦૦ જેટલા ઉપવાસ એમની જીંદગીમાં થઈ ગયા છે.

એકવાર પોતાના દીકરાને લઈને ઈન્દૌરમાં રહેલા આચાર્યદેવને વંદન કરવા આવ્યા.

આચાર્યદેવને કહે કે "તમે મારા દીકરાને કહી દો કે મને ગમે તે થાય તો પણ મને વર્ષીતપ ન મુકાવે..."

(મહોપાધ્યાયજીએ ૧૨૫ ગાથાના સ્તવનમાં કહ્યું છે કે સાધુભક્તિ, જિનપૂજા, દાન-તપાદિ કરનારા શ્રાવકો-શ્રાવિકાઓ ઘણા સારા, પણ સાધુવેષ લીધા બાદ સાધ્વાચારોનું યથાશક્તિ પાલન ન કરનારાઓ બિલકુલ સારા નહિ...)

## ૨૨૭. વાંક કોનો ? ઠપકો કોને ?

(સાધ્વીજીના શબ્દોમાં →)

અમારા એ સાધ્વીજી ઉપર ગુરુણીને એટલો બધો વિશ્વાસ કે ગુરુણી એમ જ સમજે કે "આ સાધ્વીજી કદીપણ મારી સામે ન પડે. મારી બધી જ વાત સ્વીકારી જ લે."

અમારા ગુરુણી સામાન્યથી તો કોઈને પણ જરાય ઠપકો આપી નથી શકતા, એમાંય જે શિષ્યાઓની શિષ્યાઓ હોય એમને તો લગભગ ઠપકો ન જ આપે.

પણ કશું જ ન કહે તો ગચ્છના સાધ્વીઓ સ્વચ્છંદી બની ગમે તેમ વર્તવા લાગે એટલે એ પણ ખોટું.

એટલે જ અમારા ગુરુણી ચાલાકી કરે છે, ગચ્છના સાધ્વીજીઓને કોઈક બાબત અંગે ઠપકો આપવો હોય તો આ સાધ્વીજીનો ગમે તે રીતે વાંક કાઢીને એમને ધધડાવે.

બધા સાધ્વીજીઓ એ સખત ઠપકો સાંભળે... એ સાધ્વીજી કદી પ્રતીકાર ન કરે...

"હા જી ! મારી ભૂલ થઈ. હવે આવી ભૂલ નહિ કરું..." એમ જ બોલે.

ગુરુણી આ રીતે તમામ સાધ્વીઓને કહેવા જેવું બધું કહી દે અને સાધ્વીજીઓ તે તે ભૂલ કરતા અટકી જાય.

ઉલટું આ સાધ્વીજી તો બોલે કે "મને મેવા-મિષ્ટાન્ન મળ્યા..."

આ વખતે એમનો એક્સીડન્ટ થયો તો પણ લોહી નીતરતા દેહે પણ એ અરિહંત અરિહંત જ બોલતા હતા.

(આ શાસ્ત્રીયનીતિ છે કે ઠપકો સહન કરવા માટે અસમર્થ શિષ્યોને ગુરુ સીધો ઠપકો ન આપે, પણ સુપાત્ર શિષ્યને સખત ઠપકો આપવાના બહાને બધાને ચેતવણી આપી દે...)

## ૨૨૮. ના, ના. સ્વાધ્યાયનો વ્યાઘાત ન કરો...

(સાધ્વીજીના શબ્દોમાં →)

એ મુનિરાજ અમારા ઉપાશ્રયના પાછળના ભાગમાં રહેલી બિલ્ડીંગમાં વહોરવા માટે આવેલા. અમને તો આ વાતની ખબર ન હતી.

મુનિરાજે બિલ્ડીંગનો લોખંડનો ગેટ (દરવાજો) ખોલવાનો પ્રયત્ન કર્યો, પણ વરસાદાદિના કારણે દરવાજો ફીટ થઈ ગયેલો એટલે જલ્દી ખુલતો ન હતો. કટાઈ પણ ગયો હતો.

મુનિરાજે દરવાજો ઉઘાડવા જોરથી ખેંચ્યો, ત્યાં તો એ સળીયો તૂટી ગયો અને લોખંડનો સળીયો ચશ્માના કાચ ફોડી આંખમાં ઘૂસી ગયો... લોહી નીકળવા માંડ્યું.

બરાબર એ જ વખતે અમારા સાધ્વીજી મહારાજ ત્યાંથી જ પસાર થતા હતા, એમણે આ દૃશ્ય જોયું અને તરત જ અમે ઉપાશ્રયમાં કહેવા આવ્યા.

એ જ વખતે અમારા ગુરુણીના સંસારી ભાઈ મળવા માટે આવેલા હતા.

ગુરુણીએ તરત એમને કહ્યું કે "કુમારભાઈ ! જલ્દી ત્યાં જાઓ. એ મહાત્માને ટેકો દઈ અહીં લઈ આવો."

એ મહાત્મા ઉપાશ્રયમાં આવ્યા. અમે કહ્યું કે "સાહેબજી ! પાત્રા મૂકી દો, અમે આપના ઉપાશ્રયમાં મુકી આવશું અને આ ભાઈ આપને ઉપાશ્રય સુધી મુકવા આવશે..."

ત્યારે આંખોમાંથી લોહી નીકળેલું હોવા છતાં એ મુનિરાજે જવાબ આપ્યો કે "ના, ના. તમે સ્વાધ્યાયમાં વ્યાઘાત ન કરો. આ ભાઈ સાથે છે ને ? એ હાથ પકડીને મને ઉપાશ્રયમાં મુકી આવે એટલે બસ..."

"મને જલ્દી ડોક્ટર પાસે લઈ જાવ... હાય !..." એવા કોઈ આર્તધ્યાન સૂચક શબ્દો એ મુનિરાજ ન બોલ્યા.

એ પછી ડોક્ટરે યોગ્ય સારવાર કરી. ભાગ્યયોગે આંખ બચી ગઈ.

આ મુનિ નિર્દોષ ગોચરીના ખપી અને આચારમાં ચુસ્ત હતા. લાંબી લાંબી ઓળીઓમાં પણ ગોચરી-પાણી નિર્દોષ જ વાપરતા.

આજે તો ૧૦૦ વર્ધમાનતપની ઓળીઓ વગેરે ગાઢ તપ કરી ચૂક્યા છે, નૂતન આચાર્ય થઈને જિનશાસનની યથાશક્તિ પ્રભાવના કરી રહ્યા છે. આચાર્યપદ પર આરુઢ થયા બાદ પણ એ મુનિરાજ અવનવા તપ આદર્યા જ કરે છે. એમને પોતાની આંખોની નહિ, પણ અમારા સ્વાધ્યાયની ચિંતા હતી...

## ૨૨૯. માત્ર મને નહિ, બધા આચાર્ય ભગવંતોને બોલાવો

"સાહેબજી ! અમારે ત્યાં સુમતિનાથ ભગવાનની પ્રતિષ્ઠાનો પ્રસંગ છે. એ બધું જ આપે જ સંભાળવાનું છે. આપની જ નિશ્રામાં મહોત્સવાદિ કરવાની ભાવના છે. પ્રતિષ્ઠા પણ આપે જ કરવાની છે..."

મુંબઈના એક સુખી શ્રીમંત સંઘે આચાર્યદેવને વિનંતિ કરી.

એ હતા ૪૦૦ સાધુઓના અધિપતિ, ગચ્છાધિપતિ ગીતાર્થ આચાર્યદેવ !

"હું આવીશ, મારી સંમતિ છે. પણ તમે માત્ર મને જ નહિ, બધાને ભેગા કરો. આખા મુંબઈમાં જેટલા પણ આચાર્ય ભગવંતો હોય એ બધાને ભારપૂર્વક વિનંતિ કરી આ પ્રતિષ્ઠા પ્રસંગે લઈ આવો. આટલા બધા આચાર્ય ભગવંતો હશે તો ઉલ્લાસ-ઉત્સાહ પણ ઘણો વધી જશે..."

આચાર્યદેવે સલાહ આપી.

"પણ, સાહેબ ! બધા આવશે તો એમાં તો આપના કરતા વડીલ આચાર્યશ્રી પણ

હશે. એમની હાજરીમાં આપના હસ્તે પ્રતિષ્ઠા કરવામાં વિઘ્ન નહિ આવે ને ?"

શ્રાવકોએ પોતાનો ભય વ્યક્ત કરી દીધો.

"તમે બિલકુલ ચિંતા ન કરો. જે વડીલ આચાર્ય હશે, તે જ પ્રતિષ્ઠા કરશે. મારા હાથે પ્રતિષ્ઠા કરવાનો મારો આગ્રહ નથી. પછી પ્રશ્ન જ ક્યાં રહ્યો ?"

આચાર્યદેવે પોતાની ઉદારતા પૂરબહારમાં ખીલવી દીધી.

અને

શ્રીસંઘની વિનંતિથી ૧૧ વર્ષ પૂર્વે કુલ ૨૫ આચાર્ય ભગવંતોએ પ્રતિષ્ઠા મહોત્સવમાં હાજર રહ્યા. પ્રતિષ્ઠા પણ વડીલ આચાર્યદેવના હાથે જ થઈ.

("મારું નામ જોઈએ જ, મારા એકલાની જ હાજરી જોઈએ, મારા હાથે જ પ્રતિષ્ઠા થવી જોઈએ..." વગેરે બધા જ મમત્વ છોડીને આવી અદ્વિતીયકોટિની ઉદારતા દાખવનાર એ ગચ્છાધિપતિશ્રીને કોટિ કોટિ વંદન.)

## ૨૩૦. સાધર્મિક ભક્તિ

રીક્ષા ચલાવીને આજીવિકા મેળવનાર એ જૈનભાઈ પ્રવચનમાં સાધર્મિકભક્તિનો અપરંપાર મહિમા સાંભળી વિચારમાં પડી ગયા.

"મારે પણ સાધર્મિકભક્તિનો લહાવો લેવો છે. પણ હું શી રીતે લઉં ? મારી હેસિયત શું ?"

પણ એ ભાઈને એક ઉપાય જડી ગયો. એમણે રોજ વ્યાખ્યાનમાં જવાનું શરુ કર્યું. વ્યાખ્યાન પૂર્ણ થયા બાદ એ તરત રીક્ષા સાથે ઉપાશ્રયની બહાર હાજર થઈ જાય. વ્યાખ્યાનમાં દૂર દૂરથી પણ શ્રાવક-શ્રાવિકાઓ આવતાં, એટલે કોઈ ને કોઈ શ્રાવક-શ્રાવિકા ઘરે પહોંચવા માટે આ રીક્ષા પકડતા.

રીક્ષાવાળો એમને ઘરે પહોંચાડે અને પેલા શ્રાવક-શ્રાવિકા પૈસા આપવા જાય ત્યારે એકપણ પૈસો ન લે.

ઉલટું એ ભાઈ રીક્ષામાં જ કંકુ રાખે, એનાથી એ શ્રાવકને કે શ્રાવિકાને ચાંદલો કરી દે અને ૧ રૂપિયો આપીને કહે

"હું જૈન છું, મારે સાધર્મિકભક્તિનો લાભ લેવો છે. આપને મેં અત્રે પહોંચાડ્યા, એ મારી ભક્તિ છે. એના પૈસા હું નહિ લઉં. અને આ એક રૂપિયો મારી ભક્તિ રૂપે આપ સ્વીકાર કરો...

આ એ ભાઈનો રોજીંદો ક્રમ બની ગયો હતો.

એકવાર આ ભાઈની રીક્ષામાં બેઠેલા બે બહેનો વાત કરતા હતા કે "દીકરીના લગ્ન છે. સાડીઓ ખરીદવાની છે. ખર્ચો ઘણો છે...ઘણું ટેન્શન છે."

આ બધું આ ભાઈએ સાંભળ્યું. એ જ દિવસે એ ભાઈના ધર્મપત્નીને શ્રીસંઘ તરફથી ત્રણ-ચાર સાડીઓ કારણસર ભેટ-પ્રભાવના રૂપે મળી હતી. જોગાનુજોગ એ સાડીઓની થેલી રીક્ષાવાળા પાસે જ હતી. રીક્ષા ઊભી રાખી એ ભાઈએ બધી સાડી પાછળ બેઠેલા બેનોને આપી દીધી. "દીકરીને આપજો, મારે આની જરૂર નથી..." પેલા બેનો તો અવાક બની ગયા.

(આપણે તો એ રીક્ષાવાળા અવિરતિધર કરતા કરોડોગુણા ચડિયાતા છીએ ને ? આપણે આપણા ગુરુભાઈ / ગુરુબહેનો રૂપી સાધર્મિકોની ભક્તિ કેવી કરવી જોઈએ?)

## ૨૩૧. તાવ મારો માનીતો મહેમાન છે

૫૨. વર્ષના દીક્ષા પર્યાયમાં એ સાધ્વીજીને ત્રણવાર તો ટી.બી.નો હુમલો આવ્યો, ત્રણવાર બધો કોર્સ પૂરો કર્યો.

ત્રણવાર વીંછી કરડવાનો અને એકવાર ઝેરી જંતુ કરડવાનો પ્રસંગ બન્યો, પણ એ બધી વેદના સહન કરી.

આજથી ૪૨ વર્ષ પૂર્વે એમણે સળંગ ૫૦૦ આંબિલ શરુ કરેલા, ત્યારે રાજસ્થાનમાં એમનો વિહાર ચાલુ હતો. ૧૫૦ આંબિલ થયેલા અને એમના શરીરમાં તાવે જોર પકડ્યું. એમાં વળી વિહાર કરી એક સાવ નાનકડા ગામમાં પહોંચ્યા અને એ જમાનામાં ૬ ડીગ્રી તાવ થઈ ગયો.

ન મળે ડોક્ટર કે ન મળે વૈદ્ય !

બે ડીગ્રી તાવ વધે એટલે મોત !

સાધ્વીજીઓએ તાવ ઉતારવા માટે માથા ઉપર પાણીની ધાર કરી, પોતા મૂક્યા...

આ બાજુ બધા પ્રયત્નો ચાલુ, પણ આ છ ડીગ્રી તાવમાં પણ એ સાધ્વીજીના મોઢામાંથી હુંકારો પણ ન નીકળ્યો. લગભગ તો બે-ત્રણ ડીગ્રી તાવ થાય એટલે હાય-વોય, શરુ થઈ જ જાય.

પણ... આ કોઈ અલગ જ અલગારી આતમ હતો.

એમણે પારણું ન કર્યું.

અખંડ ૫૦૦ આંબિલ પૂરા કર્યા.

આજે પણ આ સાધ્વીજીને દર ૧૫ દિવસે કે મહિને એકવાર તાવ આવી જ જાય, પણ હવે તો એ તાવને પોતાંનો માનીતો મહેમાન ગણે છે. જે મહેમાન ચોક્કસ સમયે આવે છે અને એકવાર મળીને જતો રહે છે...

## ૨૩૨. આચારપાલનમાં અજોડતા

(સાધ્વીજીના શબ્દોમાં →)

વલભીપુરથી પાલિતાણાના એ નાનકડા સંઘમાં અમે હાજર હતા. ૩૦૦૦ યાત્રિકો, શ્રીમંત ઘરના સેંકડો યુવાન-યુવતીઓ પણ એમાં સમાવેશ પામેલા હતા.

પણ એ છ'રી પાલિત સંઘમાં જે આચાર વ્યવસ્થા ગોઠવવામાં આવેલી, તે અજોડ હતી.

(ક) સ્ત્રીઓના તંબુઓ જુદા અને એમાં એકપણ પુરુષનો પ્રવેશ ન થાય એવી સજ્જડ વ્યવસ્થા !

(ખ) સ્ત્રીઓના આવાસ પાસે હોમગાર્ડ્સ તરીકે પણ મહિલાઓ જ રાખવામાં આવી, પુરુષો નહિ.

(ગ) ૩૦૦૦ યાત્રિકો હોવાથી આમ પણ બે દેરાસરની જરૂર તો પડે જ. પણ અહીં તો એવી વ્યવસ્થા ગોઠવાઈ કે એક દેરાસરમાં માત્ર બહેનો જ પૂજાદિ કરે, બીજા દેરાસરમાં માત્ર ભાઈઓ જ પૂજાદિ કરે. આમ, દેરાસર પણ ભાઈ-બહેનોના અલાયદા હતા.

સામાન્યથી છ'રી પાલિતસંઘમાં આ બધું સાચવવું કપરું છે, પરંતુ અહીં એ બધાનું જડબેસલાક અમલીકરણ અનુભવાયું. અને એ પણ નાની સંખ્યા નહિ, પૂરા ૩૦૦૦!

## ૨૩૩. ઉંમર નાની, આત્મા મોટો

"મમ્મી ! મારે આજે ઉપવાસ કરવો છે."

અઢી વર્ષનો એક બાળક પોતાની બાની પાસે જીદ કરી રહ્યો હતો.

એ હતી નાસિક નગરી !

પ્રભાવક આચાર્યદેવનું ચાતુર્માસ !

ધાર્મિક ભાવના હિલોળે ચડી હતી.

આમ પણ આ શ્રાવિકા ધર્મિષ્ઠ હતી. પોતાના બાળકને ૩ મહિનાની ઉંમરથી જ નવકારશી, ચોવિહાર, ઉકાળેલું પાણી... આટલું કરાવતી હતી. બાળક પણ કોણ જાણે કોઈક જોરદાર શુભસંસ્કારો લઈને આવ્યો હતો. એને આ બધું જ ગમતું હતું.

પર્યુષણા આવ્યા.

સંવત્સરીનો દિવસ !

અને બાળકે જીદ કરી.

અઢી વર્ષના બાળકને ઉપવાસનું પચ્ચકખાણ આપતા બાનો જીવ ન ચાલ્યો. બાએ કહ્યું,

"હાથ જોડ, તને પચ્ચ. આપું"

અને બાએ એકાસણાનું પચ્ચ. આપવાનું શરુ કર્યું. પણ કોણ જાણે બાળકને ખબર પડી કે "મમ્મી ઉપવાસનું નહિ, બીજું પચ્ચ. આપે છે" બાળકે હાથ છોડી દીધા.

કંટાળીને બા બાળકને આચાર્યશ્રી પાસે લઈ આવી, કહ્યું કે "સાહેબ ! એકાસણાનું પચ્ચ. આપજો..."

આચાર્યશ્રીએ જેવું પચ્ચ. બોલવાનું શરુ કર્યું કે તરત ત્યાં પણ બાળકને ખબર પડી ગઈ કે 'આ ઉપવાસનું પચ્ચ. નથી.'

એણે હાથ છોડી દીધા.

આવું બે-ત્રણ વાર થયું. છેવટે બાએ પરાણે હાથ જોડાવી એકાસણાનું પચ્ચ. કરાવ્યું. પણ બાળકે થોડુંક વાપર્યું અને ઉલટી થઈ ગઈ. ઉપવાસ જેવું જ થયું.

બીજા દિવસે એ બાએ આચાર્યદેવને બધી વાત કરી.

"આ ઉંમરમાં હું કેવો હતો, અને આ બાળક કેવો છે..."

એ વિચારથી આચાર્યદેવની આંખોમાં અનુમોદનાના આંસુ ટપકી પડ્યા.

## ૨૩૪. આજે મને મીઠાઈ ખાવા મળી છે

(સાધ્વીજીના શબ્દોમાં →)

"કેમ ? આજે બહુ ખુશ દેખાઓ છો ? લોટરી લાગી કે શું ?"

એક સાધ્વીજીના ચહેરા પર રોજ કરતા પણ આજે અધિક પ્રસન્નતા જોઈને મેં પ્રશ્ન

કર્યો.

"શું કહું તમને ? દીક્ષાનાં દિવસે પણ મેં જે આનંદ નહિ અનુભવ્યો હોય તે આનંદ હું આજે અનુભવી રહું છું. મારા માતા-પિતાએ પણ મને જે નથી આપ્યું, તે મને આજે મળી ગયું છે. મારા સંયમજીવનની સાધનાનું ફળ મને આજે મળી ગયું છે."

એ સાધ્વીજીએ અટપટો જવાબ દીધો.

'શું મળી ગયું આમને ?' એ જાણવાની મારી ઉત્કંઠા વધી.

મેં પૂછ્યું "એવું તે તમને શું મળી ગયું ? કહો તો ખરા."

"આજે મને મારા ગુરુણીએ પોતાના હાથે મીઠાઈ ખવડાવી." જવાબ મળ્યો.

"એમાં વળી નવું શું છે ? ગુરુણી તો રોજ મીઠાઈ ખવડાવે જ છે !" મેં કહ્યું.

**"અરે ખાવાની મીઠાઈ નહિ, લાફાની મીઠાઈ !** આજે ગુરુણીએ મને મારી ભૂલ બદલ લાફો માર્યો. એજ મારી મીઠાઈ !"

એમણે હસતા હસતા જવાબ આપ્યો.

હું સાંભળી જ રહી.

ગુરુણીના લાફાના મારમાં પણ મીઠાઈના દર્શન કરનારા એ સાધ્વીજીના સમર્પણે મારા અહંકારને સણસણતો તમાચો માર્યો હોય એવું મને લાગ્યું.

## ૨૩૫. આ રીતે પણ દોષનાશ થાય ખરો ?

(સાધ્વીજીના શબ્દોમાં →)

"સાધ્વીજી ! ખોટું ન લાગે તો એક વાત પૂછું ?

તમારામાં આટલું જબરદસ્ત પરિવર્તન !

શી રીતે આવ્યું ? જે વર્ષોના પર્યાય પછી પણ ન આવે એ માત્ર ૨-૩ વર્ષના પર્યાયમાં જ..."

મેં એક સાધ્વીજીને ઉત્કંઠાભેર પ્રશ્ન પૂછ્યો.

પ્રશ્ન પૂછવા પાછળ એક કારણ હતું.

એમની દીક્ષાના શરુઆતના વર્ષોમાં મેં એમને જોયા હતા, અનુભવ્યા હતા. અતિશય જીદ્દી ! અક્કડ-અલ્લડ ! ઉત્સાહ હીન ! નિસ્તેજ ! નિરાશ ! મેં એમને જોયા હતા, અનુભવ્યા હતા.

આજે બે-ત્રણ વર્ષ બાદ એ જ સાધ્વીજી અત્યંત સમર્પિત, પ્રસન્ન, ઉત્સાહિત, વિનીત, વિવેકવાન દેખાયા.

મને એનું જ આશ્ચર્ય હતું.

આટલું બધું પરિવર્તન શી રીતે ? એ પણ માત્ર ને માત્ર ૨-૩ વર્ષમાં જ !

અને મેં મારી ઉત્કંઠા પ્રશ્નરૂપે પ્રગટ કરી.

એ વખતે એમના મોઢે મેં જે ઉત્તર સાંભળ્યો એ સાંભળી મારું હૈયું અને આંખો બંને અનરાધાર વરસી પડ્યા.

આ હતા એમના શબ્દો !

"મારા જીવન, વિચાર અને હૃદયનું પરિવર્તન એક જ ચીજને આભારી છે. એ ચીજ છે મારા પવિત્ર ગુરુવર્યાનું માત્રું ! અમૃતતુલ્ય માત્રું ! જે પરઠવવા જતી વખતે હું એમાંથી થોડુંક પ્રસાદ રૂપ સમજી વાપરી લેતી હતી. આ વાતની મારી ગુરુવર્યાને તો ખબર જ નથી.

પણ મને વિશ્વાસ હતો કે

આ પ્રસાદ જ મારા પ્રમાદને દૂર કરશે.

આ પ્રસાદ જ મારા અહંકારના ચૂરેચૂરા કરશે.

આ પ્રસાદ જ મારા જીવનને પ્રસન્નતાસભર બનાવશે.

અને

મારો વિશ્વાસ આજે સાચો પુરવાર થઈ રહ્યો છે, એનો મને પરમ આનંદ છે."

ક્યાં ગુરુના અમૃતતુલ્ય વચનને માત્રુતુલ્ય માનીને પરઠવનારી હું અને ક્યાં માત્રુને અમૃતતુલ્ય માનીને વાપરી જનાર આ સાધ્વીજી !

સમર્પણનો આવો પણ કોઈક ઈલાજ હોય એ મેં પહેલીવાર સાંભળ્યું.

(અલબત્ત આ કોઈ શાસ્ત્રીયમાર્ગ નથી, શાસ્ત્રમાં આનો નિષેધ છે. પરંતુ અહીં તો એ સાધ્વીજી ભગવંતનો પોતાના ગુરુણી પ્રત્યેનો જે અમાપ-અસીમ સદ્ભાવ, અહોભાવ ધ્વનિત થાય છે, એ જ જોવાનો છે. એમણે આદરેલા ઉપાય પાછળ ધ્વનિત થતો શુભભાવ અનુમોદનીય છે.)

## ૨૩૬. આ છે અણગાર અમારા



સાંજના વિહાર કરીને અમે એક ફેક્ટરીમાં પહોંચ્યા. રાત્રે ત્યાં જ વિશ્રામ કરવાનો હતો. વસ્ત્રો પરસેવાથી લથપથ થઈ ગયા હોવાથી વસ્ત્રો સુકવવા દોરી બાંધવાની હતી.

એક સાધ્વીજી દરવાજાના આંગળીયા સાથે દોરી બાંધવાની મહેનત કરી રહ્યા હતા.

એ દરવાજો હતો લોખંડનો !

એનું ફીટીંગ કરવાનું બાકી હતું, એ વાતની આ સાધ્વીજીને ખબર ન હતી. એમણે દોરી બાંધવા જોરથી દોરી ખેંચી અને એ લોખંડનો દરવાજો ધડામ કરતો સાધ્વીજી ઉપર પડ્યો.

આઠ માણસો ઉંચકી શકે તેવો વજનદાર લોખંડનો દરવાજો એક સાધ્વીજી પર પડે એની અસર શું થાય ?

ભગવાનનો પાડ માનો કે દરવાજો માથા ઉપર ન પડ્યો, પણ પેટ અને સાથળના ભાગ ઉપર સખત ઘા વાગ્યો.

વેદના અસીમ હતી.

ત્યાં કોઈ ડોક્ટરની વ્યવસ્થા નહિ.

શ્રાવકોએ આવીને વિનંતિ કરી કે

"આપ રજા આપો તો અમે સાધ્વીજીને મોટા શહેરમાં હોસ્પીટલમાં લઈ જઈએ. શહેર ૩૫-૪૦ કિમી. દૂર છે, વાહનમાં લઈ જવા સિવાય બીજો કોઈ છુટકો નથી."

પણ એ સાધ્વીજીએ આવી ભયંકર વેદનામાં પણ એક જ વાત કરી. "મારે ક્યાંય આવી વિરાધના કરીને જવું નથી, સવાર સુધીમાં સારુ થઈ જશે..."

એમની મક્કમતા આગળ શ્રાવકોએ નમતું જોખ્યું.

જેઠ મહીનાની કાળઝાળ ગરમી !

રાતના ઉંઘ આવે નહિ !

માત્રુ થાય જ નહિ !

પગે ઉભુ થવાય નહિ !

છતાં સાધ્વીજીના મુખ ઉપર એક વાતનો આનંદ "હું વિરાધનાથી બચી ગઈ..."

સવારના ડોળીની વ્યવસ્થા કરીને સાથે ૪-૫ સાધ્વીજી વિહાર કરીને ૩૫ કિમી. દૂર આવેલા શહેરમાં પહોંચી ગયા, તરત હોસ્પીટલમાં દાખલ કર્યા. બપોરે બે વાગે જેઠ મહિનાની ધોમ ધખતી ગરમીમાં સાધ્વીજીઓ ત્યાં પહોંચેલા.

ડોક્ટરે એક્સરે પાડ્યા અને નિદાન થયું કે "પેશાબની કોથળી ફાટી ગઈ છે અને સાથળ પર ફ્રેક્ચર થયું છે."

અમે તો આ સાંભળી અવાચક જ બની ગયા.

અંદર આટલી મોટી ઈજા પહોંચવા છતાં, આવી ભયંકર વેદના હોવા છતાં આવી મસ્ત સમતા ! સમાધિ ! પ્રસન્નતા ! સ્વસ્થતા !...

"એમણે રાત શી રીતે પસાર કરી? ૩૫ કિ,મી. વિહારમાં ડોળીમાં શી રીતે બેઠા?" એ જ અમે સમજી ન શક્યા.

એક બાજુ ભયંકર ઉનાળો,

બીજી બાજુ ડોક્ટરની કડક સૂચના હતી કે "પેટ ખાલી રાખજો. અનાજનો એક દાણો કે પાણીનું એક ટીપું પણ આપતા નહિ..."

ડોક્ટરે તાત્કાલિક ઓપરેશન કર્યું.

ઓપરેશન બાદ ત્રણ દિવસ સુધી મોઢામાં પાણી સુદ્ધા પણ આપ્યું નહિ.

અમે સાધ્વીજીને પૂછ્યું કે "તરસ લાગી છે ?"

તો એ કહે કે

**"ઘડા ભરી ભરીને પાણી પી જાઉં એવું મન થયા કરે છે. પણ ડોક્ટર ના પાડે છે તો કોઈ વાંધો નહિ, સહન કરી લઈશ. નરકમાં આવું બધું તો ઘણું સહન કર્યું જ છે ને ?"**

ડોક્ટરનું સ્પષ્ટ કહેવું હતું કે

"આ જગ્યાએ બીજો કોઈ પેશન્ટ હોત તો આખી હોસ્પીટલ માથે લઈ લીધી હોત. પણ આ સાધ્વીજીએ તો કમાલ કરી છે. એમની સહનશક્તિને મારા લાખો વંદન છે. આ પરિસ્થિતિમાં સારું થતા ઓછામાં ઓછા ૨ મહિના લાગે. પણ આમને જોઈને મને વિશ્વાસ બેસે છે કે આ ૨૦ દિવસમાં સાજા થઈ જશે."

જીંદગીમાં કદાચ પહેલીવાર જૈન સાધ્વીજીના પરિચયમાં આવનાર એ ડોક્ટર સાધ્વીજીનો પ્રસન્નતા અને પવિત્રતાભર્યો વ્યવહાર જોઈને જિનશાસનના અનુરાગી બની ગયા. 'साधूनां दर्शनं पुण्यं' આ પંક્તિ તો હજારો વાર વાંચી હશે, પણ આ સાધ્વીજીએ એ પંક્તિ જીવી દેખાડી.

## ૨૩૭. શાસન પ્રભાવક સંયમી

૭૦૦ શ્રોતાઓની સામે પ્રભાવક સંયમીએ ટી.વી.ની વિરુદ્ધમાં તેજાબી પ્રવચન આપ્યું.

૭૦૦ શ્રોતાઓ હચમચી ગયા.

પણ ટી.વી.નો ત્યાગ કરવો કંઈ સહેલો નથી.

લગભગ દરેક જણે રાત્રે ૧૦ વાગ્યા પછી ટી.વી. નહિ જોવાનો નિયમ લીધો. કેટલાકે અમુક વર્ષ માટે તો કેટલાકે યાવજ્જીવ માટે ટીવી ન જોવાની પ્રતિજ્ઞા લીધી.

એમાં ૭ પરિવાર એવા નીકળ્યા કે જેમણે ઘરમાંથી સદા માટે ટી.વી. કાઢી નાંખવાની પ્રતિજ્ઞા લીધી. વિશાળ જનતાએ તેઓના આ સંકલ્પને ઉત્સાહપૂર્વક વધાવી લીધો.

એક પરિવારના મા-બાપ હાજર, પણ દીકરો હાજર ન હતો. એની રજા વિના ટી.વી. કાઢવાનો નિર્ણય લેવાય શી રીતે ?

પિતાશ્રીએ ઘરે ફોન કર્યો, "ઘરમાંથી ટી.વી. કાઢી નાંખવાની અમારી ઈચ્છા છે, તને ચાલશે ?"

દીકરો કહે "આપ ઘરના માલિક છો, એટલું જ નહિ, મારા પણ માલિક છો. આપ જે કરો મને માન્ય ! આપે મને પૂછવું પડ્યું એ મારી અપાત્રતા છે..."

**"જે જે પરિવારે ટી.વી.નો ત્યાગ કર્યો એ બધાનું બહુમાન કરવાની મારી ભાવના છે." એમ કહી એક ભાઈએ તમામ પરિવારોનું રૂ.૪૦૦૦ થી બહુમાન કર્યું.**

આશ્ચર્ય એ વાતનું થયું કે એ ભાઈની પોતાની ટી.વી.ની દુકાન હતી.

(સંયમીઓની અપ્રતિમશક્તિ જો વ્યવસ્થિત કામે લાગે, તો જિનશાસનના ભાવિમાં ભવ્યતાના દર્શન થયા વિના નહિ રહે...)

## ૨૩૮. ગુરુભક્તિની અનેરી રીત

ગુરુભક્તિની પરાકાષ્ઠાએ પહોંચેલા એક સાધ્વીજીની આ વાત છે.

ગૃહસ્થપણાથી જ ગુરુ પ્રત્યેના બહુમાનભાવની જબરદસ્ત મૂડી લઈને બેઠેલા છે. ગુરુણીનું નામ પડે, ગુરુના ઉપકાર યાદ આવે અને એમની આંખો ભરાઈ જાય.

પણ કર્મસત્તાએ એમની ખૂબ કસોટી કરી. ૧૨-૧૨ વર્ષ મુમુક્ષુપણામાં તડપ્યા બાદ દીક્ષાની પ્રાપ્તિ થઈ. દીક્ષાજીવનમાં પણ ગુરુભક્તિ માટેનો થનગનાટ એમની વાણીમાં, એમની ચાલમાં, એમના ચહેરા પર દેખાય.

આ સાધ્વીજીના મનમાં સતત એક વિચાર ચાલતો કે "મારા ગુરુણીનું સ્વાસ્થ્ય સારુ રહે એ માટે હું શું કરું ? તેમનું સ્વાસ્થ્ય સારું રહે તો એ વધુ પ્રભાવના કરે, વાંચન-લેખન કરે..."

એકવાર પાર્શ્વનાથ દાદાની નિશ્રામાં પોષ દસમીનો અઠ્ઠમ કર્યો. દાદાની ભક્તિમાં લીન બન્યા. આંખે આંસુ અનરાધાર...

એ જ વખતે એમણે એક અભિગ્રહ લીધો કે "ગુરુણીના સ્વાસ્થ્ય માટે મારે ૧૦૮ અઠ્ઠમ કરવા..."

અને એમણે એ તપ શરુ કરી દીધો. આજે પણ એમના અઠ્ઠમ ચાલુ જ છે.

એ સાધ્વીજીને શાતા પૂછીએ તો એકજ જવાબ આપે કે

"આપણા પોતાના માટે અઠ્ઠમ કર્યા હોત તો શાતા-અશાતાનો પ્રશ્ન આવે. પણ આ તો ગુરુવર્યા માટે કર્યા છે એટલે શાતા જ શાતા છે.

## ૨૩૯. પુણ્યપ્રતાપ સાધુજીવનનો કેવો ? જંગલમાં મંગલ

"ચલો, સાધ્વીજીઓ ! ગોચરી આવી ગઈ છે. બધા ગોચરી વાપરવા જલ્દી આવી જાઓ..." ગુરુણીએ મોટેથી બુમ પાડી બધાને બોલાવ્યા.

"ગુરુણીજી ! અમારે બધાએ આજે ઉપવાસ કરવો છે, એટલે અમારે વાપરવું નથી. આપ બધા વાપરી લો..."

કાયમ એકાસણું કરનારા નાના સાધ્વીજીઓએ જવાબ દીધો.

રાજસ્થાનનું એક નાનકડું ગામ !

જૈનોના ઘરો ઘણા ઓછા !

૧૬ સાધ્વીજીઓ કુલ ૨૭ કિ.મી.નો લાંબો વિહાર કરીને થાકીને આવ્યા હતા. અમુક સાધ્વીજીઓને નવકારશી-બેસણું હતા. સવારે સાધ્વીજી ગોચરી ગયા, પણ ગોચરી ઘણી દુર્લભ ! ૪-૫ સાધ્વીજીઓને માંડ સવારની ગોચરી પૂરી થઈ.

એકાસણાવાળા નાના સાધ્વીજીઓ સમજી ગયા કે "બપોરે તો બધા જ વાપરનારા છે, મુશ્કેલી પડવાની જ. આપણે ઉપવાસ કરી લઈએ, તો હજી કંઈક ઠેકાણું પડે."

એટલે ૨૭ કિ.મી.નો વિહાર કરીને થાકેલા હોવા છતાં, ક્ષુધા લાગી હોવા છતાં મનોમન ઉપવાસ કરવાની તૈયારી કરી લીધેલી.

બપોરે બે સાધ્વીજી ગોચરી ગયા અને અડધા જ કલાકમાં પાછા આવી ગયા. ગુરુણીએ બુમ પાડી, નાના સાધ્વીજીઓએ ઉપવાસની વાત કરી.

"તમે અહીં માંડલીમાં તો આવો. જુઓ, ભરપુર ગોચરી મળી ગઈ છે. કશું ઘટે એમ નથી." ગુરુણીએ કહ્યું.

સાધ્વીજીઓએ આવીને જોયું તો ખરેખર પાત્રાઓ ભરાઈને ગોચરી આવી હતી.

"આટલી બધી ગોચરી શી રીતે મળી ? એ પણ અડધો જ કલાકમાં ?" બધાએ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

ગોચરી જનારા સાધ્વીજીઓએ કહ્યું કે

→ "આમ તો આ નાનકડા ગામમાં ગોચરી મળવા અંગે અમને ય સંદેહ હતો જ. પણ અમે વહોરવા નીકળ્યા કે તરત જ એક જૈનભાઈ મળી ગયા, એમણે અમને કહ્યું કે "અમે ૫૦ વેપારીઓ ઉદયપુરથી અહીં કામ માટે આવેલા છીએ. અમારું જમવાનું અહીં જ છે. ભરપૂર રસોઈ છે. આપ લાભ આપવા પધારો. આવા ગામડામાં અમને સુપાત્રદાનનો લાભ ક્યાંથી ?"

અને એ જૈન વેપારીઓએ અમારા પાત્રા ભરી દીધા."

એ વખતે અમને વિશ્વાસ થયો કે "કસોટીનાં સમયે પ્રભુ આપણું કેટલું ધ્યાન રાખે છે ?"

જ્યાં ચિંતામણી જેવા પ્રભુ છે, ત્યાં ચિંતા કરવા જેવું નથી. ←

(સાધુજીવનનું કોઈક અલૌકિક પુણ્ય છે કે આખા હિન્દુસ્તાનમાં કોઈપણ સાધુ કે સાધ્વી ગોચરી ન મળવાના લીધે ભૂખ્યા રહ્યા હોય એવું ભાગ્યે જ બન્યું હશે...હા!

સત્ત્વ ફોરવવું પડે, શ્રદ્ધા વધારવી પડે...)

## ૨૪૦. ત્યાગ માટે પડાપડી

શ્રાવક-શ્રાવિકાઓને સંયમજીવનની અનુમોદનાનો લાભ મળે એ માટે નાગપુરમાં ઉપકરણવંદનાવલિનો કાર્યક્રમ ગોઠવાયો.

સંયમજીવનના દરેક ઉપકરણોના ચડાવા પૈસામાં નહિ, પણ જુદી જુદી આરાધનામાં બોલાય અને એ ચડાવા લેનારાને એ ઉપકરણ આપવામાં આવે.

આ ચડાવા ૫૦ વર્ષ કે તેનાથી નાની ઉંમરવાળાઓએ જ લેવાના હતા. એમાં શ્રાવક-શ્રાવિકાઓએ જે ઉલ્લાસ દર્શાવ્યો છે, એની સ્મૃતિ પણ આંખો ભીની બનાવી દે છે.

(ક) મુનિ ભગવંત જે વસ્ત્ર પહેરે છે, તેની બોલી ૬૦૦૦ સામાયિકમાં ગઈ. ૩ વર્ષમાં ૬૦૦૦ સામયિક પૂરા કરવાના. (રોજના લગભગ ૬)

સંસારીઓના કલરીંગ કપડા કરતા પણ એ લાભ લેનારને મુનિનો વેષ વહાલો લાગ્યો.

(ખ) મુનિ ભગવંત જેના ઉપર બેસી ધ્યાન કરે, તે આસનની બોલી ૯૦૦૦ કલાક સ્વાધ્યાયમાં ગઈ. ૭ વર્ષમાં અભિગ્રહ પૂર્ણ કરવાનો (આશરે રોજના ૪ કલાક સ્વાધ્યાય)

સોફાસેટને બદલે એ ભાઈને મુનિનું આસન વધુ પ્રિય બન્યું.

(ગ) મુનિના સંથારાની બોલી ૧૬૦૦ દિવસ સંથારા ઉપર ઉંઘવાની થઈ.

૪૦ વર્ષના દંપતિએ ડનલોપની ગાદી ત્યાગી સંથારાને વહાલો કર્યો.

(ઘ) દાંડાની બોલી થઈ "૧૦,૦૦૦ વંદન સાધુ-સાધ્વીઓને કરવા."

ગાડી-સ્કુટર વગર એક ડગલું ન ચાલનાર ૨૦ વર્ષની કન્યાએ આ ચડાવો લીધો.

(ચ) દંડાસનની બોલી થઈ "૧૦,૦૦૦ દિવસ દેરાસરમાં કાજો કાઢવાનો."

૨૨ વર્ષની નવી પરણેલી યુવતીને પ્રભુના દરબારમાં કાજો કાઢવાનું ગમી ગયું.

(છ) કામળીની બોલી થઈ "૩૫૦૦ દિવસ ઉકાળેલું પાણી પીવું"

૩૦ વર્ષના બહેને આ ચડાવો દીધો.

(જ) આ બધું જોઈ બાળકોમાં પણ અદમ્ય ઉત્સાહ પ્રગટ થયો. તરપણીના ચડાવામાં આઈસ્ક્રીમ, કોલ્ડ્રીંક્સ બંધ કરવાના હતા. ૮૯ વર્ષના કુલ ૧૦ બાળકોએ આ પ્રતિજ્ઞા લઈને તરપણીનો ચડાવો લીધો.

(ઝ) સૌથી મહત્વનો ચડાવો હતો રજોહરણ. પાંચ દંપતીઓને એક-એક ઓઘો આપવાનો હતો. પણ એના ચડાવામાં એ દંપતીએ યાવજ્જીવ માટે બ્રહ્મચર્ય સ્વીકારવું પડે.

૩૦,૪૦,૪૮,૪૯ અને ૫૦ વર્ષની ઉંમરના કુલ પાંચ દંપતીઓએ આ યાવજ્જીવ બ્રહ્મચર્ય સ્વીકારીને રજોહરણનો ચડાવો લીધો.

જ્યારે તેમને ઓઘો અપાયો ત્યારે રડતી આંખે એ બેનો કહે કે "અમને એવા

આશિષ આપો કે આપની જેમ અમે પણ જિનશાસનના સાધ્વીરત્ન બનીએ..."

ઉપકરણનો લાભ લેનારાઓના શબ્દો હતા કે **"અમને ઉપકરણે લેતા જો આટલો બધો આનંદ આવે છે તો યાવજ્જીવ એ સંયમ પાળવામાં તો કેટલો આનંદ આવે..."**

છેલ્લે આ આખાય પ્રસંગને કળશ ચઢે એવો એક પ્રસંગ બન્યો.

આ ઉપકરણવંદનાના બધા સમાચારો છાપામાં છપાયા.

એ પ્રસંગમાં નહિ આવેલા ૫૦ વર્ષના એક ભાઈને એ વાંચીને ભાવના થઈ કે "મારે પણ ચોથું વ્રત લેવું છે"

એ વાત એમણે પત્નીને કરી, એ પણ તૈયાર થઈ.

ભાઈએ કહ્યું કે હમણાં આપણે બંને જાતે પચ્ચક્ખાણ લઈ લઈએ, ૪-૫ દિવસ બાદ મહારાજ સાહેબ પાસે જઈ પચ્ચક્ખાણ લઈ લઈશું."

અને એ ભાઈ બીજા જ દિવસે હાર્ટએટેક આવવાથી મૃત્યુ પામ્યા. પરલોકમાં જતા પૂર્વે આ ભાઈ એક જબરદસ્ત ભાથુ લઈને ગયા.

(જ્યાં જ્યાં આ ઉપકરણવંદનાવલિ પ્રસંગ થાય છે, ત્યાં ત્યાં અનેરો ઉત્સાહ જોવા મળે છે, શ્રાવક-શ્રાવિકાઓમાં આ નિમિત્તે આરાધનાના પૂર ઉમટે છે.)

## ૨૪૧. નાનો બાળક આપૃચ્છા સામાચારી પાળે ?

ઈન્દૌરમાં એક શ્રાવિકા આચાર્યશ્રીને વંદન કરવા રોજ ઉપાશ્રયમાં આવે, ત્યાં રોજ બે બાળ મુમુક્ષુઓને જોઈને વિચારે કે "હું મારા ગુરુદેવને શું ભેટ આપું ? સંપત્તિ તો જેટલી આપીશ, એટલી ઓછી જ છે."

એ બહેને આચાર્યશ્રીને કહ્યું કે "જ્યાં સુધી મેં આપને જોયા ન હતા ત્યાં સુધી મને દીકરા માટે એવા અરમાન હતા કે હું એને ડોક્ટર બનાવીશ, ક્રિકેટર બનાવીશ, પણ હવે મને થાય છે કે હું મારા દીકરાને આપના ચરણોમાં અર્પણ કરી દઉં."

અને ખરેખર બહેને પોતાના દોઢ વર્ષના દીકરાને આચાર્યશ્રીને વહોરાવી દીધો.

ત્યારથી જ એ માતાએ બાળકમાં સંસ્કારનું સિંચન શરુ કરી દીધું. એ જ દિવસથી એણે બાળકને રાત્રિભોજનત્યાગ, અભક્ષ્ય ત્યાગ, ઉકાળેલું પાણી, પૂજા સેવા શરુ કરાવી દીધા.

એ બાળકમાં ગુરુસમર્પણના એવા ભાવ રેડ્યા કે જ્યારે પણ એ બાળક સ્કુલે જાય ત્યારે ઘરે રાખેલા આચાર્યશ્રીના ફોટા આગળ આવીને કહે

"ગુરુદેવ ! હું સ્કુલે જઈને આવું છું."...

એમ જમવા બેસે તો કહે કે "ગુરુદેવ ! હું જમવા બેસું છું..."

દરેક કામ કરતા પહેલા ગુરુદેવનાં ફોટા પાસે આજ્ઞા માંગે.

માતાની ભાવના છે કે "આઠવર્ષની ઉંમરે હું મારા લાડકવાયાને સાધુ બનાવું"

(એ બાળક અણસમજુ છે, એની પાસે સ્થાપનાગુરુ છે. આપણે બધા સમજદાર છીએ, આપણી પાસે ભાવગુરુ છે. આપણે બધા જ કામ ગુરુને પૂછી-પૂછીને જ કરવા જોઈએ ને?)

## ૨૪૨. આચાર્યદેવના વ્યાખ્યાનની અસર

"પંચ્ચીસ રૂપિયા..."

રીક્ષામાંથી નીચે ઉતરેલા ભાઈને રીક્ષાવાળાએ ભાડાનો હિસાબ આપ્યો.

વર્ષોના અનુભવ પછી તેઓ પણ ચતુર બની ગયા હોય છે. 'મુસાફર રકઝક કરવાનો જ છે' એમ સમજીને તેઓ પહેલેથી જ વધારે રકમ કહેવા ટેવાયેલા હોય છે.

પણ ભાઈએ તો પંચ્ચીસને બદલે ત્રીસ રૂા. આપીને ચાલતી પકડી.

પેલો રીક્ષાવાળો આશ્ચર્યમાં પડ્યો.

"मुझे लगता है, इस साल इन्दौर मे जो जैन महाराज आये हैं, उसके व्याख्यान आपने भी सुने है क्युं ? मेरी बात सही है ना ?" રીક્ષાવાળાએ પ્રશ્ન કર્યો.

तुमको कैसे मालुम हुआ ?

રીક્ષામાંથી ઉતરેલા ભાઈએ આશ્ચર્ય સાથે પૂછ્યું. કેમકે એ રીક્ષાવાળાની વાત સાચી હતી. એ ભાઈ જૈન શ્રાવક હતા અને ઈન્દૌરમાં ચાતુર્માસ બિરાજમાન જૈનાચાર્યના વ્યાખ્યાન સાંભળીને જ પરિવર્તન પામેલા હતા.

"રીક્ષાવાળા વગેરે ગરીબ છે, તેઓ બે-પાંચ રૂપિયા વધારે માંગે તો એમને આપી દો. ભાવતાલ ન કરો. તમે સુખી છો, તમને કશો ફરક પડવાનો નથી. આમ પણ તમે ગરીબોને દાન આપો જ છો. તો આ પણ એક પ્રકારનું દાન જ છે. એમાં ખેંચાખેંચ ન કરો. પેલા રીક્ષાવાળા વગેરે ભાઈઓનું કુટુંબ પોષાશે..."

આચાર્યદેવની આ બધી પ્રેરણાથી લગભગ બધા સુખી જૈન શ્રાવકોએ ભાવતાલ કરવાના છોડી દીધેલા. રીક્ષાવાળા જે માંગે એ કે એના કરતા બે-પાંચ રૂપિયા વધારે

જ આપી દેતા.

આવા અનુભવો વારંવાર થવાથી રીક્ષાવાળા પણ આશ્ચર્ય પામેલા, તપાસ કરતા એમને ખ્યાલ આવ્યો કે 'આ બધો જૈનાચાર્યના વ્યાખ્યાનનો પ્રભાવ છે.'

એટલે જ આજે ફરી એવો અનુભવ થતા રીક્ષાવાળાએ સાચું અનુમાન કરી દીધેલું.

રીક્ષાવાળાએ શ્રાવકને જવાબ દીધો કે "यह जैनाचार्य के परिचय में जो भी आया है, वो कभी हमारे साथ भावताल नहि करता..."

એક શહેરમાં તો ઘોડાગાડીવાળાઓ, રીક્ષાવાળાઓ આચાર્યદેવને મળવા આવ્યા અને કહ્યું કે "हम आपके दर्शन के लिए आये हैं, आपके परिचय में आये हुए लोग कभी हमारे साथ भावताल नहि करते... हम को मालुम हुआ कि आप व्याख्यान में हमारे लिए बात करते हों, हमारी भी चिंता करते हो, आपकी महेरबानी से हमारी आवक बढ गई है। आप जैसे जैनाचार्य का उपकार और आप का यह उदार चरित हम नहि भूल सकेंगे ।" ગદ્ગદ સ્વરે એ અજૈનોએ આચાર્યદેવના ગુણગાન ગાયા.

(જૈનાચાર્યોની દીર્ઘદર્શિતા કેવી હોય કે એમની પ્રત્યેક પ્રવૃત્તિ જૈનોને તો ઠીક પણ અજૈનોને પણ જૈનધર્માનુરાગી બનાવી દે.

એક ગીતાર્થ-સંવિગ્ન આચાર્યદેવ જિનશાસનના કેટલા બધા ઊંડા કામ કરી શકે... એ આ નાનકડા દૃષ્ટાન્ત ઉપરથી કલ્પી શકાય છે.

એ પ્રત્યેક શ્રમણ-શ્રમણી આવા જ પ્રભાવક બનવાના કે જે પોતાની કક્ષા પ્રમાણે સાચા ગીતાર્થ-સંવિગ્ન બનેલા હશે...)

## ૨૪૩. આચાર્યો છે જૈનધર્મના દક્ષવ્યાપારી શૂરા

૬૨ વર્ષની ઉંમરના વૃદ્ધ છતાં યુવાનને શરમાવે એવા એક ભાઈ કુલ ૭૨ દેશોની મુલાકાત લઈને અહીં ભારતદેશમાં આવ્યા હતા. એક શાસનપ્રભાવક આચાર્યદેવ પાસે આવી ચડ્યા.

એ ભાઈને જાણવું હતું કે "આ જૈનધર્મ ભારતદેશમાં અલગ જ રીતે તરી આવે છે, એવું કેમ ? એમના સાધુઓ કેવા હોય ? એમના આચારો કેવા હોય ?"

એ આચાર્યદેવ પાસે અઢી કલાક બેઠા, બધું સાંભળતા જ રહ્યા. આચાર્યદેવે જૈનધર્મની ગરિમા એવી આકર્ષકતાથી અને સચોટ રીતે વર્ણવી કે એ ભાઈ આભા

જ બની ગયા. એમની આંખોમાંથી અહોભાવનાં અશ્રુ વહેવા લાગ્યા. સહજ રીતે હાથ જોડાઈ ગયા, મસ્તક ઝૂકી ગયું.

એ પછી એ ભાઈએ જે ઉદ્ગારો કાઢ્યા તે સાંભળવા જેવા છે.

→ ૭૨ દેશોની મેં મુલાકાત લીધી છે, પણ **એવો એકપણ વ્યક્તિ નથી દેખાયો કે જે ઈલેક્ટ્રીક સીટી, પૈસા અને સ્ત્રી વિના જીવી શકતો હોય.** તમારી પાસે આ ત્રણેય નથી, છતાં આટલી ખુમારી ! પ્રસન્નતા ! શાંતિ ! પ્રતિભા ! 'I can't believe' હું આ માની નથી શકતો. પૈસા-પરિવાર-પદાર્થો પાછળની દોટ વિનાની આવી પણ એક દુનિયા છે, એ મેં આજે જ જાણ્યું.

તમારો જૈનધર્મ મને સૌથી વધુ ગમ્યો. પ્રભુ મને જો પૂછે કે 'તને આવતા ભવે જન્મ ક્યાં આપું' તો હું જવાબ આપીશ કે 'મને ભારતદેશમાં જ જન્મ આપો અને જૈન સાધુ બનવાનું સત્ત્વ આપો..."

(આચાર્યો એ જૈનધર્મના શૂરવીર વેપારીઓ છે, એ વાત અહીં સાર્થક થતી દેખાય છે. અઢિ કલાકની એ દેશનામાં આચાર્યદેવે કેવા અદ્ભુત પદાર્થો પીરસ્યા હશે કે એ ૭૨ દેશોની મુલાકાત લઈ ચૂકેલો ભાઈ જૈન સાધુ બનવાની તમન્ના કરતો થઈ જાય...

કેવું બોધિબીજનું વાવેતર !)

## ૨૪૪. सेयंबरो य आसम्बरो य... लहइ मुक्खं...

"કુલ કેટલું બિલ થયું છે ?"

હોસ્પીટલમાંથી ડીસ્ચાર્જ થતી વખતે ભાઈએ હોસ્પીટલમાં લીધેલી સારવારના બિલ અંગે પૃચ્છા કરી.

"રૂા.૫૦,૦૦૦ ! પણ તમારું બધું બિલ તમે દાખલ થયા, એજ દિવસે એક ભાઈ ભરી ગયા હતા, એટલે હવે તમારે બિલ ભરવાનું રહેતું નથી."

હોસ્પીટલવાળા તરફથી જવાબ મળ્યો.

ભાઈ આશ્ચર્ય પામ્યા.

એ સ્થાન હતું ભીલાઈ હોસ્પીટલ !

બન્યું એવું કે દુર્ગ પાસે એક્સીડન્ટ થયો. બે ગાડી હતી, એમાં આગળની ગાડીમાં બધા બાળકો હતા અને પાછળની ગાડીમાં મોટાઓ હતા. આગળની ગાડીમાં જે શ્રાવકભાઈ ગાડી ચલાવતા હતા, એક્સીડન્ટના કારણે તેમની કમ્મર ગાડીમાં દબાઈ

ગઈ. પાછળની ગાડીમાં એમની પત્ની હતી, તેણે તરત નીચે ઉતરી એ ભાઈને નવકાર સંભળાવવાનું શરૂ કરી દીધું. બધું જ વોસિરે... કરાવી દીધું.

પણ ત્યાંથી એક ભાઈ જતા હતા, તે એક્સીડન્ટ થયેલો જોઈ ઊભા રહી ગયા. જે નાના નાના બાળકોને વાગ્યું હતું તેમને પોતાની ગાડીમાં મૂકીને ભીલાઈ હોસ્પીટલમાં દાખલ કરી દીધા.

બધાને પાછળથી ખબર પડી કે "બાળકોને કોઈ ભાઈ હોસ્પીટલ લઈ ગયા છે."

પછી તો બધા હોસ્પીટલ ગયા. સારવાર પૂર્ણ થઈ. બધા બચી ગયા. હોસ્પીટલવાળાઓએ ક્યારેય બિલની વાત ઉપાડી ન હતી એટલે બધાને આશ્ચર્ય તો હતું જ. છેલ્લે ખબર પડી કે એ બિલની મોટી રકમ એ ભાઈ જ ભરી ગયેલા.

આ જૈન શ્રાવકે પેલા રકમ ભરી ગયેલા ભાઈને ફોન કર્યો.

ખબર પડી કે એ ભાઈ પણ જૈન હતા, પણ દિગંબર જૈન હતા.

"૫૦,૦૦૦ રૂા. તમે ભર્યા છે, એ અમારે પાછા આવવાના છે. કોને આપીએ?" શ્રાવકે પૂછ્યું.

"એ ભૂલી જાવ. તમને બધાને સારું થઈ ગયું ને ?.બસ પૈસાની ફિકર છોડી દો."

દિગંબરભાઈએ જવાબ આપ્યો.

(સંબોધસિત્તરીમાં કહ્યું છે કે 'શ્વેતાંબર હોય કે દિગંબર હોય, જે સમભાવથી ભાવિત બને એ મોક્ષ પામે.'

નામ-કુળથી દિગંબર છતાં વિશિષ્ટગુણવત્તા ધરાવનાર આ દિગંબરભાઈ જેવા જીવો માટે આ વાત સાચી પડે તો એમાં આશ્ચર્ય જ શું છે?)

## ૨૪૫. ગચ્છના ફાયદા અપરંપાર છે

(સાધ્વીજીના શબ્દોમાં →)

દીક્ષા બાદ દસ જ દિવસમાં અંજનશલાકાદિ મહોત્સવમાં રોકાવાનું થયું. તે વખતે અમે જુદા જુદા ગ્રુપો મળી કુલ ૭૨ સાધ્વીજીઓ ભેગા થયેલા.

"આટલી વિશાળ સંખ્યામાં ફરી ક્યારે ભેગા મળવાના ?" એ વિચારથી બધાને તમામ સાધ્વીજીઓની કંઈક ને કંઈક ભક્તિ કરવાનો ઉમળકો જાગ્યો.

એટલે એક એક ગ્રુપે વૈયાવચ્ચના જુદા જુદા કાર્યો ઉપાડી લીધા.

એક ગ્રુપે ૭૨ સાધ્વીજીની ગોચરી પાણીની ભક્તિ કરવાનું કામ સ્વીકાર્યું.

એક ગ્રુપે ૭૨ સાધ્વીજીઓના પ્રતિલેખનનું કામ સ્વીકાર્યું.

એક ગ્રુપે ૭૨ સાધ્વીજીઓના ઓઘા બાંધવાનું કામ સ્વીકાર્યું.

ચાર સાધ્વીજીઓએ ૭૨ સાધ્વીજીઓના પાત્રાઓનું પ્રતિલેખન કરવાનું કામ સ્વીકાર્યું.

હું તો તદ્દન નવી હતી, જોગ પૂરા થયા ન હતા. એટલે મને તો શું લાભ મળે ?

પણ મારા સૌભાગ્યે મને એક લાભ મળ્યો.

મેં ૭૨ સાધ્વીજીઓની લઘુનીતિ (માત્રુ) પરઠવવાનો લાભ લીધો.

મને ખૂબ આનંદ આવ્યો.

ગચ્છભક્તિનો અપૂર્વ લાભ મળ્યો.

(૩૫૦ ગાથાના સ્તવનમાં કહ્યું છે કે ગચ્છની અંદર તો એકબીજાના આચારો-વિચારો જોઈને, જાણીને બીજાઓને પણ એ પ્રમાણે કરવાનો ઉલ્લાસ જાગે.

કશું ન ભણનારાઓ સ્વાધ્યાયીઓને જોઈ દસ કલાક ભણતા થઈ જાય.

નવકારશીવાળાઓ તપસ્વીઓને જોઈ ઓળી કરતા થઈ જાય...

આળસુઓ વૈયાવચ્ચીઓને જોઈ જોરદાર વૈયાવચ્ચ કરતા થઈ જાય...

આ બધા અપરંપાર લાભો છે, માટે જ ગચ્છવાસનું સેવન વધારે થાય એ સારું...)

## ૨૪૯. મારી નિઃસ્પૃહતા મારે જણાવવી ન જોઈએ, પણ...

(સાધ્વીજીના શબ્દોમાં →)

સળંગ ૩૦૦૦ આંબિલ કરનારા, નિર્દોષ વાપરનારા, અજોડ વૈયાવચ્ચ કરનારા એ સાધુભગવંતની વાતો સાંભળી મને પણ અનાસક્તિભાવ સિદ્ધ કરવાની ભાવના ઉત્પન્ન થઈ.

અને મેં ગુરુણીની રજા લઈ સળંગ ૫૦૦ આંબિલની આરાધના શરુ કરી.

આખરે ૫૦૦ આંબિલ પૂરા થવા આવ્યા.

પારણાનો દિવસ નજીક આવતો ગયો.

સ્વાભાવિક છે કે સ્વજનોને જણાવવાની, ૫૦૦ આંબિલ નિમિત્તે મહોત્સવાદિ

કરાવવાની થોડીક ભાવના થાય. એ બહાને બધા સ્વજનો આવે એટલે એ બધું પણ મનને ગમે તો ખરું જ. સંસાર ભલે છૂટ્યો, પણ સ્વજનો પ્રત્યેનો સ્નેહ સાવ ખલાસ નથી થયો.

એમાં વળી અમારા ચાતુર્માસપ્રવેશના દિવસે જ મારું પારણું આવતું હતું, એટલે એ નિમિત્તે પણ બધાને બોલાવી શકાય, પત્રિકા છપાવી શકાય...

પણ

"૧૦૦મી ઓળીનું પારણું એ સાધુએ કોઈને પણ જણાવ્યા વિના કરેલું, ખુદ ગુરુને પણ એ પારણાની ખબર પડવા દીધી ન હતી, સ્વજનો તો કોઈ જ હાજર ન હતા..."

એ બધું મને સાંભર્યું અને મને થયું.

"આવી સ્વજન-અનાસક્તિ પણ હું કેમ ન કેળવું ? ભોજનાનાસક્તિ તો કેળવી, પણ આ એક અનાસક્તિ બાકી છે..."

અને મેં સ્વજનાદિ કોઈને પણ મારા પારણાની વાત ન કરી, કોઈ પત્રિકા નહિ, મહોત્સવ નહિ... સીધુ સાદું પારણું કર્યું.

અલબત્ત મારે મારી નિઃસ્પૃહતા જણાવવી ન જોઈએ, પરંતુ આવી નિઃસ્પૃહતા કેળવવા બદલ મને એ દિવસે જે આનંદ થયો એ અલૌકિક હતો, એ બધા દિવસો મારા ગોલ્ડન દિવસો હતા.

એટલે જ મારો એ અસમાન આનંદ વાચા રૂપે ઉભરાઈ ગયો છે, એમાં જાતના ગુણગાન ગાવાનો ઈરાદો નથી, છતાં એવું કંઈ પણ હોય તો હું ક્ષમા માંગું છું.

("નિઃસ્પૃહતા એ પરમસુખ છે" એવું મહોપાધ્યાયજી કહે છે.

આપણે જો સ્પૃહામાં ફસાયા તો નક્કી માનવું કે આપણે મહાદુઃખી બન્યા વિના નહિ રહીએ.

ઘોર તપ, ઘોર સ્વાધ્યાય, ઘોર વૈયાવચ્ચ.... આ બધું જ સ્પૃહાવંતને દુઃખોત્પાદક બની રહેશે એ નિઃશંક હકીકત છે...)

## ૨૪૭. પર્યાયમાં મોટા, નમ્રતાથી નાના

ગૃહસ્થપણામાં એ છોકરી સામાન્ય ઘરની હતી, ત્રણ ટાઈમ ભોજનના પણ ફાંફાં પડતા. જૈનધર્મના સંસ્કાર દૃઢ એટલે અનંતકાય સસ્તુ હોવા છતાં એ ન વાપરતી, પણ

રોટલો અને મરચા વાપરીને જીવન ગુજારો કરતા.

પણ પુણ્યોદય જાગ્યો,

સદ્ગુરુનો સમાગમ થયો

અને નાની ઉંમરે એ છોકરીએ દીક્ષા લીધી. બધા પાપકર્મો પુણ્યકર્મમાં સંક્રાન્ત થઈ ગયા.

સંસારીપણામાં કશું જ ન મળે. સાધુ બન્યા બાદ હવે તો બધું જ મળે... કોઈ વાતે ખામી નહિ.

પણ આમની આંતરદૃષ્ટિ જાગ્રત હતી.

"ગૃહસ્થપણામાં મળતું ન હતું માટે ન ભોગવ્યું. પણ હવે ચિક્કાર મળે છે છતાં ન ભોગવું તો જ મારો વૈરાગ્ય સાચો ગણાય..."

એ વિચારે એમને ત્યાગના માર્ગે દૃઢ બનાવ્યા.

એમણે બધા ફળોનો અને લગભગ બધા શાકોનો ત્યાગ કર્યો.

મુખ્યત્વે રોટલી-મરચું વગેરે વાપરી નિર્વાહ કરી લે.

કાયમ એકાસણા કરે અને દૂર દૂર ગોચરી જાય.

એમનો દીક્ષાપર્યાય આજે તો ૩૦ વર્ષનો છે, છતાં કર્મના ગણિતને પચાવી ગયેલા આ સાધ્વીજીને અહંકાર સ્પર્શ્યો નથી. નાના-નાના સાધ્વીજીઓનું પણ પ્રતિલેખનાદિ કરે, એમના માત્રુ-સ્થંડિલાદિ પરઠવવાના આવે તો પણ લેશ પણ સંકોચ ન પામે. ગોચરી માંડલીમાં નીચે લુંછણિયું કરવું - કાજો કાઢવો, લુણા કાઢવા... વગેરે બધા કાર્યો સ્વયં કરવા લાગે.

અમે ના પાડીએ કે "આપ તો ઘણા વડીલ છો..." પણ એમને કોઈપણ કામ કરવામાં નાનમ નહિ.

પોતાને આંબિલ હોય તો પણ વહોરવા માટે ચાર પાત્રા લઈ જાય, એકમાં આંબિલની અને બીજા ત્રણમાં બીજાઓ માટે ચાલુની ગોચરી લાવે, બધાને વપરાવ્યા બાદ વાપરે.

૨-૨ વાર વહોરવા જવું, પાણીના ઘડા લાવવા... વગેરે કામોમાં એ ૩૦ વર્ષના દીક્ષાપર્યાય પછી પણ તૈયાર !

બધા એમને મહાવૈયાવચ્ચી કહે છે.

(ઉચ્ચસ્થાન-અનુકૂળતાઓ મળવી જ અઘરી છે. કદાચ મળી જાય તો મળ્યા પછી પચાવવી તો વધારે અઘરી છે:..

આ સાધ્વીજીએ ઉંચાઈ-અનુકૂળતા મેળવી પણ ખરી અને નમ્રતા જાળવી રાખી એને પચાવી પણ ખરી...)

## ૨૪૮. ભગવાનના ચરણે બધું જ ન્યોછાવર

એક શ્રીમંત યુવકને ગુરુનો સમાગમ થતા એના જીવનમાં ગજબનાક પરિવર્તન આવ્યું.

એ ભોગરસિક યુવાન પ્રભુરસિક બન્યો.

એમનો ગાઢ ગુરુપ્રેમ અને એના દ્વારા પ્રભુ પ્રેમ એટલો બધો વધ્યો કે એમણે શંખેશ્વર-પાલિતાણાના ટ્રસ્ટીઓને વિનંતી કરી કે

"તમે અનુમતિ આપો તો હું દાદાના ગભારાને હીરા-મોતી માણેકથી જડી દઉં."

પણ ટ્રસ્ટીઓએ ચોરીના ભયથી ના પાડી.

એ ભાઈએ સુરત પાસે ડુમસમાં ગોલ્ડન પ્રતિષ્ઠા કરાવી. સાચા સોનાચાંદી મોતીથી પ્રભુજીને વધાવ્યા.

મુંબઈમાં પોતાને ત્યાં ગૃહમંદિર બનાવતી વખતે વિચાર્યું કે

"મારા ઘરમાં રસોડાથી માંડીને બાથરૂમ સુધી મારબલ છે. તો પ્રભુના મંદીરમાં જો મારબલ લગાડું તો બેય સમાન થાય. એ ન ચાલે."

એમ વિચારી એણે સોનીઓને બોલાવી પુષ્કળ સોનું ખરીદ્યું અને આરસફેક્ટરીમાં મોકલી આપી જણાવ્યું કે આરસની બધી ટાઈલ્સો પર સોનાનું પ્લેટીંગ કરવું."

એવી સોનાની પ્લેટીંગવાળી ટાઈલ્સો પોતાના દેરાસરમાં લગાવી અને દુબઈથી હીરા મંગાવી ભીંતમાં જડ્યા.

એમને ત્યાં કુલ ૭ પ્રતિમાજી છે. દરેક પ્રતિમાજી માટે જુદા જુદા પ્રકારની કુલ ૮ આંગીઓ છે અને એ સોના-હીરાની બનેલી છે. દર અઠવાડિયે એક એક આંગીનો નંબર આવે. (કુલ ૭ x ૮ = ૫૬ આંગીઓ...)

પર્યુષણમાં જિનપૂજા માટેના પુષ્પો ફોરેનથી મંગાવે.

પર્યુષણમાં મોટા નૈવેદ્ય, ફળ મૂકી રોજ ૩-૪ કલાક ભક્તિ કરે.

આજે પણ દર વર્ષે પોતાના ગુરુ તરીકે માનેલા આચાર્યદેવ પાછળ ભક્તિરૂપે ઓછામાં ઓછા ૪ લાખ રૂ.નો ખર્ચ કરે છે.

## ૨૪૯. અલૌકિક શક્તિ : મુનિરાજની

"શિષ્ય ! ઉઠ, જલ્દી કર..."

મુનિરાજે પોતાના શિષ્યને અચાનક રાત્રે બાર વાગે ઉઠાડ્યો.

"શું થયું ?..."

કહેતો શિષ્ય તરત ઉભો થઈ ગયો. એ હેબતાઈ ગયો, અડધી રાતે મને કેમ ઉઠાડ્યો હશે ?

"જો, એક કામ કર. અહીંથી બરાબર જે ત્રીજું મકાન છે, ત્યાં જા. એ ઘરના બધા જ લોકોને અહીં લઈ આવ. ઉતાવળ કરજે..."

મુનિરાજે જવાબ દીધો.

ગુરુવચન પર અગાધ વિશ્વાસ ધરાવનાર એ શિષ્ય તો ગુરુના કહેવાથી રાત્રે બાર વાગે એ ઘરે ગયો, દરવાજો ખખડાવી બધાને ઉઠાડ્યા.

"ઘરમાં રહેલા બધાએ હમણા જ ઉપાશ્રયમાં આવવાનું છે. એકપણ બાકી ન રહે..." શિષ્યે કહ્યું.

એ હતું કચ્છનું પત્રીગામ !

કુટુંબ જૈન હતું, પણ આ રીતે અડધી રાતે એ મુનિરાજ કેમ બોલાવતા હશે ? એ માટે સૌ અચંબો પામ્યા.

"શું થયું હશે ?" એનો વિચાર કરતા બધા જ ઝડપથી ઉપાશ્રયમાં આવ્યા.

"બધા હાથ જોડો. માંગલિક સાંભળો..." મુનિરાજે કહ્યું.

"શું રાત્રે બાર વાગે માંગલિક સંભળાવવા અમને બોલાવ્યા... મહારાજને મગજનો તાવ તો નથી ચડ્યો ને ?"

એવી એવી શંકા-કુશંકામાં બધાએ હાથ જોડી માંગલિક સાંભળ્યું.

માંગલિક સાંભળીને બધા ઘર તરફ વળ્યા, પણ જરાક જ ચાલ્યા અને એમના આઘાત + આશ્ચર્યનો પાર ન રહ્યો.

"એ મુનિરાજે શા માટે બધાને અડધી રાતે બોલાવેલા..." એનો હિસાબ મળી ગયો.

**એમણે પોતાનું ઘર વિજળી પડવાથી ખતમ થઈ ગયેલું જોયું. જો મુનિરાજે એમને ન બોલાવ્યા હોત તો અત્યારે તૂટી ફૂટી ગયેલા ઘરને જોવા માટે તેઓમાંથી કોઈ જીવતું ન હોત...**

બધા હર્ષથી દોડ્યા ઉપાશ્રય તરફ, મુનિવરના પગમાં પડી અનહદ ઉપકાર માનવા લાગ્યા. મુનિરાજને આ ખબર શી રીતે પડી ? એ જ એકમાત્ર પ્રશ્ન હતો.

હા !

એ હતા એક મહાન મુનિરાજ !

અજોડ વિદ્વાન !

૮૫ વર્ષની ઉંમર થવા છતાં ચાલીને વિહાર કરનારા !

૫૦૦ થી વધારે અક્રમ કરી ચૂકેલા !

પ્રભુભક્તિમાં ભાન ભૂલનારા !

પદવી માટેની અજબ ગજબની નિઃસ્પૃહતા ધરાવનારા !

કોઈક અદશ્યપણે એમને સ્ફુરણા થઈ અને આખુ કુટુંબ ઉગરી ગયું.

(વિશુદ્ધપરિણતિવાળા મુનિરાજોને આવી આવી ભવિષ્ય અંગેની સ્ફુરણાઓ થતી હોય છે અને એ મહદંશે સાચી પણ પડતી હોય છે.)

## ૨૫૦. શ્રમણનો સ્વભાવ છે શાંત રહેવાનો...

"જો, પેલા પહેલા બોક્સમાંથી અમુક પુસ્તક કાઢી લાવ..."

ગુરુએ શિષ્યને આદેશ કર્યો અને તપસ્વી ક્ષમાશીલ શિષ્ય તો તરત ત્યાં જઈ બોક્સ ખોલી માંગ્યા પ્રમાણેનું પુસ્તક લઈ આવ્યો.

પણ ગુરુનો વિચાર આટલી જ વારમાં બદલાઈ ગયો. પુસ્તક હાથમાં લીધું અને તરત પાછું આપી દીધું.

"ના, આ ન જોઈએ, પાછુ મૂકી આવ અને જો, પેલા પાંચમાં બોક્ષમાંથી ફલાણું પુસ્તક કાઢી લાવ."

ગુરુએ કહ્યું અને મોઢાની લેશ પણ રેખા બદલ્યા વિના શિષ્ય પાછો ગયો.

પુસ્તક બોક્ષમાં મૂકી પાંચમાં બોક્ષમાંથી બીજું પુસ્તક કાઢી પાછા ફરી ગુરુને આપ્યું.

પણ

કોણ જાણે આજે ગુરુના વિચારો ચગડોળે ચડ્યા હતા કે શિષ્યની પરીક્ષા કરતા હતા... પણ ગુરુએ એ પુસ્તક હાથમાં લઈને તરત જ પાછું આપ્યું "આ નથી જોઈતું. પાછુ મૂકી આવ. પેલું જે પહેલા પુસ્તક લાવેલો, એ જ પાછુ લઈ આવ..."

મનમાં ય સંક્લેશ કર્યા વિના, પરમ પ્રસન્નતા સાથે શિષ્યે ફરી ગુરુએ ચીંધેલું કામ કર્યું.

(આપણે હોઈએ તો ?

કદાચ મોઢેથી ભલે કંઈ ન બોલીએ પણ મનમાં તો જાત જાતનાં વિચારો આવી જાય ને ?

"ગુરુનું મન ચંચળ છે..." એવો ઉદ્વેગભાવ આવી જાય ને ?)

આ મુનિરાજને આંબિલો ચાલુ હોય, તો પણ પુસ્તકાદિના કામ અંગે ૨-૪ વાગે તો પણ પરવા ન કરે.... મસ્તીથી સહુના કામ કરી આપે.)

## ૨૫૧. આપણી શ્રદ્ધા નબળી કે નમસ્કાર મંત્રનો પ્રભાવ નબળો ?

"નમો અરિહંતાણં" બોલતી એ છોકરી ધડામ્ કરતી ઊંડા કુવામાં પટકાઈ.

નાનકડા ગામના એક દેરાસરની બાજુમાં એક કુવો હતો, તેનું પાણી પ્રભુપ્રક્ષાલન માટે વપરાતું, પાણી લઈ લીધા બાદ તરત એ ઢાંકણ બંધ કરી દેવાતું.

એકવાર એ ખુલ્લું રહી ગયું. પહેલા તો ગામડામાં ઘરદીઠ બધા વારાફરતી પૂજા કરતા. એ છોકરીના પિતાશ્રી એ દિવસે બહારગામ ગયા હોવાથી તેણે પોતે જ પૂજા વગેરે કરવા જવાનું હતું.

એ છોકરી ડોલ નાંખી પેલા કુવામાંથી પાણી લેવા માટે પ્રયત્ન કરતી હતી, ત્યાંજ એ ચૂકી અને કુવામાં પડી. પણ ધર્મના સંસ્કાર રોમે રોમે ગુંથાયેલા હતા. એના મનમાં નમસ્કાર મંત્રનો જપ શરુ થઈ ગયો.

એ પછી શું બન્યું ?એ તો ભગવાન જાણે પણ થોડીવાર બાદ એ છોકરી દેરાસરના ગેટ પાસે પાણીથી લથપથ દેહે ઉભી હતી...

લોકો એને પૂછતા હતા

"શું થયું ? આમ આખી ભીની કેમ ?"

છોકરીએ જવાબ આપ્યો કે "મને કશી ખબર નથી, હું કુવામાં પડી ગયેલી, એટલી જ મને ખબર છે... અહીં ક્યાંથી આવી ?"

ત્યારથી એ છોકરીની નમસ્કારમંત્રમાં શ્રદ્ધા વધી ગઈ, પછી તો એણે દીક્ષા લીધી અને આજે નિર્મળ સાધ્વીજીવન જીવી રહ્યા છે.

(મહામંત્રનો પ્રભાવ તો આજે પણ એવો ને એવો જ છે, માત્ર એમાં આપણી શ્રદ્ધા અડગ હોવી જરૂરી છે.

શ્રદ્ધા નબળી હોય તો શું વળે ?)

## ૨૫૨. જે બને એ બધું જ અપનાવવું જ રહ્યું

છ વર્ષ પૂર્વે એ સાધ્વીજીના જીવનમાં એક ગમખ્વાર ઘટના બની,

હાઈ-વે પર ભયંકર એક્સીડન્ટ થયો.

હોસ્પીટલમાં ખસેડવામાં તો આવ્યા, પણ જીવનમરણ વચ્ચે એ ઝોલા ખાઈ રહ્યા હતા.

ભાગ્યે સાથ આપ્યો એમનું જીવન તો બચી ગયું, પણ એ તદ્દન પરતંત્ર બની ગયા. હૃદય નીચેનું આખુંય શરીર જડ બની ચૂક્યું હતું. એક ડગલું પણ ન ચાલી શકે... ન ઊઠી શકે...

શરુઆતના મહિનાઓ તો હોસ્પીટલમાં યંત્રોની સારવાર હેઠળ રાખ્યા. અતિ મોંઘી સારવાર મહિનાઓ સુધી શ્રીસંઘે ખૂબજ લાગણીપૂર્વક કરાવી.

એમને પોતાની જીંદગીનો ભરોસો ન હતો. એ જ ચાતુર્માસ દરમ્યાન શ્રી સિદ્ધાચલ ક્ષેત્રમાં શ્રમણીઓની વાચનાનું આયોજન થયું.... એમને સ્વકલ્યાણ માટે આવી વિષમપરિસ્થિતિમાં સિદ્ધગિરિ જવાનું મન થયું.

અંતે અપવાદમાર્ગે એમને એમ્બ્યુલન્સમાં પાલિતાણા લઈ જવામાં આવ્યા.

એમણે લગભગ ચારેય મહિના વાચના સાંભળી, પણ પલંગ પર સુતા સુતા ! કેમકે બેસી શકવા જેટલી પણ એમની શક્તિ ન હતી. પલંગ પર સંથારામાં સુતા સુતા, શરીરમાં ભોંકાયેલી સોંયોની સાથે મશીન ઉપર જીવતા એ સાધ્વીજીએ વાચનાઓ સાંભળી સાંભળીને પોતાના આતમને પવિત્ર કરવા પ્રયત્ન કર્યો.

છ વર્ષ પસાર થઈ ગયા છે આજે આ પ્રસંગને !

એ સાધ્વીજી પાલિતાણામાં જ છે. તબિયત લગભગ એવી ને એવી જ છે.

સંપૂર્ણ પરતંત્રતા !

ચોવીસ કલાક બધી જ ક્રિયા પલગનાં સંથારામાં !

હૃદય નીચેના બધા જ અવયવો કામરહિત !

છતાં એ પ્રસન્નતાથી જીવે છે. સ્વાધ્યાયાદિ યોગોને એમણે પોતાનો નિત્યક્રમ બનાવી દીધો છે.

ધન્યવાદ તો એ સેવા કરનારા સાધ્વીજીઓને છે કે જેઓ છ-છ વર્ષથી અવિરતપણે થાક્યા-કંટાળ્યા વિના અવ્વલ કોટિની સેવા કરી રહ્યા છે. સગા દીકરાઓ-દીકરીઓ પણ પોતાના મા-બાપની જે સેવા ન કરે. સગા ભાઈ-બહેન પણ જે કાળજી ન કરે.... એ બધું જ એ શ્રમણીઓ કરી રહ્યા છે.

એમાંય જ્યારે અસહ્ય માંદગીનો કોઈ અંત ન દેખાતો હોય, આ 'વિષમ પરિસ્થિતિ યાવજ્જીવ ટકવાની છે....' એવા એંધાણ નજર સામે હોય... એવી પરિસ્થિતિમાં વૈયાવચ્ચીઓનું પણ મન ભાંગી જ પડે... પણ આવું કશું જ અહીં થયું નથી.

ઘણા શ્રાવક-શ્રાવિકાઓ આ આરાધક શ્રમણીના અને એમના વૈયાવચ્ચી શ્રમણીઓના દર્શનનો લાભ પાલિતાણામાં લઈ રહ્યા છે.

## ૨૫૩. આસક્તિમાંથી છટકવું છે ? આ રહ્યો ઉપાય

"ના, ના. અમે હવે કશું જ લઈ શકીએ એમ નથી. એ તમે લાવ્યા છો, તમે જ વાપરી જાઓ..."

સહવર્તી મુનિઓએ ગોચરી વહોરી લાવેલા મુનિરાજની વિનંતિને ઠુકરાવી દીધી.

એ મુનિરાજ હતા પાંચ વિગઈના મૂળથી ત્યાગી !

નિર્દોષ ગોચરી-પાણીના આગ્રહી ! વૈરાગ્યની ઝગમગતી જ્યોતના સ્વામી !

દૂર દૂર ગોચરી વહોરવા કોઈક અજાણ્યા ઘરોમાં જઈ ચડે, ત્યાં પણ પાકી તપાસ કરી ગોચરી વહોરે.

એક દિ'

એક ઘરે પુરણપોળી = વેડમી મળી, ઘી ચોપડવાનું બાકી હતું. એમણે તો લુખી જ વેડમી બરાબર તપાસ કરીને વહોરી...

પણ મનમાં અજંપો શરુ થયો.

"મેં શા માટે વેડમી વહોરી ? મને રોટલીઓ મળતી જ હતી. આમાં મને આસક્તિ થવાની જ. મેં ભૂલ કરી..."

અંતે સહવર્તીઓને વપરાવી દેવાનો નિર્ણય કર્યો.

"આ વેડમી વાપરી જાઓ ને ? મારે નથી વાપરવી"

એ મુનિવરે ગોચરી વાપરતા સાધુઓને વિનંતિ કરી અને એનો જવાબ ઉપર મુજબ મળ્યો

"અમે નહિ વાપરી શકીએ"

મુનિઓ જાણતા હતા કે 'આ કદી સારી સારી વસ્તુઓ વાપરતા નથી.'

એટલે જ આજે બધા મુનિઓની એક જ ઈચ્છા હતી કે "વેડમી એ વૈરાગી મુનિ વાપરે..."

એ મુનિ રોજ મોડેથી એકાસણું કરતા. એ દિવસે પણ પોતાની ગોચરી કાઢી રાખી સ્વાધ્યાયાદિ કરવા લાગ્યા.

પણ મનમાં પેલી વેડમીનો અજંપો ચાલુ...

મારે રાગ નથી કરવો... એ વિચારો ચાલુ...

ચાર કલાક બાદ જ્યારે એ મુનિ વાપરવા બેઠા ત્યારે એમને આસક્તિત્યાગનો ઉપાય જડી ગયો હતો.

એમણે વેડમીમાં કડવું-કડવું સુદર્શનચૂર્ણ ભેગું કરી દીધું.

વેડમી બની ગઈ કડવી-કડવી !

પ્રસન્નચિત્તે એ વેડમી આરોગી ગયા. એ વખતે મોહરાજને ઘોર પરાજય આપ્યાનો અપૂર્વ આનંદ એમના મોઢા પર તરવરતો સ્પષ્ટ દેખાતો હતો.

એકવાર પાણી વધી ગયેલું હોવાથી આચાર્યશ્રીએ આ મુનિરાજને કાપ કાઢવાની આજ્ઞા કરી, કેમકે છ મહિનાથી એમણે કાપ કાઢ્યો ન હતો. ગુર્વાજ્ઞાના પાલન માટે એમણે કાપ કાઢયો તો ખરો, પણ માત્ર ૨૫ મિનિટમાં ! ઉપર-ઉપરનો મેલ કાઢી નાંખ્યો. એમાંય એ દોષિત પાણીનો વપરાશ કરવા બદલનો ડંખ તો ખરો જ.

## ૨૫૪. નાશવંતદેહના ફોટા શા માટે ?

"જો, ઉપાશ્રયમાં પાટ ઉપર આચાર્યદેવ બિરાજમાન છે. અમે બધા ત્યાં મુમુક્ષુ બહેનને લઈને આવીએ જ છીએ. તું થોડાક ફોટાઓ પાડી લેજે."

મુમુક્ષુ બહેનના સ્વજનોએ ફોટોગ્રાફરને સમજણ આપી.

એ બિચારો અજૈન ફોટોગ્રાફર તો સૂચના મુજબ ઉપાશ્રયમાં પહોંચ્યો...

૮૫ વર્ષની પ્રૌઢ ઉંમરના આચાર્યદેવ પાટ પર જપ કરી રહ્યા હતા.

સ્વાભાવિક છે કે દીક્ષાર્થીના સ્વજનોને તો પોતાના અણમોલ પ્રસંગના સંભારણા તરીકે ફોટાઓ પાડવાની તમન્ના હોય જ.

પણ

આચાર્યદેવને આ બધું નાપસંદ હતું.

મુમુક્ષુબહેન-સ્વજનો આવી ગયા, ફોટોગ્રાફર ફોટો લેવા જતો હતો ત્યાં આચાર્યશ્રીની એના ઉપર દૃષ્ટિ પાડી. એમણે બુમ પાડી

"આ શું માંડ્યું છે ? શા માટે ફોટા પાડીને ષટ્કાયજીવની વિરાધનાના પાપમાં અમને પાડો છો ? ફોટા પડાવવાથી અમારું સંયમ દુષિત થાય... ચાલ્યો જા અહીંથી..."

આચાર્યદેવની કડક સૂચના સાંભળી ફોટોગ્રાફર મુંઝાયો. એને તો 'શું કરવું ?' એની સમજણ ન પડી.

પણ દીક્ષાર્થીના સ્વજનો એને ઉપાશ્રયની રૂમમાં લઈ ગયા.

"ખાનગી રીતે ફોટા પાડજે, આચાર્યદેવની સામે ન આવતો..." એમ સૂચના આપી દીધી.

પણ અપ્રમત્ત યોગી જેવા આચાર્યશ્રીની ચકોર દૃષ્ટિમાંથી કશું છાનું ન રહ્યું. "પેલો હજી રૂમમાં છુપાયો છે, એને ત્યાંથી બહાર કાઢો. ઉપાશ્રયમાંથી બહાર કાઢો... આ નાશવંત દેહના ફોટા પાડવાનો આગ્રહ શા માટે રાખો છો ?"

અંતે આચાર્યદેવની ઈચ્છા મુજબ જ થયું. ફોટા ન પાડવા દીધા.

(આપણે સામે ચાલીને ફોટાઓ પડાવીએ, ફોટા પડતા હોય અને આપણને આનંદ આવે, આપણા ફોટા જોવાનું મન થાય.... એ બધું તો ખોટું જ ને ?)

## ૨૫૫. શિષ્યને સંયમમાં ટકાવવા ગુરુએ ઘણું સહન કરવું જ રહ્યું.

"તમે અત્યારે ને અત્યારે મારી સાથે નીચે ચાલો..."

સિદ્ધાચલ મહાતીર્થમાં દાદાના દરબારની બહાર ગુસ્સે થયેલી શિષ્યાએ ગુરુણીને આદેશ કર્યો.

કર્મસંયોગે તદ્દન વિચિત્ર ક્રોધી સ્વભાવ !

ગમે ત્યાં ગમે તે બોલે. ગુરુણીને પણ ખખડાવી દે.

પાલિતાણામાં એ શિષ્યા યાત્રા કરીને ઉપર પહોંચી. એકાદ કલાક ચૈત્યવંદનાદિ કરીને દાદાના દરબારમાંથી બહાર નીકળી ત્યાં જ સામે જ એના ગુરુણીને આવતા જોયા. ગમે તે કારણસર, પણ શિષ્યા ગુસ્સે થઈ ગમે તેમ બોલી,

"તમે હમણાં જ મારી સાથે નીચે ચાલો."

એમ આજ્ઞા (!) કરી.

"પણ હું તો હજી હમણાં જ દાદાના દરબારમાં આવી છું. મારે પ્રદક્ષિણા પણ પણ બાકી છે. તું નીચે ઉતરવાનું શરુ કર. હું તરત પાછળ આવું છું."

ગુરુણીએ કહ્યું તો ખરું પણ શિષ્યાની જીદ અભેદ્ય હતી... કોઈપણ જાતનો પ્રતીકાર કર્યા વિના ગુરુણી એ શિષ્યાની સાથે જ નીચે ઉતરવા લાગ્યા.

ન દર્શન !

ન ચૈત્યવંદન !

છતાં મુખ પર હાસ્ય !

વિચિત્રતા તો એવી કે શિષ્યા માત્રુ કરી લે અને પછી એને ગોચરી વહોરવા જવાનું કે પાઠ લેવા જવાનું હોય તો પોતાની ગુરુણીને કહી દે કે

"તમે માત્રુ પરઠવી આવો. મારે ટાઈમ થઈ ગયો છે, હું જાઉં છું." અને ગુરુણી પરઠવી આવે.

શિષ્યા જો ગુરુણીને કોઈપણ કામ સોંપે, અને એ કામ બીજા કોઈ સાધ્વીજી કરે તો પણ શિષ્યા ગુરુણીને ખખડાવી દે.

"મેં તમને કામ સોંપેલું. તમે કેમ ન કર્યું ?" એમ કહે.

શિષ્યા કાપ કાઢવા બેસે, વાપરવા બેસે કે બીજું કંઈ કામ કરે તો ગુરુણી એની સેવા કરવા ઉભા રહે. નહિ તો શિષ્યા ગુસ્સે થાય.

ગુરુણી બીજા શિષ્યાઓને ભણાવતા હોય અને એ વખતે જો આ શિષ્યા આવી ચડે "મને આ બીજો વિષય ભણાવો..." તો ગુરુણી ત્યારે ને ત્યારે જ ચાલુ પાઠ પડતો મૂકીને પણ એને ભણાવે. જો ન ભણાવે તો...

જાણકારોએ ગુરુણીને પૂછ્યું પણ ખરું કે "તમે શા માટે આ બધું ચલાવી લો છો...કડક થાઓ ને ? તમારે ક્યાં ઓછી શિષ્યા છે. શું ગરજ છે તમને એમની ?"

ત્યારે ગુરુણી કહે - જો હું એની સાથે પ્રેમથી રહીશ. તો તે ટકી શકશે, નહિ

તો સંયમ ગુમાવી બેસશે. મેં દીક્ષા આપી છે, તો જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી એને બચાવવાની, ટકાવી રાખવાની મારી ફરજ છે... એ ન ભૂલજો કે સામો થાય આગ, તો તું થજે પાણી ! આવી પ્રભુવીરની વાણી !"

(કર્મના વિપાકો વિચિત્ર હોય છે, એટલે જ એ શિષ્યાને દોષ દેવા માટે આ ઘટના લખાઈ નથી, પણ આવી વિષમતાને પણ હસતે મોઢે નિભાવી લેનાર ગુરુણીના ગુણને ગાવા માટે આ ઘટના આલેખાઈ છે... એ હકીકત ન ભૂલશો...)

## ૨૫૬. હે ભગવાન ! આવું સહન કરવાની શક્તિ અમને પણ આપજે

પૂર્વભવની કોઈક લેણદેણ હશે કે કેમ ? પણ ગુરુણીને એ પોતાની શિષ્યા પ્રત્યે મનમાં સખત તિરસ્કાર !

એનું મોઢું જોવાય તૈયાર નહિ.

દીક્ષા શી રીતે થઈ એ પણ આશ્ચર્ય છે.

૨૨ વર્ષનાં વહાણા વાઈ ગયા આ ગુરુશિષ્યની જોડીને !

પણ ગુરુણીના મનનો દ્વેષ કોઈપણ કારણે ઓછો થતો જ ન હતો.

શિષ્યા સદાય સાથે રહે, બધું જ સહન કરે.

આ શિષ્યા પણ કંઈ સામાન્ય નથી. ૯૪-૯૪ વર્ધમાનતપની ઓળીની તપસ્વિની છે. ૨૨ વર્ષનો દીર્ઘપર્યાય છે, પણ કર્મોના નિરાળા ખેલને એ સમભાવે નિહાળી રહ્યા છે.

લગભગ રોજ

ગુરુણી એ શિષ્યાની ભૂલ થાય ન થાય... એને વારંવાર ખખડાવે, ઉતારી પાડે...

પણ શિષ્યાના મુખે ગુરુણી માટે કદી નિંદાનો એકપણ શબ્દ સાંભળવા ન મળે.

સૌરાષ્ટ્રનાં એક ગામમાં એ સાધ્વીવૃંદ ચાતુર્માસ બિરાજમાન હતા. અમુક સાધ્વીજીઓ ગામમાં અને મોટા ભાગના સાધ્વીજીઓ સોસાયટીમાં હતા.

ત્યાં આ શિષ્યાએ સમવસરણતપ કર્યો.

બેસણાના દિવસે ગોચરી લાવી ગુરુણીને બતાવે. પણ ગુરુણી ગોચરી જોવા પણ તૈયાર નહિ. સમવસરણતપ જેવી ઘોર તપશ્ચર્યામાં એક દિ' કોઈ વિશેષ ભૂલ વિના સખત ઠપકો આપ્યો !

છતાં એ શિષ્યા શાંત-પ્રશાંત જ રહ્યા.

ચાલુ તપમાં એ શિષ્યાના પારણાના દિવસે એ ગુરુણી ગામમાં જતા રહ્યા, તો આ શિષ્યા કહે "એમને વંદન વિના મારાથી ગોચરી કેમ વપરાય ?" એ પણ પાછળ પાછળ ગામમાં ગયા.

ચાલુ તપમાં ઠપકો આપનારા, ગોચરી પણ ન જોનારા એવા પણ ગુરુણીને વંદન કરવા ગામમાં જવું એ એમનો આદર્શ આચાર હતો. ધારત તો આટલા બધા ઉપવાસ હોવાથી ગુરુણીને વંદન કરવા ગયા વિના પણ પારણું કરી શકતા હતા. પણ એવું એમણે ન કર્યું.

**બધા પ્રશ્નનો એકજ જવાબ "મારા કર્મોનો દોષ છે, ગુરુણીનો કોઈજ દોષ નથી..."**

(ખ્યાલ રાખવો કે ગુરુણીની નિંદા કરવા માટે કે એમના દોષો જોવા માટે આ ઘટના નથી આલેખાઈ. કર્મોદયે કોઈક ગુરુણીને આવો કષાય જાગે પણ ખરો.. એમાં એમનો પણ શો દોષ ?

અહીં તો આવી વિષમ પરિસ્થિતિને પણ સહન કરનારા એ શ્રમણી ભગવંતના નિર્મળ આતમને વંદના કરવા માટે જ આ પ્રસંગ આલેખાયો છે.)

## ૨૫૭. ઘડપણને આરે... આરાધનાના સથવારે

મારા દાદી ગુરુણીએ ૧૧ વર્ષની નાનકડી ઉંમરે દીક્ષા લીધેલી. હમણાં જ તેઓ ૭૨ વર્ષનો દીર્ઘ દીક્ષાપર્યાય પાળી ૮૪ વર્ષની ઉંમરે કાળધર્મ પામ્યા.

(ક) છેલ્લા ચાર મહિના એમની તબિયત ઘણી જ ખરાબ રહી. વારંવાર બેભાન થઈ જાય, કશું બોલી ન શકે... લકવો પણ થઈ ગયેલો...

પણ "સ્વાધ્યાય ન થાય તો નવકારવાળી ગણવી..." એ એમના મનમાં દૃઢ હોવાથી જ્યારે પણ ભાનમાં આવે ત્યારે નવકારવાળી હાથમાં લઈને ગણવા માંડે.

આશ્ચર્ય થશે કે દેહમાંથી જીવ નીકળ્યો. ત્યારે પણ એમના હાથમાં નવકારવાળી હતી.

(ખ) છેલ્લા ચાર મહિના જવા દઈએ તો એ સિવાય તેઓશ્રી રોજ સવારે ત્રણ વાગે ઉઠી જતા. આવશ્યક ક્રિયાઓ કરી ૧૦૦૦ ગાથાનો સ્વાધ્યાય રોજ કરતા.

(ગ) દેરાસર ખુલે ત્યારે દર્શન કરી પાછા આવી પુસ્તક વાંચવા બેસી જતા.

(ઘ) ગોચરી આવે, એટલે ૧૦ મિનિટમાં વાપરીને પાછા ચૈત્યવંદન, સ્તવન,

સજ્ઝાયનો પાઠ કરવા બેસી જતા.

(ચ) કોઈક સાધ્વીજી કામકાજથી પરવારે એટલે એમની સાથે સામસામે ૫૦૦ ગાથાનો પાઠ કરે.

(છ) આ ઉંમરે પણ એમને રઘુવંશ, શાંતિનાથ કાવ્યાદિના શ્લોકો યાદ હતા.

(જ) બ્રહ્મચર્યની વાડોનું પાલન કરવામાં તે જાગ્રત હતા. કોઈપણ ભાઈ એમની પાસે ૧૦ મિનિટથી વધારે બેસી ન શકે. અમને કોઈ મહેમાન મળવા આવે તો પણ એ ભાઈઓ હોય તો એમની સાથે અમને બેસવા ન દે. એમાંય રાત્રે તો કોઈપણ ભાઈની સાથે બેસવા ન દે.

## ૨૫૮. અઠ્ઠમોનો ઢગલો

સાગર સમુદાયના એ મુનિરાજ !

(ક) ૩૮ વર્ષનો દીક્ષા પર્યાય થયો, પણ આજ દિન સુધી નવકારશી પચ્ચ. કર્યું નથી. છુટું કરે તો પણ પોરિસી પહેલા ન વાપરે.

(ખ) ઘણાય વર્ષોથી ફરસાણ, તળેલું, ફળો, મીઠાઈ, કેરી, લીલોતરી શાક સદંતર બંધ.

(ગ) એમણે કુલ ૧૦૨૪ અઠ્ઠમ પૂર્ણ કર્યા. મોટા ભાગના અઠ્ઠમો તો અઠ્ઠમના પારણે અઠ્ઠમ કરવા પૂર્વક કર્યા છે.

(ઘ) પારણાના દિવસે લગભગ અભિગ્રહ કરે. જો એ અભિગ્રહ પૂરો થાય તો બપોરે ૧ વાગ્યા પહેલા પારણું કરે. જો અભિગ્રહ પૂરો ન થાય તો બપોરે ૧ વાગ્યા બાદ પારણું કરે...

(ચ) અઠ્ઠમના પારણે કે તે સિવાય પણ બપોરે માત્ર બે જ દ્રવ્ય વાપરે. (૧) ઘી વિનાની લુખી રોટલી (૨) દાળ. શાક-ભાત-દૂધ નહિ.

## ૨૫૯. ઉપવાસો

એ સાધ્વીજી વિ.સં. ૨૦૪૫ના કા.વ.૧૧ના દિવસે ૪૯માં ચાલુ વર્ષીતપમાં કાળધર્મ પામ્યા.

ગણતરી માંડીએ તો ૩૬૦ દિવસ x ૨૫ વર્ષ...... આશરે એમના જીવનમાં કુલ ૯૦૦૦ જેટલા તો ઉપવાસ થયા છે. (૫૦ વર્ષીતપ = ૨૫ વર્ષ જેટલા ઉપવાસ)

અર્થાત્ ૨૫-૨૫ વર્ષ જેટલો મોટો સમય તો એમનો ઉપવાસમાં વીત્યો છે.

બેસણામાં પણ ઠંડુ, ફીકું, મોળું કે મીઠું જે મળે તેનાથી ચલાવી લે. કદીપણ કોઈ વસ્તુ ગરમ કરાવી નથી.

રાત્રે માંડ ૩-૪ કલાકનો આરામ લે.

## ૨૬૦. આર્યદેશ મહાન છે

(સાધ્વીજીના શબ્દોમાં →)

અમે બધા સાધ્વીજીઓ વિહાર કરીને સૂર્યાસ્ત આસપાસ પેટ્રોલપંપ પાસે પહોંચ્યા. અમારે ત્યાં ઉતરવાનું હતું. ઘણા સાધુ-સાધ્વીઓ એ પેટ્રોલપંપની રૂમમાં જ રાત્રિ મુકામ કરતા હતા.

પણ અમારું દુર્ભાગ્ય !

એનો માલિક તાળું લગાવીને ક્યાંક ચાલ્યો ગયો હતો.

હવે શું ?

આગળ તો સુરક્ષિતસ્થાને હવે અંધારામાં પહોંચવું ભારે !

પાછા શી રીતે જવાય?

આ હાઈવે ઉપર શીલનાં જોખમનો પાર નહિ.

શું કરવું ?

અમે બધા નમસ્કાર મહામંત્રનો જપ કરતા કરતા કોઈક સહાય મળે એની રાહ જોતા હતા.

"बहनजी ! नमस्ते ! आप यहां क्यु खडे हुए है ?"

અચાનક પેટ્રોલપંપની બાજુમાં જ આવેલી હોટલનો માલિક શીખકાકા અમને આ રીતે પેટ્રોલપંપની બહાર ઉભેલા જોઈ અમારી પાસે આવી પૂછવા લાગ્યો.

અમે બધી વાત કરી.

"देखीए, मेरी होटल के पीछे एक रुम है, आप वहां रात्रिमुकाम कीजिए" શીખકાકાએ અમને આમંત્રણ આપ્યું.

વિશ્વાસ મુક્યા વિના છુટકો જ ન હતો, અમે રૂમ પાસે ગયા. પણ વધુ એક આંચકો લાગ્યો. રૂમ તો સામાનથી ભરચક ભરેલી હતી.

હવે ?

પણ ત્યાં તો શીખકાકાએ બોલાવેલી માણસો આવી ગયા, બધો સામાન બહાર કઢાવી અમને રૂમ ખાલી કરી આપી.

આમ જગ્યા તો મળી ગઈ, પણ અમારા ભયનો પાર ન હતો. તદ્દન અજાણ્યું સ્થળ ! આપણું કોઈ નહિ ! શીખ કોમ ! અમારી રક્ષા કરનાર કોણ ? હાઈવેનું સ્થાન! ખટારાવાળાઓનો પાર નહિ...

અમારી આ મુંઝવણ ગમે તે રીતે એ શીખકાકા સમજી ગયા. એમણે લાગણીસભર શબ્દોમાં કહ્યું કે -

'आप मेरी बहना हैं, मैं आपका भाई हूं, आप बिलकुल फिकर मत कीजिए, मैं आपकी रक्षा करूंगा.'

રાત્રિ સુખેથી પસાર થઈ.

સવારે અમે હેમખેમ ઉચિતસ્થાને પહોંચી ગયા.

(આર્યદેશની પ્રજામાં કેટલાક ગુણો તો સહજ રીતે જ ઉત્પન્ન થઈ જતા હોય એવું અનુભવવા મળે છે.)

## ૨૬૧. કટ્ટર શત્રુ માની દેહને દુઃખ બહુ જે દેતા...

(સાધ્વીજીના શબ્દોમાં →)

વૈશાખ માસનો ધોમધખતો તાપ !

એમાં વળી રાજસ્થાન પ્રદેશ !

અમે બધા તો વિહાર ન હોય તો પણ રોજ સવારે નવકારશીમાં પાણી વાપરતા. રાત્રે બફારામાં બધું જ પાણી શરીરમાંથી પરસેવાદિ દ્વારા શોષાઈ જતું. સવાર પડે કે ગળુ સુકાય...

એક દિ...

સમાચાર મળ્યા કે "અમારા ગચ્છાધિપતિશ્રી વિહાર કરીને ગામમાં પધારવાના છે."

એ હતું વાંકલી ગામ !

અમે એમને લેવા માટે ગામને પાદરે ગયા.

અમને અંદાજ તો હતો જ કે ગચ્છાધિપતિશ્રી અંધારામાં વિહાર કરતા નથી, એટલે એમને આવતા વાર તો લાગશે જ....

અમે ૯ વાગે ગામને પાદરે પહોંચ્યા.

પણ અમારી ધારણા કરતા પણ ઘણો સમય થવા છતાં તેઓશ્રી ન પધાર્યા.

બન્યું એવું કે મુનિઓ માર્ગ ભૂલી ગયેલા...

અંતે ભરતાપમાં ૧૧ વાગે તેઓએ ગામમાં પ્રવેશ કર્યો. કાચા રસ્તે ૧૫-૨૦ કિ.મી. ચાલીને આવેલા. એટલો કેટલો થાક, કેટલી તરસ લાગી હોય... એ તો કોઈપણ સમજી શકે.

ગચ્છાધિપતિશ્રી ઉપાશ્રયે પહોંચ્યા, અમે પણ વંદન કરવા ઉપાશ્રયે પહોંચ્યા. અમારા આશ્ચર્ય વચ્ચે પૂજ્યશ્રી ઉપાશ્રયે પહોંચી તરત જપ કરવા બેસી ગયા.

૧૫-૨૦ કિ.મી.નો વિહાર કરીને આવ્યા છે. વૈશાખ માસ છે. રાજસ્થાનની ગરમી છે. ૧૧ વાગી ગયા છે.... શું પૂજ્યશ્રી પચ્ચ. નહિ પારે ? પાણી નહિ વાપરે ?"

અમે વિચારમાં પડ્યા. પણ કંઈ બોલી ન શક્યા.

ત્યાં તો

મુખ્ય સાધુએ આચાર્યશ્રીને વિનંતિ કરી. "સાહેબજી ! આપ પચ્ચક્ખાણ પારી પાણી તો વાપરી લો. આપશ્રીને ગઈકાલનો ચોવિહાર ઉપવાસ છે...."

અમે તો આ સાંભળી સ્તબ્ધ બની ગયા.

ગચ્છાધિપતિશ્રીએ જવાબ આપ્યો કે "મારે જપ બાકી છે, એ પૂરો ન થાય ત્યાં સુધી હું પચ્ચક્ખાણ નહિ પારું..."

(ક્યારેક વૈશાખ-જેઠમાં અમદાવાદાદિ સ્થાનોમાં દસેક કિ.મી.નો વિહાર કરીને કોઈક સ્થાને પહોંચીએ ત્યારે આપણને પાણી માટે કેવી તૃષા હોય છે... એ જ્યારે અનુભવીએ ત્યારે જ આ પ્રસંગ યાદ કરશું તો એ મહાત્માના અદ્ભુત ગુણને સાચી વંદના અર્પી શકશું...)

## ૨૯૨. વૈરાગ્ય : ચોલમજીઠના રંગ જેવો



કરોડપતિ ઘરની એ કન્યાને સંસાર ત્યાગી દીક્ષા લેવાના કોડ જાગ્યા. પણ સંસારી બા એમને એમ દીક્ષા આપવા તૈયાર ન હતા.

"કોઈકના ચડાવવાથી ચડી ગયેલી મારી દીકરી આજે તો દીક્ષા લઈ લે, પણ પછી ? એનો વૈરાગ્ય કાચો હોય તે ન ચાલે."

અને બાએ દીકરીને સાધ્વીજીઓ પાસે જવાનું સદંતર બંધ કરાવ્યું. ઘરની એક રૂમમાં જાણે કે દીકરીને પૂરી દીધી.

બા એ જોવા માંગતી હતી કે "સત્સંગ તૂટ્યા બાદ એનો વૈરાગ્ય ટકે છે કે નહિ?"

પણ છ મહિના બંધ રૂમમાં પૂરાઈ રહ્યા પછી પણ એ કન્યાનો વૈરાગ્ય અકબંધ રહ્યો, દીક્ષા લેવાના વિચારો વધુ દૃઢ બન્યા.

અંતે દીક્ષા થઈ.

એ સાધ્વીજી શાસનપ્રભાવિકા બન્યા.

એક દિ'

એક અન્ય સમુદાયના ૬ સાધ્વીજીઓ નિશ્ચયનયના પદાર્થો સાંભળી સાંભળીને દીક્ષા છોડી નિશ્ચયની = ધ્યાનની આરાધના કરવા જવા કટિબદ્ધ બન્યા.

જો આવું કંઈ પણ બને તો એ સમુદાયમાં ખળભળાટ મચે. શ્રાવકોએ આ બધી જ વાત આ વિદ્વાન સાધ્વીજીને કરી, એ છ સાધ્વીજીઓને ઉગારી લેવા વિનંતિ કરી.

આ સાધ્વીજી પરસમુદાયના હતા, છતાં એમણે એ ૬ સાધ્વીજીઓને માર્ગદર્શન આપવા તૈયારી બતાવી.

શ્રાવકોએ એ ૬ સાધ્વીજીઓને સમજાવ્યા, કે "તમારે દીક્ષા છોડી નિશ્ચયની આરાધના કરવી હોય તો ભલે. પણ એકવાર તમે આ સાધ્વીજી સાથે થોડોક સમય રહો..."

એ ૬ સાધ્વીજી તૈયાર થયા.

ચોમાસું સાથે ગોઠવાયું.

રોજની વાચનાઓ-પાઠો શરુ થયા.

અંતે એ ૬ સાધ્વીજીઓને પોતાની ભૂલ સમજાઈ, સંયમમાં સ્થિર બન્યા. આડા-અવળા વિચારો દૂર ફગાવી દીધા.

હૃદયરોગના હુમલાનો ભોગ બનેલા આ સાધ્વીજી રોજ ભગવાનને પ્રાર્થના કરતા કે "આ રોગ દગો દેનારો છે. ગમે ત્યારે ગમે તે બને. પ્રભો ! કમ સે કમ એટલું તો મને આપજે કે હું ખાતા ખાતા, ઊંઘતા ઊંઘતા કે કોઈ પ્રમાદમાં મૃત્યુ ન પામું..."

એમ જ થયું.

સમાધિપૂર્વક એમનો કાળધર્મ થયો.

## ૨૬૩. પારિવારિક દીક્ષા

મુંબઈના એ ધનાઢ્ય શિક્ષિત પરિવારની દીકરીને દીક્ષાની ભાવના થઈ અને એની સાથે જ બા-બાપુજી અને બે ભાઈ બધાએ દીક્ષા લેવાનો નિર્ધાર કર્યો.

દીક્ષા થયાને આજે તો ૨૫ વર્ષ થઈ ગયા.

એમાં પિતામુનિએ જ્યારે એક સ્થાને પાંચ વર્ષ રોકાવાનું થયું, ત્યારે લગાતાર પાંચેય વર્ષ અઠ્ઠાઈના પારણે અઠ્ઠાઈ કરી... (આશરે ૨૦૦ જેટલી અઠ્ઠાઈ અને ૧૬૦૦ જેટલા ઉપવાસ એ પાંચ વર્ષમાં થયા..)

એમણે ૫૦૦-૬૦૦ ગીતોની રચના કરી, પણ ક્યાંય છેલ્લે પોતાનું નામ નહિ.

૭૨ વર્ષની ઉંમરે પણ સવારે જાતે ગોચરી જાય, શિષ્યો ઘણી ના કહે પણ એક જ જવાબ કે "મારી ઉંમર ૭૨ નથી, ૨૭ છે, એમ સમજો. આંકડો ઊંધો કરી દો..."

## ૨૬૪. જિનાજ્ઞામાં બાંધછોડ નહિ

પર્યુષણના ત્રીજા જ દિવસે એ મુનિરાજને હાર્ટએટેકનો હુમલો થયો.

હુમલો ભયજનક હતો. એમને તરત હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા. ઉપચાર શરુ થયો. આ એટેક બપોરે આવેલો.

એમણે કહી દીધું કે "સાંજે સૂર્યાસ્ત બાદ દવા-ઈંજેક્શન, ગ્લુકોઝ કશું જ લઈશ નહિ."

ચાર જ દિવસ બાદ સંવત્સરી આવી, તેમણે ઘણાની ના વચ્ચે પણ ઉપવાસ કર્યો. "પ્રભુના ફરમાનમાં ફેરફાર નહિ કરવાનો..."

શ્રાવકોના આગ્રહથી મુંબઈની બ્રીજ કેન્ડી હોસ્પીટલમાં બાયપાસનું ઓપરેશન નક્કી થયું. ભારતના પ્રથમકક્ષાના ડોક્ટર ભટ્ટાચાર્યના હાથે એ ઓપરેશન થવાનું હતું

પણ આશ્ચર્ય એ થયું કે ડોક્ટર પેશન્ટને ઓળખી જ ન શક્યા. કારણ કે

આ મુનિરાજ જાતે ચાલીને ઉપરના માળે ચડેલા.

"હું લિફ્ટનો ઉપયોગ નહિ કરું" એમણે ચોક્ખી ના પાડેલી. ડોક્ટર કહે કે "આવી રીતે જાતે ઉપર ચડીને આવેલાનું બાયપાસનું ઓપરેશન કરવાનું મારે પ્રથમવાર બન્યું છે."

આ મહાત્મા સાબુમાં બિલકુલ કાપ કાઢતા નથી.

### તપ

૬૦ વર્ષની ઉંમરે દીક્ષા લેનાર એ મુનિરાજે ૨૨ વર્ષના દીક્ષા પર્યાયમાં અત્યારે ૮૨ વર્ષની ઉંમર સુધીમાં જે તપશ્ચર્યા કરી, તેનો નાનકડો આંક નીચે પ્રમાણે છે.

(ક) ૧૬ માસક્ષપણ.

(ખ) ૪૦ જેટલી અઠ્ઠાઈઓ.

(ગ) વહોરવા જાતે જાય.

(ઘ) પારણામાં વિગઈઓનો ત્યાગ.

## ૨૬૫. આ દેહ શ્મશાનની રાખનો ઢગલો

(સાધ્વીજીના શબ્દોમાં →)

મારા વડીલ ગુરુબેનને છાતીમાં કેન્સરની ગાંઠ થયેલી.

એમની પ્રભાવકતા, મધુરો સ્વભાવ વગેરેને લીધે એ બધાયને અતિશય પ્રિય હતા. માટે જ એમણે પોતાનાં દર્દની વાત કોઈને ન કરી.

એમને શંકા પડી ગયેલી કે "મને કેન્સર થયું છે" પણ એ વાત અમને કોઈને ન જણાવી.

ગોચરીએ જવાના બહાને વહેલા નીકળી એકલાં જ ડોક્ટર પાસે નિદાન કરાવી આવ્યા. એમની ધારણા પ્રમાણે જ કેન્સર નીકળ્યું.

એમણે મનને મક્કમ કરી લીધું, નજીકમાં જ આવનારા મોતને વધાવી લેવાનું નક્કી કર્યું.

દર્દ વધતું ચાલ્યું,

પછી તો અમને પણ ખબર પડી.

એમનો હાથ ૫-૧૦ કિલો વજનનો થઈ ગયો. ઉંચો નીચો પણ ન થઈ શકે.

એકદમ ફુલી ગયો. વેદના તો જે અનુભવે એને ખબર પડે...

એક દિ'

કેન્સરના જીવાણુઓએ શરીરની એક નસ કોરી નાંખી, નસ તૂટી એમાંથી એકાએક લોહીની ધારા ફુવારાની જેમ ઉછળી. અમે તરત જ વાસણ ધરી દીધું. પોણું વાસણ લોહીથી ભરાઈ ગયું.

એ બધું જ એ સાધ્વીજી જોઈ રહ્યા હતા, છતાં વિહ્‌વળતા નહિ, વેદનાનો ઉંહકાર નહિ, મુખ પરનું સ્મિત વધુ ઘેરું બન્યું.

અમે પૂછ્યું

"તમને કંઈ થતું નથી ?"

એમણે જવાબ આપ્યો

"મારા પાપકર્મો ઉદયમાં આવ્યા છે, એને સમભાવે સહન કરવા એ જ મારો ધર્મ છે. આત્મભાવમાં લીન બનવાનો પુરુષાર્થ કરું છું..."

આવું લગભગ ત્રણવાર નસ તૂટવાનું બન્યું.

અંતે એ સાધ્વીજીએ સમાધિપૂર્વક શ્મશાનમાં રાખ બનનારા એ દેહને અલવિદા કરી દીધી.

## ૨૯૬. શ્રાવકો પણ સહન કરે...

(સાધ્વીજીના શબ્દોમાં →)

"શ્રાવકને હવે ઓપરેશન પછી કેમ છે ?"

હું એ શ્રાવિકાને ત્યાં ગોચરી ગયેલી. એમના પતિને સ્વરપેટીનું ઓપરેશન કરાવ્યું હોવાનો મારો ખ્યાલ હતો. શ્રાવિકા પરિચિત હતા. મેં સહજ રીતે એ ધર્મિષ્ઠ પરિવારની શ્રાવિકાને પૃચ્છા કરી.

એમણે જવાબ વાળ્યો

"ઓપરેશનના ભાગ ઉપર જ્યારે દવા નાંખીએ ત્યારે નાની તપેલી ભરીને કીડા નીકળે, અમે બહાર નાંખી આવીએ.

પણ એમાંથી જો એકાદ કીડો નીચે પડી જાય. તો શ્રાવક પોતાના હાથે લઈ ઓપરેશનના ભાગમાં મૂકી દે... એ કીડાને બચાવવા..."

"વેદના નથી થતી ?"

કમકમાટી થઈ જાય એવી એ વાત સાંભળ્યા બાદ મેં ફરી પૂછ્યું.

"થાય જ ને ? પણ એ સહન કરે છે. કદી ફરિયાદ કરતા નથી..."

શ્રાવિકાએ જવાબ વાળ્યો.

(સાધુ-સાધ્વીઓ તો આના કરતા અનેકગણું સહન કરવા તત્પર હોય જ...)

## ૨૯૭. અમે જીવતા છીએ ત્યાં સુધી આ સંયમીને સાચવશું...

"સાધ્વીજીઓ ! તમને ખરેખર સલાહ આપું છું કે આ સાધ્વીજીને તમે છોડી દો. અમને સોંપી દો, અમે એમને ગાંડાઓની હોસ્પીટલમાં દાખલ કરી બધી વ્યવસ્થા ગોઠવી દેશું. એને અમે સાચવશું... પણ તમે એમને છોડી દો"

શ્રીસંઘના શ્રાવકોએ બે મુખ્ય સાધ્વીજીઓને સમજાવ્યા.

દીક્ષા બાદ ૧૦ જ વર્ષમાં આ બંને ગુરુબેનોના ગુરુણી કાળધર્મ પામેલા. બેને કુલ ૬ શિષ્યાઓ હતી.

એમણે પોતાના ગુરુણીના ગુરુબેનને (માસી ગુરુણીને) ગુરુણી માની એમની સાથે રહેવાનું શરુ કરેલું.

બંનેનો દીક્ષાપર્યાય ૧૫ વર્ષનો થયો, ત્યારે એ માસી ગુરુણીની તબિયત બગડી, ગરમી વગેરેના કારણે મગજ પર ગાંડપણ સવાર થઈ જતું.

એ ગાંડા થઈ ગયેલા માસી ગુરુણી જેમ તેમ બોલે...

શિયાળામાં આ બંને સાધ્વીજીની કામળી વગેરે બધું જ ખેંચી લે, પોતે ઓઢી લે....

ઘણીવાર બે-ત્રણ દિવસ આ રીતે વગર કામળીએ એ બે સાધ્વીજીઓ ઠંડી સહીને પસાર કરતા.

એ માસી ગુરુણી ગમે ત્યાં સ્થંડિલ કરી દે, કપડા-ભીંત બગાડી દે... એ બધું આ બે સાધ્વીજીઓ સાફ કરે.

એ ગાંડા બનેલા સાધ્વીજી લોકોને કહે કે "તમે આ સાધ્વીઓને કંઈ પણ આપતા નહિ. આ બે તો બધું પોતાનાં સંસારી ભાઈઓને આપી દે છે..."

આવી વિકટ દશામાં પણ એ બંને સાધ્વીજીઓએ એમને સાચવવાનું ચાલુ રાખ્યું.

એક જગ્યાએ સંઘના અગ્રણીઓને આ બધું જોઈ બંનેની દયા આવી અને આ ગાંડા માસી ગુરુણીને છોડી દેવાની સલાહ આપી.

"એ કદી નહિ બને..." બંનેએ જવાબ દીધો.

"જો આ ગાંડા સાધ્વી સાથે હશે, તો કોઈ તમારી પાસે દીક્ષા લેવા નહિ આવે. તમારો પરિવાર વધશે નહિ. કંઈક વિચાર તો કરો..." સંઘના માણસોએ કહ્યું.

ભગિની બેલડીએ જવાબ દીધો

"મારો શિષ્યા પરિવાર ન વધે તો કંઈ નહિ, પરંતુ સંયમ લઈ ચૂકેલા આ સાધ્વીજીને બરાબર સાચવીશું. એમને પાગલોની હોસ્પીટલમાં મુકવા નહિ દઈએ..."

એક અન્ય પ્રસંગ...

આજથી ૪૦ વર્ષ પહેલા આ બંને સાધ્વીજીઓ માત્ર માસી ગુરુણીની નહિ પણ ગચ્છના અનેક (લગભગ વીસ) સાધ્વીઓની સેવામાં રોકાયેલા હતા. એ વખતે આ ભગિની બેલડીનું ચોમાસું મુંબઈ નક્કી થયું.

વૃદ્ધ સાધ્વીજીઓ બોલી ઉઠ્યા "તમે બે જશો તો અમને કોણ સાચવશે..."

અને

એજ વખતે બંનેએ મુંબઈનું ચોમાસું રદ કરાવ્યું.

નિર્ણય કર્યો કે "જ્યાં સુધી વડીલ સાધ્વીજીઓ છે. ત્યાં સુધી મુંબઈ કે દૂરના સ્થાનોમાં જવું નથી..."

આ બેલડી માત્ર વૈયાવચ્ચી જ નહિ, પણ બુદ્ધિમાન, જ્ઞાની પણ હતી.

એકવાર શ્રીસંઘે 'પરિવાર નહિ વધે' એવું જે બેલડી માટે કહ્યું હતું, એ બેલડી આજે તો વિરાટ શ્રમણીસમુદાયના ધારક છે.

સેવા-વૈયાવચ્ચ માટે સ્વાર્થ ફગાવી દેવાનું કૌવત કોઈક વિરલાઓ પાંસે જ હોય છે.

## ૨૬૮. એક મુનિરાજની મસ્તી

"પધારો, પધારો ! મહારાજ !

આજે અમારા ધનભાગ્ય ! કે આપ છેક ૨૦માં માળે વહોરવા પધાર્યા..."

મુંબઈમાં ૨૦માં માળે રહેતા શ્રાવક-શ્રાવિકા અચાનક વહોરવા આવી ચડેલા સાધુને જોઈને ખુશ ખુશ થઈ ગયા.

વગર કીધે વહોરવા પહોંચી જવાની એ મહાત્માની સદાયની રીત !

આજે તો છેક ૨૦માં માળે જઈ ચડ્યા. પણ ઘરમાં પ્રવેશ કર્યો ત્યાં જ ખ્યાલ

આવ્યો કે "ગૃહસ્થે કંઈક ભૂલ કરી દીધી છે. શાસ્ત્ર પ્રમાણે હવે ત્યાં વહોરી ન શકાય..."

એકપળનો પણ વિલંબ કર્યા વિના મહાત્મા "ધર્મલાભ" કહી કારણ દર્શાવી નીચે ઉતરી ગયા.

૨૦ માળ ચડવાનો પરિશ્રમ બિલકુલ ગોચરી મેળવ્યા વિના પૂર્ણ થયો.

એ રોજ ચોક્કસ સ્વાધ્યાય બાદ જ ગોચરી વાપરતા. એકવાર સવારે વિહારમાં રસ્તો ભૂલ્યા, કાચા રસ્તે જઈ ચડ્યા, ઘણા કાંટાઓ વાગ્યા... છેક સાડાબાર વાગે ઈષ્ટ સ્થાને પહોંચ્યા પણ તોય પહેલા પોતાનો સ્વાધ્યાય પૂરો કર્યો, એ પછી ગોચરી વાપરી.

સંઘના શ્રાવકોએ દુઃખ વ્યક્ત કર્યું કે "આપને મુશ્કેલી ઘણી પડી..." પણ એ તો કહે "એ ક્ષેત્રની સ્પર્શના કરવાનું મારા ભાગ્યમાં લખ્યું હશે એટલે મારે ભૂલા પડવાનું થયું..."

દાળ, દૂધ, રોટલી-ભાત , શાક જે મળે એ બધું એકજ પાત્રામાં ભેગું કરીને વાપરે. ઘણા કહે કે જુદું જુદું વાપરો... ત્યારે જવાબ આપે કે "આ તો એકેન્દ્રિયના પુદ્ગલો છે, સંયમનિર્વાહ માટે વાપરવા પડે છે. જુદુ વાપરીને આસક્તિ ન કરાય..."

પરિગ્રહનું એક પણ પોટલું નહિ.

ગમે એટલી ગરમીમાં પણ "ઘણી ગરમી છે..." એવો ખેદ બિલકુલ ન દર્શાવે.

કાયમ રાત્રે દોઢ વાગે ઊઠીને સ્વાધ્યાય-જપાદિ કરે.

સૂર્યાસ્ત બાદ એક પ્રહર થયા પહેલા સંથારો ન કરે.

એકવાર પગમાં સોજા થઈ ગયા, રસી ભરાઈ ગઈ છતાં પણ ચાલીને વિહાર કર્યો.

શ્રાવકોએ ના પાડી તો કહે કે "શરીર શરીરનું કામ કરે, હું મારું કામ કરું..."

## ૨૬૯. અજૈન જ્યારે જૈન બને...

(સાધ્વીજીના શબ્દોમાં →)

ગુજરાતના એ ગામડાનું જૈન કુટુંબ ઘણું ઘણું સુખી હતું. એ ઘરના લોકો સાથે અમારો પરિચય પણ ઘણો. ઘરના દરેક જણ એકદમ ભક્તિ ભાવવાળા !

એકવાર અમે ત્યાં રોકાયેલા, હું એ ઘરે ગોચરી વહોરવા ગઈ. ઘરના યુવાન

પુત્રના તાજા લગ્ન થયેલા, એટલે નવી વધુ પણ રસોડામાં હતી. પણ હું વહોરવા ગઈ કે તરત જ એ રસોડામાંથી નીકળીને ક્યાંક છુપાઈ ગઈ.

મને થયું કે "શરમાળ હશે, સાધ્વીઓનો પરિચય નહિ થયો હોય એટલે સામે આવતા બીક લાગતી હશે..."

એક-બે દિવસ બાદ પાછું વહોરવા જવાનું થયું અને પાછી એ વહુ ભાગી જઈ સંતાઈ ગઈ.

વળી પાછું ત્રીજીવાર એમ બન્યું.

મને શંકા પડી, એની સાસુને પ્રશ્ન કર્યો, ત્યારે એમણે બધી હકીકત જણાવી.

"સાધ્વીજી ! અમારી વહુ જૈન નથી, વૈષ્ણવ છે. પિયરમાં એકવાર એ કોઈ જૈન સાધુના વ્યાખ્યાનમાં ગયેલી, ત્યાં એણે સાંભળ્યું કે "કૃષ્ણ નરકમાં ગયા છે"

એને અતિશય આઘાત લાગ્યો. જૈન સાધુઓ ખરાબ છે, અમારા ભગવાનને નરકમાં મોકલે છે... એવા વિચારોથી એને જૈન સાધુ-સાધ્વીઓ પ્રત્યે ભારે અણગમો થયો છે... માટે જ તમે આવો ત્યારે એ જતી રહે છે."

આ સાંભળીને મને સાચી હકીકતનો અંદાજ આવ્યો.

અમારી સાથે મુમુક્ષુ બહેન હતા, એમને અવારનવાર એ ઘરે જમવા જવાનું થતું. એ મુમુક્ષુને ઘણીવાર નવી વહુ સાથે વાતો થઈ. એણે વહુને એકવાર ઉપાશ્રયે મળવા આવવાનું કહ્યું.

એ મળવા આવી, પ્રશ્ન પૂછ્યા. મારા ગુરુણીએ એવા તો સુંદર જવાબો આપ્યા કે એની બધી ભ્રમણાઓ દૂર થઈ. જૈનધર્મની શ્રદ્ધા અગાધ બની. સમ્યક્ત્વનો સ્વીકાર કર્યો.

એ પછી તો અમે જ્યાં હોઈએ ત્યાં દર વર્ષે એકાદ મહિનો અમારી પાસે આવીને રોકાય... ધર્મ કરે... બધુ શીખે.

કોઈવાર એને માથાનો દુઃખાવો વગેરે થાય ત્યારે અમે એને નવકાર ગણવાનું કહીએ... ત્યારે એ ના પાડે.

"મારે મારા દુઃખો મટાડવા નમસ્કારમંત્રનું શરણું નથી લેવું. હું સહન કરીશ...

(એક વૈષ્ણવ છોકરી આજે જે રીતે અડગ સમ્યક્ત્વની ધારક બની છે, એ જોતા લાગે કે અજૈનોને જૈન બનાવવા સહેલા છે. પણ જૈનને સાચા જૈન તરીકે ટકાવી રાખવા કદાચ અઘરા છે...)

## ૨૭૦. આપો, આપો... આપે એને મળવાનું જ

(સાધ્વીજીના શબ્દોમાં →)

મારા ગુરુણીનો અમને નહિ ગમતો છતાં પ્રશંસા કર્યા વિના ન રહી શકાય એવો એક વિચિત્ર (!) સ્વભાવ છે, ઉદારતાનો !

એકવાર એ આસન પર બેઠેલા. બીજા એક સાધ્વીજીએ સહજ રીતે કહ્યું કે "આ આસન સરસ છે."

અને બીજી જ પળે આસન પરથી ઊભા થઈ એ સાધ્વીજીને આપી દીધું.

"લો, તમે રાખો. મારી પાસે બીજું આવી જશે..."

એકવાર કોઈએ એમના સંથારાના વખાણ કર્યા તો સંથારો આપી દીધો.

એકવાર એ બીજા સાધ્વીજીના દર્શન માટે ગયેલા. એ સાધ્વીએ કહ્યું કે "તમારા આ વસ્ત્રો સારા છે, અનુકૂળ છે..."

બીજા દિવસે એ વસ્ત્રોનો કાપ કાઢી એ સાધ્વીજીને મોકલી આપ્યા "તમે વાપરજો..." એમ કહેવડાવી દીધું.

પેન, ચશ્મા, મુહપત્તી... બધી વસ્તુઓમાં અમને આવા અનુભવો થયા. રે ! કોઈ વ્યાખ્યાનની નોટ માંગે તો પોતે જાતે આખી નોટ લખી આપે.

અમે એમના માટે સારી વસ્તુઓ લાવીએ અને એ બધાને દાન આપતા ફરે એટલે અમને અકળામણ થાય.

અમે કહીએ પણ ખરા કે "તમે તમારી વસ્તુ કેમ આપી દો છો. એમને માટે બીજી વસ્તુ મંગાવી શકાય ને ?...."

પણ અમારી વાત સાંભળે તો એ અમારા ગુરુણી શેના ?

રસ્તામાં વિહારમાં કોઈ કુતરા-બિલાડા ઘવાયેલા પડ્યા હોય તો એ ગુરુણી રહી જ ન શકે. ગૃહસ્થો પાસે એની સારવાર કરાવે પછી જ એમને શાંતિ થાય.

બધું બધાને દીધા જ રાખવાની એમની એ ઉદારતાને અમારું મન ભલે ન પ્રશંસે પણ અમારો આતમ તો પુષ્પોથી વધાવે જ છે.

## ૨૭૧. ચતુરાઈ તો જુઓ જૈન મુનિરાજની

"હે મા'રાજ ! આ ઠાકોર બાપજી કેમ મને દર્શન નથી આપતા. હું કેટ-કેટલી



આ છે અણગાર અમારા

ભક્તિ કરું પણ કદી મેં તો એ ઠાકોરજીને ભાળ્યા નથી..."

જમશેદપુરનો એ ઠાકોરનો ભગત ગામમાં પધારેલા જૈનમુનિને પૂછી રહ્યો હતો.

જૈનમુનિ જે તકની રાહ જોતા હતા, એ તક એમને મળી ગઈ.

એ ભગતના સ્વજનો મુનિને ખાનગીમાં કહી ગયા હતા કે "આ ભગત બધી વાતે સારા. પણ બીડીનું વ્યસન કેમેય કરી છૂટતું નથી. અમે બધા થાક્યા. એમની તબિયત બગડે, પૈસાનો ધૂમાડો... કંઈક કરો, બાપજી !"

એ માટે મુનિરાજ કોઈક તક શોધતા હતા અને એ મળી ગઈ.

"જુઓ, ભગત ! ગઈકાલે જ ઠાકોર ભગવાન મને સ્વપ્નમાં આવીને કહી ગયા કે આ મારા ભગતને મારે દર્શન તો આપવા છે, પણ એના મોઢામાંથી બીડીની એવી તો વાસ મારે છે કે હું ભગત સામે જઈ શકતો નથી. એ આવે તો મારે ભાગી જવું પડે છે..."

મુનિએ સિફતથી પોતાની બાજી ગોઠવી દીધી.

"હેં મા'રાજ ! એવું છે ?"

"હા ! એવું જ છે."

"શું કરું તો ?"

"બીડી છોડી દે, તો કદાચ ઠાકોર બાપાજી દર્શન દે..."

અને એ ભગતે કાયમ માટે બીડી છોડી, એના વધતા પૈસા ધર્મકાર્યમાં વાપરવાના શરુ કરી દીધા. પછી તો મુનિના પરિચયથી એ ઘણો ધર્મિષ્ઠ બન્યો.

(જોકે પછી ઠાકોરજીના દર્શન ન મળવાથી એને શંકા ઉભી થઈ હશે જ. પણ મુનિવરે એ વખતે ચતુરાઈ પૂર્વક સમજાવ્યો પણ હશે.

મુનિઓમાં આવી ફલદાયક નિર્ણય લેવાની ગજબની શક્તિ હોય...)

## ૨૭૨. તપોમયદેહ

(ક) દીક્ષાના પ્રથમ જ દિવસથી એ સાધ્વીજીએ દૂધ, મેવો, મીઠાઈ, ફળોનો કાયમ માટે ત્યાગ કર્યો.

(ખ) એકવાર વિહારમાં અલ્સરના કારણે લોહીની ઉલટી થઈ, તો પણ ચાલતા ચાલતા જ સ્થાને પહોંચ્યા. સંઘે તાત્કાલિક ઓપરેશનની તારીખ નક્કી કરી, પણ ત્યાં તો ગુરુનો આદેશ થયો કે

"ઓપરેશન નહિ કરાવવું. આરાધના કરો, છઠ્ઠથી વર્ષીતપ કરો. તપ એ એક ઔષધિ જ છે..."

અને ખરેખર વગર ઓપરેશને એ તપ દ્વારા દર્દ શમી ગયું.

(ગ) એમને ૩૦૦-૩૦૦ ડાયાબિટીસ રહેતો, તો પણ ૧૦૮ અઠ્ઠમ નિરંતર કર્યા. ૧૦૮ અઠ્ઠમ છુટ્ટા કર્યા. ઉપવાસથી વર્ષીતપ, છઠ્ઠથી વર્ષીતપ, ૧૬ ઉપવાસ, ૧૧ ઉપવાસ, ૯-૮-૭-૬-૫ ઉપવાસો અનેકવાર કર્યા.

(ઘ) એકવાર ૬ વર્ષ નિરંતર એકાસણા કરેલા.

(ચ) ૮ માસી તપ, ૬ માસી તપ, ચારમાસી તપ અનેકવાર કર્યો.

(છ) સિદ્ધિતપ- ધર્મચક્ર તપ- શિખર તપ વગેરે કર્યા.

## ૨૭૩. સંસ્કારો પૂર્વજન્મના.... બાળપણમાં ય મહાન બનાવે

"અરે, દીકરા ! આ શું ? આટલા બધા પૈસા ક્યાંથી લાવ્યો ? કોણે આપ્યા" ૧૧ વર્ષનાં પુત્રે જ્યારે માતા-પિતાની આગળ નોટોનો ઢગલો કર્યો ત્યારે મા-બાપ પૂછ્યા વિના ન રહી શક્યા.

"એ તો મેં પૌષધ કરેલો ને ? એટલે બધા મોટાઓ મારા પર ખુશ થઈ ગયા. હું સૌથી નાનો ખરો ને ? બધાએ મને આ બધું પ્રભાવનામાં આપ્યું છે...."

બાળકે કાલીકાલી મીઠી ભાષામાં જવાબ દીધો.

મા-બાપ ખુશ થઈ ગયા.

"હવે તું આ પૈસાનું શું કરીશ ? એ તો કહે. શું લાવીશ ?"

મા-બાપે પ્રશ્ન પૂછ્યો.

"ના, મારે કંઈ લાવવું નથી. પણ મમ્મી ! મારા ક્લાસમાં એક છોકરો ભણે છે. ભણવામાં તો ઘણો હોંશિયાર છે. પણ એના મમ્મી-પપ્પા એને ભણવાની ના પાડે છે. કહે છે કે પૈસા નથી.

મમ્મી ! આ બધા પૈસા હું એ છોકરાને આપી દઈશ. પછી તો એ ભણી શકશે ને ?" બાળકે નિર્દોષ ભાવે ભાવના દર્શાવી અને માત-પિતા રડતી આંખે એ બાળકને ભેટી પડ્યા.

એમને આનંદ હતો કે પોતાનું બાળક આવા વિરાટ હૈયાનું સ્વામી છે.

પણ સાથે સાથે જ કરુણા પણ થઈ કે આ બિચારાને ક્યાં સંસારનું કશું ભાન

છે. એ શું સમજે કે આટલા પૈસામાં અભ્યાસ કદી ન થઈ શકે...

(જો સારા સંસ્કાર પૂર્વભવના લઈને આવેલો આત્મા હોય, તો એ નાનપણથી જ પોતાનો પ્રભાવ દેખાડવા જ માંડે. એ માટે ઉંમરની ઝાઝી આવશ્યકતા નહિ.)

## ૨૭૪. અનોખો અભિગ્રહ

એક મુનિરાજે એકવાર એવો અભિગ્રહ લીધો કે

(ક) ભાઈના હાથમાં કાગળ હોય

(ખ) કાનમાં પેન-પેન્સિલ રાખેલી હોય.

(ગ) ખોળામાં બાળક હોય.

(ઘ) બે બાળકો ખીર માટે માંગણી કરતા હોય.

(ચ) ઘરમાં ખીર બનાવેલી હોય.

(છ) ખીર કાંસાના વાસણમાં હોય

(જ) બહેને કેસરી રંગનાં વસ્ત્રો પહેર્યા હોય.

(ઝ) બહેનના માથા પરના વાળ છૂટા હોય.

(ટ) "મહારાજ ! ખીર લો, ખીર લો..." એમ વિનંતિ કરે.

(ઠ) રાત્રિ ભોજન, કંદમૂળ, સચિત્તનો ત્યાગ કરે.

(ડ) આજીવન બ્રહ્મચર્યનો સ્વીકાર કરે.

તો મારે પારણું કરવું.

૩૨ ઉપવાસ થઈ ગયા.

છેલ્લે ૩૩માં દિવસે ખરેખર અભિગ્રહ પૂર્ણ થયો, મહાત્માએ પારણું કર્યું.

## ૨૭૫. વિનય મૂલ છે જિનશાસનનું

"તમારા શાસ્ત્રોમાં વિનયધર્મ વિશે મેં ઘણું વાંચ્યું છે. ઘણું સુંદર લખાણ છે. પણ આવા વિનયવાળા શિષ્યો વર્તમાનકાલમાં મળે ખરા ? આ બધા તો ભૂતકાળમાં જ સંભવતા હશે ને ?"

એક બ્રાહ્મણે જૈનાચાર્યની આગળ રજુઆત કરી, પોતાની શંકા વ્યક્ત કરી.

ત્યાં જ અચાનક આચાર્યશ્રીએ શિષ્યના નામની મોટેથી બુમ પાડી.

શિષ્ય પહેલા માળે બેઠેલો, તે તરત નીચે આવ્યો, પણ જોયું તો આચાર્યદેવ બ્રાહ્મણની સાથે વાતોમાં લીન બની ગયેલા.

"વાતોમાં વિઘ્ન ન કરાય" એમ વિચારી શિષ્ય થોડીવાર ઉભો રહ્યો. પણ આચાર્યશ્રીએ તો સામું જ ન જોયું.

"કદાચ મારું કામ નહિ હોય..."

વિચારી શિષ્ય પાછો ઉપર ગયો. આસન પર બેઠો, ત્યાં જ વળી પોતાના નામની આચાર્યદેવે પાડેલી બૂમ સંભળાઈ. શિષ્ય તરત નીચે આવ્યો,

જોયું તો આચાર્ય વાતોમાં તલ્લીન ! ઉભો રહ્યો... રાહ જોઈ... છેવટે પાછો ઉપર ગયો, આસન પર બેઠો ત્યાં જ વળી પાછી બુમ ! તરત નીચે...

કુલ ૧૭ વાર આવું બન્યું.

પણ તોય શિષ્ય નથી તો ફરિયાદ કરતો કે નથી તો વચ્ચે બોલતો કે નથી તો ગુસ્સે થતો કે "તમે બૂમ પાડીને બોલાવો છો અને પછી તો સામું પણ જોતા નથી..."

પેલો બ્રાહ્મણ પણ આ બધું જોઈ આભો બની ગયો.

"સાહેબ ! વર્તમાનમાં પણ આવા વિનયી શિષ્યો છે, એ વાત હું સ્વીકારી લઉં છું. બસ. હવે આમને વધુ વાર ચડ-ઉતર કરાવતા નહિ..."

આચાર્યે ગંભીર સ્મિત સાથે જવાબ આપ્યો

"જિનશાસનને બોડી-બામણીના ખેતર જેવું માનવાની ભૂલ ન કરશો. એ આજે પણ રત્નોનો સાગર છે..."

## ૨૭૬. ગજસુકુમાળના વારસદાર આજે પણ છે

"એ જુઓ, જુઓ ! પેલા જૈનોનો સાધુ મા'રાજ જાય !"

એકજણ બોલ્યો.

"સાંભળ્યું છે કે તેઓ તો અગ્નિનો બિલકુલ ઉપયોગ ન કરે, એને અડે પણ નહિ..." બીજો બોલ્યો.

"એમ ? તો જોઈ લો આજે એક મઝાની ગમ્મત !"

ત્રીજો બોલ્યો અને સળગતા ચૂલામાંથી એક સળગતું છાણ સાધનથી પકડીને મુનિ તરફ ચાલવા માંડ્યો.

પીજ ગામની ભાગોળે બનેલો આ પ્રસંગ !

મુનિની પાસે પહોંચી, મુનિને અટકાવી એમના ડાબા ખભા ઉપર એ સળગતું છાણ મૂકી દીધું. આમ તો ખભા ઉપર છાણ ટકે નહિ, પણ ત્યાં કામળી વગેરે વસ્ત્રો હોવાથી એ ભાગની પહોળાઈ વધી ગયેલી એટલે તેના પર છાણ ટકી ગયું. છાણ મૂકી એ છોકરો ભાગી ગયો. દૂર જઈ જોવા લાગ્યો.

પેલા મુનિરાજ !

"જો ધક્કો મારી કે હલન-ચલન કરી છાણ નીચે પાડી દઉં, તો તેજસકાયની મારા નિમિત્તે વિરાધના થાય." એમ વિચારી એકદમ સ્થિર ઉભા રહી ગયા.

પેલા છાણની આગ તો ડાબે ખભે મુકેલી ઉપધિને બાળતી બાળતી આગળ વધી, ખભા સુધી પહોંચી, ચામડી બળવા લાગી.

આ બાજુ ગમે તે રીતે આ વાતની ખબર ગામના પટેલોને પડી, તેઓ દોડી આવ્યા, આમ પણ છાણ બળી ગયું હોવાથી અગ્નિ ઓલવાવા લાગેલી.

પટેલોએ એ મુનિની માફી માંગી. ગામમાં લઈ ગયા, પોતાના ગામના છોકરાઓની આવી અવળચંડાઈ જોઈને પટેલોને ઘણું દુઃખ થયું.

પણ શું કરે ?

છેવટે થોડાક દિવસ મુનિને ગામમાં રાખ્યા.

મુનિની ધીરજ, સમતા, ક્ષમા જોઈ આખુ પટેલગામ જૈન બની ગયું.

## ૨૭૭. વૈયાવચ્ચથી સ્વાધ્યાયાદિક શક્તિ પાચન કરતા

ગુરુણીને શારીરિક મુશ્કેલી ઘણી, એટલે ક્યારે કઈ વસ્તુ કેટલી વાપરે તે કંઈ જ નક્કી નહિ. થોડુંક વાપરે ને તરત ના પાડી દે,...

રોજ આવું બને.

પણ એ વૈયાવચ્ચી સાધ્વીજી ખડેપગે તૈયાર !

ગમે તે વસ્તુ વધી પડે એ બધું જ લઈ લેવા તૈયાર !

"આપ બિલકુલ ચિંતા ન કરો. હું પતાવી દઈશ." અને મીઠા વિનાની મોળી દાળ હોય... તોય બધું વાપરી જાય.

એ સાધ્વીજી વાપરવા બેઠા હોય, હાથમાં કોળીયો લીધો હોય અને અચાનક ગુરુણી બુમ પાડે

"મારે ઠલ્લે/માત્રુ જવું છે.."



આ છે અણગાર અમારા

તો તરત કોળીયો પાછો મૂકી ઉભા થાય. ગુરુણી માટે બધી વ્યવસ્થા ગોઠવે, પરઠવી આવી પછી ગોચરી વાપરે.

ગુરુણીનું શરીર છેલ્લા છ મહિનામાં તો ઢીલું પડી ગયું. રાત્રે ગમે ત્યારે અચાનક માત્રુ થઈ જાય. રોજ રાત્રે બે થી ત્રણવાર વસ્ત્રો બગડે, બદલવા પડે... બીજા દિવસે એનો કાપ કાઢવો પડે, રોજ રાત્રે જાગવું પડે... આ બધું જ રાત્રિના ઉજાગરાઓ કરીને પણ આ સાધ્વીજી ખૂબ જ ઉલ્લાસપૂર્વક કરતા.

## ૨૭૮. કર્મો કરેલા મુજને નડે છે

(સાધ્વીજીના શબ્દોમાં →)

મારા દાદીગુરુણી એકવાર સવારે ઉઠ્યા અને અચાનક સંથારામાં જોરથી પડ્યા. એક પગમાં ફેક્ચર થઈ ગયું.

બસ, એ જ દિવસથી એ સાવ જ સંથારાવશ થઈ ગયા. ડોક્ટરે ગાડીમાં અમદાવાદ લઈ જવા જણાવ્યું પણ એ દોષ સેવવા એ તૈયાર ન હતા. અને પાલિતાણામાં જ રોકાયા. એ પછી એ ૧૭ વર્ષ જીવ્યા એ બધા જ વર્ષો એમણે સંથારામાં કાઢ્યા.

એ ૧૭ વર્ષ દરમ્યાન બે અઠ્ઠાઈ- નવ ઉપવાસ-૧૧ ઉપવાસ કર્યા.

એમાં છેલ્લા ત્રણ વર્ષ આંખો જતી રહી, અંધાપો આવ્યો.

એમાં વળી જે બીજો પગ હતો, એમાંય ફેક્ચર થઈ ગયું.

છેલ્લે છેલ્લે બંને પગમાં સોજા થઈ ગયા, લોહી અને પરુ ભરાઈ ગયા. ફોલ્લા કોલસાની જેમ તડતડ તૂટે, અને પુષ્કળ લોહી અને પરુ નીકળે...

આ બધું જ સમભાવે સહન કરતા.

અમને બધાને કહેતા કે

"જીવે જે કર્મો બાંધેલા છે, તે એણે ભોગવવા જ જોઈએ..."

## ૨૭૯. બાલ દીક્ષાના વિરોધીઓ : સાવધાન !

(સાધ્વીજીના શબ્દોમાં →)

નાના સાધ્વીજીને જોગની ક્રિયા કરાવવા માટે અમે રોજ સાધુના ઉપાશ્રયે જતા. એક દિવસ ત્યાં જોયું કે ૧૧ વર્ષની ઉંમરના બાલમુનિને ૪ ડીગ્રી તાવ આવેલો.

એ સંથારામાં સુતા હતા.

અમે નજરોનજર જોયું કે એમણે એ વખતે પડખું બદલવું હતું તો ઓઘો હાથમાં લઈ પીઠાદિ ભાગ પૂંજીને પછી જ પડખું બદલ્યું.

૧૧ વર્ષના બાળકમાં આવા સંસ્કાર હોઈ શકે ?

આવા તાવમાં પણ એ બાલમુનિ નિર્દોષ ગોચરી જ વાપરે, દોષિત ન લે. એ પછી તો એમના જીવનની ઘણી વાતો જાણવા મળી.

(ક) એ ૧-૨ કિ.મી. સુધી ગોચરી વહોરવા જાય. એક હાથમાં ઘડો અને બીજા હાથમાં પાત્રા...

(ખ) રોજ એકાસણા કરે.

(ગ) રોજ ૨૫૦ ગાથાનો સ્વાધ્યાય કર્યા પછી જ સંથારે.

(ઘ) રોજ ઓછામાં ઓછી ૧૧ ગાથા કરે.

(ચ) ૧૦ તિથિ ઉપવાસ કરે.

(છ) શારીરિક મુશ્કેલી હોય તો પણ ઘરોમાંથી પાણી વહોરી લાવે...

(જ) વાંદણાદિ બધી ક્રિયા વિધિપૂર્વક ઊભા ઊભા કરે.

(ઝ) ગુરુ મહારાજ સંથારો કરે, પછી જ પોતે સંથારો કરે. ગુરુ મહારાજ ઊઠે એ પહેલા ઉઠી જાય.

(ટ) દિવસમાં રોજ નાની મોટી એકાદ વૈયાવચ્ચ કરે.

(ઠ) વિહારમાં પણ પોતાની ઉપધિ, ઘડો, પાત્રા, પ્યાલો, પુસ્તકો, ગુરુદેવની ઉપધિ... બધું જાતે ઉંચકે.

(ડ) પાંચતિથિ (જો દેરાસરો હોય તો) પાંચ દેરાસરે દર્શન કરે.

(ઢ) રોજેરોજ દિવસના દોષોની આલોચના કરે.

(યાદ રાખવું કે કે આ માત્ર ૧૧ વર્ષની ઉંમરના નૂતન બાલ સાધુ છે...)

## ૨૮૦. મુનિનો સમાગમ : પાગલને ડાહ્યો કરે.

"સાહેબજી, સાહેબજી ! આપે મારા છોકરાને જોયો છે ? ગાંડો છે ! અહીં આવ્યો છે ?"

એક શ્રાવિકા હાંફળી ફાંફળી થઈ ઉપાશ્રયમાં આવી આચાર્યદેવને કહેવા લાગી.

એનો યુવાન પુત્ર મંદબુદ્ધિને કારણે પાગલ જેવો થઈ ગયેલો, આખા ગામમાં રખડે, જે મળે એ બધાને હેરાન-પરેશાન કરી મૂકે. આખા ગામવાળા એની માને ફરિયાદ કરે, પણ બિચારી એ શ્રાવિકા પણ શું કરે ? ૨૪ કલાક એ પાગલ દીકરાને શી રીતે સાચવે ?

એ દીકરાએ ગામમાં ઘણાને મારેલા. કપડા ફાડેલા...

એક દિ'

આખા ગામમાં છોકરાનો પત્તો ન લાગ્યો, કોઈકે વળી કહ્યું કે

'ઉપાશ્રયમાં જતો જોયેલો.'

માં તો ગભરાઈ ગઈ.

"હાય ! સાધુઓને મારશે તો ? કપડા ફાડશે તો ?" માં તરત ઉપાશ્રયમાં દોડી અને આચાર્યશ્રીને પૂછવા લાગી.

પણ પ્રશ્ન પૂરો થાય ત્યાં તો માંની નજર વ્યાખ્યાનની પાટ ઉપર પડી. માં આશ્ચર્ય પામી. પાગલ દીકરો પાટ ઉપર એકદમ શાંત બનીને બેઠો હતો. જાણેકે ધ્યાન ન કરતો હોય...

આચાર્યશ્રી સાથે દૃષ્ટિમિલન થતા જ એનું ગાંડપણ ઓસરી ગયું. આખા ગામના અજૈનોને આ વાતની ખબર પડી, તેઓને જૈન સાધુઓ પ્રત્યે અપાર બહુમાન ભાવ જાગ્રત થયો...

## ૨૮૧. ખરાબ પોતે રાખે, સારું બીજાને આપે...

(સાંધ્વીજીના શબ્દોમાં →)

એ વિદ્વાન મુનિરાજ ઘણા સાધુઓ અને સાધ્વીઓને જૈન તર્ક ભાષા નામનો ન્યાયનો ગ્રંથ ભણાવવાના હતા.

ભંડારોમાંથી જોઈતી નકલો મંગાવી લીધી. એ પછી પોતાના હાથે એમણે બધાને એ નકલો વહેંચી.

એમાં જે સારી સારી નકલો હતી, એ બધાને આપી દીધી.

જે ફાટેલા જેવી જુની નકલ હતી... એ એમણે પોતે રાખી લીધી.

અમને આશ્ચર્ય થયું.

વિચાર્યું કે "અમે હોઈએ તો નવું સારામાં સારું પુસ્તક અમે રાખીએ અને જુના

પુસ્તકો બીજાને ભળાવી દઈએ..."

પણ એ વખતે એ મુનિરાજ બોલ્યા

"આ જુના પુસ્તકમાંથી તો કેટલાય મહાત્માઓ ભણ્યા હશે, એમના પવિત્ર હાથ આને સ્પર્શ્યા હશે... આમાંથી ભણાવીશ તો એ બધાય પૂજ્યોના મને આશીર્વાદ મળશે..."

અમે સાંભળી જ રહ્યા.

પાંચ વર્ષ વીતી ગયા આ વાતને,

પણ એ શબ્દો, એ પ્રસંગ ભૂલાતો નથી.

## ૨૮૨. કર્મોની કઠિનાઈ ભારે છે, ભાઈ !

એ સાધ્વીજીને પાછળના ભાગમાં શરીર ખવાતું જતું હતું.

ધીરે ધીરે ત્યાં ખાડો પડતો ગયો.

સાધ્વીજી બેસી પણ ન શકે એવી વેદના ! જ્યારે ડોક્ટર ડ્રેસીંગ કરે ત્યારે એ જોઈ પણ ન શકાય.

ડોક્ટરનો હાથ એ ખાડામાં આખો ને આખો પ્રવેશી જાય... એટલો બધો ઊંડો એ ખાડો...

જોનારા ચીસ પાડી ઉઠે, આંખો અનરાધાર વરસી પડે.

પણ એ સાધ્વીજી કદી પણ એમ બોલ્યા નથી કે "મારાથી સહન નથી થતું"

ન ચીચીયારી !

ન ચીસ !

ન ઉંહકારો !

## ૨૮૩. સાધ્વાચારોની સુરક્ષા માટે ભોગ તો આપવો જ પડે.

(સાધ્વીજીના શબ્દોમાં →)

વૈશાખ મહિનો !

દક્ષિણ ભારતનો વિહાર !

એક પ્રતિષ્ઠાના પ્રસંગે ૪ દિવસમાં ૧૩૦ કિ.મી.નો વિહાર કરીને ચિત્રદુર્ગથી હોસ્પેટ પહોંચવાનું આવશ્યક હતું.

અમે વિહાર શરુ કર્યો.

સવારે ૨૦-૨૫ કિ.મી. ચાલીએ, સાંજે વળી ૧૦-૧૨ કિ.મી. ચાલીએ... સવારે લગભગ ૯-૧૦ વાગે સ્થાને પહોંચીએ, ઝડપ ઓછી ! વળી પાછો સાંજે વિહાર !

મુશ્કેલી એ થઈ કે અમારા ગુરુણીને તાવ આવી ગયો.

હવે શું થાય ? વ્હીલચેર-ડોળીમાં બેસી જઈએ ? ... વિચાર તો અમને આવ્યો, પણ ગુરુણીની મક્કમતા ઘણી !

તાવમાં પણ વિહાર ચાલુ જ રહ્યો. ડોળી કે વ્હીલચેરની સાફ ના પાડી દીધી.

ત્રણ દિવસ તો માંડ માંડ પસાર કર્યા. તાવ આવ્યા બાદ તો બપોરે ૧૧-૧૨ વાગે ઉપાશ્રયે પહોંચવાનું બનતું.

વિશેષ દવા ન થવાથી, પરિશ્રમ પુષ્કળ હોવાથી તાવ ઉતરતો ન હતો.

ચોથા દિવસે

એટલો બધો તાવ કે હવે ચાલી શકવું દુઃશક્ય બન્યું.

સવારે દસ વાગે ટ્રેનના પાટા પાસે આવતી કેબિન પાસે પહોંચ્યા. એ કેબિનમાં જ ગુરુણી સંથારા પર સુઈ ગયા, લગભગ બેભાન થઈ ગયા.

હોસ્પેટ ગામ હવે ૮ કિ.મી. દૂર હતું.

ગામના બધા જૈનો ત્યાં દોડી આવ્યા, વ્હીલચેર પણ સાથે લેતા આવ્યા.

"સાહેબજી ! આપ વ્હીલચેરમાં બેસી જાઓ... આવા તાવમાં ન ચલાય..."

ઘણું જ સમજાવ્યું.

પણ મેરું કંઈ ડગે ?

બપોરે ૩-૩૦ વાગે પાછો વિહાર શરુ કર્યો, આરામ મળેલો એટલે ચાલવાની થોડી ઘણી હિંમત આવેલી.

એ અમારા ગુરુણી સાંજે ૭-૩૦ કલાકે ઉપાશ્રયે પહોંચ્યા. ૮ કિ.મી. પસાર કરતા એમને પૂરા ૪ કલાક લાગ્યા.

પણ જ્યારે એમણે ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો ત્યારે તાવ-થાકના ખેદને બદલે એમના મોઢા ઉપર અપાર આનંદ વરતાતો હતો. ડોળી, વ્હીલચેર ન વાપરવાનો !

(આપણે બધાએ આ પ્રસંગમાંથી શીખવાનું છે. નાની નાની મુશ્કેલીમાં પણ ડોળી કે વ્હીલચેરનો ઝટ ઝટ ઉપયોગ એ આપણા માટે યોગ્ય ખરો ?)

## ૨૮૪. ખાનગી ભક્તિ



૨૦ વર્ષની ભરયૌવનવયે એ મુમુક્ષુ બહેનને અરિહંતની ભક્તિનો કંઈક અજબ ગજબનો રંગ લાગ્યો હતો. એ વખતે પોતાના ગુરુવર્યા સાથે સંયમની તાલીમ લેતા હતા.

પાલિતાણામાં ઉપધાન હોવાથી સાધ્વીસમુદાય બે સાધ્વીઓને પાલિતાણામાં રાખી વિહાર કરી ગયો. એ મુમુક્ષુને બે સાધ્વીજીઓ સાથે ત્યાં જ રોકાવાનું થયું.

એક દિવસ

ઉપવાસનું પચ્ચક્ખાણ ગુરુણી પાસે લઈને યાત્રા કરવા ગયા, દાદાના દરબારે પહોંચ્યા, ભક્તિની ધારા લાગી... આંખો વહેવા લાગી... સ્તવનો, સ્તુતિઓ, ચિંતનની વણઝાર ચાલી.

સાંજે ત્રણ-ચાર વાગ્યા, ત્યારે તેમણે પાછા ઉતરવાનું શરુ કર્યું. પણ એ સંવેદન તો સાથે ને સાથે જ રહ્યું.

બીજો દિવસ

પાછું ઉપવાસનું પચ્ચ. લીધુ, યાત્રા કરી, પુનઃ મન મૂકીને ભક્તિ કરી. પાપો પખાળ્યા... સાંજે નીચે ઉતર્યા.

આવું આઠ દિવસ ચાલ્યુ.

એકમાત્ર એ મુમુક્ષુ બહેનના ગુરુણી જ આ વાત જાણે.

પણ આઠ આઠ દિવસ ઉપવાસમાં યાત્રા કરવી - ૫-૭ કલાક ઉપર ભક્તિ કરવી... આ બધું ભારે આશ્ચર્યજનક હતું.

આજે તો એ મુમુક્ષુ બહેન દીક્ષા લઈને ખૂબ જ સુંદર ચારિત્રજીવન જીવી રહ્યા છે.

## ૨૮૫. જ્ઞાનયોગે ધરી તૃપ્તિ નહિ લાજીએ

૧૧ વર્ષની ઉંમરે દીક્ષા લેનાર એ મુનિએ દીક્ષા બાદ ૧૨૦૦ ગાથાનું આખું બારસાસૂત્ર કડકડાટ મોઢે કરી લીધું અને માત્ર ૧૪ વર્ષની ઉંમરે સંવત્સરીના દિવસે એ આખુ બારસાસૂત્ર જોયા વિના સંઘસમક્ષ કડકડાટ મોઢે બોલ્યા. (એ સિવાય દશ વૈ. વગેરે તો ઘણુ ગોખેલું...)

એ નાની ઉંમરમાં ભણતા ત્યારે એમના પાઠક કડક હતા.

ઠપકો પણ આપે...

પણ આ બાલમુનિ સખત મહેનત કરતા, પદાર્થ ન સમજાય તો ફરી ફરી મહેનત કરે, ક્યારેક થાકે, રડી પણ પડે પણ તોય ભણવાનું ન છોડે. રડતા રડતા ય ભણવાનું ચાલુ રાખે...

આજે તો નાની ઉંમરમાં એ ગણિ-પંન્યાસ બન્યા છે, પોતાના શિષ્યોને ગુરુભાઈઓને પુષ્કળ ભણાવે છે. તત્વાર્થસૂત્રની સિદ્ધસેનીયા વૃત્તિ ઉપર સખત કામ કરે છે, ચંદ્રના પ્રકાશનો ઉપયોગ કરવાનું પણ ચૂકતા નથી.

## ૨૮૬. આ તો મારો રોજીંદો ક્રમ છે

૬૦ વર્ષની ઉંમરે દીક્ષા લેનાર એ મહાત્મા અત્યારે રાજસ્થાનના એક શહેરમાં સ્થિરવાસ રોકાયેલા છે.

(ક) આજ સુધીમાં વર્ધમાનતપની ૮૦ ઓળીઓ થઈ ગઈ છે.

(ખ) રોજ સવારે ૧૭-૧૮ દેરાસરોની ચૈત્યપરિપાટી કરે છે.

(ગ) વૈશાખ - જેઠની રાજસ્થાનની ભયંકર ગરમીમાં પણ એ મુનિ રોજ ૧ કી.મી. દૂર આંબિલની ગોચરી લેવા જાય. માત્ર ૨ કે ૩ દ્રવ્યોથી આંબિલ કરે.

શ્રાવકો પૂછે કે "સાહેબજી ! આટલા દૂર શા માટે ?"

તો કહે "આ તો મારો રોજીંદો ક્રમ છે..."

જ્યારે આ મુનિ ગૃહસ્થ હતા અને એકવાર એમને સિદ્ધિતપ ચાલુ હતો, ત્યારે એમની પત્ની બિમાર પડી. ઘરે કામ કરનાર કોઈ નહિ. પત્નીની સેવા કરવાનો અવસર આવ્યો... આ બધું જ એમણે કર્યું અને સિદ્ધિતપ પણ ચાલુ રાખ્યો.

આજે પણ પર્વતિથિએ ઉપવાસ કરે છે.

## ૨૮૭. ધીરજ ધરો, ઉતાવળ શું છે ?

૭૦ વર્ષની ઉંમરના અમારા ગુરુણીને હૃદયરોગનો હુમલો થઈ ચૂક્યો છે. ગરમીના દિવસોમાં સવારે ૯-૧૦ વાગે સ્થાને પહોંચીએ તો પણ દવા કે નવકારશી માટે કશી ઉતાવળ ન કરે. અમે ઘણીવાર કોઈક સાધ્વીજીને જલ્દી કરવાનું કહીએ તો અમને ઠપકો આપે કે

"એવી ઉતાવળ શા માટે ? મને ક્યાં કશી મુશ્કેલી છે ?"

અમે ઘણીવાર ગરમીના કારણે વહેલો વિહાર કરવાનું કહીએ. પણ એ તો ના જ પાડે.

કહે "અંધારામાં વિહાર નથી કરવો. એમાં જીવોની જયણા નથી પળાતી. ભલે ને મોડા નીકળીએ, મોડા પહોંચીએ તો શું વાંધો ?"

'નવકારશીના સમયે પહોંચી ન શકાય' અમે કહીએ

અને તે તરત જવાબ આપે "તો પોરિસી કરીશું. શું ફરક પડે ?"

આજે ૭૦ વર્ષની ઉંમરે પણ બધાને વપરાવ્યા પછી વાપરવા બેસે અને અમારા પહેલા જ જલ્દી ઊભા થઈ જાય.

## ૨૮૮. આ વ્રજસ્વામીની નાની બહેન તો નથી ને ?

૮-૯ મહિનાની સાવ જ નાનકડી બેબીને માતાપિતાએ ખૂબ જ હર્ષથી સાધ્વીજી ભગવંતને વહોરાવી દીધી.

માત્ર વહોરાવી જ નહિ, પણ એ બાળકી ઉપાશ્રયમાં જ સદા માટે રહી. આરાધના કરવા આવતી બહેનો એની કાળજી કરતા, ખાવા-પીવાનું સંભાળતા અને સાધ્વીજી એનામાં સંસ્કારસિંચન કરતા.

એ બાળકીને માતાપિતાની યાદ પણ નથી આવતી, મળવાની ઈચ્છા પણ નથી થતી. વ્રજસ્વામીની જેમ આખું બાળપણ એમણે ઉપાશ્રયમાં પસાર કર્યું.

દસ વર્ષની ઉંમરે તો લઘુ સિદ્ધાન્ત કૌમુદી વગેરે અનેક ગ્રંથો એમણે કંઠસ્થ કરી લીધેલા. દસ જ વર્ષની ઉંમરે એમણે દીક્ષા લીધી.

એમના જીવનની જે વિશેષતાઓ છે તે..

(ક) જન્મથી જ એમણે મેવો ખાધો નથી. બદામવાળું દૂધ પણ સદંતર બંધ છે. બાળપણમાં કોઈ એમને કાજુ-બદામ આપે, તો રસ્તામાં ગરીબોને આપી દેતા.

(ખ) મિષ્ટાન્નનો આજીવન ત્યાગ ! મીઠા દૂધ સિવાય ગોળ-ખાંડનો પણ ત્યાગ!

(ગ) આજીવન ૨ કે ૩ કરતા વધારે વિગઈ ન વાપરવાનો નિયમ !

(ઘ) લગભગ સંયોજના ન કરે.

(ચ) આજીવન નવકારસીનો ત્યાગ.

(છ) એકવાર ગોચરીમાં ભૂલથી તુંબડાનું કડવું શાક આવી ગયું તો એ પરઠવ્યું નહિ, વાપરી ગયા.

(જ) એકવાર ખાંડને બદલે નમકવાળું દૂધ આવી ગયું તો બધું વાપરી ગયા.

(ઝ) કુલ ત્રણવાર એમને વિંછી કરડ્યો છે, એકેય વાર એમણે કોઈને કહ્યું નથી. તરત એ વિંછીને દૂર કરી જપમાં બેસી ગયા છે. એમને કશું નુકસાન થયું નથી.

(ટ) કોઈએ એમના પર ખોટા આક્ષેપો મૂક્યા, છતાં જ્યારે એ બધા મળ્યા ત્યારે કોઈપણ દ્વેષભાવ વિના લાગણીસભર વ્યવહાર કર્યો.

(ઠ) મોટા ભાગે મૌન અને સ્વાધ્યાયમાં લીન !

(ડ) રોજ લગભગ ૧૦૦૦ ખમાસમણા આપે છે, કોઈ પૂછે તો મૌન રહે. જવાબ ન આપે. સ્વપ્રશંસા ન કરે. આંકડો ન કહે.

(ઢ) ૮૨ વર્ષની ઉંમર !

પ્રવર્તિની હતા છતાં વિહારમાં આસન અને પાકીટ જાતે ઊંચકે, આસન અને ઓઘાનું પ્રતિલેખન જાતે કરે. લઘુનીતિ વગેરેની પારિષ્ઠાપનિકા પણ જાતે કરે, કોઈની પાસે કંઈપણ કામ કરાવવા એમનું મન તૈયાર નહિ.

(ત) ૭૨ વર્ષનો દીક્ષાપર્યાય અને ૮૨ વર્ષની ઉંમર હોવાથી મણકાની તકલીફ છે, પણ તો ય ડોળી કે વ્હીલચેર ન વાપરે. બે-ત્રણ પટ્ટા બાંધીને પણ ચાલીને જ વિહાર કરે છે.

(થ) એ સાધ્વીજી કલાકના માત્ર ૨ કિ.મી. જ અત્યારે ચાલી શકે છે. ૪-૫ કલાકના વિહાર બાદ સ્થાન પર પહોંચે, પણ પછી ય જપ ખમાસમણાદિ આરાધના કરી લીધા બાદ જ પુરિમડ્ઢનાં પચ્ચક્ખાણે એકાસણું બેસણું વગેરે કરે.

(દ) આ સાધ્વીજી ખૂબ વિદ્વાન અને ૪૦-૫૦ સાધ્વીજીઓના વડીલ... એટલે સંઘો ચોમાસા માટે પુષ્કળ વિનંતિ કરે. પણ જ્યારે એમના ગુરુણી હાજર હતા ત્યારે એ ૧૮ વર્ષ ગુરુણીની સેવા માટે રાજસ્થાનના એક ગામમાં રોકાયા, પણ ક્યાંય ચોમાસું કરવા ન ગયા. સેવા તો એવી કરે કે ગુરુણીએ હાથ પણ ઉંચા-નીચા કરવા જેટલું કષ્ટ લેવું ન પડે.

(ધ) ગુરુની હાજરીમાં એકપણ ઉપવાસ કરી ન શકતા, પણ ગુરુના કાળધર્મ બાદ વીસસ્થાનકતપ, વર્ષીતપ, અઠ્ઠાઈ વગેરે તપશ્ચર્યાઓ કરી. જાણે કે ગુરુણીએ સ્વર્ગમાં પહોંચી એમને શક્તિની ભેટ ન મોકલાવી હોય ?

(પ) કાળધર્મ સમયે એમને સખત તાવ હતો તો પણ એમણે ધાબડાનો ઉપયોગ નથી કર્યો.

૧૦ મહિના પૂર્વે જ આ વ્રજસ્વામીના નાના બેન જેવા સાધ્વીજી કાળધર્મ પામ્યા છે.

## ૨૮૯. તપશ્ચર્યા

એક સાધ્વીજી

(ક) કુલ ૩૫ નવ્વાણું યાત્રાઓ કરી છે.

(ખ) માસક્ષપણ

(ગ) ચત્તારિ અટ્ઠ દસ દોય તપ.

(ઘ) શ્રેણીતપ

(ચ) સિદ્ધિતપ

(છ) સમવસરણ તપ

(જ) સિંહાસન તપ

(ઝ) ભદ્રતપ

(ટ) અનેક વર્ષીતપો

(ઠ) પાર્શ્વનાથપ્રભુના ૧૦૮ અટ્ઠમો.

(ડ) વીર પ્રભુના ૨૨૯ છટ્ઠો.

(ઢ) ૧૫ ઉપવાસ

(ત) ૯ ઉપવાસ

(થ) અટ્ઠાઈ કેટલી ? એની ગણતરી જ નથી.

(દ) આ ઘોર તપશ્ચર્યામાં પણ પ્રતિલેખન-પરિષ્ઠાપન વગેરે બધું જાતે જ કરે.

(ધ) ગોચરી લેવા સ્વયં જાય, પારણામાં કોઈ વિશેષ આહાર નહિ.

(પ) પહેલીવારમાં જે આવે એમાંથી જ વાપરે. મોટા તપનું પારણું હોય તો પણ પ્રાયઃ કદીપણ બીજીવાર વધઘટમાં મંગાવ્યું નથી.

(ફ) તપ સાથે આખો દિવસ જપ અને સ્વાધ્યાય કરે.

અફસોસ,

કર્મ કેવા વિચિત્ર !

પાલિતાણા તળેટી તરફ જતા હતા, ત્યારે ગાયે એમને અડફેટમાં લીધા અને તેઓ કાળધર્મ પામ્યા.

## ૨૯૦. મોહગર્ભિત દીક્ષા પણ હિતકારી બની શકે

(સાધ્વીજીના શબ્દોમાં →)

પતિ અને પુત્રીની તીવ્ર ઈચ્છા હતી દીક્ષા લેવાની. પણ એ બહેનને દીક્ષા લેવી ન હતી. એ ના જ પાડતા રહ્યા, બંને સ્વજનોને અટકાવતા રહ્યા.

પણ એ બંને ખૂબ જ મક્કમ રહ્યા.

અંતે એ બેની દીક્ષા નક્કી થઈ એટલે આ બહેને પણ પુત્રી પ્રત્યેના મોહથી દીક્ષા લેવાની તૈયારી બતાવી.

દીક્ષા થઈ.

પછી તો એ સાધ્વીજી પરમ વૈયાવચ્ચી બની ગયા.

માત્ર પોતાના જ ગ્રુપના કે પોતાના જ સમુદાયના સાધ્વીજીની સેવા કરે એમ નહિ. પણ પરસમુદાયનાં સાધ્વીજી માંદા પડે તો એમની સેવા કરવા પણ પહોંચી જાય.

હું તો એમના સમુદાયની ન હતી, છતાં જ્યારે પાલિતાણામાં હું માંદી પડી, અને એમને ખબર પડી તો મારી સેવા કરવા એ આવી પહોંચ્યા.

એક સાધ્વીજી કારણવશ એકાકી રહેતા હતા અને એ માંદા પડ્યા તો આ સાધ્વીજી એમને માટે ગોચરી-પાણી વહોરી, એમને વપરાવી, પાત્રાદિ ધોઈ ઉપાશ્રયે આવતા.

આજે એમનો મોહ ઘટ્યો છે, સંયમરાગ-ભવવિરાગ વગેરે ગુણોએ એમનામાં સ્થાન જમાવી દીધું છે.

## ૨૯૧. लोकसंज्ञाविनिर्मुक्तः

(સાધ્વીજીના શબ્દોમાં →)

અમને સમાચાર મળ્યા કે નજીકના જ ક્ષેત્રમાં એ આચાર્યદેવ પધારવાના છે. અમને એમના દર્શન-વંદનની ભાવના થઈ.

ત્યાં પહોંચ્યા તો જોયું કે આચાર્યશ્રીનો ચતુર્વિધસંઘ સાથે નગરપ્રવેશ થઈ રહ્યો

હતો.

ઉપાશ્રયે પહોંચ્યા, સેંકડો શ્રાવક-શ્રાવિકાઓ વંદના માટે આવેલા. આચાર્યદેવે ચારેબાજુ એક નજર કરી, માંગલિક સંભળાવ્યું,

"કોઈને કંઈ કામ છે ?" પૂછી લીધું.

કોઈએ જવાબ વાળ્યો "નાજી"

અને તરત જ આચાર્યદેવ પુસ્તક કાઢી સ્વાધ્યાયમાં લાગી ગયા. મોઢું પુસ્તકમાં નાંખી દીધું.

સેંકડો લોકો હાજર છે, એ વાત જાણે કે સાવ વિસરી જ ગયા. સરીયામ ઉપેક્ષા...

બે જ મિનિટનો આ પ્રસંગ હું તો જોતી જ રહી ગઈ. એમનો આ જ્ઞાનાચાર મારા માટે હૃદયસ્પર્શી બની ગયો.

મને અત્યાર સુધી એવો જ વિચાર આવતો કે "ગૃહસ્થો-સ્વજનો આવે અને આપણે વ્યવસ્થિત વાતો ન કરીએ તો તેઓ આપણી પાસેથી કેવી છાપ લઈને જશે?"

પણ જ્યારે આ આચાર્યદેવની પ્રવૃત્તિ જોઈ ત્યારે લાગ્યું કે "લૌકિકપ્રવાહમાં તણાઈ જવું એ આપણો ધર્મ નથી. ગૃહસ્થો આપણને લૌકિક પ્રવૃત્તિમાં ખેંચે કે ન ખેંચે પણ આપણી લોકૈષણા - કુતૂહલવૃત્તિ તો જરૂર આપણને લોકપ્રવાહમાં ડુબાડી દે છે..."

(એક મહાન પ્રભાવક આચાર્ય સેંકડો ભક્તોની હાજરીને ઉપેક્ષીને પોતાના સ્વાધ્યાયમાં લીન બની શકે છે, તો આપણી સ્વાધ્યાયલીનતા કેવી હોવી જોઈએ ?)

## ૨૯૨. કવિરાજ સૂરિરાજ

એ આચાર્યદેવની કવિત્વશક્તિ ગજબની છે. એમણે અત્યાર સુધી ૧૦૦૦ નવા સ્તવનો બનાવ્યા છે. ૧૦૦ જેટલી નવી સજ્ઝાયો બનાવી છે. આ ઉપરાંત સ્તુતિ-ચૈત્યવંદનાદિ તો ઘણા જ !

એમાંય મોટાભાગની રચનાઓ ચાલુ વિહારમાં જ બનાવી છે. ઉપાશ્રયમાં શાસનાદિના અનેક કાર્યો હોય એટલે ત્યાં વિશેષ સમય ન મળે.

એમને જે રાગ પર સ્તવન બનાવવાનું કહીએ, એ રાગ ઉપર તરત જ સ્તવન બનાવી આપે.

## ૨૯૩. ઉનાળામાં તપ

ચૈત્ર માસની ભયંકર ગરમીમાં એ સાધ્વીજીએ ઉપવાસ શરુ કર્યા.

ચૈત્ર-વૈશાખ અને જેઠ સુદ સુધીમાં સળંગ ૭૦ ઉપવાસ કર્યા.

આ ઉપવાસ દરમ્યાન પ્રતિલેખન જાતે કરતા. જેઠ સુદમાં પારણું કર્યું.

એમણે ૩૦,૧૫,૪૫ ઉપવાસ તથા સિદ્ધિતપ પણ કરેલો છે.

અંતિમસમય સુધી એમણે એકાસણા કરેલા.

આખી જીંદગીમાં સળંગ બે દિવસ ખાવાનું એમના જીવનમાં ક્યારેક જ બન્યું હશે.

## ૨૯૪. રીંછે જ્યારે મુનિ ઉપર હુમલો કર્યો.

(સાધ્વીજીના શબ્દોમાં →)

ભયંકર ચીચીયારીઓ સાંભળી અમે ધ્રૂજી ઉઠ્યા,

ચીચીયારી પાછળથી આવી હોવાથી અમે તરત પાછળ જોયું અને અમે ચીસ પાડી ઉઠ્યા.

એ સ્થાન હતું આબુનો પહાડ !

અમે ઉપર ચડી રહ્યા હતા.

અમે પાછળ જોયું કે

એક-બે નહિ, પણ ચાર-ચાર રીંછો-ભાલુઓ ભેગા થયેલા હતા.

એક મુનિરાજને ઘેરી વળ્યા હતા.

એમને માટે મુનિરાજ એમનો શિકાર હતો. અમારા અને એ રીંછથી ઘેરાયેલા મુનિ વચ્ચે ૪૦-૫૦ ડગલા જેટલું અંતર હતું.

આશ્ચર્ય તો એ થયું કે

ન તો મુનિએ ભાગાભાગી કરી કે ન તો બચાવ માટે ચીસ પાડી.

અમે જોયું કે રીંછો કુતરાની માફક મુનિને ખેંચી રહ્યા હતા. રીંછોએ ઉપધિ અને મસ્તકની ઝોળી પાડી નાંખી.

અમે નિઃસહાયપણે જોઈ રહ્યા.

મુનિરાજ હાથોથી મોઢું દબાવી રસ્તા ઉપર ઉંધા સુઈ ગયા હતા. રીંછોએ ખુલ્લા રહી ગયેલા બંને કાન ખેંચી કાઢ્યા. માથામાં પણ ઈજા થઈ.

પણ ત્યાં તો કેટલાક માણસો આવી ચડ્યા, એના ગભરાટથી રીંછો ભાગી ગયા. આજે પણ એ મુનિરાજ ખવાઈ ગયેલા કાન સાથે જ જીવે છે.

## ૨૯૫. શિષ્યાના દુઃખો ગુરુણીએ લઈ લીધા

"કેમ રડે છે ? શું થયું ?"

સાંજના ગોચરી વાપરતી વખતે ગુરુણીએ સાથે જ વાપરવા બેઠેલી શિષ્યાને પૂછ્યું.

"ભજીયા મરચાનાં છે, અને મરચા અતિશય તીખા છે. એક વાપર્યું એમાં તો આંખોમાંથી પાણી પડવા માંડ્યું. આ હજી તો આઠ-દસ ભજીયા બાકી છે. શી રીતે વાપરીશ ?"

શિષ્યાએ ખેદ સાથે રૂદનનું કારણ જણાવ્યું.

શિષ્યાને વર્ષીતપ ચાલતો હતો, સાંજના બેસણામાં ભજીયા, વહોરી લાવી, પણ આટલા બધા તીખા મરચા હોવાનો એને અંદાજ ન હતો.

ત્યાં તો

ગુરુણીએ એક ઝાટકે એ બધા ભજીયા પોતાનાં પાત્રામાં નાંખી દીધા, એંઠા કરી ધડાધડ વાપરવા લાગ્યા.

શિષ્યા તો આભી જ બની ગઈ.

ગુરુણીની આંખોમાંથી ય પાણી વહેવા લાગ્યું, પણ એમણે ઝપાટાબંધ બધા જ ભજીયા વાપરી લીધા.

શિષ્યાની આંખોમાંથી હજીય આંસુ બમણાવેગે વહી રહ્યા હતા.

પણ હવે એ આંસુ મરચાની તીખાશના કે વધી પડેલી ગોચરી અંગેના ખેદના નહિ, પરંતુ ગુરુણીએ જે સહાય કરી, જે વાત્સલ્ય વરસાવ્યું, જે જાત પર કષ્ટ ઉતાર્યું એ બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરતી એ અશ્રુધારા હતી.

(પ્રત્યેક ગુરુ-ગુરુણી જો શિષ્ય-શિષ્યાના દુઃખને પોતાના ગણી લે, સહી લે તો શિષ્યાઓના અધ્યવસાયોમાં ગુરુબહુમાનના ઉછાળા આવ્યા વિના ન રહે...)

## ૨૯૬. આ તો તદ્દન નવી આઈટમ !

"ઉભા રહો, ઉભા રહો..."

અચાનક સાધ્વીજી બોલી ઉઠ્યા,

પણ ત્યાં સુધીમાં તો તરપણીમાં અડધા ચેતના ઉપર દાળ વહોરાવાઈ ગઈ.

સાધ્વીજી મુંઝાયા.

ગોચરી નીકળ્યા ત્યારે દૂધની ભરેલી અડધી તરપણી સાથે લઈને નીકળેલા. એમાં જ નવું દૂધ વહોરવાનું હતું. પણ શ્રાવકના ઘરે ઉતાવળમાં ખ્યાલ ન રહ્યો. અને દૂધવાળી તરપણી જ દાળ વહોરવા માટે ખોલી. શ્રાવિકાએ તો ઝટ ઝટ એમાં દાળની ધાર કરી દીધી, એ ભૂલ થવાનો ખ્યાલ આવ્યો અને શ્રાવિકાને અટકાવી ત્યાં સુધીમાં તો દૂધ-દાળ ભેગા થઈ ગયા. પોણી તરપણી ભરાઈ ગઈ.

હવે આ બે ચેતના દૂધ-દાળ મિશ્રણ કોણ વાપરે ?

ન તો એ દૂધ તરીકે ચાલે કે ન તો દાળ તરીકે !

એ સાધ્વીજી ઉપાશ્રયમાં આવ્યા, માંડલીમાં ગુરુણીને વાત કરી. એનો ગભરાટ ગુરુણી પિછાણી ગયા.

હસતા હસતા ગુરુણીએ એ તરપણી જોવા માંગી, તરપણી લઈ અડધી તરપણી એ દૂધ-દાળ પોતાના પાત્રામાં ખાલી કરી તરત જ એક ઘુંટડે વાપરી ગયા.

ગુરુણીની આ ઉદારતા-સહનશીલતા, અનાસક્તિ જોઈ બીજા પણ એક સક્ષમ સાધ્વી તરત એ વધેલું અડધી તરપણી જેટલું મિશ્રણ વાપરી ગયા.

સૌને આ દૃશ્ય જોઈ અનહદ આનંદ-બહુમાનભાવ ઉભરાયો.

(કટોકટિ વખતે ગચ્છની સેવા કરવામાં જે પ્રચંડ પુણ્ય બંધાય, જે નિર્જરા થાય એનું વર્ણન કરવા તો દેવો પણ અસમર્થ છે... એ ન ભૂલશો.)

## ૨૯૭. હા ! પસ્તાવો વિપુલ ઝરણું, સ્વર્ગથી ઉતર્યું છે.

(સાધ્વીજીના શબ્દોમાં →)

નવસારી આદિનાથ ઉપાશ્રયનો વિશાળ હોલ જનમેદનીથી ઉભરાઈ ચૂક્યો હતો. વૃદ્ધો, યુવાનો, શ્રેષ્ઠીઓ, ટ્રસ્ટીઓ અને સાધ્વીજીઓ સહુ દોડી આવ્યા હતા, સંવેદનશીલ વ્યાખ્યાનકાર પંન્યાસજી મ.ની પ્રવચનધારામાં ભીંજાઈને કંઈક પામવા !

પ્રવચનહોલની આગલી હરોળમાં બેઠા હતા નવસારીસંઘના અગ્રણીઓ, ટ્રસ્ટીઓ.

પ્રવચન શરુ થયું.

વચ્ચે સંગીતકારે એક ગીત ગાયું "ક્યારેં બનીશ હું સાચો રે સંત.."

પ્રવચન પાછું શરુ થયું.

પણ આ શું ?

થોડીવારે મારા કાન ચમક્યા.

અરે ! આ શું સંભળાય છે ?

પ્રવચન કરતા કરતા પંન્યાસજીનો અવાજ અત્યંત આર્દ્ર કેમ બની ગયો ? નયનો ભીના કેમ થઈ ગયા ?

રામાયણનું પાત્રાલેખન કરતા પંન્યાસજી ભગવંતે અચાનક નવસારી તપોવનની વીતી ગયેલી દુર્ઘટનાને યાદ કરી સ્વદોષ દર્શન શરુ કરી દીધું હતું.

"હું સાધુ છતાંય તપોવન પ્રત્યે મમત્વ કરનારો ! ચિક્કાર આર્તધ્યાન કરનારો! ઉપવાસ પર ઉતરનારો ! હું હેવાન ! શેતાન !..."

પૂ. પંન્યાસજી પોતાની જાતને ફિટકારી રહ્યા હતા. નવસારી તપોવન સંબંધી આખોય દોષનો ટોપલો જાણે પોતાના માથે ઓઢી લીધો.

પૂ.પંન્યાસજી પશ્ચાત્તાપભાવથી ધ્રુસકે ધ્રુસકે રડી રહ્યા હતા. તેઓશ્રીના એક એક શબ્દોએ આખી પ્રવચન સભાને હલબલાવી નાંખી હતી. મારી આંખો પણ આ સાંભળી, જોઈને ચોધાર આંસુ વહાવી રહી.

"ઓ પૂજ્યવર ! બસ કરો, બસ કરો ! હવે વધુ નથી સંભળાતું."

હૃદય બોલી રહ્યું.

અને ત્યાં જ સર્જાયો ચમત્કાર !

પૂ. પંન્યાસજીના તીવ્ર સ્વદોષદર્શને, હૈયામાંથી નીકળતા ઉદ્ગારોએ સામે જ બેઠેલા નવસારી તપોવનના જુના ટ્રસ્ટીના હૃદયને હચમચાવી દીધું. તે ભરસભામાં ઉભા થઈ પૂ. પંન્યાસજી પાસે 'મિચ્છામિ દુક્કડં' માંગતા બોલવા લાગ્યા

"ગુરુદેવ ! આપ તદ્દન નિર્દોષ છો. અમેજ ગુન્હેગાર છીએ. ગુરુદ્રોહી છીએ, પાપી છીએ. અમને ક્ષમા કરો... પ્રાયશ્ચિત્ત આપો..."

આખી સભા સ્તબ્ધ બનીને એ અભૂતપૂર્વ દૃશ્ય નિહાળી રહી.

કોઈને સમજાતું ન હતું  કે આ સ્વપ્ન છે કે સત્ય ?

ટ્રસ્ટી આ રીતે માફી માંગશે, એ અમારી કલ્પનામાં પણ ન હતું. પણ પૂ. પંન્યાસજીમાં સિદ્ધ થયેલા સ્વદોષદર્શન રૂપી ગુણે જ એ ગુણનો બીજામાં વિનિયોગ કરવાનું મહાન કાર્ય કર્યું.

(ભૂલ તો બધાની થાય, પણ ભૂલ થયા બાદ પોતાની ભૂલનો ભૂલ તરીકે સ્વીકાર કરી, અહંકારને ધરતીમાં દાટી દઈ એનો જાહેરમાં સ્વીકાર કરવો... નમી જવું... એ ૬-૬ મહિનાના ઉપવાસ કરવા કરતાં ય અતિ મહાન કાર્ય છે.

ધન્ય છે એ પૂ. પંન્યાસજીને અને ધન્ય છે એ સરળ સુશ્રાવક ટ્રસ્ટીને!)

## ૨૯૮. અલબેલા મુનિરાજની અજબ કહાણી

લગ્નના દિવસે જ જેમનું મોઢું સૂનમુન બનેલુ હતું.

ચાલુ વરઘોડામાં રસ્તા પર આવેલા દેરાસરમાં દર્શન કરવા જ ઘોડા પરથી ઉતર્યા હતા અને ભગવાનને કહ્યું હતું કે

“આજે તો આ બંધનમાં ફસાઉં છું, પણ વહેલી આઝાદી મળે એવી આશિષ દેજે...”

પોતાના દીકરાની ઉંમર જ્યારે માત્ર સવા વરસની જ હતી ત્યારે જેમણે પોતાનાં દીકરાને માતાને સોંપી દઈ પત્ની સાથે સજોડે દીક્ષા લેવાનો નિર્ણય કર્યો હતો પરંતુ સમાજનાં વિરોધની સામે છેવટે પત્નીને સંસારમાં રાખી જે એકલા આ વીરના પંથે ચાલી નીકળ્યા હતા...

એવા એક મુનિરાજ-સૂરિરાજની નાનકડી કહાણી અત્રે આલેખવી છે.

(ક) લગ્ન બાદ એમણે મુમુક્ષુમંડલીની રચના કરી, જેમાં દીક્ષાની ભાવનાવાળા વીસેક યુવાનો જોડાયા. શિખરજીની યાત્રાએ ગયેલી આ આખીય મંડળીના અધ્યક્ષે પ્રતિજ્ઞા કરી કે

“ચોમાસું બેસે ત્યાં સુધીમાં જો દીક્ષા ન થાય તો છય વિગઈઓનો મૂળથી ત્યાગ કરવો”

અને રાણકપુરમાં બિરાજમાન શાસનપ્રભાવક આચાર્યદેવ પાસે એમણે ચોથા વ્રતની પ્રતિજ્ઞા કરી.

(ખ) ઘણીવાર બહેનો આવીને એમને કહે કે

"અમે આપની નિશ્રામાં અમુક અમુક સ્થાને ઉપધાન, ઓળી કરેલી. આપ અમને ઓળખો છે કે ?"

ત્યારે તે જવાબ દેતા

"वडीलोने हमें बहनो के साथ परिचय करने का मना किया है। मैं आप को नहि पहचानता..."

જવાબ વખતે પણ એમની આંખો તો નીચે જ ઢળેલી હોય.

(ગ) પોતાના આશ્રિતોને એ શિખામણ આપતા કે "श्रावकों के पास मांगनां पडे तो गोचरी, पानी, दवाई, कपड़ा मांगना, किन्तु पैसा कभी नही मांगना। तो ही आप प्रसन्न रह सकेंगे"

(ઘ) મેવાડ-મારવાડના ઉદ્ધારક આ મહાપુરુષે કુલ ૪૦૦ દેરાસરોના જીર્ણોદ્ધારાદિનું કાર્ય ગૃહસ્થો દ્વારા સંપાદન કરાવ્યું. છતાં નામ લખાવવાની સ્પૃહાથી સદાય અલિપ્ત રહ્યા.

(ચ) ગચ્છાચારપયન્ના વાંચતા વાંચતા એમને કેટલીક ભૂલોનો ખ્યાલ આવ્યો, ત્યારથી એમણે પોતાના સમુદાયમાં ઓઘાના લાલ પાટાને બદલે સફેદ પાટા શરુ કરાવ્યા. ભરતકામાદિ બંધ કરાવી માત્ર સ્કેચપેનથી કે કેસરથી અષ્ટમંગલનું આલેખન કરવાનું શરુ કરાવ્યું. મુહપત્તી કે કપડાઓમાં રંગીન દોરા નાંખવાનું, સ્થાપનાચાર્યજીમાં સાદા કે રંગીન ફુમતા રાખવાનું બંધ કરાવ્યું.

એ પ્રેરણા કરતા કે "साधु-साध्वीजी का जीवन सादगी से परिपूर्ण होना चाहिए"

(છ) ગૃહસ્થના ઘરે કંકુના પગલા કરવાનું એમણે પોતાના સમુદાયમાં બંધ કરાવ્યું. કોઈ શ્રાવક ઘણો આગ્રહ કરે તો માંગલિક સંભળાવે, પણ કંકુના પગલા તો ન જ કરે...

એમને ખ્યાલ આવી ગયેલો કે કંકુના પગલા કરવાની પ્રથા યતિઓની હતી, સાધુઓની નહિ.

(જ) એમણે અઠ્ઠમના પારણે અઠ્ઠમ કરવાપૂર્વક કુલ ૪૦૦ અઠ્ઠમ કર્યા.

(ઝ) એ લગભગ કાયમ એકાસણા કરતા, મેવાડ-મારવાડમાં માત્ર દાળ-રોટલી-શાકાદિ ત્રણ-ચાર દ્રવ્યોથી સદા એકાસણા કર્યા.

(ટ) એકવાર એ આચાર્યશ્રી કોઈક પુસ્તક ઉપર કોરું કાગળ ચોંટાડી રહ્યા હતા, ત્યારે સાધુઓએ પૂછ્યું કે

આના ઉપર કાગળ કેમ ચોંટાડો છો ?

ત્યારે એમણે જવાબ આપ્યો કે

"यह पुस्तक तात्त्विक है, पढने योग्य है, परंतु पुस्तक के उपर स्त्री का चित्र हैं, वो हेय है, इसलिए यह कागज लगा रहा हूं ।"

(ઠ) એમણે પોતાના સમુદાયને આપેલા અણમોલ સૂત્રો

(१) ऐहिकं तुच्छं

(२) प्रतिकूलता में प्रसन्नता

(३) देहदुक्खं महाफलम्

(૪) સહાય કરે તે સાધુ અને સહન કરે તે સાધુ

(५) आराम भोगने का नहि, दूसरो को देने का है

(६) स्वाध्याय संयमजीवन का प्राण

(૭) વૈયાવચ્ચ અપ્રતિપ્રાતિગુણ છે.

(ડ) જીવનનું છેલ્લું ચોમાસુ સુરતના એક સંઘમાં કર્યુ.

કેન્સરની વેદના શરુ થઈ ગયેલી. છેલ્લા મહિનાઓ, દિવસો, કલાકો ગણાતા હતા. આવી પરિસ્થિતિમાં એ હસતા હસતા ડોક્ટરોને માર્મિક વચનો કહેતા કે

"टिकिट तो कभी का पूरा हो गया है, यह तो बिना टिकिट की सफर है, टी.टी. कभी भी उतार सकता हैं ।"

(ઢ) છેલ્લે છેલ્લે એ આચાર્યદેવે આશ્ચર્યજનક વાત કરી કે "५३ वर्ष के दीक्षापर्याय में ५३ मिनिट भी मुझे आर्तध्यान नहि हुआ ।"

(ત) એમણે રસબંધો નામનો સંસ્કૃત ભાષામાં ગ્રંથ રચ્યો, જેમાં એમણે ૧૫ હજાર શ્લોક પ્રમાણ ટીકા લખી.

●

# તમારાં વહાલાં બાળકોને છેવટે ત્રણ વર્ષ માટે તો 'તપોવન'માં મૂકો જ જૂન માસથી શરૂ થતું સત્ર

ચારે બાજુ વિકૃતિના વાયરા વીંઝાઈ રહ્યા છે. ખૂબ જ નાની-દસથી ચૌદ વર્ષથી જ બાળકોમાં ખરાબ સંસ્કારો પડવા લાગ્યા છે. 'ગંદું' કહેવાય તે બધું તેમના જીવનમાં પેસવા લાગ્યું છે. સમાજ તરફ સૂક્ષ્મ નજર કરતાં આ અતિ કડવું દર્શન કોઈ પણ સંસ્કૃતિપ્રેમીને થશે અને તે તીખી ચીસ પાડી દેશે. સંસારી જીવોની વહાલામાં વહાલી ચીજ તેમના સંતાનો ગણાય. જો તેમનું જ જીવનગુલાબ ખીલ્યું ન ખીલ્યું ત્યાં જ કરમાવા લાગે; તેમાં દોષોના કીડા પડવા લાગે અને કરમાઈ જાય તો એ મા-બાપોએ ક્યાં જવું ? ક્યાં રોવું ? શું આપઘાત કરી નાખવો ?

પોતાના ઘરમાં કે ગમે તેવાં બોર્ડિંગ વગેરેમાં રાખીને બાળકોને શિક્ષણ આપી શકાશે, પરંતુ સંસ્કારો તો નહિ જ આપી શકાય. ઘરમાં મા-બાપો જ ટી.વી. વગેરેથી સમયની બરબાદી કરતાં ચક્કરોમાં જ જો ફસાયા હોય અને બોર્ડિંગોના સંચાલકોને જ બાળ-સંસ્કરણ માટેની કોઈ ગંભીરતા ન હોય તો સંસ્કાર ત્યાં શી રીતે મળશે ?

તપોવનમાં ધાર્મિક અને વ્યાવહારિક - બન્ને પ્રકારનું શિક્ષણ છે. એ શિક્ષણ પણ ઊંચી ગુણવત્તાવાળું છે; પરંતુ તેની સાથોસાથ અહીં બાળકોના જીવનબાગમાં સુસંસ્કારોના છોડોનું વાવેતર કરવાનું કાર્ય તેમજ શારીરિક, શૈક્ષણિક, સામાજિક વગેરે રીતે સુવ્યવસ્થિત કરવાની સાથે તેને માનસિક અને આધ્યાત્મિક રીતે અત્યન્ત સુંદર બનાવવાનું સૌથી પ્રધાન લક્ષ છે. તે વડીલોનો અને દેવગુરુનો ભક્ત બને; સહુનો મિત્ર બને, જાતનો પવિત્ર બને... અને એ બધું બનીને એ શૂરવીર બને; **જેથી રાષ્ટ્રરક્ષા, સંસ્કૃતિરક્ષા અને ધર્મરક્ષાનો એ સબળ યોદ્ધો બને એ જ આ તપોવનનું એકમાત્ર લક્ષ છે.** એનામાં ધાર્મિકતા, માનવતા અને રાષ્ટ્રીયતા (રાષ્ટ્રદાઝ) જો લાવી ન શકાય તો તપોવનને નીચું જોવાનું થાય એવું તમામ કાર્યકરગણનું મંતવ્ય છે.

જો આ બધી વિચારણામાં અને એના આધારે ગોઠવાયેલા તપોવનના માળખામાં મા-બાપોને રસ પડતો હોય તો તેમનાં બાળકોને વિકૃતિઓનાં ઝંઝાવાતમાંથી ઉગારી લેવા માટે તપોવનમાં (ધોરણ ૫ થી ૧૨ની શાળા માટે) કમસે કમ ત્રણ વર્ષ માટે તો મૂકવાં જ જોઈએ. બાળક તો નાદાન છે. એના ભાવિના ઘડતરના આ કામમાં એને ક્યાંક અગવડતા પડે; એની ઘરેલું સ્વચ્છંદતાને અહીં પોષણ ન મળે તેથી તે તપોવનમાં દાખલ થવામાં અરુચિ બતાવે તો કઠણ કાળજાના બનીને પણ મા-બાપોએ બાળકોના સમગ્ર જીવનના હિતમાં તેને ઓછામાં ઓછું ત્રણ વર્ષનું સંસ્કરણ તપોવનમાં આપવાનો નિર્ણય કરવો જ જોઈએ.

## • યાદ રાખો •

**લાડમાં કે લાગણીમાં મા-બાપો તણાશે તો બાળકોના જીવનને આરંભમાં જ એવું મોટું નુકસાન થઈ જશે જે**

**જીવનભરમાં ભરપાઈ થશે નહિ; જેનાથી આખું કુટુંબ 'ત્રાહિમામ્' પોકારી જશે.**

**ના... હવે શા માટે ક્રિશ્ચ્યાનિટીનો જ પ્રચાર કરવાની નેમવાળી કોન્વેન્ટ-સ્કૂલમાં આપણાં બાળકો જાય ?**

**ધો. ૪ સુધી કોન્વેન્ટમાં ભણનારા બાળકોને તપોવનમાં જરૂર મૂકી શકાશે:**

**હવે તો માત્ર તપોવન એ જ આપણાં સંતાનોનો તરણોપાય.**

પૂ.પાદ પં. પ્રવરશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબના ચિંતનોથી ભરપૂર

# મુક્તિદૂત

**માસિક**

**સંપાદક : ગુણવંત શાહ**

**સહસંપાદક : ભદ્રેશ શાહ**

**માસિકના ગ્રાહક બનવાથી આપશ્રીને**

પૂજ્યશ્રીના પરોક્ષ સત્સંગનો લાભ મળશે.

૭૨ વર્ષના અનુભવોનો નિચોડ મળશે.

ધર્મ-સંસ્કૃતિ-રાષ્ટ્ર રક્ષાના ઉપાયો જાણવા મળશે.

**થોડામાં ઘણુ જાણવાનું મળશે.**

ત્રિવાર્ષિક લવાજમ માત્ર રૂા.૧૫૦/-

ત્રિવાર્ષિક લવાજમ માત્ર રૂા.૧૫૦/-

ત્રિવાર્ષિક લવાજમ માત્ર રૂા.૧૫૦/-

લવાજમ ભરવાનું સ્થળ :

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

જી.પ્ર. સંસ્કૃતિ ભવન ૨૭૭૭, નિશા પોળ,

રિલીફ રોડ, અમદાવાદ. ફોન : ૨૫૩૫૫૮૨૩

# ઉનાળુ વેકેશનમાં બે સંસ્કરણ શિબિરો

# બે તપોવનમાં

**શિબિરોમાં બાળકોને અવશ્ય મોકલો**

બાળકોને મનગમતી, વિવિધતા સભર,
અનેક સ્પર્ધાઓ રમત ગમતો
અને ઈનામોથી ભરપૂર,
તૂફાનમેલ બાળકને ડાહ્યોડમરો બનાવતી,
એપ્રીલ - મે મહિનામાં યોજાતી,
હાઉસફૂલ થઈ જતી અને
જીવન - પરિવર્તક

**ફી માત્ર ૫૦૦/- રૂપિયા**

**તપોવન સંસ્કારપીઠ**

મુ. અમીયાપુર, પો. સુઘડ, ગાંધીનગર-૩૮૨૪૨૪.

ફોન : ૨૩૨૭૬૯૦૧

ટીન એજરોમાં વધતી જતી
ગુનાખોરીને ડામવાનો સમાજ માટે
એક માત્ર વિકલ્પ

# બે તપોવનોમાં પ્રવેશ

**તપોવનની વિશિષ્ટતા**

* ધોરણ પાંચથી બારનું શૈક્ષણિક સંકુલ
* S.S.C. અને H.S.C. બોર્ડમાં TOP-TEN માં નંબર
* સ્કેટીંગ - કરાટે - યોગાસન - વકતૃત્વ - અભિનય નૃત્ય સંગીત વગેરે અનેક શક્તિઓનો સર્વાંગીણ વિકાસ
* ૫૦ કમ્પ્યુટરો યુક્ત કમ્પ્યુટર સેંટરની અદ્યતન લેબ.
* ગુજરાતી માધ્યમ છતાં અંગ્રેજીમાં અસ્ખલિત બોલે તેવી તૈયારી માટે સ્પેશ્યલ અંગ્રેજીનાં સ્પોકન ક્લાસ.

**તપોવની બાળક**

* મમ્મી-પપ્પાથી દૂર ગુરુકુલમાં રહીને અભ્યાસ કરતો હોવાથી જાતે નિર્ણયો લેતો નૈતિક હિંમતવાળો બને છે.
* ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિનો મુકાબલો કરવા માટે મજબૂત બને છે.
* મમ્મી-પપ્પાની સેવા કરનારો, વડીલોનો વિનયી બનશે.

— સંપર્ક સૂત્ર —

**તપોવન સંસ્કારપીઠ**

મુ. અમીયાપુર પો. સુઘડ જિ. ગાંધીનગર
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૯૦૧-૨-૩

**નવસારી તપોવન સંપર્ક**

મો.: ૯૮૨૫૧૧૮૩૪૫
(રમેશભાઈ ચાવાલા)

**સાબરમતી તપોવન સંપર્ક**

મો.: ૯૪૨૬૫૦૫૮૮૨ (રાજુભાઈ)
મો.: ૯૪૨૬૦૬૦૦૯૩ (લલિતભાઈ)

# ઓ માતાઓ ! ઓ પિતાઓ !

## તમારો લાડકવાયો

ઉચ્ચ શિક્ષણ સાથે સુસંસ્કાર મેળવે

તેવું તમે ઈચ્છો છો ?

ઘડપણમાં તમારી સેવા કરે

તેવું તમે ઈચ્છો છો ?

વડિલોનો વિનયી બને

તેવું તમે ઈચ્છો છો ?

દેવ અને ગુરુનો ઉપાસક બને

તેવું તમે ઈચ્છો છો ?

જિનશાસનનો સાચો શ્રાવક બને

તેવું તમે ઈચ્છો છો ?

અને તમારા ઘરનો કુળદીપક બને

તેવું તમે ઈચ્છો છો ?

**તો, તેને ત્રણ વર્ષ માટે તપોવનમાં પ્રવેશ આપવો જ રહ્યો.**

હુંડા અવસર્પિણીનો પાંચમો આરો એટલે જાણે ભયાનક રણપ્રદેશ જ જોઈ લો ! આત્મિક સુખ-શાન્તિની તરસથી ચારેબાજુ ટળવળતા અનેક આત્માઓ અહીં છે. પણ ભલા આ રણમાં આત્મિક સુખ - શાંતિ રૂપી પાણી પાઈ તરસ છિપાવનાર નાનકડું તળાવ પણ ક્યાંથી મળે ?

પણ ના ! આ તરસ્યા જીવોનો પ્રચંડ પુણ્યોદય ચમકી રહ્યો છે.

માટે જ

ભલે સંસારના રણમાં એક ટીપું પાણી પણ ન મળે,

પણ આ પંચમઆરારૂપી રણપ્રદેશમાં આધ્યાત્મિક સુખરૂપી પાણીથી ભરપૂર સેંકડો સાધુ - સાધ્વીજી ભગવંતો રૂપી મોટું તળાવ આજે પણ મોજુદ છે.

એ તળાવ ઝાંઝવાના જળ નથી.

તરસ્યાઓ જો એની પાસે જશે, તો પરમતૃપ્તિ પામશે.